ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

Gusai Doliben Himmatpuri Nazar Savitriben Devji

S. D. Shethiya college of education

Mudra – kachchh

“ગાય સમગ્ર જીવસૃષ્ટિની જીવાદોરી”

સારાંશ

ભારતની પરંપરાગત કૃષિવ્યવસ્થા હતી,ભારત દેશની સંસ્કૃતિ અનુરૂપ હતી,ગાય અને બળદ પર કેન્દ્રિત હતી. આપણા ઋષિઓએ ગોવધનો નિષેધ મૂળભૂતરીતે ગ્રામીણ ઊર્જાથી જ કૃષિવિસ્તાર શક્ય હતો.

ગાયનું વૈશ્વિક સ્તરે આધ્યાત્મિક મહત્વ રહ્યો છે. ગાયના પ્રકારે પાડવામાં આવ્યા છે જેમકે સાહિવલ, સિંધી, કાંકરેજ, માલવી,નાગૌરી, થરપાકર, પવનાર, ભગંદર, દજજલ, હરિયાણા, અંગોલ, અથવા નીલોર, રાઠી, ગીર, દેવાણી, જેવા વગેરે પ્રકારો છે. ગ્રામીણ ઊર્જાના સ્વાવલંબી સ્ત્રોત છાણ અને બળદ આપણા દેશમાં ખેતી, વ્યાપાર ધંધામાં તથા ઘરગથ્થુ ઉપયોગમાં લેવામાં આવે છે. જેમાં ગાયના દૂધમાં રહેલી વિશેષતા જેમકે ગાયનું દૂધ રુધિરાભિસરણ ક્રિયાને મદદ કરે છે, મનુષ્યના શરીરને શક્તિ આપતો (પ્રદાન)કરતો સ્ત્રોત છે. વેદોમાં ગાયને અંગે અંગમાં દેવોનો વાસ છે એમ કહેવામાં આવ્યુ છે ગાયનું દૂધ ભારતમાં જેટલું વિશેષ ગણવામાં આવે છે તેટલું જ વિદેશોમાં ગાયના દૂધની માંગ વધી છે જેનાથી અર્થવ્યવસ્થા સુધાર આવ્યો છે. ગાયના દૂધનું જેટલું મહત્વ છે તેનાથી વધારે તેના છાણ અને ગાયના સંતાન બળદનું મહત્વ વધતો જાય છે ગાયના છાણથી વર્તમાન સમયના વિવિધ વસ્તુઓ બનાવવામાં આવે છે. વર્તમાન સમયમાં ટેકનોલોજીના સાધનોમાં પણ ગાયના છાણની બનવાત નો ઉપયોગ થાય છેઅને ઘરની સુશોભિત વસ્તુઓ વસ્તુઓ બને છે જેમ કે આગરબાતી, કાગળG,દીવા, CNGપ્લાન્ટ, મૂર્તિ, કુંડા, વગેરે જેવી વસ્તુઓ બને છે.આપણું દેશ એ કૃષિ પર આધાર રાખે છે પ્રાચીન સમયમાં ખેતી માટે બળદનો ઉપયોગ થતો હતો.

હાલના સમયમાં ગાયની હત્યાનું પ્રમાણ વધ્યું છે કતલખાનાનું પ્રમાણ વધ્યું કતલખાનાનું પ્રમાણ વધવાથી ગાયની સંખ્યા દિવસો દિવસ ઘટતી જાય છે ભારત સરકારે પણ ગાય ને બચાવવા માટે કાયદાઓ ઘડ્યા છે ગાયનું મૃત્યુનું પ્રમાણને ઘટાડવા માટેસરકારે કતલખાના બંધ કરાવ્યા અને યોગ્ય પગલાં લીધા છે. ગાયના ગૌમૂત્ર પણ ઉપયોગી છે ગૌમૂત્રથી વિવિધ રોગોનો ઉપચાર થાય છે રોગોમાં જેમકે કબજિયાત, લોહીનું ઊચું દબાણ,સડેખમ શ્વાસ, એસિડિટી લીવર અને બરોળ વધવી,ડાયાબિટિશ, કમડો, જડોદર, જાડાપણું, પેટના કૃમિ, ચર્મરોગ ,સાંધાનું દર્દ, દાંતનો દુખાવો,

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

આંખનું ધૂંધણાપણું,વગેરે ગાયને માતાના રૂપમાં માનવામાં આવે છે ગાય એ પૂજનીય પ્રાણી છે. ભારતમાં મનાતા દેવી દેવતાઓન વાહન તરીકે ગાયની પૂજા પ્રાચીન સમયથી જ કરવામાં આવે છે સામય બદલતો ગયો પણ ગાયનો મહત્વ મનુષ્યના જીવનમાં વધતો રહ્યો છે .

પ્રસ્તાવના

ભારતીય સંસ્કૃતિમાં પ્રાણીઓનું ખૂબ મહત્વ રહ્યો છે પ્રાણીઓને ભગવાન (ઈશ્વર)ના વાહન તરીકે પૂજવામાં આવે છે.

ગાયનો અપાર મહિમા અને તેના દૈવી ગુણોથી હિન્દુ સાસ્ત્રોના પૃષ્ઠો ભરેલા છે પુરાણોમાં ગાયનો પરાભવ અને તેની શ્રેષ્ઠતાની એવી અગણિત કથાઓ મળે છે. ગાયની ઉત્પતિ સમુંદ્રમંથન વખતે ચૌદ રત્નો સાથે જ થઈ હતી સુરભિથી સોનેરી રંગની કપિલા ગાય પેદા થઈ જેના દૂધમાંથી સાગર બન્યો તથા અન્ય વેદોમાં પણ ગાયના માટેના સેકડો મંત્રો આપેલા છે ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને પણ કહું છે.

आयुधानामहंवज्रंधेनूनामस्मिकामधुक्।
प्रजनश्चास्मिकन्दर्पःसर्पाणामस्मिवासुकिः॥२८॥

અર્થાત,

હું સાસ્ત્રોમાં વ્રજ છું અને ગાયોમાં હું સુરભિ છું. અને ગાયોમાં હું પ્રેમનો દેવ કામદેવ છું તથા સૂર્યોમાં હું વાસુકિ છું.

ગાયોમાં જેને કામધેનુ કહે છે તે હું છું ગાયના શરીરમાં બધા દેવતાઓ નિવાસ કરે છે શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે ધનની દેવી લક્ષ્મી પહેલા ગાયના રૂપમાં આવ્યા અને એમના છાણમાંથી બિલીના વૃક્ષની ઉત્પતિ થઈ.

ગાયનું મહત્વ એટલું માનવામાં આવ્યું છે કે એના શરીરમાં તેત્રીસ કરોડ દેવતાઓના વાસ છે અને તેની ઉત્પતિ ચૌદરત્નો અંતર્ગત થઈ છે. ભારતના મહાપુરુષોએ ગાય વિષે વિચારો રજૂ કર્યા છે જેમકે,

"જો ગાય અને ગૌવંશ નષ્ટ થસે તો દેશ નો નાશ કોઈ પણ બચાવી નહીં શકે."

-મહર્ષિ દયાનંદ

"ભારતમાં ગોપાલન સનાતન ધર્મ છે."

-ડૉ. રાજેન્દ્ર પ્રશાદ

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

માતાના દૂધ પછી બીજા સાધન તરીકે જીવન ઉપયોગી તત્વો માત્ર ગાયના દૂધમાંથી જ પ્રાપ્ત કરી શકાય છે.

❖ **અભ્યાસ હેતુ**

- ગાયના પ્રકારનો અભ્યાસ કરવો.
- ગાયના આધ્યાત્મિક ક્ષેત્ર વિષે અભ્યાસ કરવો.
- ગૌ આધારિત અર્થવ્યવસ્થા વિષે અભ્યાસ કરવો.
- ગાયની વિશેષતા વિષે અભ્યાસ કરવો.
- દૂધ,છાણ અને ગૌમૂત્રના મહત્વ વિષે અભ્યાસ કરવો.
- ગ્રામીણ ક્ષેત્રે છાણ અને બળદના ઉપયોગ વિષે અભ્યાસ કરવો.
- ગૌહત્યા અટકાવવાના ઉપાયો વિષે અભ્યાસ કરવો.
- દૂધના ઉપયોગથી રોગ નિવારણ વિષે અભ્યાસ કરવો.

❖ **અભ્યાસ પ્રશ્નો**

- ગાયના પ્રકાર કેટલા હશે?
- આધ્યાત્મિકતામાં ગાયનું શું મહત્વ હતું?
- આર્થિક રીતે ગાયનું મહત્વ શું છે?
- ભારતીય ગાયની શું વિશેષતા છે?
- દૂધ,છાણ,ગૌમૂત્રના ફાયદા કયા કયા છે?
- ગ્રામીણક્ષેત્રે છાણ અને બળદ કેવી રીતે ઉપયોગી છે?
- ગૌહત્યા અટકવવવા કેવા પ્રયાસો કરવા જોઈએ?
- રોગ ના નિવારણ માટે દૂધનું શું મહત્વ છે?

❖ **ગાય સમગ્ર જીવસૃષ્ટિની જીવાદોરી**

❖ ચાવીરૂપશબ્દો

- ગાય
- જીવસૃષ્ટિ
- જીવાદોરી

❖ ***આધ્યાત્મિક ક્ષેત્ર***

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ગાયનું વૈશ્વિક સ્તરે આધ્યાત્મિક મહત્વ છે, "ગાવો વિશ્વસ્ય માતરઃ". યજ્ઞમાં કરવામાં આવેલ દરેક નૈવેદ્ય નવ ગ્રહો સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ,રાહુ, કેતુની સાથે વરુણ, વાયુ વગેરેને ગાયના ઘી થી અર્પણ કરવાની પરંપરા છે, જે સૂર્યની વિશેષ શક્તિ પ્રદાન કરે છે. આ વિશેષ ઉર્જા વરસાદનું કારણ બને છે અને વરસાદ દ્વારા જ ખોરાક, વૃક્ષો, છોડ વગેરેને જીવન મળે છે. ગાયનું દૂધ, ગાયનું છાણ, ઘી વગેરેનો ઉપયોગ હિંદુ ધર્મમાં તમામ ધાર્મિક કાર્યો અને વિધિઓ જેમ કે નામકરણ વિધિ, ગર્ભધારણ, જન્મ વગેરેમાં થાય છે.જ્યાં લગ્ન વગેરે વિધિઓ કરવામાં આવે છે, ત્યાં શુદ્ધિકરણની પ્રક્રિયા પણ કરવામાં આવે છે. લગ્ન સમયે ગોદાન પણ ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ગાયના છાણ અને ગૌમૂત્રનો ઉપયોગ જન્મ શૌચ અને મૃત્યુ શૌચને દૂર કરવા માટે પણ થાય છે. તેનું ધાર્મિક કારણ એ પણ છે કે લક્ષ્મીજી ગાયના છાણમાં અને ગંગાજી ગૌમૂત્રમાં વાસ કરે છે.

❖ ગાયનાપ્રકાર

ભારતમાં ગાયોની 30 થી વધુ જાતિઓ જોવા મળે છે. લાલ સિંધી, સાહિવાલ, ગીર, દેવની, થરપારકર વગેરે જેવી જાતિઓ ભારતમાં દૂધાળી ગાયોની મુખ્ય જાતિઓ છે. ભારતીય ગાયોની જાતિઓ નીચે મુજબ છે.

1.સાહિવાલ જ્ઞાતિ

ભારતમાં રાજસ્થાનના બિકાનેર, શ્રીગંગાનગર, પંજાબના મોન્ટગોમરી જિલ્લો અને રાવી નદીની આસપાસના લાયલપુર, લોધરન, ગંજીવાર વગેરે સ્થળોએ જોવા મળે છે.તે ભારતમાં ગમે ત્યાં રહી શકે છે. એકવાર વાછરડાં થયા પછી, તેઓ 10 મહિના સુધી દૂધ આપવાનું ચાલુ રાખે છે. દરરોજ ઉત્પાદિત દૂધની માત્રા દરરોજ 10-20 લિટર છે. તેના દૂધમાં 4% થી 6% ફેટ જોવા મળે છે.

2.સિંધી

તેમનું મુખ્ય સ્થળ સિંધનો કોહિસ્તાન પ્રદેશ છે . બિલોચિસ્તાનનો કેલાસબેલા વિસ્તાર પણ તેમના માટે પ્રખ્યાત છે. આ ગાયોનો રંગ કથ્થઈ અથવા ઘઉંનો હોય છે, તેમનું શરીર લાંબુ અને ચામડી જાડી હોય છે. તેઓ અન્ય આબોહવામાં પણ જીવી શકે છે અને રોગો સામે લડવાની અદભૂત શક્તિ ધરાવે છે. જન્મ આપ્યા પછી, તેઓ 300 દિવસમાં ઓછામાં ઓછું 2000 લિટર દૂધ આપે છે.

3.કાંકરેજ

નાના અખાતથી દક્ષિણ-પૂર્વનો વિસ્તાર એટલે કે સિંધના દક્ષિણ-પશ્ચિમથી અમદાવાદ અને રાધનપુરા સુધીનો વિસ્તાર કાંકરેજ ગાયોનું મૂળ છે. જો કે, તેઓ કાઠિયાવાડ , બરોડા અને સુરતમાં

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

પણ જોવા મળે છે .વિદેશોમાં પણ તેમની માંગ છે. તેમનો રંગ સિલ્વર બ્રાઉન, લોહિયા બ્રાઉન કે કાળો છે. સેન્ટ્રલ બોવાઇન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં ગાયો પર સંશોધન કરી રહેલા વૈજ્ઞાનિકોના મતે કાંકરેજની ગાય ખેડૂતોની આવકમાં અનેકગણો વધારો કરી શકે છે. રાજસ્થાનમાં તેને સાંચોરી ગાય તરીકે ઓળખવામાં આવે છે.

4.માલવી

આ ગાયો મધ્યમ દુધાળા છે અને સ્તનપાન દીઠ દૂધની ઉપજ 627-1227 લિટર છે. તેમનો રંગ સફેદ, ભૂરો કે કાળો હોય છે અને તેમની ગરદન થોડી કાળી હોય છે અને તેમની ગરદન પર મણકો હોય છે જેને હમ્પ કહેવામાં આવે છે. ગળાની નીચે એક ફ્રિન્જ લટકે છે જેને ગલકમ્બલ કહે છે. આ ઉજ્જૈન, રતલામ, મંદસૌર, રાજગઢ, બિયાઓરા, નરસિંહગઢ, શાજાપુરની આસપાસના માલવા પ્રદેશમાં જોવા મળે છે.

5.નાગૌરી

આ ગાયો ખાસ દુધાળા નથી હોતી, પરંતુ વાછરડા થયા પછી ઘણા દિવસો સુધી તે ઓછી માત્રામાં દૂધ આપતી રહે છે.

6.થરપારકર

આ ગાયો દુધાળા છે. તેમનો રંગ ખાકી, ભુરો અથવા સફેદ હોય છે. તેમનું મૂળ કચ્છ, જેસલમેર, જોધપુર, બિકાનેર અને સિંધનું દક્ષિણ-પશ્ચિમ રણ છે. તેમની માત્રા ઓછી છે. તેનું દૂધ ઉત્પાદન 10 થી 16 લિટર પ્રતિ દિવસ છે.

7.પવનાર

પાવનાર ગાય પીલીભીત , પુરનપુર તહસીલ અને ખેરી તેમના મૂળ સ્થાનો છે. તેમનું મોં સાંકડું અને તેમના શિંગડા સીધા અને લાંબા હોય છે. શિંગડાની લંબાઈ 12-18 ઈંચ હોય છે. તેમની પૂંછડી લાંબી હોય છે. તેઓ સ્વભાવે ગુસ્સાવાળા હોય છે અને દૂધ ઓછું આપે છે.

8.ભગંદર

નાડી નદીના કિનારે આવેલ પ્રદેશ તેમના મૂળનો સ્ત્રોત છે. જુવાર તેમનો પ્રિય ખોરાક છે. નાડી ઘાસ અને તેમાંથી બનાવેલ રોટલી પણ તેમને ખવડાવવામાં આવે છે. આ ગાયો પુષ્કળ દૂધ આપે છે.

9.દજ્જલ

પંજાબના દેરાગાઝી ખાન જિલ્લામાં જોવા મળે છે. તેઓ ઓછું દૂધ આપે છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

10.ગવલાવ

સામાન્ય માત્રામાં દૂધ આપે છે. મૂળ સ્થાન સતપુરા તરાઈ, વર્ધા, છિંદવાડા, નાગપુર, સિવની અને બહિર છે. તેમનો રંગ સફેદ છે અને તેમની ઊંચાઈ મધ્યમ છે. તેઓ કાન ઊંચા કરીને ચાલે છે.

11.હરિયાણા

તેઓ દરરોજ 8-12 લિટર દૂધ આપે છે. ગાયનો રંગ સફેદ, મોતિયા કે આછો ભુરો હોય છે. તેઓ ઊંચા અને સ્નાયુબદ્ધ શરીર ધરાવે છે અને માથું ઊંચું રાખીને ચાલે છે. તેમના મૂળ સ્થાનો રોહતક, હિસાર, સિરસા, કરનાલ, ગુડગાંવ અને જીંદ છે. હરિયાણવી જાતિ ભારતની પાંચ શ્રેષ્ઠ જાતિઓમાંની એક છે.

12. અંગોલ અથવા નિલોર

આ ગાયો દુધાળા, સુંદર અને ધીમી ગતિએ ચાલતી હોય છે. પ્રાપ્ત સ્થાનો તમિલનાડુ , આંધ્રપ્રદેશ, ગુંટુર, નિલોર, બાપટ્ટલા અને સદનપલ્લી છે. તેઓ ઓછો ચારો ખાય છે.

13. રાઠી

આ ગાયનું મૂળ સ્થાન રાજસ્થાનનું બિકાનેર, શ્રીગંગાનગર છે. તે લાલ-સફેદ સ્પેક્લ્ડ, કાળો-સફેદ, લાલ, કથ્થઈ, કાળો વગેરે જેવા ઘણા રંગોનો છે. તેઓ ઓછું ખાય છે અને ઘણું દૂધ આપે છે. તે દરરોજ 10 થી 20 લિટર દૂધ આપે છે. રાજસ્થાનની બીકાનેર એનિમલ યુનિવર્સિટીમાં પણ આ અંગે ઘણું સંશોધન કરવામાં આવ્યું છે.

14. ગીર

તેઓ દરરોજ 30 લિટર કે તેથી વધુ દૂધ આપે છે. તેમનું વતન કાઠિયાવાડ નું ગીરનું જંગલ છે. રાજસ્થાનમાં, તે રાંડા અને અજમેરી તરીકે ઓળખાય છે સેન્ટ્રલ બોવાઇન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં ગાયો પર સંશોધન કરી રહેલા વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર,ગીર ગાય ખેડૂતોની આવકમાં અનેકગણો વધારો કરી શકે છે.

15. દેવાણી

દક્ષિણ આંધ્રપ્રદેશ અને હિંસોલમાં જોવા મળે છે. તે પુષ્કળ દૂધ આપે છે.

16. નિમડી

નર્મદા નદીની ખીણ તેમનું મૂળ છે. આ ગાયો દુધાળા છે. તદુપરાંત અમૃતમહલ, હલ્લીકર, બરગુર, બાલમ્બાડી જાતિઓ વત્સ - પ્રબળ, મૈસુરની એકવિધ ગાય છે. કંગાયમ અને કૃષ્ણવલ્લી દૂધ આપનાર છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

❖ ગાયની વિદેશી જાતિનું મૂળ

જર્સીની "ગાય" અને ઘણી વિદેશી જાતિઓ, જેને અંગ્રેજીમાં "cow" કહેવામાં આવે છે, તેની ઉત્પત્તિ "URUS" નામના જંગલી પ્રાણીમાંથી છે. વિદેશી જાતિની "ગાયને "બોસવૃષભ"ના નામથી પણ ઓળખવામાં આવે છે.

વિદેશી વૈજ્ઞાનિકોએ જર્સી અને "ગાય" (બોસ ટૌરસ) ની ઘણી વિદેશી જાતિઓનું મૂળ "યુઆરયુસ" નામના આનુવંશિક રીતે સંશોધિત જંગલી પ્રાણીને શોધી કાઢ્યું છે. મૂળ જાતિ છે.વિદેશી ગાયની જાતિઓ મોટા પ્રમાણમાં દૂધ આપે છે , કારણ કે તેઓ આનુવંશિક રીતે સંશોધિત પ્રાણીઓ છે, પરંતુ દૂધની ગુણવત્તા એટલી સારી નથી. જર્સીના પેશાબ અને છાણ અને "ગાય" ની ઘણી વિદેશી જાતિઓમાં કોઈ ઔષધીય ગુણો નથી. જી.એમ. દ્વારા બનાવવામાં આવી હતી, તે દૂધ અને માંસના લોભને સંતોષવા માટે છે.

વિશ્વમાં ગાયોની કુલ સંખ્યા 13 ટ્રિલિયન (1.3 અબજ) હોવાનો અંદાજ છે. નીચેનું કોષ્ટક 2009માં વિવિધ દેશોમાં ગાયોની સંખ્યા આપે છે.

પ્રદેશ /દેશ	ગાયોની સંખ્યા
ભારત	૨૮૧,૭૦૦,૦૦૦
બ્રાજીલ	૧૮૭,૦૮૭,૦૦૦
ચીન	૧૩૯,૭૨૧,૦૦૦
યૂ એસ્ એ	૯૬,૬૬૯,૦૦૦
યૂરોપીય સંઘ	૮૭,૬૫૦,૦૦૦
આર્જેન્ટીના	૫૧,૦૬૨,૦૦૦

દેશી પશુઓમાં ગીર ગાય શ્રેષ્ઠ દૂધ આપનાર છે. આ જાતિને "ભોડાલી", "દેશણ", "ગુજરાતી", "કાઠિયાવારી", "સોરઠી" અને "સુરતી" તરીકે પણ ઓળખવામાં આવે છે. જાતિના સંવર્ધન માર્ગમાં ગુજરાતના અમરેલી, ભાવનગર, જૂનાગઢ અને રાજકોટ જિલ્લાઓનો સમાવેશ થાય છે અને જાતિના મૂળના ભૌગોલિક વિસ્તાર ગીરના જંગલના નામ પરથી તેનું નામ આપવામાં આવ્યું છે. બળદ તમામ પ્રકારની જમીન પર ભારે ભાર ખેંચી શકે છે, પછી તે રેતાળ, કાળી કે ખડકાળ હોય.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

❖ *ગૌ આધારિત અર્થવ્યવસ્થા*

વિશ્વ પ્રસિદ્ધ સહકારી ડેરી 'અમુલ' આણંદની મુખ્ય વિશેષતાઓ પૈકી એક છે. અમૂલ એ ભારતની તેમજ એશિયાની સૌથી મોટી ડેરી છે. તે હજારો નાના અને મધ્યમ ખેડૂતોની માલિકી ધરાવે છે. અમુલે ક્રાંતિ ઉભી કરી છે. તેનો પ્રયોગ જિલ્લા અને ગ્રામ્ય સ્તરે નાની ડેરીઓ તરફ દોરી ગયો છે. અન્ય રાજ્યો અને ઘણા દેશો તેના દ્વારા પ્રેરિત છે.

અમુલ પ્રાણી સંવર્ધનના વૈજ્ઞાનિક શિક્ષણ અને દૂધનું ઉત્પાદન વધારવા માટે ફાળો આપ્યો. ડેરીએ દૂધ પાઉડરનું એક છોડ વિકસાવ્યું છે. ખેડૂતો તેમના ઉત્પાદનો માટે વધુ કમાઈ શકે છે તાજેતરમાં અમુલની વસ્તુઓ જેવી કે દૂધ, ઘી, પનીર અને બાળકના ખોરાક ઉપરાંત દૂધ-ચોકલેટ બજારમાં ઉપલબ્ધ છે. તેણે પશુરોગ હોસ્પિટલો, પ્રાણીઓ માટે કૃત્રિમ વીર્યદાન કેન્દ્રો અને ગામ ઓડ ખાતે સંકર-ગાય સંવર્ધન કેન્દ્રોની સ્થાપના કરી છે. અમૂલ વિશાળ સંકુલ અને સફેદ ક્રાંતિની મુખ્ય પ્રવાહમાં રૂપાંતરિત થયો છે.

"ગાય રાષ્ટ્રનીસંપતિ છે,ભારતની અર્થવ્યવસ્થાની પાયાની ઈંટ છે."

➢ *છાણમાં લક્ષ્મીનો વાસ*

"અષ્ટશ્વર્યમયી લક્ષ્મી બસતે ગોમયે સદા"

-મહાભારત,

ગાય અને બળદ પર કેન્દ્રિત હતી. આપણા ઋષિઓએ ગૌવધનો નિષેધ મૂળભૂત રીતે ગ્રામીણ ઊર્જાના સ્ત્રોત બળદની વૃદ્ધિ માટે કર્યો હતો કેમ કે તેની ઊર્જાથી જ કૃષિવિસ્તાર શક્ય હતો. ટકાઉ અર્થવ્યવસ્થા રહેવાથી દરેક ગામના તળાવો અને કૂવાઓ આખા વર્ષ દરમિયાન મનુષ્યો અને પશુઓને પૂરતું પીવાનું પાણી ઉપલબ્ધ કરાવતાં હતાં. છાણમાંથી જે ઉત્તમ પ્રકારનું ખાતર બનતું હતું તેનો ખેતરોમાં ઉપયોગ થતો હતો તથા ખેતરોની ઊપજશક્તિ સ્થિર

મહાભારતકારે કહ્યું છે કે, ઐશ્વર્યની દેવી મહાલક્ષ્મીનો વાસ છાણમાં છે. આ કથન આપણી પરંપરાઓમાં પણ ઓતપ્રોત છે. દિવાળી પછી લગભગ બધાં ઘરોમાં છાણનું (ગોબર ધનનું) પૂજન કરવામાં આવે છે. દિવાળીનો તહેવાર મહાલક્ષ્મીની આરાધના માટે આખા દેશમાં ખૂબ ધૂમધામ સાથે ઊજવવામાં આવે છે અને તે પછીના બીજા જ દિવસે છાણનું પૂજન કરવામાં આવે છે. ગોબરધન (છાણ)ની સંધિ છૂટી પાડીએ તો એ 'ગોબર' અને 'ધન" બે શબ્દોનો બનેલો છે. આ પૂજન દ્વારા પણ દર વર્ષે એ જ એક સંકેત આપવામાં આવે છે કે છાણમાં ધન છે, ઐશ્વર્યની દેવી મહાલક્ષ્મીનો વાસ છે, એને છાણમાં શોધો અને સમૃદ્ધિ મેળવો છાણમાં લક્ષ્મીનો વાસ છે એ ફક્ત શાસ્ત્રવચન જ નથી

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

પણ વૈજ્ઞાનિક અને વાસ્તવિક સત્ય છે. થોડું ચિંતન અને વિશ્લેષણ કરવાથી એ વાત સરળતાથી સમજી શકાય છે કે, છાણ કેટલો બહુમૂલ્ય જીવનોપયોગી પદાર્થ છે તેનો આપણી આર્થિક સમૃદ્ધિ સાથે શું સંબંધ છે?

૧. છાણ મળ નહીં, મળશોધક છે

જગતમાં પ્રાણીઓમાં ગાય એક જ એવું પ્રાણી છે જેનું ઉચ્છિષ્ટ મળ નહીં પરંતુ મળશોધક છે. ઐશ્વર્યની દેવી લક્ષ્મીને પવિત્રતા પસંદ છે અને છાણ સૂચિતાકારક છે. છાણ વિના ભૂમિ પવિત્ર થતી નથી. છાણનું લીંપણ કરી ભૂમિ પવિત્ર કરીને જ લક્ષ્મીદેવીનું આહ્વાન કરવામાં આવે છે. હજારો વર્ષોથી આપણા દેશમાં, યજ્ઞની વેદીને પવિત્ર કરવા માટે તથા ઘરોને બધા પ્રકારનાં પ્રદૂષણોથી મુક્ત રાખવા માટે ગાયના છાણથી લીંપવામાં આવે છે. છાણનાં લીંપણથી બધાં હાનિકારક જીવાણુઓ નષ્ટ થઈ જાય છે.

૨. પ્રદૂષણ અને અણુવિકિરણથી બચવા માટે છાણ રક્ષાકવચ છે

અણુવિકિરણથી રક્ષણ થાય છે. જાપાનમાં નાગાસાકી તથા હીરોશીમાં અણુવિસ્ફોટક પછી ત્યાંના વૈજ્ઞાનિકોએ કરેલી શોધોના આધારે એ નિષ્કર્ષ કાઢ્યો કે ગાયના છાણથી લીંપેલા મકાન પર અણુવિકિરણનો પ્રભાવ ઘણો ઓછો પડે છે. એટલું જ નહીં ત્યાંના ઘણા લોકો ઓઢવાની ચાદરને છાણના મિશ્રણને છાણી લઈને તેના પાણીમાં પલાળી તેને સૂકવીને ઓઢે છે. રશિયન વૈજ્ઞાનિક સિરોવિચે જોયું કે ગાયના ઘી ની અગ્નિમાં આહુતિ આપવાથી 'અણુવિકિરણથી રક્ષણ' પર પોતાના પ્રયોગો દરમિયાન જોયું કે ગાયના ઘીની અગ્નિમાં આહુતિ આપવાથી જે સુવાસ નીકળે છે તે જ્યાં જ્યાં ફેલાય છે, તેનાથી ત્યાનું સંપૂર્ણ વાતાવરણ પ્રદૂષણ અને અણુવિકિરણથી મુક્ત થઈ જાય છે.

૩. કચરાને ખાતરમાં પલટાવી નાખવાનીછાણમાં ક્ષમતા

છાણમાં ક્ષમતા ગાયના છાણમાં એવી ક્ષમતા છે કે જો કચરાના ઢગલા પર ગાયના છાણનું મિશ્રણ બનાવી નાખી દેવામાં આવે તો એ કચરો ત્રણ-ચાર માસમાં ઉપયોગી ખાતર બની જાય છે. ગોવર્ધન કેન્દ્ર પુસદ (યવતમાળ)માં તેનો સફળ પ્રયોગ કરવાથી જાણવા મળ્યું કે એક કિલો ગાયના છાણથી ત્રીસ કિલો (૧:૩૦નો ગુણોત્તરમાં) ઉપયોગી ખાતર તૈયાર થઈ શકે છે. અન્ય સ્થળોએ પણ તેના સફળ પ્રયોગો કરવામાં આવી રહ્યાં છે.મુંબઈ એક કંપની એકસલ ઇન્ડસ્ટ્રીઝના માલિક શ્રી કાંતિભાઈ શ્રોફે નગર નિગમ દ્વારા લગાડવામાં આવેલ કચરાના ઢગલા પર છાણના મિશ્રણનો છંટકાવ કરી તેની દુર્ગંધ જ દૂર કરી નથી પણ તેને ઉત્તમ ખાતરમાં ફેરવીને ખેડૂતોને આપવાનો ઉદ્યોગ ચલાવ્યો છે.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

૪. છાણ એક સસ્તું અને શ્રેષ્ઠ ખાતર

છાણનું ખાતર એક સર્વશ્રેષ્ઠ ખાતર છે. એ ભૂમિનો પ્રાકૃતિકઆહાર છે. ભૂમિની ઊપજશક્તિને પ્રાકૃતિક સ્થિતિમાં ટકાવી રાખે છે. પ્રદૂષણ રહિત અને સસ્તું છે, તેને માટે ખેડૂતને બીજા પર આધાર રાખવો પડતો નથી. છાણના ખાતરથી ઉત્પન્ન થયેલા ખાદ્ય પદાર્થો, સ્વાદિષ્ટ અને સ્વાસ્થ્યવર્ધક હોય છે. કૃષિ જગત સાથે સંકળાયેલ વૈજ્ઞાનિકો અને પ્રસાર અધિકારીઓ એ નિર્વિવાદ સત્ય પર એકમત છે કે રાસાયણિક ખાતરો અને કીટનાશકોના પ્રયોગથી નષ્ટ થયેલી ભૂમિની ઊપજશક્તિની ક્ષતિનો એકમાત્ર વિકલ્પ છાણનું ખાતર છે. છાણના ખાતરથી કરવામાં આવતી ખેતીથી નીચે મુજબના લાભ મળે છે :

૧. જમીનના સૂક્ષ્મ લાભકારી જીવાણુઓ વધે છે.

૨. જમીનનું પ્રાકૃતિક રૂપ ટકેલું રહે છે. જે ખરાબ જમીન હોય તે ઉપજાઉ બની જાય છે.

૩. સિંચાઈ માટે પાણીની ખપત ઓછી થાય છે, કેમ કે ભૂમિની જળ ગ્રહણક્ષમતા અને પાણી રોકવાની ક્ષમતા વધી જાય છે. વરસાદનું પાણી શોષવાની અને રોકી રાખવાની ક્ષમતા પણ વધે છે.

૪. ખેતર અને ગામના કચરાનો ઉપયોગ થાય છે તે પ્રાકૃતિક ચક્રમાં આવી જાય છે.

૫. ખેડૂત અને બળદોને વધુ કામ મળે છે.

૬. પર્યાવરણમાં સુધારો થાય છે, ખાદ્યાન્ન પોષ્ટિક અને સ્વાદિષ્ટ બને છે.

૭. કીટનાશકોના ઝેરનો અંશ આપણા શરીરમાં જામતો નથી.

૮. ગ્રામવાસીઓને રોજગાર મળે છે, એમનું પોતાનું સ્વાવલંબી તંત્ર અને સ્વાવલંબી કૃષિનો આધાર ઊભો થાય છે. વિદેશી મુદ્રાની બચત થાય છે. દેશ સમૃદ્ધિ તરફ વધે છે.

૫. છાણની રાખથી મળની દુર્ગંધનો નાશ-છાણનો વિકલ્પ નથી

છાણાંને ઈંધણના રૂપમાં બાળ્યા પછી જે રાખ બચે છે તે પણ એક ઉત્કૃષ્ટ મળનાશક છે. ગામડાઓમાં જ્યાં ફ્લશ કે શૌચાલયો નથી ત્યાં કરોડો લોકો તેમનાં પરંપરાગત શૌચાલયોમાં મળની દુર્ગંધનો નાશ કરવા માટે મળ ઉપર આ રાખનો છંટકાવ કરે છે. છંટકાવ થતાં જ મળની દુર્ગંધ સમાપ્ત થઈ જાય છે અને સમય જતાં આ મળ પણ ખાતરમાં ફેરવાઈ જાય છે.

૬. છાણાંની રાખ ખાતર તથા કીટનાશકના રૂપમાં

ગાયનાં છાણાંની રાખ એક વિલક્ષણ દુર્ગંધનાશક હોવાની સાથે કીટનાશક પદાર્થ છે. ખેડૂત તેનો ઉપયોગ તેના ખેતરોમાં ખાતર અને કીટનાશકના રૂપમાં પણ અનેક વર્ષોથી કરતો આવ્યો છે. ખેતરમાં રાખ નાખવાથી ઉધઈ વગેરે કીડાઓ થતા નથી અને પાક સારો થાય છે. બિલાડીના ટોપના

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

વર્ગના છોડો પર વિશેષ કરીને રાખનો છંટકાવ કરવામાં આવે છે. શીતળાના વ્રણ કે જેમાં રોગનાં જંતુઓ બહુ મોટા પ્રમાણમાં હોય છે તે છાણની રાખનાં છંટકાવથી ખતમ થઈ જાય છે.

❖ ગાયની વિશેષતાઓ

ગ્રામીણ ઊર્જાના સ્વાવલંબી સ્ત્રોત છાણ અને બળદ આપણા દેશમાં ખેતી, વ્યાપાર ધંધામાં તથા ઘરગથ્થુ ઉપયોગમાં વપરાતી ઊર્જાના મુખ્ય સાધનો પેટ્રોલિયમ પદાર્થો પર આધાર રાખે છે. આ ક્ષેત્રોમાં ઊર્જાની વપરાશમાં સતત વૃદ્ધિ થઈ રહી છે તથા ઘરગથ્થુ કાચા તેલના ઉત્પાદનથી આત્મનિર્ભરતાનો સ્તર ઘટતો જઈ રહ્યો છે. આપણે ૧૯૮૪થી ૧૯૮૫ના વર્ષ દરમિયાન કુલ જરૂરિયાતની ૭૦ ટકા માંગ પૂરી કરવા માટે આત્મનિર્ભર હતા, પરંતુ ૧૯૯૭-૯૮ દરમિયાન આ આત્મનિર્ભરતા ઘટીને માત્ર ૩૫ ટકા જ રહી ગઈ છે. અને ૬૫ ટકા કાચા તેલ માટે આપણે વિદેશો પર આધાર રાખીએ છીએ. આ પરાવલંબન આગામી નવી યોજનાના અંતમાં ૭૦થી ૭૫ ટકા સુધી પહોંચવાથી સંભાવના છે. પરાવલંબનની સાથે આ તેલ સળગાવવાથી જે ધુમાડો નીકળે છે, તેનાથી પ્રદૂષણ અંગેની વિકરાળ સમસ્યા પેદા થઈ રહી છે.

❖ ગાયનું દૂધ રહેલીવિશેષતાઓ

આજે ભારતના લોકોના મગજમાં દૂધની ક્વોલીટી જાણવા માટે તેમાં ચિકાશનું પ્રમાણ કેટલું છે, એના ઉપરથી આંકવાની એ કમોટી ભ્રાંતિઘર કરી ગઈ છે અને આ ભૂલામણીમાં ફસાઈને ગાયના બદલામાં ભેંસ પાળવાની પ્રથાનો આરંભ થઈ ગયો છે. એટલે સુધી કે ગાયનું દૂધ નિમ્નકોટિનું સમજી સસ્તું વેચાય છે અને મળે પણ છે. આ ભ્રમણાના પરિણામ સ્વરૂપે ભેંસના પાલનને પોષણ અને પ્રોત્સાહન મળતાં ભારતની આર્થિક સ્થિતિ અને લોકોના આરોગ્ય ઉપર પ્રતિકૂળ અસર થઈ છે. એનાથી વિપરીત સમગ્ર જગતના ઉન્નત અને પ્રગતિશીલ કહેવાતા દેશો પૈકી અમેરિકા, રશિયા, ડેનમાર્ક અને સ્વિટઝરલેંડ આ બધા ગાયનું સમુચિત પાલન પોષણ કરે છે. ભેંસ તો ઘણાં દેશોમાં જોવા પણ નથી મળતી. આ તમામ દેશોમાં જોવા મળતી નથી. અનેક પશ્ચિમના દેશોએ તો ગૌપાલનના ધંધાને જ, પોતાનીઆર્થિકવ્યવસ્થાનોઆધારમાનીલીધોછે. પોતાના જે અમૃત સમાન ગુણોના કારણે આ જે ગાયનું દૂધ સમગ્ર વિશ્વમાં આહારના મુખ્ય અંગ રૂપે વપરાય છે. તેની તરફ લોકોનું ધ્યાન આકર્ષિત કરવું જરૂરી છે.

૧. આહાર શાસ્ત્રીઓએ ગાયના દૂધને સંપૂર્ણ આહાર માન્યો છે. અગર જો મનુષ્ય માત્ર ગાયના દૂધનું સેવન કરતો રહે તો તેનું શરીર તથા જીવન ન માત્ર સરળતાથી ચાલતું રહે છે, પરંતુ તે અન્ય લોકોની અપેક્ષાએ સશક્ત અને રોગપ્રતિરોધક શક્તિ ધરાવતો થઈ જાય. એમાં માનવ શરીર માટે જરૂરી

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

તમામ પોષક તત્ત્વો હોય છે. તેમાં પ્રોટિન ૦.૯૪, સ્નિગ્ધતા ૧.૦૯, ક્ષાર ૧.૬, કેલેરી ૧.૮, ચારે પ્રકારના (જીવનતત્વ) વિટામીન ૧.૨૫ ટકા હોય છે. ગાયના એક પૌંડ દૂધમાંથી આટલી શક્તિ મળે છે, જેટલી કે ૪ ઈંડા અને ૨૫૦ ગ્રામ માંસમાંથી પ્રાપ્ત થતી નથી.

૨. ભેંસના દૂધમાં સ્નિગ્ધતા (ચિકાશ) વધારે હોય છે. જેના કારણે તે પચવામાં જ તેને પચાવી શકે છે. સામાન્ય મહેનત કરનારી વ્યક્તિ, સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો, રોગીઓ તથા નિર્બળ વ્યક્તિઓને ભારે હોય છે. કઠોર મહેનત કરનાર વ્યક્તિ તે પોષણ આપવાના બદલે નુકસાન કરે છે. પરંતુ ગાયના દૂધમાં મળતી ચિકાશ એવી રીતે સમતોલ છે, કે મનુષ્ય શરીરને અનુકૂળ અને પાચન ક્રિયામાં સહાયક તથા શારીરિક અંગ અવ્યવોને ઉત્તમ સ્નિગ્ધતા અને બળ પૂરું પાડે છે.

૩. નવજાત બાળકને માતાના દૂધ સિવાય એક માત્ર વિકલ્પ રૂપે ગાયનું દૂધ જ ઉપયોગી છે. તે બાળક માટે માતાના દૂધની જેમ જ ગુણકારી હોવાના કારણે તેના બદલામાં ઉપયોગ કરી શકાય. ગાયના દૂધમાં ક્ષાર વધારે હોય છે તથા પાચક રસોનો પૂરતા પ્રમાણમાં સમાવેશ હોય છે. બાળકના કોમળ પાચન તંત્રમાં સરળતાથી પચી જાય છે. માતાના દૂધની જેમ જ પોષક દૂધ આપવાના કારણે જ અને ગૌમાતા માનવામાં આવી છે

૪. ગાયના દૂધમાં મળી આવતું પ્રોટિન શ્રેષ્ઠ કોટિનું હોય છે. જે શરીરના વિકાસ તથા તૂટફૂટ માટે અત્યંત જરૂરી છે. જીવો દ્વારા પ્રાપ્ત થતાં પ્રોટિનોમાં ગાયના દૂધનું અનન્ય સ્થાન છે. ગાયના દૂધમાં ૨૧ પ્રકારના એમિનો એસિડ મળી આવે છે. જે પ્રોટિનને વધુ ગુણકારી બનાવે છે. ૯૭ ટકા પ્રોટીનનો ભાગ પાચનતંત્ર દ્વારા પચાવી લેવામાં આવે છે.

૫. દૂધની ઉપયોગિતા અને શ્રેષ્ઠતા ચિકાશના કારણે નહીં, પરંતુ તેમાં મળી આવતા ખનિજો, ક્ષારો અને રાસાયણિક તત્ત્વોના કારણે હોય છે. ગાયના દૂધમાં નીચે જણાવેલા શક્તિવર્ધક તત્વો મળી આવે છે. જેના કારણે પોષણની દ્રષ્ટિથી સર્વશ્રેષ્ઠ આહાર માનવામાં આવે છે.

(અ) ૨૧ પ્રકારના એમિનો એસિડ, ૧૧ પ્રકારના કેટીએસિડ, ૬ પ્રકારના વિટામિન, ૮ પ્રકારના બેકટેરિયા, ૨૫ પ્રકારના ધાતુ તત્વ, ૨ પ્રકારની સુગર, ૪ પ્રકારના ફોસ્ફોરસ ઘટકો, ૧૮ પ્રકારના નાઇટ્રોજન તત્વો મળી આવે છે. તેમાં મળતા મુખ્ય ખનિજોમાં કેલ્શિયમ, ફોસ્ફરસ, લોખંડ, તાંબુ, આયોડીન, ફ્લોરિન, સિલિકોન વગેરે.

(બ) મળી આવતા મુખ્ય એન્ઝાઈમમાં પેરિવિકટેજ, રિટક્ટેડ, લાઇપેજ, પ્રોટિએજ, લેકટેજી, ફોસ્ફેટેઝ, ઓલિનેજ, ગેટાલેજ વગેરે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

(ક) વિટામીન એ-૧, કેરોટિન ડી.ઈ., ટોકોકેરાલ, વિટામીન બી-૧, બી-૨, રિવોફ્લેવિન, બી-૩, બી-૪ તથા વિટામીન-સી છે.

૬. ગાયનું દૂધ એ માત્ર આહાર જ નથી, પરંતુ આયુર્વેદમાં એને પ્રકૃતિ દ્વારા પ્રદાન કરવામાં આવેલ રસાયણ (ટોનિક) માનવામાં આવ્યું છે. જે નિર્બળ, દુર્બળ તથા રોગીઓને નવજીવન બક્ષે છે.

❖ **ગાયનું દૂધનો મહત્વ**

આજે ભારતના લોકોના મગજમાં દૂધની ક્વોલીટી જાણવા માટે તેમાં ચિકાશનું પ્રમાણ કેટલું છે, એના ઉપરથી આંકવાની એક મોટી ભ્રાંતિ ઘર કરી ગઈ છે અને આ ભૂલામણીમાં ફસાઈને ગાયના બદલામાં ભેંસ પાળવાની પ્રથાનો આરંભ થઈ ગયો છે. એટલે સુધી કે ગાયનું દૂધ નિમ્ન કોટિનું સમજી સસ્તું વેચાય છે અને મળે પણ છે. આ ભ્રમણાના પરિણામ સ્વરૂપે ભેંસના પાલનને પોષણ અને પ્રોત્સાહન મળતાં ભારતની આર્થિક સ્થિતિ અને લોકોના આરોગ્ય ઉપર પ્રતિકૂળ અસર થઈ છે. એનાથી વિપરીત સમગ્ર જગતના ઉન્નત અને પ્રગતિશીલ કહેવાતા દેશો પૈકી અમેરિકા, રશિયા, ડેનમાર્ક અને સ્વિટઝરલેંડ આ બધા ગાયનું સમુચિત પાલન પોષણ કરે છે. ભેંસ તો ઘણાં દેશોમાં જોવા પણ નથી મળતી. આ તમામ દેશોમાં જોવા મળતી નથી. અનેક પશ્ચિમના દેશોએ તો ગૌપાલનના ધંધાને જ, પોતાની આર્થિક વ્યવસ્થાનો આધાર માની લીધો છે. પોતાના જે અમૃત સમાન ગુણોના કારણે આજે ગાયનું દૂધ સમગ્ર વિશ્વમાં આહારના મુખ્ય અંગ રૂપે વપરાય છે. તેની તરફ લોકોનું ધ્યાન આકર્ષિત કરવું જરૂરી છે.

૧. આહાર શાસ્ત્રીઓએ ગાયના દૂધને સંપૂર્ણ આહાર માન્યો છે. અગર જો મનુષ્ય માત્ર ગાયના દૂધનું સેવન કરતો રહે તો તેનું શરીર તથા જીવન ન માત્ર સરળતાથી ચાલતું રહે છે, પરંતુ તે અન્ય લોકોની અપેક્ષાએ સશક્ત અને રોગપ્રતિરોધક શક્તિ ધરાવતો થઈ જાય. એમાં માનવ શરીર માટે જરૂરી તમામ પોષક તત્ત્વો હોય છે. તેમાં પ્રોટિન ૦.૯૪, સ્નિગ્ધતા ૧.૦૯, ક્ષાર ૧.૬, કેલેરી ૧.૮, ચારે પ્રકારના (જીવનતત્વ) વિટામીન ૧.૨૫ ટકા હોય છે. ગાયના એક પૌંડ દૂધમાંથી આટલી શક્તિ મળે છે, જેટલી કે ૪ ઈંડા અને ૨૫૦ ગ્રામ માંસમાંથી પ્રાપ્ત થતી નથી.

૨. ભેંસના દૂધમાં સ્નિગ્ધતા (ચિકાશ) વધારે હોય છે. જેના કારણે તે પચવામાં જ તેને પચાવી શકે છે. સામાન્ય મહેનત કરનારી વ્યક્તિ, સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો, રોગીઓ તથા નિર્બળ વ્યક્તિઓને ભારે હોય છે. કઠોર મહેનત કરનાર વ્યક્તિ તે પોષણ આપવાના બદલે નુકસાન કરે છે. પરંતુ ગાયના દૂધમાં મળતી ચિકાશ એવી રીતે સમતોલ છે, કે મનુષ્ય શરીરને અનુકૂળ અને પાચન ક્રિયામાં સહાયક તથા શારીરિક અંગ અવ્યવોને ઉત્તમ સ્નિગ્ધતા અને બળ પૂરું પાડે છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

૩. નવજાત બાળકને માતાના દૂધ સિવાય એક માત્ર વિકલ્પ રૂપે ગાયનું દૂધ જ ઉપયોગી છે. તે બાળક માટે માતાના દૂધની જેમ જ ગુણકારી હોવાના કારણે તેના બદલામાં ઉપયોગ કરી શકાય. ગાયના દૂધમાં ક્ષાર વધારે હોય છે તથા પાચક રસોનો પૂરતા પ્રમાણમાં સમાવેશ હોય છે. બાળકના કોમળ પાચન તંત્રમાં સરળતાથી પચી જાય છે. માતાના દૂધની જેમ જ પોષક દૂધ આપવાના કારણે જ અને ગૌમાતા માનવામાં આવી છે.

૪. ગાયના દૂધમાં મળી આવતું પ્રોટિન શ્રેષ્ઠ કોટિનું હોય છે. જે શરીરના વિકાસ તથા તૂટફૂટ માટે અત્યંત જરૂરી છે. જીવો દ્વારા પ્રાપ્ત થતાં પ્રોટિનોમાં ગાયના દૂધનું અનન્ય સ્થાન છે. ગાયના દૂધમાં ૨૧ પ્રકારના એમિનો એસિડ મળી આવે છે. જે પ્રોટિનને વધુ ગુણકારી બનાવે છે. ૯૭ ટકા પ્રોટીનનો ભાગ પાચનતંત્ર દ્વારા પચાવી લેવામાં આવે છે.

૫. દૂધની ઉપયોગિતા અને શ્રેષ્ઠતા ચિકાશના કારણે નહીં, પરંતુ તેમાં મળી આવતા ખનિજો, ક્ષારો અને રાસાયણિક તત્ત્વોના કારણે હોય છે. ગાયના દૂધમાં નીચે જણાવેલા શક્તિવર્ધક તત્વો મળી આવે છે. જેના કારણે પોષણની દ્રષ્ટિથી સર્વશ્રેષ્ઠ આહાર માનવામાં આવે છે.

(અ) ૨૧ પ્રકારના એમિનો એસિડ, ૧૧ પ્રકારના કેટીએસિડ, ૬ પ્રકારના વિટામિન, ૮ પ્રકારના બેકટેરિયા, ૨૫ પ્રકારના ધાતુ તત્વ, ૨ પ્રકારની સુગર, ૪ પ્રકારના ફોસ્ફોરસ ઘટકો, ૧૮ પ્રકારના નાઇટ્રોજન તત્વો મળી આવે છે. તેમાં મળતા મુખ્ય ખનિજોમાં કેલ્શિયમ, ફોસ્ફરસ, લોખંડ, તાંબુ, આયોડીન, ફ્લોરિન, સિલિકોન વગેરે.

(બ) મળી આવતા મુખ્ય એન્ઝાઈમમાં પેરિવિકટેજ, રિટક્ટેડ, લાઇપેજ, પ્રોટિએજ, લેકટેજી, ફોસ્ફેટેઝ, ઓલિનેજ, ગેટાલેજ વગેરે.

(ક) વિટામીન એ-૧, કેરોટિન ડી.ઈ., ટોકોકેરાલ, વિટામીન બી-૧, બી-૨, રિવોફ્લેવિન, બી-૩, બી-૪ તથા વિટામીન-સી છે.

૬. ગાયનું દૂધ એ માત્ર આહાર જ નથી, પરંતુ આયુર્વેદમાં એને પ્રકૃતિ દ્વારા પ્રદાન કરવામાં આવેલ રસાયણ (ટોનિક) માનવામાં આવ્યું છે. જે નિર્બળ, દુર્બળ તથા રોગીઓને નવજીવન બક્ષે છે.

➢ **ગ્રામીણ ક્ષેત્ર માટે વૈકલ્પિક સ્ત્રોત - છાણ અને બળદ**

ઉપરોક્ત સંદર્ભમાં ગ્રામીણ ક્ષેત્ર માટે ઊર્જાનો એકમાત્ર નૈસર્ગિક સ્ત્રોત આપણાં પશુ છે, એમાંય વિશેષત: ગોવંશ એનાથી વિભિન્ન ઉપયોગો માટે કેવળ ઊર્જા જ નહીં પરંતુ ડીઝલ અને કીટનાશકોના ઉપયોગથી થતા પ્રદૂષણથી પણ બચી શકાય છે અને ખેતીને પણ ટકાઉ આધાર આપી શકાય છે.ભારતીય સંસ્કૃતિમાં ગાયએ પરિવારનો મહત્વનો અંગ ભારતીય સંસ્કૃતિમાં ગાય ફક્ત

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ઉપયોગી વસ્તુના રૂપે જ નથી રહી. એ ખરી વાત છે કે બધી રીતે ઉપયોગી હોવાને કારણે મનુષ્યે તેને પોતાની પાસે રાખી છે. પરંતુ એક વખત આંગણે આવ્યા પછી ગાય પરિવારનું એક અંગ બની જાય છે.ગૌસેવા એક યજ્ઞ કાર્ય છે, તે ભક્તિ છે,ઉપાસના છે,તે ઈશ્વરની પુજા છે,તે સમગ્ર મૂક જીવસૃષ્ટિની સેવા છે'.ભારતીય સંસ્કૃતિ એમ નથી કહેતી કે ગાય-બળદ ઘરડાં થઈ જાય તો તેમને કસાઈના ઘરે મોકલી દો. જે હાથે દસ-દસ, પંદર-પંદર વર્ષ સુધી તેના દૂધથી આપણું પોષણ કર્યું, જેણે ખેતી તથા બીજાં કામ માટે સારા બળદો આપ્યા, જો તે ઘરડી થઈ જાય તો શું તેને છોડી દેવી જોઈએ ? આ તો કૃળતા થશે. મનુષ્ય ફક્ત ઉપયોગીપણાના આધાર પર જીવી નથી શકતો. મનુષ્યમાં કંઈક ભાવના હોય છે. તે મહાન ભાવનાઓને કારણે જ મનુષ્યની કિંમત છે. બધી મહાન ભાવનાઓ જો ઉપયોગિતાના હથિયારથી મારી નાખવામાં આવશે તો મનુષ્યની કિંમત શૂન્ય થઈ જશે. જો ગાયની સારી રીતે સારસંભાળ કરવામાં આવે તો તે દસ-પંદર વર્ષમાં આપણને એટલું દૂધરૂપી ધન આપશે કે તે ધનના વ્યાજથી જ આપણે બુઢાપામાં તેની સારસંભાળ રાખી શકાય.

❖ ગૌ-વંશની હત્યા કેવી રીતે રોકાશે ?

(અ) ગૌરક્ષણનો મૂળમંત્ર

જે લોકો ગાયને પાળવાના લાભો જાણે છે, તથા તેના રક્ષણ અને ઉછેર માટે પણ કંઈક કરવા ઈચ્છા ધરાવે છે, પરંતુ એને માટે શું કરવું જોઈએ એનો કોઈ અસરકારક ઉપાય ન સૂઝવાના કારણે એ બની શકતું નથી. અથવા આપણે સાચોસાચ ભાવનાશીલ 120 છીએ અને આપણે તેના રક્ષણની તથા વંશવૃદ્ધિની અપેક્ષા રાખીએ છીએ, તો અસરકારક પગલાં ભરવા માટે નીચેના વ્યવહારિક મુદ્દાઓ ઉપર ધ્યાન આપવું પડશે. કારણ કે માત્ર ધર્મ કે શ્રદ્ધા જ પૂરતી નથી પરંતુ તેને જીવતી રાખવાનું વ્યવહારુ સ્વરૂપ પણ બનાવવું પડશે. નહીં તો કલ્પનાની દુનિયામાં રાચવાથી કોઈ સમાધાનકારક હલ નહીં નીકળે.

(૧) સૂત્રોચ્ચાર નહીં સેવા : સૂત્રોચ્ચાર કરવો કે પૂજા કરવાની અપેક્ષાએ સેવા માટે અસરકાર પગલાં ભરવાં પડશે.

(૨) નિર્વાહ માટે ગૌસેવા નહીં, પરંતુ ગૌસેવા માટે નિર્વાહ :

ગાયની સેવાનો દૃષ્ટિકોણ અગર માત્ર ધર્મ કે શ્રદ્ધા જ પુરત માત્ર બજારુ રહ્યો તો ઘરડી, અપંગ, અશક્ત.ગાયનું આખરી આશ્રયસ્થાન વેચાણ બજાર કે કસાઈખાનું જ હશે. આપણાં પોતાનાં ઘરડા, અપંગ, રોગી, અશક્ત નિરાધાર કુટુંબીજનો, કે જેઓ ઓછું કમાતા હોય છે અને તેમની પાછળ વધુ ખર્ચ થતો હોય. છે. છતાં પણ તેઓને માનવી-મૂલ્યોના જતન માટે તથા ન્યાય-પરંપરા અને

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

લાગણીઓના આધારે આપણે તેમની સેવા કરીએ છીએ. અર્થાત્ ગાયના રક્ષણના સંબંધમાં પણ આપણે અનર્થ ન સર્જનારા **આર્થિક** ઉપાર્જનની વાત વિચારવી પડશે. અગર જો આવો દૃષ્ટિકોણ રહેશે તો વૃદ્ધ અને અપંગ **અશક્ત** ગૌવંશ કે જેણે આખી જિંદગી આપણી સેવા કરી છે, તે મૃત્યુ પામશે ત્યાં સુધી છાણ-ગૌમૂત્રના આધારે જ આપણાં ઔચિત્યપૂર્ણ નિર્વાહમાં કોઈ ઊણપ આવવા દે.

(૩) કાયમી દૂધની સાથે છાણ-**મૂત્ર** તથા ગ્રામ્ય ઊર્જાના સાધન રૂપે ગાય, બળદ વાછરડાં, વાછડીને લાભદાયક તથા ઉપયોગી બનાવવાં પડશે. ઉપયોગિતા તથા આર્થિક લાભની નવી દ્રષ્ટિ તેમને સહજ અને કાયમી રક્ષણ પૂરું પાડશે.

(૪) ઉપરોક્ત ત્રણે મુદ્દાને **વાસ્તવિક** સ્વરૂપ પુરતા નથી પરંતુ ગૌવંશને આપવા માટે એ કક્ષાની જનજાગૃતિ આપણી 'સ્વરૂપ પણ બનાવવું પડશે પડશે જે લોક આંદોલનનું રૂપ ધારણ કરી શકે.

(બ) સમસ્યાઓ કે જેનું સમાધાન થવું જોઈગોવંશ અંગેના ૩ પ્રશ્નો જે આજે **સમસ્યારૂપે** સામે છે, તે આ પ્રમાણે છે :-(૧) ગોવંશને કેવી રીતે બચાવવામાં આવે : અર્થાત્ કતલ થતા ઘટતા ગૌવંશને કેવી રીતે બચાવીએ.

(અ) કેવી રીતે વધારવામાં આવે (ઉછેર, પરિણામાત્મક) કેવી રીતે સુધારવામાં આવે (વંશવૃદ્ધિમાં ગુણાત્મક સુધાર)

(બ) અર્થાત્ દેશી જાતની ગાયના બળદની ઓલાદ તથા દૂધનું પ્રમાણ, આ બંને માટે તેની ઓલાદમાં સુધાર.

એમાં સૌથી વધારે **મહત્ત્વ** ગાયના રક્ષણનું છે, જોકે ગાયનું **વાસ્તવિક** મહત્ત્વ ન સમજી શકવાના કારણે જે આજે પણ થઈ શકતું નથી અને તેના હ્રાસનું કારણ બનેલું છે. ગૌરક્ષણનો વ્યવહારિક ઉકેલ લાવવાથી તથી વ્યવહારમાં આવવાથી ઉછેર તો આપોઆપ આરંભ થશે. નકારાત્મક સ્થિતિ (જે આજે **ગૌહત્યાની** સ્થિતિ છે)માંથી બહાર કાઢવાનો **વ્યવહારમાં** વ્યવહારુ ઉકેલ આણવી એ આજના સમયની માંગ છે. આગળનું પગલું તો તેના ઉછેર તથા વંશવૃદ્ધિ માટે છે જે સકારાત્મક દિશામાં ચાલવાનો **પ્રયત્ન** હશે. આ પગલું ઘરે ઘરે ગાયની સેવા શરૂ કરવાનું તથા ગોપાલન તરફ આગળ વધવાનું હશે.

ત્રણે સમસ્યાઓનો **વ્યવહારુ** ઉકેલ લાવવાથી ગૌવંશના સંબંધમાં સંપૂર્ણ નિરાકરણ હશે અર્થાત્

ગૌરક્ષા - નકારાત્મક **પરિસ્થિતિમાંથી** બહાર કાઢવી

ઉછેર - સકારાત્મક સ્થિતિ તરફ આગળ ધપાવવી

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

વંશવૃદ્ધિ - વિનાશાત્મક સ્થિતિ અને ગુણાત્મકવૃદ્ધિ ત્યારે જ ભારતના આરોગ્યનો અને સમૃદ્ધિનો કાયમી આધાર ઊભો થઈ શકશે.

❖ *ગૌરક્ષાનો સમાધાન પ્રધાન ઉપાય*

ગાયની રક્ષા

લોકો દ્વારા એવી ગૌશાળાઓની સ્થાપના કરવામાં આવે, કે જે આજે દૂધ આપવા માટે બિનઉપયોગી ગણાતી ગાય બળદ વાછડા-વાછડી કે જે અપંગ, ઘરડાં હોવાને કારણે કતલખાને જાય છે, તેના પાલન- પોષણની વ્યવસ્થા કરી શકે.જે દૂધનો વ્યાપાર ન કરતાં, છાણ, ગૌમૂત્ર, અહિંસક, ચામડાં, હાડકાં વગેરેનો વિભિન્ન ઉપયોગ કરી તથા પેદાશોના આધારે ગૌવંશની ઉપયોગિતા સાબિત કરી શકે, જેથી ગાયને પાળવા અને તેની સેવા અંગે લોકોનો આજનો દ્રષ્ટિકોણ બદલાય.જે ગ્રામોદ્યોગનું કેન્દ્ર બની શકે.જે ગામનો સમગ્ર વિકાસ અર્થતંત્ર, ખેતીવાડી તથા અન્ય વિકાસની ધરી બની શકે.

પોતાના પ્રયત્નો અને સાધનો વડે સ્વયં જનતા દ્વારા જેની સ્થાપના અને સંચાલનની પહેલ થાય, ભલેને તેને સુદઢ તથા ગતિશિલ બનાવવા ઉપરાંત સરકાર તથા કોર્પોરેટ સેક્ટર (સહકારી સંસ્થા)નો સહકાર લેવામાં આવે.

પ્રારંભિક તબક્કામાં અનેક ગામડાંઓની વચ્ચે એક એવી ગૌશાળાની સ્થાપનાની પહેલ કરવામાં આવે કે ગૌરક્ષાના સંદર્ભમાં વ્યવહારુ નિરાકરણ આપી શકે. આ જ પગલું આજની જટિલ પરિસ્થિતિમાંથી ઉગારવાવાળુ સૌથી મહત્ત્વનું પાસું છે. તેનાથી ગાયોનો ઉછેર તથા વંશવૃદ્ધિ આપોઆપ સરળતાથી ગતિ પકડવા લાગશે. તેને માટે સામૂહિક ગૌશાળાઓની સ્થાપના અને સંચાલન ઉત્તેજન આપવાનું કાર્ય કરશે.

❖ ગૌશાળાની સ્થાપના માટે કોણ શું સહયોગ કરી શકે.

- ગૌશાળાની સ્થાપનાની પહેલ માટે તથા ગ્રામ્ય જનતાની જનજાગૃતિ માટે એન.જી.ઓ. (બીન સરકારી સંસ્થાઓ) આગળ આવે.
- લોકોની સાથેસાથે ગૌશાળાની સ્થાપના, સુદઢીકરણના સહકાર માટે દેશના ભામાશાહો (ધનવાનો) સરકાર, વહીવટીતંત્ર આગળ આવે.
- ગૌપાલન આપણી આર્થિક નીતિનું અંગ બને અને ગૌચરોની સ્થાપના માટે વિચારણા તથા પહેલ શરૂ થાય, તેને માટે દેશના કાયદાના ઘડનારાઓ આગળ આવે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

➢ દેશના ઉદ્યોગપતિઓ ગ્રામોદ્યોગના ઉત્પાદન પેદાશ માટે વ્યવસ્થિત બજારતંત્ર ઊભું કરવા માટે આગળ આવે.

૨. ગાયનો ઉછેર

લોકોને ગાયના દૂધના ગુણો તથા તેની ઉપયોગિતા અંગે કોઈ જાણકારી ન હોવાના કારણે ગાય પાળવાની પ્રવૃત્તિ પાછળ રહી ગઈ તથા ભેંસ પાળવાની વૃત્તિમાં વધારો થયો. અગર જો જાણકારી વધે અને પ્રચાર પ્રસાર થાય તો જેઓ ગાય પાળવાની સ્થિતિમાં છે,તેઓ પાળવા લાગશે તથા જેઓ ભેંસ પાળી રહ્યાં છે, તેઓ ગાય પાળતા થઈ જશે. ભેંસના દૂધના બદલે, ગાયના દૂધની માંગ વધશે, તો એ બંનેને જ પ્રોત્સાહન મળશે. આ રીતે વ્યક્તિગત સ્તરે ગાય પાળવાની પ્રવૃત્તિને પ્રોત્સાહન મળશે અને ગૌવંશમાં વૃદ્ધિ થશે.

માત્ર એવી દેશી ઓલાદની ગાયોની ગૌશાળા તથા ડેરી ચલાવવાનું વિચારવામાં આવે, કે જે વધારેમાં વધારે દૂધ અને સારી જાતના વાછડાઓ આપવા માટે લાયક હોય. જેથી દૂધ તથા તેની બનાવટોની વધતી માંગને પૂરી કરવા માટે પ્રમાણિક કેન્દ્ર હોવાની સાથે સાથે ખેડૂતોને સારા વાછડાઓ મળી શકે.

❖ **ગાયનું છાણ-ગૌમૂત્રની ઉપયોગિતા**

ખેડૂતોને સમજાવવામાં આવે કે ખેતી અને ગાયનું પાલન પોષણ પરસ્પર એકબીજા સાથે સંબંધ ધરાવે છે અને એકના દ્વારા બીજાનું પોષણ થાય છે બંનેના લાભો એકઠા કરી એવી વ્યવસ્થા કરનાર નાનામાં નાનો ખેડૂત પણ નફામાં રહે છે. ખેડૂત વાછડાઓ વગર ખેતી કરવી, આવાગમન તથા વાહનવ્યવહારની સમસ્યા હલ નહીં કરી શકે. એટલા માટે ગાય પાળવી એ એના જીવનમરણનો પ્રશ્ન છે. માત્ર શ્રદ્ધા જ નહીં સાવધાનીપૂર્વક નાણાકીય વ્યવસ્થાને ધ્યાનમાં રાખતા ફરીથી રસપૂર્વક એને અપનાવવી જોઈએ અને તદનરૂપ જ પશુપાલન નવી નીતિ નક્કી કરવી જોઈએ.

ઘરે-ઘર ગોસેવા, ગૌપાલન, વ્યક્તિગત ગૌશાળાઓ તથા ડેરીઓ ઊભી કરવા માટે પ્રેરણા તથા પ્રોત્સાહન

૩. ઉછેર-વંશવૃદ્ધિ

ગાય તથા તેનું છાણ, ગૌમૂત્રના જે આરોગ્યવર્ધક અને દિવ્ય ગુણો બતાવવામાં આવ્યાં છે, તે માત્ર દેશી ઓલાદની ગાયો જ ધરાવે છે. ખેતી માટે દેશી ગાયનો બળદ જ ઉપયોગી હોય છે. વધારે દૂધના ઉત્પાદનના નામે સરકારી મદદ અને પ્રોત્સાહનથી તો માત્ર હાલ્સટીન, જર્સી, ફ્રીઝિયન વગેરે વિદેશી ઓલાદની ગાયોને જ ઉત્તેજન મળ્યું છે, કે જેના વાછડાઓ ખેતી માટે લાયક હોતા નથી

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

જ્યારે ભારતની ગીરની ઓલાદની ગાયો મેકિસકો, બ્રાઝિલ તથા ઇઝરાયેલમાં દરરોજનું ૮૦ લીટર દૂધ આપી રહી છે. ભારતીય ગાયોની વિદેશી ઓલાદ સાથે શંકરીકરણના કારણે ભારતીય ઓલાદનો મૂળ ગુણ સમાપ્ત થઈ ગયો છે અને અનેક સારી ઓલાદની ગાયો લગભગ લુપ્ત થઈ ગઈ છે. અર્થાત્ ભારતીય ઓલાદની ગાયોના સુધારની આવશ્યકતા છે. ભારતીય ગૌવંશનું સુદઢીકરણ તથા વંશવૃદ્ધિ માટે ઉપર મુજબની કાર્યવાહી હાથ ધરવી જોઈએ.

❖ ***ગોમૂત્રથી રોગ દૂર કરો***

ગૌમૂત્ર મનુષ્યજાતિ તથા વનસ્પતિ જગતને પ્રાપ્ત થતું અમૂલ્ય અનુદાન છે. આ ધર્મમાન્ય, પ્રાકૃતિક, સહજ પ્રાપ્ય, હાનિરહિત, કલ્યાણકારી અને આરોગ્યરક્ષક રસાયણ છે. તંદુરસ્ત વ્યક્તિના સ્વાસ્થ્યરક્ષણ તથા આંતરડાંઓના વિકારદૂર કરવા માટે આયુર્વેદમાં ગૌમૂત્રને દિવ્ય ઔષધિ માનવામાં આવી છે.આધુનિક દષ્ટિએ ગોમૂત્રમાં પોટેશિયમ, કેલ્શિયમ, મેગ્નેશિયમ ક્લોરાઈડ, યુરિયા, ફોસ્ફેટ, એમોનિયા, ક્રિએટિન વગેરે વિભિન્ન પોષક ક્ષારો હોય છે જેને કારણે એમાં ઔષધીય ગુણોનો ભંડાર છે. એટલું સુલભ અને સસ્તું હોવા છતાં પણ આપણે જાણકારીના અભાવે તેને દેવા માનતા જ નથી. પેટના રોગોમાં તો ગોમૂત્ર રામબાણ છે

❖ **દેશી ગાયના ગુણો તથા ઉપયોગિતાના સંબંધમાં જન જાગૃતિ :**

છાણ, ગૌમૂત્ર તથા દૂધ તેના ગુણોના દષ્ટિકોણથી ભારતની ખેતી માટે ઉપયોગી બળદો પૂરા પાડવાના દષ્ટિકોણથી. (Cross breeding upgrading) સંગે૪નભગૃતિ સુધાર કરવા માટે સફળ ઉપાય સૂચવવો તથા વ્યવસ્થા કરવી

(અ) દેશી ગાયનું અપગ્રેડિંગ

- દૂધ આપતી ગાય સારા બળદ માટે
- બળદ આપનારી ગાય સારું દૂધ આપવા માટે

(બ) બંને પ્રકારના સાંઢોની વ્યવસ્થા

ઉપર ઉલ્લેખ કરવામાં આવેલ સામૂહિક ગૌશાળાઓ દ્વારા જ ગ્રામ્ય વિસ્તારની જનતા માટે આ વ્યવસ્થા મફત કરવામાં આવશે.વ્યક્તિગત સ્તરે ચલાવવામાં આવતી ગૌશાળા તથા ડેરીઓ ધરાવતી વ્યક્તિઓએ પણ આ વ્યવસ્થા સ્થાનિક લોકોના લાભાર્થે તથા લોક સેવા રૂપે મફત અથવા સામાન્ય ફીના ધોરણે રાખવી જોઈએ.

(ક) દેશી ઓલાદની ગાયોના અપગ્રેડિંગ માટે પ્રોત્સાહન આપવું તથા સંશોધન સરકાર દ્વારા કરવું.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

❖ રોગોનું નિવારણ

વ્યાધિના વિનાશ અર્થે ગોમૂત્રનો નીચેના રોગોમાં ઉપયોગ વિશેષ ઉલ્લેખનીય છે.

૧. કબજિયાત, પેટ ફૂલવું, ખાટા ઓડકાર આવવા

ભારે ભોજન, વાસી ભોજન, વધુ મસાલાયુક્ત તળેલું ભોજન તથા વધુ પડતું ખાવાથી કબજિયાત, પેટ ફૂલી જવું, ખાટા ઓડકારો આવવા વગેરેની સમસ્યા પેદા થઈ જાય છે. ત્રણ તોલા સ્વચ્છ અને તાજું ગોમૂત્ર સ્વચ્છ કપડાંથી ગાળીને એમાં અર્ધો ગ્રામ સાદું મીઠું મિક્સ કરીને પીવું જોઈએ. થોડીવારમાં જ પેટ સાફ થઈ જશે. જો કોઈ બાળકનું પેટ ફૂલી જાય તો એક ચમચી સ્વચ્છ ગોમૂત્ર પીવડાવી દેવું, તરત જ આરામ થશે. જેમને પેટમાં વધુ ગેસ વધવાની તકલીફ હોય એમણે સવારે અડધા કપ ગોમૂત્રમાં સંચળ તથા લીંબુનો રસ મેળવીને પીવાથી ગેસ રોગથી થોડા દિવસોમાં જ છુટકારો મળી જાય છે. આ બીમારીમાં ગોમૂત્રને પકાવીને પ્રાપ્ત કરવામાં આવેલો ક્ષાર (ઉકાળ્યા બાદ તળિયામાં બચી જતો અવશેષ)ગુણકારી છે. ભોજનના પહેલા કોળિયામાં અડધી ચમચી ગોમૂત્ર ક્ષાર અને એક ચમચી ગાયનું ઘી મેળવીને ખાવાથી ગેસ થતો નથી.

2 જૂની શરદી, સળેખમ શ્વાસ, દમ, લોહીનું ઊંચું દબાણ

વિજાતીય તત્ત્વો પ્રત્યે **અસહિષ્ણુતાને** લીધે વારંવાર શરદી થાય છે. નાકનાં છિદ્રોમાં સ્થાયી સોજો થઈ જવાથી પીનસ બની **જાય** છે. નાકમાંથી પાણી વહેવું, વારંવાર છીંકો આવવી, નાક બંધ થઈ જવું, પછી વાળ ખરવા કે અકાળે સફેદ થવા વગેરે લક્ષણો પેદા થઈ **જાય** છે. આ અવસ્થામાં ગોમૂત્રનું મોઢા દ્વારા સેવન તથા **નસ્ય** લેવાથી ચમત્કારિક લાભ થાય છે. રોગીએ એક ચતુર્થાંશ કપ સ્વચ્છ, શુદ્ધ ગોમૂત્ર લઈને એમાં પા ચમચી ફૂલેલી ફટકડી મેળવીને સેવન કરવું જોઈએ. દમના રોગીએ નાની વાછરડીનું એક તોલો મૂત્ર નિયમિત પીવાથી લાભ થાય છે. લોહીના ઉચ્ચ દબાણના રોગીને ગોમૂત્ર ઘણું લાભદાયક હોય છે.

૩. અમ્લપિત્ત (એસિડિટી)

આ રોગના રોગીના મોઢામાં ખાટું પાણી ભરાઈ જવું, ખાટા ઓડકાર, પેટમાં બળતરા, પેટનું દર્દ, પેટમાં બળતરાને લીધે ઊલટી થવી તથા ભૂખ ન લાગવી વગેરે લક્ષણો છે. રોગી સવારે ઊઠતાં જ ગાયનું પહેલું મૂત્ર એક ગ્લાસ કે વાડકીમાં લઈને એક-બે ઘૂંટડાથી શરૂ કરે તથા ધીરે ધીરે ૧૦-૧૫ દિવસમાં પાંચ-છ ઘૂંટડા સુધી વધારી લે. શરૂઆતમાં ૨-૩ વાર શૌચ માટે જવાનું થઈ શકે છે જે ૧૦-૧૫ દિવસમાં આપોઆપ ઠીક થઈ જશે. બે માસ સુધી સેવન કરવાથી રોગ મૂળમાંથી ચાલ્યો જશે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

૪. લિવર અને બરોળ વધવી

હૃદયનું વધવું, લીવરનો સોજો તથા તિલ્લીના રોગોમાં ગોમૂત્ર સેવન અમોઘ ઔષધ છે. લિવર અને બરોળ વધવાથી પેટ વધી જાય છે. ભૂખ ઓછી થાય છે. અપચો, કબજિયાત, એસિડીટી, નબળાઈ વગેરે લક્ષણો દેખાવા લાગે છે. એમાં રોગીએ ગોમૂત્રનો નીચે આપેલો પ્રયોગ કરવો જોઈએ.

૧. પાંચ તોલા ગોમૂત્રમાં એક ચપટી મીઠું મેળવીને ૨. પુનર્નવાના કવાથમાં સમભાગે ગોમૂત્ર મેળવીને ૨. ગરમ ઈંટ પર ગોમૂત્રમાં કપડું ભીનું કરીને લપેટવું તથા પ્રભાવિત સ્નાન પર હળવો હળવો શેક કરવો.

૫. ડાયાબિટીસ

આજની પરિસ્થિતિઓમાં આરોગ ખૂબ જ સામાન્ય બની ગયો છે, જેમાં લોહી તથા પેશાબમાં સુગરની માત્રા વધી જાય છે. સુગરના રોગીનું લોહીનું દબાણ અસંતુલિત થઈ જાય છે. તથા બધા રોગો માટે સુગ્રાહ્યતા વધી જાય છે. વિભિન્ન દવાઓના સેવનથી લોહીમાં સુગરનું પ્રમાણ એટલું ઓછું થઈ જાય છે કે રોગીને ચક્કર આવવા તથા બેહોશીની સ્થિતિ આવતી હોય છે.

તાજું છાણ લઈ બન્નેને મિક્સ કરી સ્વચ્છ વસ્ત્રથી ગાળી લેવું. સવારે નિત્યકર્મથી નિવૃત્ત થઈ મંજન કર્યાં બાદ એનું નરણાં કોઠે સેવન કરવું. ચાર મહિનામાં પૂર્ણ આરામ મળી જાય છે.

૬. કમળો (પાંડુરોગ)

રોગીની ત્વચા તથા આંખની કીકીઓ પીળી પડી જાય છે. પેશાબ પણ પીળો આવે છે. ભૂખ ન લાગવી, કબજિયાત રહેવી, અજીર્ણ તથા નબળાઈ વગેરે લક્ષણો દેખાય છે. એ માટે ગોમૂત્ર ૨૦૦થી ૨૫૦ મિલિ (એક ગ્લાસ) પંદર દિવસ સુધી પીવું જોઈએ.

૭. જળોદર

જળોદર રોગમાં પેટમાં પાણી ભરાઈ જવાથી રોગીનું આખું શરીર ફૂલી જાય છે. ક્યારેક હલનચલન કરવામાં પણ તકલીફ થાય છે. મુશ્કેલીથી શ્વાસ લેવાય છે તથા ભોજન ગળવાનું મુશ્કેલ બની જાય છે. આ રોગમાં ગોમૂત્રનું સેવન હિતકારી છે. ૫૦-૫૦ ગ્રામ ગોમૂત્રમાં ૨-૨ ગ્રામ જવખાર મેળવીને પીતા રહેવાથી થોડા અઠવાડિયામાં પેટનું પાણી ઓછું થઈ જાય છે. જળોદરના રોગીએ ગાયનું દૂધ પણ પીવું જોઈએ.

૮ .જાડાપણું

જાડાપણું કે વધુ વજન શરીર માટે અતિ કષ્ટદાયક તથા ઘણા રોગોને આમંત્રિત કરતો વિકાર છે. સ્થૂળતાથી મુક્તિ મેળવવા માટે અડધા ગ્લાસ તાજા પાણીમાં ચાર ચમચી ગોમૂત્ર, બે ચમચી મધ

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

તથા એક ચમચી લીંબુનો રસ મેળવીને નિત્ય પીવું જોઈએ. એનાથી શરીરની વધારાની ચરબી ખતમ થઈ દેહસૌંદર્ય જળવાઈ રહે છે.

૯. પેટના કૃમિ

આ રોગ થાય ત્યારે અડધી ચમચી અજમાના ચૂર્ણ સાથે ચાર ચમચી ગોમૂત્રનું એક અઠવાડિયા સુધી સેવન કરવું જોઈએ. બાળકોને આના કરતાં અડધી માત્રા આપવી પર્યાપ્ત છે.

૧૦. ચર્મરોગ (દાદર, ખંજવાળ, ખૂજલી વગેરે)

ખંજવાળ, ખૂજલી, કુષ્ઠ વગેરે વિભિન્ન ચર્મ રોગોના નિવારણ માટે ગોમૂત્ર રામબાણ દવા છે. લીમડા અને ગળોના કવાથ સાથે બંને વખત ગોમૂત્રનું સેવન કરવાથી રક્તદોષજન્ય ચર્મરોગનો નાશ થઈ જાય છે. જીરું બારીક પીસીને ગોમૂત્ર સાથે ભેળવી લેપ કરવાથી કે ગોમૂત્રની માલિશ કરવાથી ચામડી સુવર્ણ તથા રોગ રહિત થઈ જાય છે.

૧૧. સાંધાનું દર્દ (સંધિવા) ગોમૂત્રથી રોગ દૂર કરો

સાંધાઓનું નવું કે જૂનું દર્દ ઘણું કષ્ટદાયક હોય છે. મહારાસ્નાદિકવાથ સાથે ગોમૂત્ર મેળવીને પીવાથી આ રોગ નષ્ટ થઈ જાય છે. શિયાળામાં સૂંઠના ૧-૧ ગ્રામ ચૂર્ણ સાથે પણ આનું સેવન કરી શકાય છે. દુ: ખાવાના સ્થાને ગરમ ગોમૂત્રનો શેક પણ કરવો જોઈએ.

૧૨. દાંતનો દુખાવો કે પાયોરિયા

દાંત અને દાઢના દુખાવામાં ઘણું સારું કામ આપે છે. જ્યારે દર્દ અસહ્ય થઈ જાય ત્યારે ગોમૂત્રના કોગળા કરવા. આનાથી ક્યારેક ઘણો ચમત્કારિક પ્રભાવ પડે છે. ગોમૂત્રના કોગળા નિયમિત રોજ કરવાથી પાયોરિયાનો નાશ થાય છે.

૧૩. આંખનું ધૂંધળાપણું, રતાંધળાપણું તથા નજરની કમજોરી :

આંખના રોગોમાં ગોમૂત્ર રામબાણ છે. એમા ટેકાળી વાછરડીનું મૂત્ર ભેગું કરીને તાંબાના વાસણમાં ગરમ કરવું. ચોથા ભાગનું રહે ત્યારે એને નિતારી પાણી અલગ કરી લેવું. નીચે જે ક્ષાર બચે છે તેને ફેંકી દેવા. ઉપરનું સ્વચ્છ પાણી કોઈ સ્વચ્છ કાચની બાટલીમાં ભરીલેવું, નિયમિત સેવન કરવું.

❖ ***શૈક્ષણિક ફલિતાર્થ***

- ગાયના દૂધનું એમિનો એસિડ પ્રોટીનને સુપાચ્ય બનાવે છે અને કિડનીને માટે ફાયદાકારક છે
- ગાયના દૂધમાં રહેલું વિટામિન બી-2 બી-3 રોગ પ્રતિકારક શક્તિ વધારે છે
- ગાયનુ દૂધથી બ્રેસ્ટ કેન્સર સ્કીન કેન્સર, ડાયાબિટીસ અને કોલેસ્ટ્રોલ સામે રક્ષણ આપે છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

- વિજ્ઞાનિકોએ સાબિત છે કે છાણ અણુકિરણો સામે રક્ષણ આપવાની ક્ષમતા-શક્તિ છે. દેશી ગાયનું છાણ ખાતર માટે શ્રેષ્ટ ગણવામાં આવે છે.
- છાણમાંથી આપણે ગેસ ઉત્પન્ન કરી મોંઘા ભાવના LPG સામે ખુબ જ સસ્તું અને અન્ય આવક પ્રદાન કરનાર સાબિત થઇ શકે છે.
- ગામડાંમાં ઘણાં લોકો છાણથી આંગળ લીપતાં જેનાથી ઘર શુધ્ધ અને કીટક મુક્ત રહેતું, ગાયના ગોબરના છાણા રસોઈના બળતર તરીકે પણ ખાસો ઉપયોગ થાય છે.
- દેશી ગાયના છાણાં સળગાવ્યા બાદ બનેલ રાખનો છોડ પર છંટકાવ કરવામાં આવે તો કેટલાક રોગ-જીવાત પર નિયંત્રણ મેળવી શકાય છે.
- દેશી ગાયના છાણાં માંથી કેટલીક આયુર્વેદિક દવાઓ પણ બનાવવામાં આવે છે. સરકારશ્રી પણ દેશી ગાયના પાલન માટે સહાય આપી રહી છે.
- ગૌ મૂત્રનું નિયમિત સેવન કરનાર વ્યક્તિ મેદસ્વિતાનો રોગ લાગતો નથી. એનાથી લોહીની ખામી પણ આવતી નથી.
- ગૌ મૂત્રનનું અર્ક સેવન કરનારા શરીરમાં કોઇ દિવસ કેન્સર જેવી બીમારીઓ થતી નથી.
- ઘણી બધી આર્યુર્વેદિક દવાઓનું નિર્માણ ગૌ મૂત્રથી જ કરવામાં આવે છે. એઈડ્સ ગ્રસ્ત રોગીઓ માટે ગૌ મૂત્રનો અર્ક રામબાણ સિદ્ધ હોય છે. તણાવના કારણે માથાના દુખાવા ગ્રસ્ત વ્યકિતઓ માટે પણ ગૌમૂત્ર લાભકારી સિદ્ધ થાય છે.
- જો વ્યક્તિ દરરોજ સાચી માત્રામાં ગૌ મૂત્ર પીવે છે તે એને હૃદયરોગ ડાયાબિટીસ, કેન્સર, ટીબી, એડ્સ, માઇગ્રેન કોઇ દિવસ થશે નહીં.

❖ ઉપસહાર

ઉપરોક્ત માહિતી અનુસાર ગાયના વિવિધ પ્રકારો જોવા મળ્યા છેગાયને પંચતત્વોનો વિશેષતાઓજોવા મળી. ગાય આર્થિકક્ષેત્રે, અધ્યાત્મક ક્ષેત્રે ગ્રામીણ ક્ષેત્રેજોવા મળી છે.

❖ સંદર્ભ સૂચિ

- ભગવત મહાવીર પશુ રક્ષા કેન્દ્ર (2003), ગૈસવધેન વિશ્વની સમગ્ર જીવસૃષ્ટિની જીવાદોરી: મુંબઈ.
- કૃષ્ણકૃપામૂર્તિ (2022), ભગવદ્ગીતા તેના મૂળરૂપે. મુંબઈ: ભક્તિવેદાંત બુક ટ્રસ્ટ.
- ધર્મપાલ (2005), ભારતમાં ગો હત્યાનું અંગ્રેજી મૂળ. અમદાવાદ: પુનરુત્થાન ટ્રસ્ટ.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

Dr. Dinesh R. Patel
Asst. Professor,
S. D. Shethiya College of Education
Mundra – Kachchh

શાળા – કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓ માટે ગૌ મહીમાં જાગૃતિ કાર્યક્રમની રચના

Creation of cow importance awareness program among students at school-college level

સારાંશ :

ગાય અને ગૌવંશ નષ્ટ થસે તો દેશ નો નાશ કોઈ પણ બચાવી નહીં શકે. આવી દુર્લભ સંસ્કૃતિની ધરોહર થી બાળકોને શાળા-મહાશાળા કક્ષાએ થી સભાનતા અને જાગૃતિ વિકસે એ ખૂબ જરૂરી છે. પ્રસ્તુત અભ્યાસનો હેતુઓ શાળા – મહાશાળા કક્ષાએ વિદ્યાર્થીઓમાં ગૌ મહીમાં જાગૃતિ લાવવા માટેના કાર્યક્રમની રચના કરવીનો હતો. પ્રસ્તુત અભ્યાસમાં ગૌ મહીમાં જાગૃતિ લાવવા માટેના ૧૦ – કાર્યક્રમો જ રજૂકરવામાં આવ્યા હતા. જેમાં. ૧. ગૌ તજજ્ઞ સાથે ચર્ચા ૨. ગૌ સંવર્ધન સંસ્થા મુલાકાત ૩. દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમો ૪. ગૌ સંવર્ધન જાગૃતિ રેલી ૫. ગૌ સંવર્ધન પ્રદર્શનીનું નિદર્શન ૬. ગૌ સેમિનારમાં ભાગીદારી ૭. ગૌ આધારિત ઉદ્યોગોની સમજ ૮. ગૌ ઉત્પાદનોના ઉપયોગની સમજ ૯. શાળા - કોલેજમાં યોજાતિ સ્પર્ધાઓમાં ગૌ મહિમાને પ્રાધાન્ય ૧૦. અભ્યાસક્રમ અને સંબંધિત પ્રવૃતિઓમાં ગૌ વિષયને પ્રાધાન્ય આપવાનો હતો.

પ્રસ્તુત કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં આ અંગેની સભાનતા વિકસાવવા વખતો વખત પ્રયત્નો કરવા જરૂરી છે. જેના ભાગરૂપે આધુનિક જીવન વપરાશની સામગ્રીમાં ગૌ આધારિત ખ્યાલોને લઇ વ્યાખ્યાન યોજવામાં આવે તેમજ ચર્ચા કરવામાં આવે. વિદ્યાર્થીઓ સાથે સંસ્થાની મુલાકાત ગોઠવવામાં આવે. શિક્ષણ કર્મિઓ ગૌ સંવર્ધનની સંસ્થા ઓ સાથે સહયોગી બનવામાં આવે.

વિદ્યાર્થીઓમાં ગૌ સંવર્ધન સંબંધિત બાબતોનું સાચું અને વાસ્તવિક જ્ઞાન વિકસે તેમજ સંવેદના જાગૃત થાય તે માટે ગૌ મહીમાં જાગૃતિ ડોક્યુમેન્ટ્રીનું નિદર્શન કરાવવામાં આવે. ગૌ મહીમાં જાગૃતિ સંબંધિત બાબતોના સૂત્રોચાર અને વેશભૂષા દ્વારા રજૂઆત કરવામાં આવે. શાળા-મહાશાળા કક્ષાએ તેમજ નજીકના વિસ્તારમાં યોજતાં ગૌ મહીમાં સેમિનારમાં વિદ્યાર્થીઓની ભાગીદારી વધે. ગાયને પાળવા અને તેની સેવા અંગે લોકોનો આજનો દ્રષ્ટિકોણ બદલાય જે ગ્રામોદ્યોગનું કેન્દ્ર બની શકે. જે ગામનો સમગ્ર વિકાસ અર્થતંત્ર, ખેતીવાડી તથા અન્ય વિકાસની ધરી બની શકે. ગૌમૂત્ર

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

મનુષ્યજાતિ તથા વનસ્પતિ જગતને પ્રાપ્ત થતું અમૂલ્ય અનુદાન છે. ગૌમૂત્રને દિવ્ય ઔષધિ માનવામાં આવે. સર્જનાત્મક પ્રવૃત્તિઓના ભાગરૂપે હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ પાસે ભીંતપત્રો, ચિત્ર, રંગોળી, નિબંધ લેખન, વકતૃત્વ વગેરે સ્પર્ધાઓ યોજવામાં આવે.

ચાવીરૂપ શબ્દો : ગૌ મહીમાં જાગૃતિ કાર્યક્રમ

પ્રસ્તાવના :

ભારતીય સંસ્કૃતિમાં પ્રાણીઓનું ખૂબ મહત્વ રહ્યું છે. પ્રાણીઓને ભગવાન (ઈશ્વર)ના વાહન તરીકે પૂજવામાં આવે છે. ગાયનો અપાર મહિમા અને તેના દૈવી ગુણોથી હિન્દુ સાસ્ત્રોના પૃષ્ઠો ભરેલા છે પુરાણોમાં ગાયનો પરાભવ અને તેની શ્રેષ્ઠતાની એવી અગણિત કથાઓ મળે છે. ગાયની ઉત્પતિ સમુદ્રમંથન વખતે ચૌદ રત્નો સાથે જ થઈ હતી સુરભિથી સોનેરી રંગની કપિલા ગાય પેદા થઈ જેના દૂધમાંથી સાગર બન્યો તથા અન્ય વેદોમાં પણ ગાય માટેના સેકડો મંત્રો આપેલા છે ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને પણ કહુ છે. ગાયોમાં જેને કામધેનું કહે છે તે હું છું ગાયના શરીરમાં બધા દેવતાઓ નિવાસ કરે છે શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે ધનની દેવી લક્ષ્મી પહેલા ગાયના રૂપમાં આવ્યા અને એમના છાણમાંથી બિલીના વૃક્ષની ઉત્પતિ થઈ. ગાયનું મહત્વ એટલું માનવામાં આવ્યું છે કે એના શરીરમાં તેત્રીસ કરોડ દેવતાઓના વાસ છે અને તેની ઉત્પતિ ચૌદ રત્નો અંતર્ગત થઈ છે. ભારતના મહાપુરુષોએ ગાય વિષે વિચારો રજૂ કર્યા છે જેમકે.

"જો ગાય અને ગૌવંશ નષ્ટ થસે તો દેશ નો નાશ કોઈ પણ બચાવી નહીં શકે."

-મહર્ષિ દયાનંદ

"ભારતમાં ગોપાલન સનાતન ધર્મ છે."

-ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

આવી દુર્લભ સંસ્કૃતિની ધરોહર થી બાળકોને શાળા-મહાશાળા કક્ષાએ થી સભાનતા અને જાગૃતિ વિકસે એ ખૂબ જરૂરી છે.

હેતુઓ

૧. શાળા – મહાશાળા કક્ષાએ વિદ્યાર્થીઓમાં ગૌ મહીમાં જાગૃતિની જરૂરિયાત જાણવી.

૨. શાળા – મહાશાળા કક્ષાએ વિદ્યાર્થીઓમાં ગૌ મહીમાં જાગૃતિ લાવવા માટેના કાર્યક્રમની રચના કરવી.

સંશોધનના અભ્યાસ પ્રશ્નો

૧. શાળા – મહાશાળા કક્ષાએ વિદ્યાર્થીઓમાં ગૌ મહીમાં જાગૃતિ અંગે કેવી જરૂરિયાત હશે ?

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

૨. શાળા – મહાશાળા કક્ષાએ વિદ્યાર્થીઓમાં ગૌ મહીમાં જાગૃતિ લાવવા માટેનો કાર્યક્રમ કેવો હશે ?

સંશોધનનું સીમાંકન :

૧. પ્રસ્તુત સંશોધનમાં શાળા કક્ષાએ ધોરણ – ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓને જ ધ્યાને રાખવામા આવ્યા છે.

૨. પ્રસ્તુત સંશોધનમાં સ્નાતક કક્ષાની મહાશાળાઓના વિદ્યાર્થીઓને જ ધ્યાને રાખવામા આવ્યા છે.

૩. પ્રસ્તુત સંશોધનમાં ગૌ મહીમાં જાગૃતિ લાવવા માટેના ૧૦ – કાર્યક્રમો જ રજૂકરવામાં આવ્યા હતા.

૪. પ્રસ્તુત સંશોધનમાં ગૌ મહીમાં જાગૃતિ લાવવા માટેના કાર્યક્રની રચના જ કરવામાં આવશે.

ગૌ મહીમાં જાગૃતિ લાવવા માટેના કાર્યક્રમો

૧. ગૌ તજજ્ઞ સાથે ચર્ચા

૨. ગૌ સંવર્ધન સંસ્થા મુલાકાત

૩. દશ્ય-શ્રાવ્ય કાર્યક્રમો

૪. ગૌ સંવર્ધન જાગૃતિ રેલી

૫. ગૌ સંવર્ધન પ્રદર્શનીનું નિદર્શન

૬. ગૌ સેમિનારમાં ભાગીદારી

૭. ગૌ આધારિત ઉદ્યોગોની સમજ

૮. ગૌ ઉત્પાદનોના ઉપયોગની સમજ

૯. શાળા - કોલેજમાં યોજાતિ સ્પર્ધાઓમાં ગૌ મહિમાને પ્રાધાન્ય

૧૦. અભ્યાસક્રમ અને સંબંધિત પ્રવૃતિઓમાં ગૌ વિષયને પ્રાધાન્ય

૧. ગૌ તજજ્ઞ સાથે ચર્ચા

પ્રવર્તમાન સમયમાં માનવ જીવન તેની પ્રાકૃત અવસ્થાથી ખૂબ કટાઈ ગયુ છે. માનવ જીવનની રોજિંદી વપરાશ સામગ્રીમાં ઘણી બધી વસ્તુઓ એવી પ્રવેશી ચુકી છે જે વ્યક્તિની અનિવાર્ય આવશ્યકતાઓ બની ગઇ છે. માર્કેટીંગના પ્રભાવમાં વ્યકિત તેનાં ઉત્પાદનમાં જોખમાતા પર્યાવરણ સંદર્ભોનું ભાન ભૂલી જાય છે.

પ્રસ્તુત કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં આ અંગેની સભાનતા વિકસાવવા વખતો વખત પ્રયત્નો કરવા જરૂરી છે. જેના ભાગરૂપે આધુનિક જીવન વપરાશની સામગ્રીમાં ગૌ આધારિત ખ્યાલોને લઇ વ્યાખ્યાન યોજવામાં આવે તેમજ ચર્ચા કરવામાં આવે એવો ઉપક્રમ વિચારેલ છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

૨. ગૌ સંવર્ધન સંસ્થા મુલાકાત

માનવ જીવનનો આધાર પ્રકૃતિ છે. પોતાની આસપાસના અન્ય સજીવોનું રક્ષણ એ આપણી ફરજ છે. શિક્ષણના માધ્યમથી સમાજમાં આ વિચારો પહોચાડવાની જરૂર છે. મુંદરા (પ્રાગપર રોડ) ખાતે આવેલ "અહિંસાધામ" એ ગૌ સંરક્ષણ સંસ્થા તરીકે ગુજરાતનું નામ ભારત ભરમાં રોશન કરે છે. જે એશિયાની સૌથી મોટી પશુહોસ્પિટલ ધરાવે છે. જેમાં પશુઓ માટેની I.C.U.વ્યવસ્થા વિનામૂલ્યે પૂરી પાડે છે. આજુ-બાજુના વિસ્તારના અનેક પશુઓને સારવાર અને પાલન પોષણ કરે છે.

લોકોમાં જીવદયા અને ગૌ જાગૃતિના પ્રયત્નો કરે છે. વિદ્યાર્થીઓ સાથે સંસ્થાની મુલાકાત ગોઠવવામાં આવે છે. શિક્ષણ કર્મિઓ ગૌ સંવર્ધનની સંસ્થા ઓ સાથે સહયોગી બનવામાં આવે.

૩. દશ્ય-શ્રાવ્ય કાર્યક્રમો

વિદ્યાર્થીઓમાં ગૌ સંવર્ધન સંબંધિત બાબતોનું સાચું અને વાસ્તવિક જ્ઞાન વિકસે તેમજ સંવેદના જાગૃત થાય તે માટે ગૌ મહીમાં જાગૃતિ ડોક્યુમેન્ટ્રીનું નિદર્શન કરાવવામાં આવે. જેમાં ગૌ મહીમાં, પાલન-પોષણની વ્યવસ્થા, દૂધ, છાણ, ગૌમૂત્ર, ચામડા, હાડકાં વગેરેનો વિભિન્ન ઉપયોગ કરી તથા પેદાશોના આધારે ગૌવંશની ઉપયોગિતા સાબિત કરી શકે, જેથી ગાયને પાળવા અને તેની સેવા અંગે લોકોનો આજનો દ્રષ્ટિકોણ બદલાય જે ગ્રામોદ્યોગનું કેન્દ્ર બની શકે. ગામનો સમગ્ર વિકાસ અર્થતંત્ર, ખેતીવાડી તથા અન્ય વિકાસની ધરી બની શકે. જેવા વિષયવસ્તુની વાસ્તવિક ફોટોગ્રાફસ અને હકીકતો દર્શાવવામાં આવે.

વિવિધ ભાગમાં તૈયાર કરવામાં આવેલ દ્રશ્ય-વાવ્ય કાર્યક્રમોનુ ક્રમિક નિદર્શન કરાવી ચર્ચા કરવામાં આવે. કાર્યક્રમમાં દર્શાવવામાં આવતી દ્રશ્ય-શ્રાવ્ય સામગ્રી ઉત્કૃષ્ટ રીતે નિર્માણ કરવામાં આવે.

૪. ગૌ સંવર્ધન જાગૃતિ રેલી

વિદ્યાર્થી પોતે ગૌ મહીમાં જાગૃતિ સંબંધિત જ્ઞાન મેળવે એટલું પૂરતુ નથી પરંતુ તેનો સમાજમાં ફેલાવો કરે તે જરૂરી છે. શિક્ષણની સંસ્થા દ્વારા ગૌ મહીમાં જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવે. રેલી મુખ્ય માર્ગો પરથી વિદ્યાર્થીઓ દ્વારા સૂત્રો ચાર સાથે કાઢવામાં આવે. જેમાં ગૌ મહીમાં જાગૃતિ સંબંધિત બાબતોના સૂત્રોચાર અને વેશભૂષા દ્વારા રજૂઆત કરવામાં આવે.

૫. ગૌ સંવર્ધન પ્રદર્શનીનું નિદર્શન

ગૌ મહીમાં જાગૃતિ સંબંધિત વિષય વસ્તુને લઈ શાળા-મહાશાળા કક્ષાએ ગૌ સંવર્ધન પ્રદર્શનીનું નિદર્શનનું આયોજન કરવામાં આવે. શિક્ષણ દરમિયાન શીખવામાં આવતાં વિષયોમાં આવતાં ગૌ મહીમાંના વિષય વસ્તુને આવરીને તૌયર કરવામાં આવે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

૬. ગૌ સેમિનારમાં ભાગીદારી

વિદ્યાર્થીઓમાં ગૌ મહીમાં અને ભારતીય સંસ્કૃતિની જાળવણી અને માનવજીવનમાં મહત્ત્વ સમજાય એ જરૂરી છે. શાળા-મહાશાળા કક્ષાએ તેમજ નજીકના વિસ્તારમાં યોજતાં ગૌ મહીમાં સેમિનારમાં વિદ્યાર્થીઓની ભાગીદારી વધારવી.

૭. ગૌ આધારિત ઉદ્યોગોની સમજ

ગ્રામીણ ક્ષેત્ર માટે વૈકલ્પિક સ્ત્રોત - છાણ અને બળદ ડીઝલ અને કીટનાશકોના ઉપયોગથી થતા પ્રદૂષણથી પણ બચી શકાય છે અને ખેતીને પણ ટકાઉ આધાર આપી શકાય છે. ભારતીય સંસ્કૃતિમાં ગાયએ પરિવારનો મહત્વનો અંગ ભારતીય સંસ્કૃતિમાં ગાય ફક્ત ઉપયોગી વસ્તુના રૂપે જ નથી રહી. એ ખરી વાત છે કે બધી રીતે ઉપયોગી હોવાને કારણે મનુષ્યે તેને પોતાની પાસે રાખી છે. દૂધનો વ્યાપાર ન કરતાં, છાણ, ગૌમૂત્ર, અહિંસક, ચામડા, હાડકાં વગેરેનો વિભિન્ન ઉપયોગ કરી તથા પેદાશોના આધારે ગૌવંશની ઉપયોગિતા સાબિત કરી શકે, જેથી ગાયને પાળવા અને તેની સેવા અંગે લોકોનો આજનો દ્રષ્ટિકોણ બદલાય જે ગ્રામોદ્યોગનું કેન્દ્ર બની શકે. જે ગામનો સમગ્ર વિકાસ અર્થતંત્ર, ખેતીવાડી તથા અન્ય વિકાસની ધરી બની શકે.

૮. ગૌ ઉત્પાદનોના ઉપયોગની સમજ

છાણમાં ક્ષમતા ગાયના છાણમાં એવી ક્ષમતા છે કે જો કચરાના ઢગલા પર ગાયના છાણનું મિશ્રણ બનાવી નાખી દેવામાં આવે તો એ કચરો ત્રણ-ચાર માસમાં ઉપયોગી ખાતર બની જાય છે. ગોવર્ધન કેન્દ્ર પુસદ (યવતમાળ)માં તેનો સફળ પ્રયોગ કરવાથી જાણવા મળ્યું કે એક કિલો ગાયના છાણથી ત્રીસ કિલો (૧:૩૦નો ગુણોત્તરમાં) ઉપયોગી ખાતર તૈયાર થઈ શકે છે. અન્ય સ્થળોએ પણ તેના સફળ પ્રયોગો કરવામાં આવી રહ્યા છે.

આજે ભારતના લોકોના મગજમાં દૂધની ક્વોલીટી જાણવા માટે તેમાં ચિકાશનું પ્રમાણ કેટલું છે. એના ઉપરથી આંકવાની એક મોટી ભ્રાંતિ ઘર કરી ગઈ છે અને આ ભૂલામણીમાં ફસાઈને ગાયના બદલામાં ભેંસ પાળવાની પ્રથાનો આરંભ થઈ ગયો છે. એટલે સુધી કે ગાયનું દૂધ નિમ્ન કોટિનું સમજી સસ્તું વેચાય છે અને મળે પણ છે. આ ભ્રમણાના પરિણામ સ્વરૂપે ભેંસના પાલનને પોષણ અને પ્રોત્સાહન મળતાં ભારતની આર્થિક સ્થિતિ અને લોકોના આરોગ્ય ઉપર પ્રતિકૂળ અસર થઈ છે. એનાથી વિપરીત સમગ્ર જગતના ઉન્નત અને પ્રગતિશીલ કહેવાતા દેશો પૈકી અમેરિકા, રશિયા, ડેનમાર્ક અને સ્વિટઝરલેંડ આ બધા ગાયનું સમુચિત પાલન પોષણ કરે છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ગૌમૂત્ર મનુષ્યજાતિ તથા વનસ્પતિ જગતને પ્રાપ્ત થતું અમૂલ્ય અનુદાન છે. આ ધર્મમાન્ય, પ્રાકૃતિક, સહજ પ્રાપ્ય, હાનિરહિત, કલ્યાણકારી અને આરોગ્યરક્ષક રસાયણ છે. તંદુરસ્ત વ્યક્તિના સ્વાસ્થ્યરક્ષણ તથા આંતરડાંઓના વિકારદૂર કરવા માટે આયુર્વેદમાં ગૌમૂત્રને દિવ્ય ઔષધિ માનવામાં આવી છે. આધુનિક દૃષ્ટિએ ગોમૂત્રમાં પોટેશિયમ, કેલ્શિયમ, મેગ્નેશિયમ ક્લોરાઈડ, યુરિયા, ફોસ્ફેટ, એમોનિયા, ક્રિએટિન વગેરે વિભિન્ન પોષક ક્ષારો હોય છે જેને કારણે એમાં ઔષધીય ગુણોનો ભંડાર છે.

૯. શાળા - કોલેજમાં યોજાતિ સ્પર્ધાઓમાં ગૌ મહિમાને પ્રાધાન્ય

શિક્ષણ સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ માટે વર્ષ દરમિયાન વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે જેમાં ગૌ મહીમાં અને ભારતીય સંસ્કૃતિની જાળવણી સબંધિત વિષયવસ્તુને પ્રાધાન્ય આપવામાં આવે. સર્જનાત્મક પ્રવૃત્તિઓના ભાગરૂપે હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ પાસે ભીંતપત્રો, ચિત્ર, રંગોળી, નિબંધ લેખન, વકતૃત્વ વગેરે સ્પર્ધાઓ યોજવી.

૧૦. અભ્યાસક્રમ અને સંબંધિત પ્રવૃતિઓમાં ગૌ વિષયને પ્રાધાન્ય

શાળા-મહાશાળા કક્ષાએ યોજાતી અભ્યાસિક અને સહભ્યસિક પ્રવૃતિઓ માં ગૌ મહીમાં અને ભારતીય સંસ્કૃતિની જાળવણીને પ્રાધાન્ય આપવું. શાળા, શિક્ષક અને વિદ્યાર્થી સાથે મળી શિક્ષણ દ્વારા સમાજમાં ગૌ મહીમાં અને ભારતીય સંસ્કૃતિની જાળવણી માટે સાથે મળી પ્રયત્નો કરશે.

અભ્યાસના ફલિતર્થો :

૧. શાળા-મહાશાળા કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થી અને અભ્યાસ કરાવતાં શિક્ષકોમાં ગૌ મહીમાં અને ભારતીય સંસ્કૃતિની જાળવણી સંબંધિત કાર્યક્રમ દ્વારા જાગૃતિ વિકસાવવી.

૨. ગૌ તજજ્ઞ સાથે ચર્ચાનું આયોજન કરી વિદ્યાર્થીઓને વાસ્તવિક અનુભવોથી પરિચિત કરવાં.

૩. ગૌ સંવર્ધન સંસ્થા મુલાકાતનું આયોજન કરી વિદ્યાર્થીઓને વાસ્તવિક અનુભવો પૂરા પાડવામાં આવશે.

૪. વિવિધ દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમોનું નિર્માણ અને અમલીકરણ કરી વિદ્યાર્થીઓમાં ગૌ મહીમાં અને ભારતીય સંસ્કૃતિની જાળવણી સંબંધિત સચોટ માહિતી પૂરી પાડવામાં આવશે.

૫. શાળા-મહાશાળા કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થી અને અભ્યાસ કરાવતાં શિક્ષકોમાં ગૌ મહીમાં અને ભારતીય સંસ્કૃતિની જાળવણી સંબંધિત કાર્યક્રમ દ્વારા જાગૃતિ વિકસાવવા રેલીનું આયોજન કરશે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

૬. ગૌ સંવર્ધન પ્રદર્શનીનું નિદર્શનની દ્વારા સફળ ગાથાઓ થી પરિચિત કરવામાં આવશે.

૭. શાળા-મહાશાળા કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થી અને અભ્યાસ કરાવતાં શિક્ષકોમાં ગૌ મહીમાં અને ભારતીય સંસ્કૃતિની જાળવણી સંબંધિત જાગૃતિ લાવવા સેમિનાર યોજાશે.

૮. વિદ્યાર્થીઓને ગૌ આધારિત ઉદ્યોગોની સમજ આપવામાં આવશે.

૯. ગૌ ઉત્પાદનોના ઉપયોગની સમજ આપી પોતાના અને પોતાના પરિવાર દ્વારા ગૌ ઉત્પાદનોના ઉપયોગના સંસ્કાર મળશે.

૧૦. શાળા-મહાશાળા કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થી અને અભ્યાસ કરાવતાં શિક્ષકોમાં ગૌ મહીમાં અને ભારતીય સંસ્કૃતિની જાળવણી માટે સ્પર્ધાઓમાં ગૌ મહિમાને પ્રાધાન્યનું આયોજન કરશે.

સંદર્ભ સૂચિ :

ઉચાટ, ડી. એ. (૨૦૦૯). ***શિક્ષણ અને સમાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પતિશાસ્ત્ર.*** રાજકોટ: સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

દેસાઇ, મગનભાઇ (૧૯૫૪) 'વિનીત જોડણીકોશ' અમદાવાદ : ગૂજરાત વિધ્યાપીઠ.

પટેલ, ડી.આર.(૨૦૨૦). સંશોધન પત્રનું લેખન મુન્દ્રા: સહજ પ્રકાશન

પટેલ, વાય એમ (૨૦૧૭) "માહી મિત્ર" રાજકોટ: માહી મિલ્ક મિલ્ક પ્રોડ્યુસર કંપની

સોલંકી, યુ.જે.(૨૦૨૧) -પશુપાલન અને ડેરીવિજ્ઞાન- ધોરણ 9 ગાંધીનગર: ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

Gujarat Livestock Development Board, Gandhinagar: Gujarat board.

https://gu.vikaspedia.in/agriculture.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

Rathod Dhruvi Mahendrabhai

Gunsai Chandani Sureshgar

S D Shethiya college of Education, Mundra

ગાય આધારિત લઘુ ઉદ્યોગો અને સ્વાવલંબન

Cow based small scale industries and self-reliance

❖ **સારાંશ:**

ભારત એક ખેતીપ્રધાન દેશ છે. પશુપાલન એ ખેતી સાથે જોડાયેલો વ્યવસાય છે. પ્રાચીન સમયથી કરીને વર્તમાન સમય સુધીમાં પશુપાલન સાથે જોડાયેલા વ્યવસાયોમાં સતત વધારો થતો જોવા મળે છે. પશુઓમાં ગાય એવું પ્રાણી છે કે જેનું દૂધ જ નહીં પરંતુ તમામ વસ્તુઓ માનવજીવન માટે વ્યવસાય નું સાધન બની શકે છે. પાલતુ પ્રાણીમાં ગાયને શ્રેષ્ઠ પ્રાણી તરીકે માનવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિમાં ગાયને માતાનો દરજ્જો આપવામાં આવ્યો છે. પશુપાલકો દૂધના વેપાર સાથે બીજા પણ અનેક ગાય આધારિત વ્યવસાયોસ્થાપીનેરોજગારીની તકોમાંવધારોકરીશકે અનેદેશનોઆર્થિકવિકાસ કરીશકેછે. પશુપાલનસાથેજોડાયેલઅશિક્ષિતસ્ત્રીઓઆત્મનિર્ભરબનીશકે છે. ગામડાઓમાં છાણથીબનેલા છાણા પણ શક્તિનો એક ઘણું મોટું સાધન છે. અનાજ રાંધવા, આયુર્વેદિક ઔષધીઓ તૈયાર કરવા, બાળકોને શેક કરવા પૂજા, યજ્ઞ તથા અગ્નિસંસ્કારમાં મોટા પ્રમાણમાં છાણાનો ઉપયોગ થાય છે.ગોબરગેસના પ્લાન્ટ દ્વારા જનરેટર દ્વારા વીજળી પેદા કરી શકાય આ રીતે ગેસ દ્વારા જનરેટરમાં 20% ડીઝલનો ઉપયોગ થાય છે જેઓછા પ્રમાણમાં પ્રદુષણકારી છે ગાય આધારિત લઘુ ઉદ્યોગો દ્વારા દેશની આર્થિક સમૃદ્ધિમાં યોગદાન નોંધાવી શકાય છે અને ગ્રામીણ ઉદ્યોગોનો વિકાસ કરી શકાય છે.

ભારતના અનેક રાજ્યોમાં છાણમાંથી અનેક પ્રકારની વસ્તુઓનું નિર્માણ કરવામાં આવે છે જેનાથી ગ્રામીણ લોકો રોજગારી મેળવી શકે છે અને કોઈ પણ પ્રકારના કેમિકલ વગરની વસ્તુઓનું નિર્માણ કરી શકાય છે જેના દ્વારા પ્રદૂષણ ફેલાતું અટકાવી શકાય છે જેમકે છાણમાંથી બનતી ચંપલ , ગૌધૂપ,છાણમાંથી બનતી મૂર્તિઓ , સૌંદર્ય સંસાધનો, હેન્ડીક્રાફ્ટવગેરે વસ્તુઓનું નિર્માણ કરી અને ઉપયોગમાં લેવામાં આવે છે જેનાથી પ્રદૂષણ ફેલાવતીવસ્તુઓનો ઉપયોગ ઘટાડી શકાય છે અને અને ગાય આધારિત ચીજ વસ્તુઓનો ઉત્પાદન વધારી ઉપયોગમાં લઈ શકાય છે. અને પ્લાસ્ટિક નો ઉપયોગ ઘટાડી શકાય છે.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

❖ **ચાવીરૂપશબ્દો:-**

- કુટીર ઉદ્યોગ
- સ્વાવલંબન

❖ **પ્રસ્તાવના:**

દરેક દેશની સંસ્કૃતિમાં વિવિધતા જોવા મળે છે. ભારત એ વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે.પ્રાચીન સમયથી જ ભારત દેશમાં ગાય,ગંગા, ગીતા, ગાયત્રી અને ગુરુ સંસ્કૃતિનું પ્રતિક રહ્યા છે. આપણા પ્રાચીન ગ્રંથો ગાયની મહિમાથી ભરેલા પડ્યા છે. ગાય માતા આપણી સર્વો પરી શ્રદ્ધાનું કેન્દ્રઅને ભારતીય સંસ્કૃતિનો આધાર સ્તંભ છે. ભારતીય ધર્મગ્રંથો અનુસાર ગાયના શરીરમાં 33દેવતા. નિવાસકરે છે.જેમાં, 12 આદિત્ય, 8 વસુ 11 રુદ્ર બે અશ્વિનીનો સમાવેશ થાય છે. ગાયનીપીઠમાં બ્રહ્મા, ગળામાં વિષ્ણુ, મુખમાં રુદ્ર વગેરે દેવતાનો વાસ છે.

" सर्वे देवाः स्थिता देहे सर्वदेवमयी हि गौः।
पृष्ठे ब्रह्मा गले विष्णु मुखे रुद्रः प्रतिष्ठितः।।"

સમગ્ર તેત્રીસકોટી દેવી-દેવતાઓનું જો પંચોપચારેપૂજન કરવું હોય તો માત્ર એક ગાય માતાના પૂજનથી અને સેવા કરવાથી તમામ દેવ-દેવીઓની એક સાથે પૂજા થઈ જાય છે અર્થાત પ્રાર્થના અને શ્રેય અથવા સમૃદ્ધિ અને કલ્યાણ આ બંનેની પ્રાપ્તિ માટે "ગૌ સેવા" થી વધીને કોઈ બીજું શ્રેષ્ઠ સાધન નથી.ગાય વિશ્વની માતા છે. "गावो विश्वस्य मातरः" ગાય આપણા ધર્મ અને મોક્ષનો આધાર છે. ગાય આપણી આર્થિક સમૃદ્ધિનું મુખ્ય સ્ત્રોત છે. ભારત એ ખેતીપ્રધાન દેશ છે. ભારતની અર્થવ્યવસ્થા એક ખેતી પર આધારિત છે.

અથર્વવેદમાં ગાયને રુદ્રોની માતા,વસુઓનીપુત્રી, આદિત્યની બહેન અને અમૃતની નાભિની ઉપમાથી અલંકૃત કરવામાં આવી છે.

"माता रुद्राणां दहिता वसूनां
स्वसाऽऽदित्यानाममृतस्ये नाभिः।।"
"गोस्तु मात्रा न विद्यते "

ઋગ્વેદમાં એવું કહેવામાં આવ્યું છે કે "ગાયથી થનારા લાભની કોઈ ગણના જ થઈ શકે તેમ નથી" જીવનમાં બધા જ સ્થળોમાં ગાયનું સ્થાન સર્વશ્રેષ્ઠ મનાયું છે. જે શ્રુતિ, સ્મૃતિ,પુરાણ,આયુર્વેદ વગેરેમાં તથા આધુનિક સાહિત્યના લખાણમાં જણાવ્યું છે. ગાયની ઉપસ્થિતિમાં પર્યાવરણ માટે એક મહત્વપૂર્ણ યોગદાન છે. પ્રાચીન ગ્રંથ જણાવે છે કે ગાયની પીઠ ઉપરના સૂર્યકેતુ સ્નાયુ હાનિકારક વિકિરણને રોકીને વાતાવરણને સ્વચ્છ બનાવે છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

❖ **હેતુઓ:**

- ગાય આધારિત લઘુ ઉદ્યોગોનો અભ્યાસ કરવો.
- ગાય આધારિત લઘુ ઉદ્યોગોનાસ્વાવલંબનની તકો તપાસવી.

❖ **ચાવીરૂપશબ્દો સમજ:**

❖ **કુટિર ઉદ્યોગ:** મહદઅંશે કુટુંબનાજ સભ્યો દ્વારા ઓછામાં ઓછા મૂડીરોકાણ થી સ્થપાયેલ ઉદ્યોગ.

- **સ્વાવલંબન:** દેશની જનતાની મોટાભાગની જરૂરિયાતોઆંતરિક ઉત્પાદન દ્વારા જ પૂરી કરવાની વ્યુહરચના.

❖ **શબ્દોની સૈદ્ધાંતિક સમજ:-**

- **મેદસ્વિતા:**મેદનું હોવાપણું (2) વધુ પડતી ચરબી હોવાનો વિકાર
- **સંજીવની:**મરેલાંને પુનર્જીવન આપનારી (ઔષધિ કે વિદ્યા)
- **અમૃત:**મૃત મરેલું નહિ તેવું. (૨) અવિનાશી, અમર. (૩) અમર કરે છે એવુંમાનવામાં આવતો એક દૈવી રસ, અમી, સુધા, પિયુષ.

❖ **પ્રશ્નો:-**

1. ગાય આધારિત લઘુ ઉદ્યોગો ક્યા ક્યા હશે?
2. ગાયઆધારિત લઘુ ઉદ્યોગોથીસ્વાવલંબનનીતકોકેવીહશે ?

ગાય આધારિત લઘુઉદ્યોગો અને સ્વાવલંબન

❖ **બાયોગેસ:**

સામાન્ય રીતે બાયો એ અંગ્રેજી શબ્દનો અર્થ એટલે કે જૈવિક પદાર્થ જેવો કે ઝાડના ડાળ ,ફળ,ફૂલ, પાંદડા, બીજઅનેઆમાંથી માનવ અને પશુના આહાર દ્વારા ઉત્પન્ન થતા કચરાનો પણ સમાવેશ બાયોપદાર્થમાં થાય છે. આવા બાયોપદાર્થોના જથ્થાને બાયોમાસ કહેવાય છે. બાયોમાસમાંથી જે ગેસ પેદા થાય તેને બાયોગેસ કહીએ છીએ અને પશુના છાણમાંથી જે ગેસ પેદા થાય તેને ગોબરગેસ કહેવાય છે.

આમ,બાયોગેસને ગોબરગેસ, કિચન વેસ્ટ ગેસવગેરે નામથી ઓળખીએ છીએ. સામાન્ય રીતે ભારતમાં વિપુલ પ્રમાણમાં પશુ ઉપલબ્ધ છે જેના પરિણામે તેનું છાણ પણ મોટા જથ્થામાં મળી રહે છે. આમ આ બાયોમાસને જો ગેસ બનાવવા માટે વાપરીએતો ગામડામાં છાણ ને ઉકરડામાં લોકો નાખે છે. તેનાથી ફેલાતી ગંદકીથી આપણે બચી શકીએ.ઉકરડામાં નાખવાનોઆશય ફક્ત ખાતર

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

બનાવવાનો છે. પરંતુ વાસ્તવિક રીતે એમાંથી સારુ ખાતર આપણે બનાવી શકતા નથી અને વર્ષ પછી એ ખાતર ખેતરમાં નાખવાથી નિંદામણ તેમજ જીવાતો પેદા થાય છે. બીજી બાજુ ખાતર બનાવવાથી ગામડામાં રાંધવા માટે લાકડાનો વપરાશ ખેડૂતો કરે છે. જેના પરિણામે જંગલો/વનસ્પતિનો નાશ થાય અને જો છાણનું બળતણ તરીકે વપરાશ કરવા જાય તો એને છાણિયું ખાતર ન મળે અને છાણને બળતણ તરીકે વાપરતા ધુમાડો થાય છે. વાસણો કાળા થાય અને ધુમાડો મોઢામાં જવાથી ફેફસાના પ્રોબ્લેમ થાય. આમ છાણને કાંતો ખાતર તરીકે વાપરી શકીએઅથવા તો બળતણ તરીકે વાપરી શકીએ. પરંતુ આ છાણમાંથી આપણે નથી સારું ખાતર બનાવી શકતા કે નથી સારું બળતણ બનાવી શકતા.

આપણે છાણના વપરાશથી ગેસ બનાવીએ તો ઘરમાં વપરાશ અર્થે ચોખ્ખું બળતણ મળી શકે અને ધુમાડો કે અન્ય મુસીબતોથી આપણે બચી શકીએ છીએ અને રસોઈ પણ ઓછા સમયમાં બની શકે. કારણકે બાયોમાસની દહનશક્તિ 3500 કિલો કેલેરી પ્રતિ કિલો છે જ્યારે ગોબરગેસની દહનશક્તિ 5500 કિલોકેલેરી પ્રતિ ઘનમીટર છે. ગેસ બન્યા પછી જે રબડી ગોબરગેસ માંથી બહાર નીકળે તે ઉત્તમ ખાતર તરીકેની ગરજ સારે છે. જેના નિંદણનાશક બી કે જંતુઓ હોતા નથી અને નાઇટ્રોજન , ફોસ્ફરસ અને પોટાશ છાણીયા ખાતર કરતા 0.5 થી 2% વધારે અનુભવને આધારે જોવા મળે છે.

ઘણા ખેડૂતોની માન્યતા એવી છે કે ગેસ પ્લાન્ટ બનાવવાથી આપણને સારું ખાતર મળતું નથી. કારણ કે છાણમાં રહેલા તત્વોનોગેસ ઉત્પન્ન થઈજાય છે. આ બધી માન્યતાઓના કારણે ખેડૂત ઘણી વખત આ પ્લાન્ટ અપનાવતા હોતા નથી. પરંતુ આ માન્યતાઓ તદ્દન પાયા વગરની છે.

પ્રથમ આપણે એ જાણવું જરૂરી છે કે ગેસ કઈ રીતે ઉત્પન્ન થાય છે? વાગોળતા પ્રાણીઓના જઠરમાં પ્રાણ વાયુ રહિત વાતાવરણમાં થતા સૂક્ષ્મ જીવાણુઓ સોલ્યુલોઝ નામના પદાર્થો નો ઉપયોગ કરી પ્રાણીઓને સહાયકારક બને છે. તાજા છાણમાં આવા જીવાણુઓ હોય છે. આવા સૂક્ષ્મ જીવાણુઓની વૃદ્ધિ માટે જરૂરી બધા પોષક તત્વો છાણમાંથી મળી રહે છે. જો પ્રાણ વાયુરહિત આ આથો આવી જ શકે તેવા જરૂરી સંજોગો અને દ્રવ્યોપુરા પાડવામાં આવે તો જીવાણુઓ મિથઈન, હાઈડ્રોજન અને અંગાર વાયુને ઉત્પન્ન કરે છે. આવા વાયુઓનું પ્રમાણ અનુક્રમે 60 40 30 નું હોય છે. જેમાંથી મિથઈન તથા હાઈડ્રોજન સળગી શકે તેવા છે. આ પ્રમાણે છાણમાં રહેલ સૂક્ષ્મ જીવાણુઓ ગેસ છૂટો પાડે છે. જેથી છાણિયા ખાતરમાંથી લોકોની ભૂલ ભરેલીજે માન્યતાઓ છે તે ખાતર સારુ ના બનેતે તદ્દન ખોટી છે.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ગુજરાતમાં મુખ્ય બે પ્રકારના ગેસપ્લાન્ટ બનાવવામાં આવે છે

1. ટાંકી વાળો ગેસ પ્લાન.
2. ધાબા બંધ ગેસ પ્લાન કે ફિક્સ ડોમ પ્લાન

❖ ગૌમૂત્ર:-

ગાયને આપણા દેશમાં માંનોદરજ્જો આપવામાં આવે છે.ગાયનીપૂજા પણ કરવામાં આવે છે. ગાયનું દૂધ અને એમાંથી બનતી ડેરી પ્રોડક્ટ આપણા શરીર માટે ખૂબ ફાયદાકારક છે.ગૌમૂત્રનો ઉપયોગ પણ આપણા દેશમાં ઘણા સમયથી થઈ રહ્યો છે ગૌમૂત્રના સેવનથી આપણું શરીર સ્વસ્થ રહે અને ઘણી બધી બીમારીઓ માંથી બચી શકાય છે. ગૌમૂત્રનું નિયમિત સેવન કરનાર વ્યક્તિને મેદસ્થીતાનો રોગ લાગતો નથી. એનાથી લોહીની ખામી પણ આવતી નથી. આ એક પ્રકારે શરીરને શુદ્ધ કરવા માટેની પ્રાકૃતિક રીત છે.આપણું શરીર પૂર્ણ રીતે કીટાણુ રહિત બની શકે છે.ગૌમૂત્રનું અર્ક સેવન કરનારા વ્યક્તિના શરીરમાં કેન્સર જેવી બીમારીઓ થતી નથી.

ઘણી બધી આયુર્વેદિક દવાઓનું નિર્માણ ગૌમૂત્ર થી જ કરવામાં આવે છે.તણાવનાકારણે માથાના દુખાવા ગ્રસ્ત વ્યક્તિઓ માટે પણ ગૌમૂત્ર લાભકારી સિદ્ધ થાય છે. નાના બાળકને જલ્દી શરદી ખાંસી થઈ જાય છે એવામાંબાળકોને એક ચમચી ગૌમૂત્ર પીવડાવવાથી કફ દૂર થાય છે. જો વ્યક્તિ દરરોજ સાચી માત્રામાં ગૌમૂત્ર પીવે તો એને હૃદય રોગ, ડાયાબિટીસ, કેન્સર, ટી.બી , એડ્સ, માઇગ્રેન કોઈ દિવસ થશે નહીં.

ગૌમૂત્ર હંમેશા સ્વસ્થ દેશી ગાયનું જ લેવામાં આવે છે. ગૌમૂત્રનેનિશ્ચિત તાપમાન પર રાખવું વધારે ગરમ કે ઠંડુરાખવુનહીં. ગૌમૂત્રનું કેટલું સેવન કરવું એ મોસમ પર નિર્ભર છે. ગૌમૂત્ર એક ઉત્તમ ખાતર, ફૂગનાશક અને વૃદ્ધિ કારક છે વનસ્પતિ માટે કુદરતી ખાતર એટલે કે પોષક દ્રવ્ય છે ઘણા ખેડૂતો તેને અમૃત સંજીવની ગણે છે.

ગૌ મૂત્રનું પુથક્કરણ(ઇન્ડિયન એગ્રીકલ્ચર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ 1941) મુજબ નીચે પ્રમાણે ના મૂલ્યો આપે છે સેન્ટ્રિય પદાર્થ 78.4% નાઇટ્રોજન 1.21% ફોસ્ફોરિક એસિડ 0.01%પોટાશ1.35% ગૌમૂત્રથી પાકને પોષણ મળે છે. પાકની ગુણવત્તા સાથે ઉત્પાદકતા વધે છે. અન્ય ફૂગના રોગોનો તથા ઉધઈ નો નાશ થાય અને જમીનના ક્ષારો દૂર થઈ જાય છે.

જુનાગઢ કૃષિ યુનિવર્સિટી .

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

આપણા શાસ્ત્રમાં ગૌમૂત્ર નું વિશિષ્ટ મહત્વ અપાયું છે અને આ ગૌમૂત્રમાં અનેક પ્રકારની ધાતુઓ પણ મળે છે ત્યારે ગૌમૂત્રમાંથી સોનું મળી આવ્યું છે. ગૌમુત્ર ઉપર છેલ્લા 4વર્ષથી કૃષિ યુનિ. રિસર્ચ કરતા સાયન્ટિસ્ટ દ્વારા સંશોધન કરવામાં આવ્યુંછે.

❖ **છાણમાંથી બનતી વિવિધ વસ્તુઓ:**

પશુપાલકો ગાયના છાણનું વેચાણ કરીને ઘણી કમાણી કરી રહ્યા છે. મોટી કંપનીઓ પશુપાલકો પાસેથી છાણ ખરીદીને તેમને પૈસા આપે છે. કારણ કે હવે તેનો ઉપયોગ ડેકોરેશન થી લઈને હેન્ડબેગ બનાવવા માટે થઈ રહ્યો છે. **હાલના સમયમાં ગાયના છાણમાંથી બનતી ચીજવસ્તુઓની માંગ વધી** રહી છે. **લોકોએ તેને પોતાની આવકનો એક સાધન બનાવ્યું છે.** કારણ કે પહેલાના સમયમાં ગાયના છાણનો ઉપયોગ ઘરને લીપવા માટે કરવામાં આવતો હતો. પરંતુ હવે તેનો ઉપયોગ બાયોગેસ બનાવવા તથા વિવિધ સજાવટની વસ્તુઓ બનાવવા માટે થાય છે.

ગાયના છાણમાંથી વિવિધ વસ્તુઓ બનાવવામાં આવે છે જેમ કે, મચ્છર ભગાડવાની અગરબત્તી, હેન્ડબેગ,રાખડી , રંગ, ટાઈલ્સ , લાકડી, કાગળ , કાર્ડબોર્ડ ,સાબુ, રાખ, મૂર્તિઓ, ખાતર, વાસણો, ધૂપ, ઈટ, ચંપલ, ટુથપેસ્ટ, સિમેન્ટ, ઘર, બોક્સ, ચૂલો,તોરણ, દીવો, ઘડિયાળ, અરીસો વગેરે જેવી વસ્તુઓનો ઉત્પાદન કરી આવકનું સાધન બની શકે છે.

1. **મૂર્તિઓ:**

હાલના સમયમાં લોકો ગણપતિની મૂર્તિ માટી માંથી બનાવવાના બદલે છાણમાંથી બનાવે છે. છાણમાંથી બનાવેલી મૂર્તિ લોકોને ઓક્સિજન આપે છે.

વિજયભાઈ અગ્રવાલ કહે છે કે આપણા શાસ્ત્રોમાં ગાયનું ખૂબ જ મહત્વ છે અને તેની દરેક વસ્તુઓ ઉપયોગમાં આવે છે હાલમાંજે ગાયના છાણમાંથી બનાવેલ રાખડીઓ પણ બજારમાં આવે છે.છાણમાંથી બનાવેલી મૂર્તિઓ ખૂબ જ નાની એક ફૂટની હોય છે.

પર્યાવરણને ધ્યાનમાં રાખીને લોકોને ઓક્સિજન આપતા રોપા આપવામાં આવી રહ્યા છે. છાણમાંથી બનાવેલ મૂર્તિ ઘરમાં ઓક્સિજન પૂરું પાડે છે. ગામડાના લોકો જે પશુપાલનનો વ્યવસાય કરે છે. તે છાણ વેચીને પણ આવક પ્રાપ્ત કરે છે. લોકોની રોજગારીમાં વધારો થાય છે. ગાયના દૂધની સાથે છાણ પણ તેમની આવકનો આધાર બને છે. ઘણી બધી એવી સંસ્થાઓ છે જે પશુપાલકો પાસેથી છાણ ખરીદીને વિવિધ મૂર્તિ બનાવીને વ્યવસાયની તકો વિકસાવે છે.

2. **ખાતર:**

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ગાયના છાણમાંથી બનેલું ખાતર જમીનનો પ્રાણ છે.છાણીયું ખાતર જમીનનોપ્રાકૃતિક આહાર છે. જેનાથી જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે છે. અગર જો છાણ દ્વારા કંપોસ્ટ ખાતર તૈયાર કરી ઉપયોગ કરવામાં આવે તો ધીરે ધીરે ફળદ્રુપ થતા વધતી રહે છે. ભારતની જમીનમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ થતો ન હતો ત્યાં સુધી લાખો વર્ષથી અહીંની જમીનની ફળદ્રુપતા જળવાઈ રહી. છાણીયા ખાતરથી પેદા થતા ખાદ્ય પદાર્થો વધારે સ્વાદિષ્ટ તથા પ્રદૂષણ રહિત હોય છે.

યુરોપ ના બજારમાં છાણીયા ઓર્ગેનિક ખાતરથી ઉગાડવામાં આવેલ શાકભાજી, ફળ-ફળાદી, અનાજ વગેરે જે રાસાયણિક ખાતર દ્વારા ઉગાડવામાં આવેલ શાકભાજી ફળ-ફળાદી તથા અનાજ વગેરેનું બેથી ત્રણ ગણી ઉંચી કિંમતે વેચાણ થઈ રહ્યું છે ગાયના છાણમાંથી બનતોખાતર પણ આવકનો સાધન છે.

3. ગૌધૂપ:-

ગાયના શાળાની આગ પર અથવા લાકડાના કોલસાની આગ પર ધૂપ કરવાથી જીવજંતુઓ મચ્છરો વગેરેથી મુક્તિ મળે છે આ વાતાવરણમાં શ્વાસ લેવાથી રોગનો નાશ થાય છે આ અને શુદ્ધ પ્રાણ વાયુ મળે છે મચ્છરો ભગાડવા માટે હાલના સમયમાં વિવિધ કેમિકલ વાળી અગરબત્તીનો ઉપયોગ થાય છે તે વાતાવરણને પ્રદૂષિત કરે છે પરંતુ આ ધૂપમાં કોઈ કેમિકલ નો ઉપયોગ ન થવાથી તેનો શ્રેષ્ઠ વિકલ્પ બને છે સૂકા છાલનો ભૂકો 750 ગ્રામ લાલ ચંદન 250 ગ્રામ જટા માસી 250 ગ્રામ નાગરમોથ 250 ગ્રામ કપુર કાચલી 250ગ્રામ વગેરેનો પાવડર બનાવી કોલસા ઉપર કે છાણની આગ દ્વારા ધૂપ કરવામાં આવે તો મચ્છર ભાગીજાય છે.

4. અગરબત્તી (ધૂપ બત્તી):

વર્તમાન સમયમાં અગરબત્તીમાં પણ વિવિધતા જોવા મળે છે. આ અગરબત્તીમાં કેમિકલો નાખવામાં આવે છે. જે માનવ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. ત્યારે આ વર્તમાન સમયમાં પણ છાણ દ્વારા ખૂબ જ ઉપયોગી અગરબત્તી બનાવી શકાય છે જે માનવ સ્વાસ્થ્ય માટે હાનિકારક નથી. છાણની અગરબત્તી બનાવવા માટે ગાયનું છાણ, કપૂર, ઘી, ગુગળ વગેરેને ભૂકો કરીને અગરબત્તી બનાવવામાં આવે છે. જે વાતાવરણમાં ઓક્સિજન પૂરું પાડે છે. વાતાવરણને શુદ્ધ બનાવે છે. આ અગરબત્તી પશુપાલકો તથા નાના કુટીર ઉદ્યોગોમાં બનાવવામાં આવે છે જે રોજગારીની તકોમાં વધારો કરે છે.

અગરબત્તી ઉપરાંત ધૂપબત્તી પણ બનાવવામાં આવે છે. જેમાં ઘી, છાણ, લીમડાના પાન, ગૌ મૂત્ર, દૂધ વગેરે જેવી વસ્તુઓના મિશ્રથી ધૂપબત્તી બનાવવામાં આવે છે. જે મંદિરોમાં સવાર-સાંજ

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

પૂજા કરવા માટે ઉપયોગી છે તે બાળક, વૃદ્ધ, મહિલા ,પુરુષ વગેરેના સ્વાસ્થ્ય માટે લાભકારક સાબિત થાય છે.

5. છાણા :

છાણા એ છાણમાંથી બને છે.ગાયના છાણમાંથી છાણા બનાવી એવી કેટલીક મહિલાઓ છે જે પૈસા કમાવે છે. હાલના સમયમાં છાણા માત્ર ગામડામાં જ જોવા મળે છે. ચૂલા પર રસોઈ કરવા, હવનમાં,અગ્નિસંસ્કારમાં,હોળીમાં વગેરેમાં તેનો ઉપયોગ થાય છે. છાણાને સળગાવ્યા પછી જે રાખ બને તે વાસણ ધોવા માટે કામ આવે છે. જે સ્ત્રીઓ શિક્ષિત નથી તે ખેતી ,પશુપાલન સાથે જોડાયેલી છે તેવી સ્ત્રીઓ પોતાના પગ પર થવા માટે આવા લઘુ ઉદ્યોગો ની રચના કરે છે. તે આત્મનિર્ભર બની શકે છે. ખેડૂતો પણ આવા ઉદ્યોગો સ્થાપિને વ્યવસાય કરી શકે છે.

❖ **તારણો:-**

૧. ખેડૂતો અને ખેત મજૂરોની સંપદા વૃદ્ધિના પ્રયાસો
૨. ઉત્પાદકતા વધારવા માટે પ્રસ્તાવ
૩. લઘુઉદ્યોગોનોવિકાસ કરીઅનેગ્રામીણ રોજગારીનીતકો વધારવી
૪. ગ્રામીણ લોકોનાંજીવનનીગુણવત્તાસુધારવા

❖ **ઉપસંહાર:-**

ગાય આધારિત ઉદ્યોગોને પ્રોત્સાહન આપી ગ્રામીણ રોજગારીની તકોમાં વધારો કરવા માટે આ પ્રકારના લઘુ ઉદ્યોગો સ્થાપિ શકાય છે.જેનાથી લોકોમાં કલાઓનો પણ વિકાસ કરી શકાય છે અને તેની અંદર રહેલી કલાઓ પણ જાણી શકાય છે અને ગાયનું તથા તે આધારિત લઘુ ઉદ્યોગોનું મહત્વ પણ જાણી શકાય છે અને અન્યને સમજાવી શકાય છે.

❖ **સંદર્ભસૂચિ:-**

1. કથીરિયા વલ્લભભાઈ, *ભારતીય નસ્લની ગાયના દૂધ, ગૌમૂત્ર અને ગોબરનું મહત્વ*, ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગુજરાત
2. https://gujarativishwakosh.org/લઘુ-ઉદ્યોગ/
3. https://en.m.wikipedia.org/wiki/Biogas

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

બારમેડા દિપાલી હસમુખભાઈ
શિક્ષણશાસ્ત્ર ભવન
ક્રાંતિ ગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ.
મોબાઈલ નંબર: ૯૧૫૭૮૧૭૪૬૮

भारतीय संस्कृति और गाय

સારાંશ:

આપણા પ્રાચીન ગ્રંથોમાં ગાય માતાના મહિમા તથા ગુણગાન વર્ણવેલ છે. ગાયમાંતેત્રીસ કરોડ દેવતાઓનો વાસ છે. ગાયના દૂધ, ઘી, દહીં, ગૌમૂત્ર, છાણ વગેરે આ જગત માટે અમૂલ્ય વરદાન છે, જેથીઆપણું જીવનચક્ર સંતુલિત રીતે ચાલ્યા કરે છે. જેથી ગાયમાતાઆપણી શ્રદ્ધાનું કેન્દ્ર છે અને આધારસ્તંભ છે. એક જ ગાયનું પૂજન એ સર્વે દેવી - દેવતાઓના પૂજન બરાબર છે. એટલે જ આપણે આપણી માતા (જનેતા) -આપણી ભારત માતા તથા ગાયને માતા તરીકે સંબોધીએ છીએ. જે આખા વિશ્વ માટે પ્રેરણાદાયીમાં છે. તેને કોટી કોટી વંદન કરું છું.

ચાવીરૂપશબ્દો :

ગાય, મહાભારત, ઋગ્વેદ, શ્રીમદભગવદગીતા

ભારતીય શાસ્ત્રોમાં ગાય

પ્રસ્તાવના :

સંસ્કૃત પંક્તિમાં કહ્યું છે કે "जननीजन्मभूमिश्चस्वर्गादपिगरियसी" માં અને જન્મભૂમિ સ્વર્ગથી પણ વધારે ગૌરવશાળી હોય છે. એ ભાવનાને સાર્થક કરતા ભારતની ભૂમિ પર માતાનું વિશેષ મહત્વ છે. જેમકે જન્મ દેનારીમાં, ભારત માતા અને ગાય માતા. ગાય માતા એ માત્ર ભારતની જ માતા નહીં પરંતુ સમગ્ર વિશ્વની માતા છે. गावोविश्वस्यमातरः।

આપણા પ્રાચીન ગ્રંથો ગૌમહિમાથી ભરેલા પડ્યા છે. જેમાં ગૌ મહિમાના મુક્ત કંઠે ગુણગાન ગાવામાં આવ્યા છે.ગૌમાતાઆપણી સર્વોપરી શ્રદ્ધાનું કેન્દ્ર છેઅને ભારતીય સંસ્કૃતિનો આધારસ્તંભ છે. તેનાશરીરમાં તમામ દેવતાઓ સમાયેલા છે. અથર્વવેદમાં તેને રુદ્રની માતા,વસુઓની પુત્રી, આદિત્યની બહેન અને અમૃતની નાભિની ઉપમાથી અલંકૃત કરવામાં આવે છે.

ભારતીય ધર્મગ્રંથો અનુસાર ગાયના શરીરમાં તેત્રીસકરોડ દેવતાઓનો વાસ છે તેની પીઠમાં બ્રહ્મા, ગળામાં વિષ્ણુ અને મુખમાં રુદ્ર વગેરે દેવતાઓનો વાસ છે જેમ કે...

सर्वेदेवाःस्थितादेहेसर्वदेवमयीहिगौः ।
पृष्ठेब्रह्मागलेविष्णुमुखेरुद्रःप्रतिष्ठितः ।

એ જ કારણ છે કે અગર સમગ્ર તેત્રીસ કોટી દેવી-દેવતાઓનું જોપંચોપચારે પૂજન કરવું હોય તો માત્ર એક ગૌ માતાના પૂજનથી અને સેવા કરવાથી તમામ દેવ-દેવીઓનીએકી સાથે પૂજા

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

પૂરી થઈ જાય છે.અર્થાત પ્રાર્થના અને શ્રેય અથવા સમૃદ્ધિ અને કલ્યાણ આ બંનેની પ્રાપ્તિ માટે "ગૌ સેવા"થી વધીને કોઈ બીજું શ્રેષ્ઠ સાધન નથી.

ભારતીય શાસ્ત્રોમાંગાય :

મહાભારતની રચના કરનાર એ ગાયની સ્તુતિ કરતાં લખ્યું છે કે.....

गावःश्रेष्ठापवित्राश्चपावनाजगदुत्तमाः ।
ऋतेदधिघृताभ्यांचनेहयज्ञःप्रवर्तते ॥
गावोलक्ष्म्याःसदामूलेगोषुपाप्मानविद्यते ।
मातरःसर्वभूतानांगावःसर्वसुखप्रदाः ॥

અર્થાત ગાય સર્વશ્રેષ્ઠ, પવિત્ર, પૂજનીય અને જગતભરમાં શ્રેષ્ઠ પ્રાણી છે. તેના ઘી, દૂધ, દહીં અને ગવ્ય વગર જગતમાં યજ્ઞ પૂરો થતો નથી. "ગાય"ના શરીરમાં હંમેશા લક્ષ્મી વાસ કરે છે. ગાય જ્યાં રહે છે ત્યાં પાપવાસ કરતું નથી, તે પ્રાણી માત્રને સુખ સમૃદ્ધિથી સંપન્ન બનાવે છે. ગાયસંપૂર્ણ પ્રાણી જગતની માતા તથા "धनंचगोधनंधान्यंस्वर्णादियोवृधैवहि" દર્શાવીને અર્થશાસ્ત્રનો મૂળ આધારનક્કી કરવામાં આવ્યો છે.

મહાભારતે પણ આ જ કહ્યું છે કે "गोधनंराष्ट्रवर्धनम्" પ્રાચીન સમયમાં કોઈપણ વ્યક્તિ પાસે જેટલી વધારે ગાયો હોય તે વ્યક્તિ એટલી જ વધારે ધનવાન માનવામાં આવતી હતી. ગોપાલ ચંપોમાં ઉલ્લેખ છે કે નંદબાબા પાસે નવલાખ ગાયો હતી. મત્સ્યરાજ વિરાટ પાસે સાઠગાયો હતી.

મહાભારતના અનુશાસન પર્વમાં ગાયની શ્રેષ્ઠતા વિશે ચ્યવન ઋષિએ સ્પષ્ટ કહ્યું છે કે ''આ સંસારમાં ગાયો સિવાય બીજું કોઈ શ્રેષ્ઠ ધન નથી. તેના ગુણોનું નામ અને કીર્તન કરવું, સાંભળવું, તેનું દાન આપવું, તેનું દર્શન કરવું. એની શાસ્ત્રોમાં ખૂબજ પ્રશંસા કરી છે.'' गव्याप्रशस्यतेवीर॥ મહાભારતમાં તેથી જ કહેવાયું છે કે તીર્થસ્થાનનું સ્નાન, બ્રહ્મભોજન, મહાદાન, ભગવત્સેવા, સમસ્ત વ્રતોની ઉપાસના, પૃથ્વીનું પર્યટન તથા સત્યભાષણથી જે પુણ્ય મળે છે. તે બધું જ પુણ્ય કેવળ ગૌ સેવાથી પ્રાપ્ત થાય છે. तवपूज्यंप्राप्पतेरादाकेवलंधनुसेवाया॥

ગાય વિશ્વની માતા છે. "गावोविश्वस्यमातरः" સૂર્ય, વરૂણ, વાયુવગેરે દેવતાઓને યજ્ઞ, હવન દ્વારા આપવામાં આવેલ આહુતિથી જે આહાર અને બળ મળે છે, તે ગાયના ઘી થી જ મળે છે. ગાયના ઘી દ્વારા જ યજ્ઞમાં આહુતિ આપવામાં આવે છે, જેના દ્વારા સૂર્યના કિરણો પુષ્ટ બને છે, કિરણો પુષ્ટ બનવાથી વર્ષા થાય છે અને વર્ષાથી તમામ પ્રકારનું અનાજ, વનસ્પતિ, ઘાસ વગેરે પેદા થાય છે, જેનાથી સંપૂર્ણ પ્રાણી જગતનું પોષણ થાય છે.

આપણા શાસ્ત્રોમાં મહિમામય અને હંમેશા બધી રીતે ઉપયોગી એવી ગૌમાતાને પ્રણામ કરવાનું વિધાન રહ્યું છે-

त्वंमातासर्वदेवानांत्वंचयज्ञस्यकारणम्।
त्वंतीर्थसर्वतीर्थानांनमस्तेऽस्तुसदानघे ।

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

હે નિષ્પાપી ગૌમાતા! તું તમામ દેવતાઓની પણ માતા છે, યજ્ઞનો આધાર છે અને તું જ તમામ તીર્થોમાં તીર્થસ્વરૂપ છે, અર્થાત તને વારંવારપ્રણામ.

પ્રાચીન સમયથી જ આપણા દેશમાં ગાય, ગંગા, ગીતા, ગાયત્રી અને ગુરુ સંસ્કૃતિનું પ્રતિક રહ્યા છે. આ પાંચે ચીજો આપણા તન-મનમાં વસેલી છે. ગાયનું દૂધ આપણા તન-મનને તંદુરસ્ત બનાવે છે. ગંગા આપણાંતન-મનને નિર્મળ બનાવે છે, ગીતાઆપણને શ્રેષ્ઠ ઉદ્દેશવાળું તથા સાર્થક જીવન જીવવાની કળા શીખડાવે છે, ગાયત્રી મંત્ર સૂર્યની ઉપાસનાનોમંત્ર છે. ભગવાન ભાસ્કર જ સમગ્ર પ્રાણીજગત અને વનસ્પતિઓના જીવનના સ્ત્રોત સમાન છે. ગુરુ ડગલેને પગલે જ્ઞાનનો પ્રકાશ આપે છે અને આંગળી પકડી રસ્તો ચીંધે છે.

આપણા દેશની સંસ્કૃતિ સાથેગાય કેમ જોડાયેલી છે? એના પર વિચાર કરવાની આવશ્યકતા છે. આજે ભૌતિક સુખોની આંધળી દોડમાં દોડી રહેલા શિક્ષિત વર્ગને માત્ર શ્રદ્ધા-વિશ્વાસની વાતો સમજમાં આવતી નથી. તેમને ગાયની ઉપયોગિતા તાર્કિક રીતે બતાવવાથી જ સમજમાં આવશે. ગાયનું મહત્વ તાર્કિક રીતે સમજવા માટે આપણે એ જોવું તથા સમજવું પડશે કે ગૌવંશ ન માત્ર ધાર્મિક દ્રષ્ટિએ પૂજનીય છે, પરંતુ આર્થિક દ્રષ્ટિએપણ સમૃદ્ધિનો આધાર છે.સરળતાનીદ્રષ્ટિએ આપણા જીવનમાં તેના યોગદાનને ત્રણભાગમાં વિભાજીત કરી શકાય.

૧. ગાય આપણા ધર્મ અને મોક્ષનો આધાર છે.
૨. ગાય આપણા આરોગ્યનો આધાર છે.
૩. ગાય આપણી આર્થિક સમૃદ્ધિનું મુખ્ય સ્ત્રોત છે.

ગાયનું દૂધ માતાના દૂધ પછી પૂરી રીતે સુપાચ્ય અને સંપૂર્ણ આહાર છે.ગાયના દૂધમાં ખનીજો તથા વિટામીન વગેરે પ્રચૂર માત્રામાં હોય છે, જે આહાર માટે જરૂરી માનવામાં આવે છે. કોઈ પણ વ્યક્તિ જો ઈચ્છે તો આખું જીવન ગાયના દૂધ પર નિર્ભર રહીને પોતાની જાતને તંદુરસ્ત રાખી શકે છે. ગાયના દૂધમાં ચિકાશ ઓછી હોય છે, તેથી તે સમતોલ આહાર છે, જેથી તે મનુષ્યના શરીરની અનુકૂળ અને પાચન ક્રિયામાં સહાયક નીવડે છે તથા શારીરિક અવયવો માટે ઉત્તમ સ્નિગ્ધતા (ચિકાશ) અને બળ પૂરું પાડે છે. ગાયનું દૂધ સુપાચ્ય હોવાના કારણે સગર્ભા સ્ત્રીઓ, બાળકો તથા વૃદ્ધો માટે ઉપયોગી છે. ગાયના દૂધમાં ક્ષારો તથા પાચક રસોનો પૂરતો સમાવેશ હોવાના કારણે બાળકના કોમળ પાચનતંત્ર દ્વારા સરળતાથી પચી જાય છે. ગાયનું દૂધ જેટલું સાત્વિક હોય છે, એટલું અન્ય કોઈ બીજા પ્રાણીનું હોતું નથી. જેને પીવાથી બુદ્ધિ તીક્ષ્ણ અને સ્વભાવ શાંત સૌમ્ય બને છે. માનસિક રીતે તણાવગ્રસ્ત રહેતા તથા હૃદયના રોગીઓ માટે પણ ગાયનું દૂધ તથા ઘી ખૂબ જ ઉપયોગી છે. ગાયનુંદૂધશારીરિક તંદુરસ્તીની સાથેસાથે માનસિક અને આધ્યાત્મિક તંદુરસ્તીનું પણ સ્ત્રોત છે. ગાયનું દૂધ સંવેદનાનું પણ સ્ત્રોત છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ગાયનું છાણ મળ નથી પરંતુ તે મળ દુર્ગંધનાશક છે. ગાયનું છાણ તથા મૂત્ર એટલું તોપવિત્ર હોય છે, કે છાણમાં લક્ષ્મીજી તથા ગૌમૂત્રમાં ગંગાજીનો વાસ માનવામાં આવ્યો છે. પ્રાણીઓમાંગાય એક જ એવું પ્રાણી છે કે જેના દ્વારા ઉત્સર્જિત મળ, એ મળ નથી પરંતુ તે દુર્ગંધનાશક દવા છે.

આપણા દેશમાં હજારો વર્ષોથી યજ્ઞની વેદીને પવિત્ર બનાવવા તથા રહેણાંકવાળા મકાનોને પ્રદૂષણથી મુક્ત રાખવા માટે ગાયના છાણથી લીંપવામાં આવે છે.ગાયના છાણનું લીંપણ ન માત્ર પ્રદૂષણથી, પરંતુ અણુશક્તિના વિકિરણોથી પણ રક્ષણ કરે છે.

ગૌમૂત્રમાં જંતુઓનો નાશ કરવાની અદ્‌ભુત શક્તિ છે. એ એક અદ્‌ભુતઔષધિ (દવા) પણ છે. આયુર્વેદિક ગ્રંથોમાં તેનો અનેક પ્રકારના રોગો પર તેનો દવા રૂપે કરવામાં આવતાં ઉપયોગનું વર્ણન મળી આવે છે. લિવર, કમળો, લોહીનું દબાણ, મધુ પ્રમેહ વગેરેમાં તે ખાસ ઉપયોગી છે. કેટલાંક લોકો તો ગૌમૂત્રની ગોળીઓ બનાવી અનેક રોગો પર તેનું સેવન કરવામાં આવે છે.ગાયના દૂધ, દહીં, ઘી, છાણ અને મૂત્રના એક ચોક્કસ માત્રામાં કરવામાં આવેલ મિશ્રણને પંચગવ્ય કહેવામાં આવે છે.આયુર્વેદ ગ્રંથોમાંદર્શાવવામાં આવ્યું છેકે પંચગવ્યનું સેવન કરવાથી મનુષ્યની સમગ્ર વ્યાધિઓનો ક્ષય એવી રીતે થઈ જાય છે, કે જેવી રીતે સળગતી આગથી ઈંધણ સળગી જાય છે. એવો કોઈ રોગ નથી કે જેનો ઉપચાર પંચગવ્યથી ન થાય.

ગાયનું પૂજન ફક્ત હિંદુઓ માટે જ છે એમ માનવુંભૂલ ભરેલું છે. જેનામાં માણસાઇ છે. કૃતજ્ઞાતાનો ભાવ છે તે પ્રત્યેક માણસ માટે ગાયનું પૂજન છે.તેનો ઉપકાર સર્વમાટે છે. ભગવદ ગીતાના છઠ્ઠા અધ્યાયના બત્રીસમાં શ્લોકમાં શ્રીકૃષ્ણ ખાસ કહે છે કે 'જે યોગી પોતાની જેમ જ સઘળા ભૂતોમાં સમ દ્રષ્ટિથી જુએ છે એ પરમ શ્રેષ્ઠ મનાયો છે.'

गोस्तुमात्रानविधते।

ઋગ્વેદ- "ગાયથી થનારા લાભની કોઈ ગણના જ થઈ શકે તેમ નથી" જીવનનાં બધાજ સ્તરોમાં ગાયનું સ્થાન સર્વશ્રેષ્ઠ મનાયું છે. જે શ્રુતિ, સ્મૃતિ, પુરાણ, આયુર્વેદ વગેરેમાં તથા આધુનિક સાહિત્યના લખાણમાં જણાવ્યું છે.

ગાયોની સેવા કરવી, તેમને વનમાંચરવા લઈ જવાતેનેભગવાન શ્રીકૃષ્ણ જીવનનું શ્રેષ્ઠ કાર્ય સમજતા. તેથી તેઓ 'ગોપાલ કૃષ્ણ' કહેવાતા. તેમણે કહ્યું હતું કે ''ગાયો મારી આગળ અને પાછળ રહે, ગાયો મારા હદયમાં રહે, અને હું તેમની વચ્ચે વાસ કરું છું गवामध्येवसामिअहम्

ઋગ્વેદમાં 'मातारुद्राणां.' કહીને સ્પષ્ટ કહ્યું છે. ગાય રુદ્ર દેવોની માતાનાં રૂપમાં સમસ્ત સંસારનું કલ્યાણ કરનારી, વસુઓની પુત્રીના રૂપમાં સમૃદ્રિદાત્રી તથા આદિત્યોની બહેનનાં રૂપમાં, અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જનારી સાક્ષાતઅમૃત નાભિ હોવાથી અમરત્વનું વરદાન આપનારી છું. એટલે પિતૃઓના શ્રાધ્ધ કરતી વખતે 'ગોગ્રાસ' મૂકવામાં આવે છે અને બોલવામાં આવે છે કે 'હે ત્રિલોકની માતા ગાય.' મેં ગ્રાસ મુક્યો છે તેને તમે ગ્રહણ કરો.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

વેદોમાં ગાયનું માતા તરીકે વર્ણન છે. હકીકતમાં ગાય એ માનવ સમાજની માતા છે. કારણ કે બાળકની જન્મદાત્રી માતા છે.તે તો બાળકને વરસ-બેવરસ સ્તનપાન કરાવે છે. ત્યાર પછી આખી જિંદગીદૂધ પાનારી માતા જ છે.

શ્રીમદ્ ભાગવત -પૂતનાના પ્રાણ હરણ હર્યા પછી પૂતનાના વક્ષઃ સ્થલ રમતા બાલકૃષ્ણને ગોદમાં લઈ યશોદા માતાએ તેમની ચારે બાજુ ગોપુચ્છ ફેરવી,ગૌમુત્રથી સ્નાન કરાવી તેના શરીર ઉપર ગોરજથીમર્દન કરી કેશવનાં બાર નામોથી તેની રક્ષા કરી હતી.

ઉપસંહાર :

આપણાપ્રાચીન ગ્રંથોમાં ગાય માતાના મહિમા તથા ગુણગાન ખૂબ સારી રીતે દર્શાવવામાં આવેલ છે. પ્રાચીન સમયથી જ આપણાદેશમાં ગાયસંસ્કૃતિનું પ્રતિક રહી છે.ગાયને દેવીની જેમ પૂજવામાં આવે છે. હિંદુ ધર્મમાં ગાય આસ્થાનું પ્રતિક છે. હિંદુ ધર્મમાં ગૌ દાનને સૌથી મોટું દાન માનવામાં આવે છે. હિંદુ સમાજે ગાયને માં નો દરજ્જો આપ્યો છે. ગાયમાંતેત્રીસ કરોડ દેવતાઓનો વાસ છે. ગાયના દૂધ, ઘી, દહીં, ગૌમૂત્ર, છાણ વગેરે આ જગત માટે અમૂલ્ય વરદાન છે. જો દરેક પરિવાર પોતાના શાસ્ત્રો મુજબ વૈશ્વદેવ અને ગાયના ઘાસને ભોજન અને બલિદાન આપવાનો નિયમ બનાવે અને શરૂ કરેતેમજ સવારે ગાયના દર્શન અને ગાયનું પૂજનકરેતો પછી મોટી માત્રામાં ગાય સંરક્ષણનો પ્રશ્ન ખતમ થઈ શકે છે.

સંદર્ભ સૂચિ :

https://www-gujaratsamachar

https://www.abtakmedia.com/cow-protection-is-essential-for-our-life-today-dr-vallabhbhai-kathiria/

https://gujarativishwakosh.org

https://gaytrignanmandir.files.wordpress.com/2008/09/gauvans.pdf

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ગોસ્વામી જલ્પા રેવાગીરી (M.ED)

મોબાઇલ નંબર: 9925776296

ઈ-મેઈલ:Jrgoswami13997@gmail.com

કાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કરછ યુનિવર્સીટી

'ગાય આધારિત કુટીર ઉદ્યોગ'

સારાંશ:

જીવનની ગતિ ચક્રિય છે.વૈદિક પ્લાસ્ટર અને વૈદિક કલર એ વર્ષોથી ભારતીય પરંપરામાં ચાલ્યું આવ્યું છે.જેને આપણે લીપણ કહેતા.તેના પર સમયનું કાટ લાગતાં જે બાબતો વિસરાઈ ગઈ,તેનો મૂળ આધાર લઇ ફરી નવી શરૂઆત કરીને પર્યાવરણના રક્ષણ અને માનવ સ્વાસ્થ્ય માટે હિતકારી એવી બનાવટો જેનાથી દેશનાસામાજિક,આર્થિક તેમજ કેટલાક ભવિષ્યગામી પ્રશ્નોના નિવાકરણ છુપાયેલા છે એ એટલે ગાય આધારિત કુટિર ઉદ્યોગો.

વર્તમાન સમયે પાશ્ચાત્ય સંસ્કૃતિના આંધળા અનુકરણને કારણે ભારતીય સંસ્કૃતિ અને તેની પરંપરાઓ સંકટમાં છે.ત્યારે ગાય આધારિત કુટીર ઉદ્યોગો દેશની સભ્યતા અને સંસ્કૃતિના રક્ષણ માટે મહત્વના છે.કારણ કે,મોટાભાગે કુટીર ઉદ્યોગ દ્વારા કલાત્મક અને પરંપરાગત વસ્તુઓ બનાવવામાં આવે છે.

ગાય આધારિત કુટીર ઉદ્યોગને પ્રોત્સાહન આપવાથી દૂધ ન આપતી ગાયોની ઉપેક્ષા થતી અટકાવી અને પાંજરાપોળને સમૃદ્ધ બનાવી શકાશે.માર્ગ અકસ્માતોને અટકાવવા માટે ગાયના ઉત્સર્જિત પદાર્થોમાંથી ઓછી મૂડી રોકાણ દ્વારા વધુ આવક મેળવવાના સ્ત્રોત તરીકે ગાય આધારિત કુટીર ઉદ્યોગ પાયાનું કામ કરે છે.જે આત્મનિર્ભર બની વિકાસ સાધવા ઉપરાંત બેરોજગારી અને ગરીબીના નિવારણ માટે અગત્યના છે.

ટેકનોલોજીના વિકાસની સાથે અનેક ડિજિટલ માર્કેટિંગ દ્વારા કુટીર ઉદ્યોગની આયાત-નિકાસો સરળ બની છે.ભારતમાટે વિદેશી હૂંડિયામણની આવક એ ભારતની વસ્તુઓ અને સેવાઓની વિદેશોમાં માંગદર્શાવે છે.તેથી ગાયઆધારિત અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવામાં ભારત સરકાર પણ કટિબંધ છે.

□□**પ્રસ્તાવના:**

'गोस्तुमात्रानविद्यते।' પરથી કહી શકાય કે, ગાયથી થનારા લાભની કોઈ ગણના થઈ શકે એમ નથી. બધા જ સ્તરોમાં ગાયનું સ્થાન સર્વ શ્રેષ્ઠ મનાયું છે. કુટીર ઉદ્યોગ એક એવો ઉદ્યોગ છે, જેમાં

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

એક જ પરિવારના સભ્યો દ્વારા પૂર્ણરૂપથી અથવા આંશિક રૂપે સંચાલન થાય છે.કુટીર ઉદ્યોગમાં ઉત્પાદનકર્તા પોતાની પૂંજી લગાડે છે,અને પોતાના કુલ ઉત્પાદનના અધિકારી બને છે.

ભારતએક વિશાળ વસ્તી ધરાવતોદેશ છે.વસ્તી વધારાના કારણે ગરીબી અને બેરોજગારી જેવી સમસ્યાઓ ઉદભવે છે.ગરીબી અને બેરોજગારી પરસ્પર જોડાયેલા એવા પ્રશ્નો છે, જેના એકના ઉકેલમાં બીજાનો સમાધાન સમાયેલું છે.જો બેરોજગારીનો ઉકેલ થાય તો ગરીબી આપોઆપ ઘટે. બેરોજગારીના નિવારણ અર્થે કુટીર ઉદ્યોગ પાયાનું કામ કરે છે.

વર્તમાન સમયમાં ગામડાઓમાં કે નગરોમાં ગાયો આધારિત ઉદ્યોગોનું પ્રમાણ વધ્યું છે.ડેરી ઉદ્યોગો, ડેરી આધારિત જુદી-જુદી બનાવટો, ગૌમૂત્ર, ગોબરની જુદી-જુદી બનાવટો, પ્રાકૃતિક ખેતી વગેરે દ્વારા નાના પાયાના કુટિર ઉદ્યોગોએ રોજગાર નિર્માણ અને ભારતના અર્થતંત્રમા અગત્યની ભૂમિકા ભજવી છે.

તેથી પ્રસ્તુત કરતા એ વર્તમાન સમયની જરૂરિયાત અને મહત્વને ધ્યાનમાં રાખીને ગાય આધારિત કુટીર ઉદ્યોગ એવો નુતન વિષય પસંદ કર્યો છે.

□□પારિભાષિક શબ્દોની સમજ:

કુટીર ઉદ્યોગ: કુટીર ઉદ્યોગ એ નાના પાયાના વ્યવસાયો અથવા ઉત્પાદન એકમનું જૂથ છે.જેનું સંચાલન પરિવારના સભ્યો દ્વારા તેમના ઘરેથી અથવા તો ક્યારેક સામાન્ય રીતે ઘરની નજીકની સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

□□અભ્યાસના હેતુ

પ્રસ્તુતકર્તાએ અભ્યાસના હેતુ નીચે મુજબ નક્કી કર્યા છે.

1.ગાય આધારિત કુટીર ઉદ્યોગોનો અભ્યાસ કરવો.

2.ગાય આધારિત કુટીર ઉદ્યોગના મહત્વ વિશે જાણવું.

3.ગાય આધારિત કુટીર ઉદ્યોગમાં આયાત નિકાસ થતી જુદી-જુદી વસ્તુઓ અને તેની બનાવટ વિશે માહિતી મેળવવી.

4.ગાય આધારિત કુટીર ઉદ્યોગ માટે સરકારની જુદી જુદી યોજનાઓ વિશે માહિતી મેળવી.

5.ગાય આધારિત કુટીર ઉદ્યોગની ભવિષ્યગામી ઉપયોગીતા સમજવી.

6.ગાય આધારિત ગુજરાતમાં ઉપલબ્ધ કુટીર ઉદ્યોગો વિશે માહિતી મેળવવી.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

□□અભ્યાસના પ્રશ્નો:

1.ગાય આધારિત કુટીર ઉદ્યોગ એટલે શું?

2.ગાય આધારિત કુટીર ઉદ્યોગનું મહત્વ શું હશે?

3.ગાય આધારિત કુટીર ઉદ્યોગમાં આયાત-નિકાસ થતી જુદી- જુદી વસ્તુઓ અને તેની બનાવટો કેવી હશે?

4.ગાય આધારિત કુટીર ઉદ્યોગ માટે સરકારની યોજનાઓ કઈ હશે?

5.ગાય આધારિત કુટીર ઉદ્યોગની ભવિષ્યમાં શી ઉપયોગીતા રહેશે?

6.ગાય આધારિત ગુજરાતમાં ઉપલબ્ધ કુટિર ઉદ્યોગો કયાં-કયાં છે?

□□વિષય વસ્તુ નિરૂપણ:

- પ્રસ્તુત કરતા દ્વારા મેળવેલી માહિતીનું વિશ્લેષણ નીચે મુજબ કરવામાં આવેલું હતું.

□□ગાય આધારિત કુટિર ઉદ્યોગ:

- પ્રસ્તુતકર્તાએ વિવિધ સંદર્ભો દ્વારા મેળવેલી માહિતીને આધારે જાણવા મળ્યું કે,ગાય આધારિત કુટીર ઉદ્યોગ એ બેરોજગારી અને ગરીબીના નિવારણ માટે તેમજ આત્મનિર્ભર બનવા અને વિકાસ સાધવા માટે મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે.જેના કારણે ભારતીય અર્થવ્યવસ્થાને યોગદાન મળી રહ્યું છે.
- ગાય આધારિત કુટિર ઉદ્યોગની માહિતી નીચે મુજબ છે.
- ગાય આધારિત કુટીર ઉદ્યોગો એ નાના પાયાના વ્યવસાયો અથવા ઉત્પાદન એકમોનું જૂથ છે.તેનું સંચાલન પરિવારના સભ્યો દ્વારા તેમના ઘરેથી અથવા તો ક્યારેક સામાન્ય રીતે ઘરની નજીકની સંસ્થા દ્વારા કરવામાં આવે છે.
- અહીં ગાય આધારિત કુટીર ઉદ્યોગમાં ઉત્પાદન એકમોના કાચા માલનું મુખ્ય આધાર ગાય હોય એવા ઉદ્યોગોનો સમાવેશ થાય છે.
- ઈ.સ.1948માં દેશમાં કુટીર ઉદ્યોગ બોર્ડની સ્થાપના થઈ.પ્રથમ પંચવર્ષીય યોજના સમયે તેના વિકાસના હેતુથી 42 કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા.
- ગાય આધારિત નાના પાયાના ઉદ્યોગોએ ભારતીય અર્થતંત્ર અને ભારતના ગ્રામીણ અને ઉપનગરીય વિસ્તારોમાં રોજગાર નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવી છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

- ભારતમાં ગાય આધારિત કુટીર ઉદ્યોગોએ દેશના સામાજિક વિકાસમાં ફાળો આપ્યો છે, જેનાથી આવક અને સંપત્તિની વૃદ્ધિ સુનિશ્ચિત થઈ છે.
- 2000 થી ભારતમાં 30 ઓગસ્ટના દર વર્ષે 'રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ દિવસ' મનાવવામાં આવે છે.
- ભારત વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ છે.દૂધ ઉત્પાદન એ રોજગારી માટે સીધો વ્યવસાય છે.
- ગાય એકમાત્ર એવું જીવ છે,જેના ઉત્સર્જિત પદાર્થોમાંથી પણ રોજગારના અનેક વિકલ્પો જેવા કે,છાણ અને ગૌમૂત્રમાંથી દીવા,અગરબત્તી,કાગળ,જૈવિક ખાતર,ધૂપ,વૈદિક સાબુન, સુશોભનની વસ્તુઓ,લાકડા,આર્યુવેદિક ઔષધી,બાયોગેસ, હાઈડ્રોજન,જૈવિક ઇંધણ વગેરે જેવા અનેક ઉત્પાદન એકમો ઉપલબ્ધ છે.

□□ગાય આધારિત કુટિર ઉદ્યોગનું મહત્વ:

- 2000થી ભારતમાં 30 ઓગસ્ટના દર વર્ષે 'રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ દિવસ' મનાવવામાં આવે છે.આ ભારતીય અર્થવ્યવસ્થામાં નાના વ્યવસાયોના મહત્વને સમજાવવા માટેની લઘુ ઉદ્યોગ મંત્રાલયની પહેલ હતી.
- ગાય આધારિત કુટીર ઉદ્યોગનું મહત્વ નીચે મુજબ છે.
- લોકોની આવકમાં ઝડપી વધારો કરવા માટે તેમજ તેમના જીવન ધોરણ સુધારવા માટે ગાય આધારિત કુટીર ઉદ્યોગો પાયાની ભૂમિકા ભજવે છે.
- ગાય આધારિત કુટીર ઉદ્યોગ કે ગૃહ ઉદ્યોગો દ્વારા દેશની સભ્યતા અને સંસ્કૃતિ સુરક્ષિત રહે છે કારણ કે, મોટાભાગે કુટીર ઉદ્યોગ દ્વારા કલાત્મક અને પરંપરાગત વસ્તુઓ બનાવવામાં આવે છે.
- ગાય આધારિત કુટીર ઉદ્યોગનું મુખ્ય હેતુ પ્રાકૃતિક વસ્તુઓનું શ્રેષ્ઠ ઉપયોગ કરવું છે.
- ગાય આધારિત કુટીર ઉદ્યોગો રોજગારીની તકોમાં વૃદ્ધિ કરવા માટે અને બેરોજગારીના નિવારણ માટે મહત્વની ભૂમિકા ભજવે છે.
- ગાય આધારિત કુટીર ઉદ્યોગો ઉત્તરોતર રોજગારી સર્જનની ક્ષમતા વધારતા રહ્યા છે.જે ભારત જેવા દેશો કે જેમાં અતિવસ્તી અસ્તિત્વ ધરાવે છે,તેના માટે આશીર્વાદરૂપ છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

- ભારત દ્વારા જે નિકાસો કરવામાં આવે છે,તેમાં ગાય આધારિત નાના પાયાના ઉદ્યોગોનો ફાળો નોંધપાત્ર છે.ગાય આધારિત નાના પાયાના ઉદ્યોગોની નિકાસ એ ભારતની વસ્તુઓ અને સેવાઓની વિદેશોમાં વધતી માંગ ઉપરાંત ભારત માટે તે વિદેશી હૂંડિયામણની આવક સર્જે છે.
- ગાય આધારિત નાના પાયાના ઉદ્યોગો જે મુખ્યત્વે શ્રમ પ્રધાન પદ્ધતિનો ઉપયોગ કરતા હોય છે,જેના કારણે છેવાડાના માણસો જે મોંઘા મશીનો કે યંત્રો ખરીદી,મૂડી રોકાણ નથી કરી શકતા એમના માટે પણ રોજગારીની તક ઉપલબ્ધ કરાવે છે.
- ગાયના છાણમાંથી બનાવવામાં આવેલ વૈદિક પ્લાસ્ટર અને વૈદિક કલર દ્વારા ઘરની આબોહવા અને વાતાવરણ શુદ્ધ રહે છે.તેમજ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને જાળવી રાખવા માટે એક ડગ માંડી શકાય છે.
- પ્લાસ્ટિક અને પીઓપીની તુલનાએ ગાયના છાણમાંથી બનાવેલી જુદી જુદી વસ્તુઓ જ્યારે તૂટે છે, કે જ્યારે તેનું નાશ થાય છે. ત્યારે પણ એ પ્રકૃતિને હાની પહોંચાડતી નથી.
- ગાય આધારિત જુદી જુદી વસ્તુઓ માનવ સ્વાસ્થ્ય માટે અને પ્રકૃતિ માટે લાભદાયી છે.
- ગાયના છાણમાંથી બનેલા લાકડાના ઉપયોગથી વૃક્ષોને બચાવી શકાય છે.

□□ગાય આધારિત કુટીર ઉદ્યોગમાં આયાત નિકાસ થતી જુદી જુદી વસ્તુઓ અને તેની બનાવટો:

- ગાય એક માત્ર એવો જીવ છે જેના ઉત્સર્જિત પદાર્થોને પણ ઉપયોગમાં લેવામાં આવે છે. ગાય આધારિત કુટીર ઉદ્યોગમાં આયાત નિકાસ થતી જુદી જુદી વસ્તુઓ અને તેની બનાવટો વિશેની માહિતી નીચે મુજબ છે.
- **બનાવટ: વૈદિક પેન્ટ**
- **બનાવવાની રીત**: ગાયના છાણને ડ્રાયરમાં નાખી,તેના 40% પાણીને અલગ કરી ત્યારપછી એ પાણીમાં રંગદ્રવ્ય,ચૂનો ભેળવી પેન્ટ તૈયાર કરવામાં આવે છે.
- **ઉપયોગ**:આ પેન્ટ ઇકો ફ્રેન્ડલી હોવાની સાથે સાથે રસાયણ રહીત હોવાથી મોટા પ્રમાણમાં પસંદ થઈ રહ્યું છે.
- **બનાવટ: છાણ પાવડર**
- **બનાવવાની રીત**:છાણનું સૂકો પાવડર બનાવવા માટે ગોબર ડ્રાયર મશીનનો ઉપયોગ કરવામાં આવે છે.આ મશીનની મદદથી ગોબરનો સૂકો પાવડર અને પાણી અલગ-અલગ થઈ જાય છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

- **ઉપયોગ**: ફૂલઝાડના કૂંડા, ખાતર, અગરબત્તી, ધૂપ વગેરે બનાવવામાં ઉપયોગી છે.
- **બનાવટ: ફૂલઝાડના કૂંડા**
- **બનાવવાની રીત**: 80% છાણમાં 20%કાળી માટી અથવા પીળી માટીનો ઉપયોગ કરી,મિશ્રણ તૈયાર કરવામાં આવે છે.ત્યારપછી આ મિશ્રણ દ્વારા મશીનની મદદથી કૂંડા બનાવવામાં આવે છે.
- **ઉપયોગ**: અન્ય કૂંડાની સરખામણીમાં ગાયના છાણમાંથી બનેલા કૂંડા વૃક્ષને કુદરતી રીતે મોટું કરવામાં ઉપયોગી છે.તે ઉપરાંત જ્યારે કૂંડા તૂટી જાય ત્યારે પણ અન્ય કૂંડાની જેમ એ પ્રકૃતિને નુકસાન પહોંચાડતાં નથી.
- **બનાવટ: દીવા**
- **બનાવવાની રીત**:ગોબરમાંથી દીવા,દીવા બનાવવાની મશીનથી બનાવવામાં આવે છે.તેને સૂકવી સાદા અથવા કલર કરીને વેચવામાં આવે છે.
- **ઉપયોગીતા**: ધાર્મિક તહેવારો, પૂજામા તેનો ઉપયોગ કરવામાં આવે છે.
- **બનાવટ: ધૂપ**
- **બનાવવાની રીત**: ગાયના ગોબરને સૂકવીને પછી પીસવામાં આવે છે,અને તેમાં ઘી,ચંદન પાવડર અને ધૂપ મસાલા મિશ્રણ કરી ધૂપ બનાવવામાં આવે છે.
- **ઉપયોગ**: હવન, પૂજા, ધાર્મિક વિધિઓ તેમજ વાતાવરણને શુદ્ધ અને પવિત્ર બનાવવા માટે કરવામાં આવે છે.
- **બનાવટ: કાગળ**
- **ઉપયોગ**: વૃક્ષોમાંથી બનતા કાગળની સરખામણીએ પ્રકૃતિનો નાશ થતાં અટકાવવા માટે ગાયના છાણમાંથી બનાવેલા કાગળ ખૂબ જ ઉપયોગી છે.
- **બનાવટ: જૈવિક ખાતર**
- **ઉપયોગ**: ગાયના છાણમાંથી બનાવવામાં આવેલ જૈવિક ખાતરનો ઉપયોગ ખેતરો,નર્સરી, તેમજ ઘરોમાં વૃક્ષારોપણ માટે થાય છે.
- **બનાવટ:વર્મી કંપોસ્ટ ખાતર**
- **ઉપયોગ**: વર્મી કંપોસ્ટ ખાતરથી પાકની ઉપજ વધે,ગુણવતા સુધરે અને જમીનની ફળદ્રુપતા વધે છે.
- **બનાવટ: વૈદિક પ્લાસ્ટર**

- **ઉપયોગ**: ગાયના છાણથી તૈયાર થયેલું વૈદિક પ્લાસ્ટર એવું પદાર્થ છે,જે ઘરની દીવાલો ઉપર અને જમીન પર ઉપયોગ કરવામાં આવે છે.તેના પ્રયોગથી ઘરમાં ઠંડી-ગરમીનુ તાપમાન સપ્રમાણ જળવાઈ રહે છે.અને ઘરની આબોહવા અને વાતાવરણને એ શુદ્ધ રાખે છે.
- **બનાવટ: ઈંટ**
- **બનાવવાની રીત:** 90% છાણ અને 10% ચૂનાના મિશ્રણથી બીબાની મદદથી ઈંટ તૈયાર કરવામાં આવે છે.
- **ઉપયોગ**: ગાયના છાણમાંથી બનાવેલી ઈંટને વૈદિક ઈંટ પણ કહે છે.આ ઈંટ સામાન્ય ઇંટથી વજનમાં 10 ઘણી હલ્કી હોય છે, અને સામાન્ય ઇંટ જેટલી જ મજબૂત હોય છે.
- **બનાવટ: અગરબત્તી**
- **બનાવવાની રીત**: ગાયના છાણને સૂકવી તેનો પાવડર બનાવી પીસવામાં આવે છે.ત્યારપછી તેમાં ઘી,ચંદન પાવડર ભેળવી પેસ્ટ તૈયાર કરવામાં આવે છે.અને **અગરબત્તી** મેકિંગ મશીન દ્વારા અગરબત્તી તૈયાર થાય છે.
- **ઉપયોગ**:અન્ય **અગરબત્તીની** સરખામણીએ ગાયના છાણથી બનેલી **અગરબત્તી** વાતાવરણને વધુ શુદ્ધ કરવામાં તેમજ માનવ શ્વાસ- ઉચ્છવાસની ક્રિયા માટે લાભદાયી છે.
- **બનાવટ: વૈદિક સાબુન**
- બનાવવાની રીત: આ સાબુન બનાવવા માટે નિશ્ચિત પ્રમાણમાં કપૂર,હળદર,લીમડાનો તેલ, સરસોનો તેલ,નારીયલનો તેલ,લીંબુનો પાવડર વગેરે ઉમેરી અને સાબુન તૈયાર કરવામાં આવે છે.
- **ઉપયોગ**: બજારમાં મળતા અન્ય સાબુનની સરખામણીએ ગાયના ગોબરથી બનાવેલો સાબુન અનેક રાસાયણિક **પ્રક્રિયાઓથી** મુક્ત,કુદરતી રીતે બનાવેલો હોવાથી **પ્રાકૃતિક** સૌંદર્ય તેમજ ચામડીના રોગો માટે ઉપયોગી છે.
- **બનાવટ: સુશોભનની વસ્તુ**
- **બનાવવાની રીત**: વિવિધ પ્રકારના બીબાની મદદથી સુશોભનની **સામગ્રી** તૈયાર કરવામાં આવે છે.તૈયાર થયેલી **સામગ્રીને** કલર દ્વારા વધુ આકર્ષક બનાવવામાં આવે છે.
- **ઉપયોગ**:ગાયના છાણમાંથી બનતી સુશોભનની વસ્તુઓ જુદા જુદા સ્થાને સુશોભન માટે ઉપયોગમાં લેવાય છે.તેમજ તેનો ઓનલાઈન અને ઓફલાઈન વેચાણ કરી શકાય છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

- **બનાવટ: લાકડા**
- **બનાવવાની રીત:**મશીનની મદદથી છાણને ધક્કો આપી ગોબરની લાકડી બનાવવામાં આવે છે.
- **ઉપયોગ:**છાણની લાકડીનો ઉપયોગ અગ્નિસંસ્કાર જેવી અંતિમક્રિયા સમયે કરવામાં આવે છે. જેનાથી વૃક્ષોને કાપતા બચાવી પ્રકૃતિને બચાવી શકાય છે.
- **બનાવટ: ગોબર ગેસ પ્લાન્ટ**
- **ઉપયોગ:**ડેરી અને પશુપાલનની સાથે ગોબર ગેસ પ્લાન્ટ લગાડી વધુ ફાયદો મેળવી શકાય છે. તૈયાર ગેસને પોતે ઉપયોગ કરી શકાય તેમજ આસપાસના ઘરોમાં વિતરણ પણ કરી શકાય.
- **બનાવટ: મચ્છર કોઈલ**
- **બનાવવાની રીત:**ગાયના ગોબરમાં લીમડાનાપાંદડાનો પાવડર,કપૂર વગેરથી કોઈલ બનાવવાના મશીન દ્વારા **મચ્છર** કોઈલ તૈયાર થાય છે.
- **ઉપયોગ:** મચ્છરને ભગાડવા માટે જે જુદી જુદી સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે.તે માનવ શરીર માટે હાનિકારક છે.એ માટે ગાયના ગોબરથી બનેલી કોઈલની માંગ વધી રહી છે.
- **બનાવટ: પ્રાકૃતિક ખેતી**
- **ઉપયોગીતા:**પ્રાકૃતિક ખેતીથી ભૂમિની ભેજ સંગ્રહ ક્ષમતા, ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતામાં વધારો થઈ શકે છે.અને એક દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રથી 30 એકર જમીનમાં ખેતી થઈ શકે છે.
- **બનાવટ: દૂધ અને તેની બનાવટો**
- **ઉપયોગ:**દૂધ ઉપરાંત દૂધમાંથી દહીં,છાશ,ઘી,પનીર,શિખંડ,પેંડા જેવી અનેક મીઠાઈઓ વગેરે બનાવી કુટીર ઉદ્યોગ દ્વારા વહેંચી લોકો પોતાની આજીવિકા ચલાવે છે.
- આ ઉપરાંત રાજકોટ શહેરમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું ગૌ TECH -2023 પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.આ **પ્રદર્શનમાં** ગાય આધારિત અનેક પ્રકારના કુટીર ઉદ્યોગોને કેન્દ્રમાં રાખવામાં આવ્યું હતું.જેમાં છાણમાંથી દીવા,સુશોભનની વસ્તુઓ,કાનની બુટ્ટી, ચમ્પલથી માંડીને આસન,મોબાઈલ સ્ટેન્ડ,ફીનાઇલ,ઔષધીઓ, જુદા જુદા **પ્રકારના** ઘી,ફોટો- ફ્રેમ જેવી અનેક વસ્તુઓનો સમાવેશ થયો હતો.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

□□ગાય આધારિત કુટીર ઉદ્યોગ માટે સરકારની જુદી જુદી યોજનાઓ :

- વર્તમાન ભારતમાં ગાય આધારિત કુટીર ઉદ્યોગ માટે ઘણી તકો છે.વર્તમાન નીતિઓ દ્વારા ગાય આધારિત અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવા ભારત સરકાર કટિબંધ છે.ગાય આધારિત કુટિર ઉદ્યોગ માટે સરકારની જુદી જુદી યોજનાઓ નીચે મુજબ છે.
- ગૌ પાલનને પ્રોત્સાહન આપવા માટે સરકારે ગાયના ગોબરથી બનેલા પદાર્થોને ટેક્સ ફ્રી કર્યા છે.
- સરકારે એવી નીતિ બનાવી છે કે,છાણથી બનેલા પદાર્થોને વિદેશોમાં નિકાસ કરવા માટે લાઇસન્સની જરૂર રહેશે નહીં.
- ગોબર ગેસ પ્લાન્ટ લગાડવા માટે સરકાર સબસીડી આપે છે.
- ગાય નિભાવ ખર્ચ સહાય યોજના અંતર્ગત ગાયના નિભાવ ખર્ચ માટે દર મહિને રૂપિયા 900 અને વર્ષે 10800 ની સહાય સરકાર આપે છે.
- 12 દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપવાની સહાય યોજના અંતર્ગત સરકાર દ્વારા પાંચ વર્ષ સુધી 7.5% વ્યાજની સહાય આપવામાં આવે છે.
- ખાણદાણ સહાય યોજના અંતર્ગત તો 250 કિલોગ્રામ ખાણદાણની સહાય આપવામાં આવે છે.
- મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના હેઠળ પ્રત્યેક પશુ દિઠ પ્રતિદિન રૂપિયા 30 લેખે સહાય આપવામાં આવે છે.
- પ્રાકૃતિક ખેતી કરનારા ખેડૂતોને મહિને રૂપિયા 900 અને વર્ષે 10800ની સહાય આપવામાં આવે છે.
- પશુના રહેઠાણ કેટલ સેડ સહાય યોજના અંતર્ગત 36000 સહાય અને 75% સબસીડીની સહાય આપવામાં આવે છે.
- દૂધ અને દૂધના અલગ અલગ ઉત્પાદનનો ધંધો કરવા માટે Dairy Entrepreneurship Development scheme(DEDS) અંતર્ગત વિવિધ સહાયો મળે છે.

□□ગાય આધારિત કુટીર ઉદ્યોગની ભવિષ્યગામી ઉપયોગીતા:

- ગાય આધારિત કુટીર ઉદ્યોગનું મહત્વ દિવસે-દિવસે વધી રહ્યું છે.ભારત સરકાર પણ ગાય આધારિત કુટીર ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે પ્રયાસો હાથ ધરી રહી છે ત્યારે,ગાય આધારિત કુટીર ઉદ્યોગની ભવિષ્યગામી ઉપયોગીતા નીચે મુજબ છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

- ગાય આધારિત નાના પાયાના ઉદ્યોગો જે શ્રમ પ્રધાન ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ કરતા હોય છે,તેમનો વ્યાપ વધારવાથી રોજગારીના પ્રમાણમાં નોંધપાત્ર ફેરફાર લાવી શકાશે.
- ગાય આધારિત કુટીર ઉદ્યોગ દ્વારા બનતી વસ્તુઓ માનવીય સ્વાસ્થ્ય અને પ્રકૃતિ માટે લાભદાયી નિવડશે.
- પ્લાસ્ટિક અને પીઓપીની બનાવટો પર્યાવરણ માટે બોજરૂપ છે.તેનાથી ભવિષ્યમાં આવનારી સમસ્યાઓ રોકવા માટે ગાય આધારિત બનાવટો એકમાત્ર વિકલ્પ બની રહેશે.
- ગાય જ્યારે દૂધ આપવાનું બંધ કરે ત્યારે તેના ઉત્સર્જિત પદાર્થોમાંથી પણ જુદી જુદી વસ્તુઓ બનાવીને ગૌમાતાની ઉપેક્ષા થતા બચાવી શકાશે.
- ડિજિટલ માર્કેટિંગ દ્વારા પર્યાવરણની સુરક્ષા કરીને આયાત નિકાસ દ્વારા કમાણી કરી શકાશે.
- ગૌમૂત્ર,છાણ દ્વારા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાથી રખડતા ઢોરની સમસ્યા હલ થશે.
- પાંજરાપોળ સમૃદ્ધ થશે.
- માર્ગ અકસ્માતો અટકશે.
- ગાય નો અર્થ માત્ર દૂધ જ નહીં પરંતુ ગાય આધારિત ઉદ્યોગોના માધ્યમ તરીકે મૂત્ર અને છાણની જીડીપી વધારી શકાશે.
- ભારતીય સંસ્કૃતિની 'ગૌ સેવા' નો ખ્યાલ સાકાર થશે.
- પ્રાકૃતિક ખેતીથી રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનો ખર્ચ ઘટશે.જમીનની ફળદ્રુપતા, પોષક તત્વોની ઉપલબ્ધતા વધશે.
- પર્યાવરણ અને માનવીય સ્વાસ્થ્યનું રક્ષણ,પોષણ અને સંવર્ધન થશે.
- અગ્નિસંસ્કાર સમયે ઉપયોગમાં લેવાતા લાકડા વૃક્ષોને કાપીને ઉપયોગમાં લેવાય છે.જે પર્યાવરણનું નાશ કરે છે.પ્રકૃતિને બચાવવા માટે ગોબરની બનેલી લાકડી યોગ્ય વિકલ્પ બની રહેશે.
- ગાય અને દેશ સ્વાવલંબનનું નિર્માણ કરશે.
- આમ,ગાય આધારિત કુટિર ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાથી ગરીબી અને બેરોજગારીની સમસ્યાને ઉકેલી શકાશે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

□□ગુજરાતમાં ઉપલબ્ધ કુટિર ઉદ્યોગ:

- ભારત વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ છે.દૂધ ઉત્પાદન એ ગ્રાહકો માટે સીધો વ્યવસાય છે.તેમ છતાં,દૂધ ઉપરાંત પણ ગાયના ઉત્સર્જિત પદાર્થોમાંથી અનેક બનાવટો બનાવી ગુજરાતમાં કુટીર ઉદ્યોગો ચાલે છે.ગુજરાતમાં ઉપલબ્ધ કુટીર ઉદ્યોગો નીચે મુજબ છે.
- 1. કામધેનુ ગૌશાળા,ગોપી મંગલમ જૂથ- જુનાગઢ.
- 2. કિસાન ગૌશાળા- રાજકોટ
- 3. ગીર ગૌ જતન સંસ્થા- 45 પ્રકારના ઘી બનાવે છે- ગોંડલ
- 4. શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ- કુકમા
- 5. માધાપર ડેરી(મધર ડેરી દ્વારા)

□□અભ્યાસના તારણો:

1.ગરીબી અને બેરોજગારીના નિવારણ માટે તેમજ ભારતીય અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવા માટે ગાય આધારિત કુટીર ઉદ્યોગોની ભૂમિકા મુખ્ય જોવા મળે છે.

2.રોજગારી સર્જનની ક્ષમતા વધારવા,પ્રાકૃતિક વસ્તુઓના શ્રેષ્ઠ ઉપયોગ દ્વારા દેશની સભ્યતા અને સંસ્કૃતિને સુરક્ષિત કરવામાં ગાય આધારિત કુટીર ઉદ્યોગો ખૂબ મહત્વના છે.

3. પર્યાવરણના બચાવ અને માનવ સ્વાસ્થ્ય માટે ગાય આધારિત કુટીર ઉદ્યોગો મહત્વની ભૂમિકા ભજવે છે.

4.ગાયના ઉત્સર્જિત પદાર્થોમાંથી કાગળ,જૈવિક ખાતર,વર્મી કમપોસ્ટ ખાતર,વૈદિક પ્લાસ્ટર, અગરબત્તી,વૈદિક સાબુન,સુશોભનની વસ્તુઓ,ઈંટ,લાકડા,ગોબર ગેસ પ્લાન્ટ,મચ્છર કોઈલ,પ્રાકૃતિક ખેતી,દૂધ અને તેની બનાવટો,ઔષધીઓ વગેરે જેવી અનેક વસ્તુઓના ઉત્પાદન દ્વારા રોજગારીની વિવિધ તકો ઉપલબ્ધ છે.

5.સહાય યોજનાઓ દ્વારા કુટીર ઉદ્યોગના નિભાવ ખર્ચ માટે ગાય આધારિત અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવા માટે ભારત સરકાર કટિબંધ છે.

6.ભવિષ્યમાં ઊભી થનારી અનેક સમસ્યાઓના નિવારણ માટે ગાય આધારિત બનાવટોનો ઉપયોગ જ યોગ્ય વિકલ્પ રહેશે.

7.ડિજિટલ માર્કેટિંગ દ્વારા ગાય આધારિત કુટીર ઉદ્યોગોમાં બનતી જુદી-જુદી વસ્તુઓ વિદેશોમાં આયાત નિકાસ કરી વિદેશી આવકના સ્ત્રોત પ્રાપ્ત થયા છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

૪.અકસ્માતો અટકાવવા અને પાંજરાપોળને સમૃદ્ધ બનાવવા માટે ગાય આધારિત કુટીર ઉદ્યોગને પ્રોત્સાહન આપવું જરૂરી છે.

□□સંદર્ભ:

I. આચાર્ય, મોહિની(૨૦૦૮), શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, અમદાવાદ: અક્ષર પબ્લિકેશન.

II. ઉચાટ, ડી.એ(૨૦૦૪), સંશોધન સમસ્યા પસંદગીના સૈદ્ધાંતિક અને વ્યવહારુ આધારો,રાજકોટ: પારસ પ્રકાશન.

III. https://youtu.be/U7xxxe7lxrM?feature=shared

IV. https://youtu.be/NSVScee5KKc?feature=shared

V. https://youtu.be/9RE5RhtZj-k?feature=shared

VI. https://youtu.be/Pe9fdCzJ3_Y?feature=shared

VII. https://youtu.be/FzG0ruv0cZ0?feature=shared

VIII. https://youtu.be/FIskuMDhBQ0?feature=shared

IX. https://youtu.be/3bVU7tVw4Sk?feature=shared

X. https://youtu.be/WIM3sdBlkFM?feature=shared

XI. https://youtu.be/TNxvRQ6HOc0?feature=shared

XII. https://youtu.be/g3w1h0-PThM?feature=shared

XIII. https://youtu.be/JYm3v1r4JBA?feature=shared

XIV.https://youtu.be/-EPiC2RaxLk?feature=shared

XV. https://youtu.be/38iXdLLN0Co?feature=shared

XVI. https://youtu.be/C7Ol80UPsGg?feature=shared

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

યુવરાજસિંહ રાજેન્દ્રસિંહ પરમાર

તાલીમાર્થી, જિલ્લા શિક્ષણ અને તાલિમ ભવન , ભુજ

Email – yuvrajsinh3007@gmail.com

ગાય અને જનજીવન

સારાંશ :

ગાય અને જનજીવનના આધારિત સંશોધન પત્રમાં માનવજીવનને લગતા અગત્યના પાસાઓની ચર્ચા અહીં કરવામાં આવી છે.જનજીવનને જે ગાય અને ગાયની પેદાશો જેમ આશીર્વાદ રૂપ છે તે અંગેનો અભ્યાસ અને ચર્ચાઓની પ્રસ્તુતિ અહીં વિસ્તૃત રૂપે કરવામાં આવી રહી છે. માનવીની જે જરૂરિયાતો છે એ પૈકી પ્રાથમિક જરૂરિયાતો રોટી, કપડા અને મકાન તેને ગાય અને ગાયની પેદાશો કેવી રીતે પ્રભાવિત કરે છે અને કેવી રીતે જે માનવ જીવન છે એને સુમેળ ભર્યું કરે છે તે અંગેની અભ્યાસની વિસ્તૃત સમજ અહીં આપવામાં આવી છે.

શબ્દસૂચક :જનજીવન, પ્રાથમિક જરૂરિયાત,ગાયની પેદાશો.

પરિચય :

પુરાણોમાં ગાયની ઉત્પત્તિની અનેક કથા જોવા મળે છે. જેમાંથી એક કથા પ્રમાણે, જયારે બ્રહ્માજી એકમુખથી અમૃતપાન કરતા હતાં ત્યારે બીજા મુખમાંથી કેટલાંક અમૃતના ટીપા બહાર આવ્યા હતાં. આ ટીપા વડે સુરભી ગાયની ઉત્પત્તિ થઈ હોવાનું મનાય છે, એક બીજા મત પ્રમાણે ગાયની ઉત્પત્તિ સમુદ્રમંથન દરમિયાન ચૌદ રત્ન સાથે થઇ હોવાનું મનાય છે. અન્ય મત મુજબ સુરભી વડે કપિલા ગાયની ઉત્પત્તિ થઈ હતી જેના દૂધ વડે ક્ષીરસાગરનું પ્રાદુર્ભાવ (પ્રગટ થવું) થયું હતું.

આ તો વાત થઈ ગાય માતાના ઉદભવ વિશેની પણ ગાયનું મહત્વ માનવ સમાજના જનજીવનમાં શું છે એ અંગે વાત કરીએ તો ગાયએ સમાજનું અવિભાજ્ય અંગ છે,ગાયએ સંતતિનો મૂળ છે, ગાયએ સર્જનનું મૂળ છે,ખેતીનો આધાર છે, યોગીઓની સાધના નો આધાર છે, સંસારીઓનું પ્રાણ છે. માનવજનજીવન અને ગાય સાથે અતૂટ નાતો છે.

ગાય અને જનજીવન :

મહાભારતમાં કહ્યું છે કે “ગૌધન એ રાષ્ટ્રધન” પ્રાચીન સમયમાં કોઈ પણ વ્યક્તિ પાસે જેટલી વધારે ગાયો હોય, તે વ્યક્તિ એટલી જ વધારે ધનવાન માનવામાં આવતી હતી. ગોપાલ ચંપુમાં ઉલ્લેખ છે, કે નંદબાબા પાસે નવલાખ ગાયો હતી. મત્સ્યરાજ વિરાટ પાસે સાઠ હજાર ગાયો હતી.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ગાયવિશ્વનીમાતાછે"गावोविश्वस्यमातरः"સૂર્ય, વરુશ, વાયુ વગેરે દેવતાઓને યજ્ઞ, હવન ધ્વારા આપવામાં આવેલ આહુતિથી જે આહાર અને બળ મળે છે, તે ગાયના ઘી થી જ મળે છે. ગાયના ઘી ધ્વારા જ યજ્ઞમાં આહુતિ આપવામાં આવે છે, જેના દ્વારા સૂર્યના કિરણો પુષ્ટ બને છે, કિરણો પુષ્ટ બનવાથી વર્ષા થાય છે અને વર્ષાથી તમામ પ્રકારનું અનાજ, વનસ્પતિ, ઘાસ વગેરે પેદા થાય છે, જેનાથી સંપૂર્ણ પ્રાણી જગતનું પોષણ થાય છે.

આપણાં શાસ્ત્રોમાં મહિમામય અને હંમેશા બધી રીતે ઉપયોગી એવી ગામાતાને પ્રણામ કરવાનું વિધાન રહ્યું છે-

त्वंमातासर्वदेवानांत्वंचयज्ञस्यकारणम्।
त्वंतीर्थसर्वतीर्थानांनमस्तेऽस्तुसदानघे ॥

હે નિષ્પાપી ગોમાતા! તૂં તમામ દેવતાઓની પણ માતા છે, યજ્ઞનો આધાર છે અને તૂં જ તમામ તીર્થોમાં તીર્થસ્વરૂપ છે, અર્થાત તને વારંવાર પ્રણામ.

પ્રાચીન સમયથી જ આપણાં દેશમાં ગાય, ગંગા, ગીતા, ગાયત્રી અને ગુરુ સંસ્કૃતિનું પ્રતિક રહ્યા છે. આ પાંચે ચીજો આપણાં તન-મનમાં વસેલી છે. ગાયનું દૂધ આપણાં તન-મનને તંદુરસ્ત બનાવે છે. ગંગા આપણાં તન-મનને નિર્મળ બનાવે છે, ગીતા આપણને શ્રેષ્ઠ ઉદ્દેશવાળું તથા સાર્થક જીવન જીવવાની કળા શીખડાવે છે, ગાયત્રી મંત્ર સૂર્યની ઉપાસનાનો મંત્ર છે, ભગવાન ભાસ્કર જ સમગ્ર પ્રાણીજગત અને વનસ્પતિઓના જીવનના સ્ત્રોત સમાન છે. ગુરુ ડગલેને પગલે જ્ઞાનનો પ્રકાશ આપે છે અને આંગળી પકડી રસ્તો ચીંધે છે.

આપણાં દેશની સંસ્કૃતિ સાથેના ગાય કેમ જોડાયેલી છે? એના પર વિચાર કરવાની આવશ્યકતા છે. આજે ભૈતિક સુખોની આંધળી દોડમાં દોડી રહેલા શિક્ષિત વર્ગને માત્ર શ્રદ્ધા-વિશ્વાસની વાતો સમજમાં આવતી નથી. તેમને ગાયની ઉપયોગિતા તાર્કિક રીતે બતાવવાથી જ સમજમાં આવશે. ગાયનું મહત્વ તાર્કિક રીતે સમજવા માટે આપણે એ જોવું તથા સમજવું પડશે કે ગૌવંશ ન માત્ર ધાર્મિક દ્રષ્ટિએ પૂજનીય છે, પરંતુ આર્થિક દ્રષ્ટિએ પણ સમૃદ્ધિનો આધાર છે. સરળતાની દ્રષ્ટિએ આપણાં જીવનમાં તેના યોગદાનને ત્રણભાગમાં વિભાજીત કરી શકાય.

૧. ગાય આપણાં ધર્મ અને મોક્ષનો આધાર છે.
૨. ગાય આપણાં આરોગ્યનો આધાર છે.
૩. ગાય આપણી આર્થિક સમૃદ્ધિનું મુખ્યસ્ત્રોત છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

અહીં માત્ર આરોગ્ય અને સમૃદ્ધિ સંબંધી માહિતિ આપવામાં આવી રહી છે, કારણ કે એકતો એ, કે ધર્મ અને મોક્ષથી શાસ્ત્રો તથા ગ્રંથો ભરેલા પડયા છે, ગાય અને જનજીવન અંગેનો અતૂટ નાટો જોતા અને કેટલાક નીચેના પાસાઓનો અભ્યાસ કરી આપણે જનજીવનને ગાય અને ગાયની પેદાશો એ કેવી રીતે આશીર્વાદરૂપ છે તે અંગે જોઈએ

રહેઠાણ :

માનવીની પ્રાથમિક જરૂરિયાતમાં રોટી કપડા અને મકાનનો સમાવેશ થાય છે.પ્રાથમિક જરૂરિયાતોના ત્રણેય પાસાઓનું ગાય અને તેની પેદાશો સાથે સુમેળ કરી શકાય છે. વર્તમાનમાં રાજસ્થાનના બિકાનેર તાલુકાના સોભાસર ગામમાં સ્થિત વૈદિક પ્લાસ્ટર ફેક્ટરી દ્વારા ગાયના છાણથી ઈટ બનાવવામાં આવે છે. વૈદિક પ્લાસ્ટિક ફેક્ટરીમાં ડોક્ટર શીવદર્શન મલિક દ્વારા જે ફેક્ટરીના સ્થાપક છે તેમના દ્વારા જણાવવામાં આવ્યુ કે છાણ,મિટ્ટી અને ચૂનાના મિશ્રણ દ્વારા ઈટ બનાવવામાં આવે છે. આ ઇટની વિશેષતા એ છે કે તે 0% કાર્બનનો ઉત્સર્જન કરે છે. ગાયના છાણથી બનેલી એક ઇટમાં 700 ગ્રામ કાર્બન શોષવાની શક્તિ હોય છે. આવી રીતે છાણથી બનેલા ઘરની વિશેષતા એ છે કે તે ગરમીના દિવસોમાં ઠંડા અને ઠંડીના દિવસોમાં ગરમ રહે છે. આ ઘરની મજબૂતાઈની વાત કરીએ તો ડોક્ટર શ્રી શિવદર્શન માલિકે જણાવ્યું છે કે આ ઇટની મદદથી 15 માળ સુધીની ઇમારત બનાવી શકાય છે. ઉદાહરણ આપતા જણાવ્યું હતું કે શિવમસીટી જે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સ્થાન પામ્યું છે ત્યાં 15 મી સદીમાં બનેલા 7 થી 11 માળના મિટ્ટીથી બનેલા મકાન મળ્યા છે. જે મકાનની મજબૂતાઈ દર્શાવે છે. સંશોધનમાં એવું પણ જાણવા મળ્યું કે આ રીતે બનેલા ઘરમાં વસતા લોકોમાં હેપ્પી હોર્મોન્સનું પ્રમાણ વધુ હોય છે. તેથી વર્તમાનમાં માણસોમાં જોવા મળતી માનસિક રોગોની બીમારીથી આવા રહેઠાણ દ્વારા મુક્તિ મળી શકે છે. આવું રહેઠાણ માનવીના જનજીવનને હકારાત્મક અને તંદુરસ્ત બનાવે છે.

ઘર સુશોભનની વસ્તુઓ :

ગાયમાંથી મળતા છાણનો ઉપયોગ આજના સમયમાં ઘર સુશોભનની વસ્તુઓ માટે પણ કરવામાં આવે છે. ગાયના છાણમાંથી દિવાલ ઘડિયાળ, તોરણ, ફૂલદાની, રાખડી, ફોટોફ્રેમ તેમજ ગાયના છાણમાંથી વિવિધ મૂર્તિઓ પણ બનાવવામાં આવે છે. આ ગાયના છાણમાંથી બનતી મૂર્તિઓ ઇકો ફ્રેન્ડલી પણ હોય છે જે આજના સમયમાં તેની ખૂબ જ વધારે જરૂર છે. તમામ પ્રકારની વસ્તુઓ જે ઘરને સુશોભિત કરવા માટે જરૂરી છે. તે તમામ પ્રકારની વસ્તુઓ ગાયના છાણ દ્વારા બનાવી શકાય છે. ગાયના છાણમાંથી મોબાઈલ માટેની એક ચીપ પણ બનાવવામાં આવે છે આ ચીપના કારણે

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

મોબાઇલમાંથી નીકળતા રેડીએશન સામે મનુષ્યને રક્ષણ આપે છે. મોબાઈલમાંથી નીકળતા રેડીએશન એ એક સંશોધન અનુસાર ખૂબ જ હાનિકારક છે અને તેનાથી રક્ષણ મેળવવા છાણમાંથી બનાવેલી ચીપ ખૂબ જ અસરકારક નીવડે છે.

પ્રાકૃતિકખેતી :

ખેડૂતોને પાકનો ઉત્પાદન સારું મળે તેના માટે જમીન, સિંચાઈ, આબોહવા વગેરે જેવા પરિબળો ભાગ ભજવે છે. સાથે જે તે પાક માટે ખાતરમાં અગત્યની બાબત છે. સામાન્ય રીતે ખેડૂતો રાસાયણિક ખાતરોનો આડેધર ઉપયોગ કરે છે, પરંતુ રાસાયણિક ખાતરોને પણ કેટલી કહાનિકારક અસરો થાય છે. આવી સ્થિતિમાં, કૃષિ વિજ્ઞાનિકો જૈવિક ખાતર ઉપયોગ માટે આગ્રહ રાખે છે. ગાયનાં છાણ અને મૂત્રમાંથી બનાવવામાં આવતું ખાતર એ પાક માટે સર્વશ્રેષ્ઠ ખાતર છે તેવું વૈજ્ઞાનિકોએ સાબિત કરીને બતાવ્યું છે. દરેક ખેડૂતે પ્રાકૃતિક ખેતી અપનાવવાની જરૂર છે. પ્રાકૃતિક ખેતીએ મૂળભૂત સિદ્ધાંતો આધારિત દેશી ગાયના ગોબર અને ગૌમૂત્ર થકી ઓછા ખર્ચે થતી ખેતી છે. પ્રાકૃતિક ખેતીના કારણે ઘણા બધા લાભો તેની સાથે સંકળાયેલા છે, ભૂમિની ભેદ સંગ્રહ ક્ષમતા ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય છે. માત્ર એક દેશી ગાયના ગોબર-ગૌમૂત્રથી 30 એકર જમીનમાં ખેતી થઈ શકે તેમ છે. નહીવત ઉત્પાદન ખર્ચ અને 90% પાણીની બચત થાય છે. તેમજ ગામ અને દેશ સ્વાલંબનનું નિર્માણ પણ થાય છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવવા માટે સૌપ્રથમ ખેડૂતોએ પોતાની ખેતીમાં રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓનો વપરાશ બંધ કરવો જોઈએ અને દેશી ગાયના ગૌમૂત્ર છાણમાંથી તૈયાર કરેલ જીવામૃત/ઘન જીવામૃતનો ઉપયોગ કરી જમીન તૈયાર કરી ત્યારબાદ વાવેતર વખતે પાકના બિયારણ અને બીજા મૃતનો પટ આપી વાવેતર કરો અને પ્રાકૃતિક કૃષિના પાંચ આધાર સ્તંભ મુજબ સંપૂર્ણ ખેતી કરવાથી સારા પરિણામો મળી શકે તેમ છે.

કાગળ :

ગાય છાણનો ઉપયોગ કરીને કાગળ તૈયાર કરી શકાય છે.ગાયના છાણથી કાગળ બનાવવાની ટેકનોલોજી ઓછા ખર્ચે કાગળ બનાવી શકાય છે. છાણમાંથી 7 ટકા કામ આવે છે બાકીનું છાણ ખાતર બનાવવામાં કે ગોબરગેસ પ્લાન્ટ બનાવવા વાપરી શકાય તેમ છે.

ગુજરાતમાં 667 ગૌ શાળામાં 52,428 ગાય અને 283 પાંજરાપોળમાં 1.60 લાખ પશુ મળીને કુલ 814 સંસ્થાઓમાં 2.12 લાખ પશુ છે. બે વર્ષમાં 30 ટકાનો વધારો ગૌશાળા અને પાંજરાપોળમાં થયો છે. જે ખેડૂતો કે પશુપાલકોની ખરાબ હાલત સૂચવે છે. એક કાગળ પ્લાંટ પાછળ ૩.15 લાખનું ખર્ચ

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

થાય તેમ છે. 1 હજાર સંસ્થાઓમાં 150 કરોડમાં તમામ ગૌશાળાઓમાં તે સ્થાપી શાકાય તેમ છે. જયપુરમાં ખાદી ગ્રામોદ્યોગ પંચે ગોવંશના છાણ માંથી કાગળ બનાવવાનું શરૂ કર્યું છે.એક પ્લાન્ટ વડે એક મહિનામાં કાગળની એક લાખ થેલીનું ઉત્પાદન કરી શકાય છે. ખાદી ગ્રામોદ્યોગ પંચ કાગળના પ્લાન્ટ માટે પશુપાલકોને હળવા વ્યાજની લોન આપશે. છાણથી બનેલી નોટબુક હવે શાળામાં મળતી થઈ જશે.

બાયોગેસ પ્લાન્ટ :

સામાન્ય રીતે બાયો એ અંગ્રેજી શબ્દનો અર્થ એટલે જૈવિક પદાર્થ જેવાકે, ઝાડના ડાળ, ફળ, ફૂલ, પાંદડા, બીજ અને આમાંથી માનવ અને પશુનાં આહાર દ્વારા ઉત્પન થતાં કચરાનો પણ સમાવેશ બાયો પદાર્થમાં કરી એછીએ. આવા બાયો પદાર્થના જથ્થાને બાયોમાસ કહીએ છીએ. **બાયોમાસમાંથી જે ગેસ પેદા થાય તેને બાયોગેસ કહિએ છીએ અને પશુના છાણામાંથી જે ગેસ પેદા થાય તેને ગોબર ગેસ કહેવાય છે.** આમ બાયોગેસને ગોબરગેસ, કિચન વેસ્ટગેસ, વગેરે નામથી ઓળખીએ છીએ. આ બાયોગેસ પ્લાન્ટ વાતાવરણમાં ગ્રીન હાઉસ વાયુઓ (ગ્રીનહાઉસ વાયુઓના) ઉત્સર્જન ઘટાડો માટે શ્રેષ્ઠ સાધન ગણવામાં આવે છે. બાયોગેસથી ઘણા ફાયદાઓ થાય છે જેમ કે, બાયોગેસ સસ્તુ અને પ્રદુષણ મુકત બળતણ છે. બાયોગેસનો રસોઈ માટે તેમજ પ્રકાશ માટે ઉપયોગ થાય છે.બાયોગેસથી જનરેટર ચલાવી વિદ્યુત પણ ઉત્પન્ન કરી શકાય છે.બાયોગેસથી સસ્તી, કાયમી અને પ્રદુષણમુકત ઊર્જા મળે છે.કેરોસીન,લાકડા જેવા પરંપરાગત બળતણનો વિકલ્પ છે.એલ.પી.જી. ગેસના બાટલાનો વિકલ્પ પૂરો પાડે છે.

નિષ્કર્ષ :

આ રીતે ઉપર મુજબ જોઈ શકાય કે ગાય દ્વારા મળતી પેદાશો એ માનવ જનજીવન કેવી રીતે પ્રભાવિત કરી શકે છે. માનવીનીપ્રાથમિકજરૂરિયાતો રોટી કપડા મકાન સાથે આપણને ગાય દ્વારા મળતી પેદાશોને મળતી પેદાશોને સાંકળીને પ્રદૂષણ મુક્ત વાતાવરણ ઊભું કરી શકીએ છીએ. ગાયના છાણ દ્વારામકાન, કાગળ, ઘર સુશોભનની વસ્તુઓ, બાયોગેસ પ્લાન્ટ તેમજ પ્રાકૃતિક ખેતી આજે શક્ય બન્યું છે.

સંદર્ભ :

1. સ્વેન એમઆર, લક્ષ્મીનારાયણ કે, રે આરસી. ગાયના છાણના માઇક્રોફ્લોરાથી અલગ થર્મોટોલરન્ટ બેસિલસ સબટિલિસ દ્વારા ફોસ્ફરસ દ્રાવ્યીકરણ.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

2. તાતિરાજુ ડીવી, બગાડે વીબી, કરમ્બેલકર પીજે, જાધવ વીએમ, કદમ વી. નેચરલ બાયોએનહેન્સર્સ: એક વિહંગાવલોકન. જે ફાર્માકોગન ફાયટોકેમ.
3. સ્વામીનાથન સી. 1લી આવૃત્તિ. આંતરરાષ્ટ્રીય પુસ્તક વિતરણ કંપની,પંચગવ્ય: ઓર્ગેનિક ખેતી માટે વરદાન.
4. નૌટિયાલ સીએસ ગાયનું દૂધ એ માઇક્રોબાયલ સંપત્તિનો નવો સ્ત્રોત છે. ભારતીય ગાય સાયન્સ ઇકોન જે.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

MakwanaDhvaniVinodkumar

B.ed Student ,

MaaAashapura College Of Education (Bhuj)

"भारतीय संस्कृति और गाय"

ગાયસાહિત્યમાં એક શક્તિશાળી પ્રતિક છે, જે વિષયો અને વિચારની વિશાળ શ્રેણનું પ્રતિનિધિત્વ કરે છે. ગાયનો પ્રતિકાત્મક અર્થ ફળદ્રુપતા, માતૃત્વ, બલિદાન, પોષણ, ઉદારતા અને જીવન આપનાર ગુણો અને નિર્દોષતા અને શુદ્ધતાનો ઉલ્લેખ કરે છે. પ્રાચીન પૌરાણિક કથાઓમાં ગાયનો દેખાવ માત્ર ઘરેલુ પ્રાણીઓ અને બલિદાન આપનાર માણસો તરીકેના મહત્વને કારણે જ નથી, પરંતુ તે કેવી રીતે વર્તવું અને વિચારવું તે અંગે શિક્ષક તરીકે પણ દેખાય છે. ભારતીય સંસ્કૃતિ ગાયને પરમ સાત્વિક જીવ માને છે.

"गौकीसेवाकरो, रोज नवाओशीश,
खुश होकरदेगी, वेलाखोआशीष।"

પ્રાચીન સાહિત્યમાં એવું માનવામાં આવે છે કે સમુદ્ર મંથન સમય નીકળેલા 14 રત્નોમાં એક ગાય પણ હતી. સંસ્કૃત "ગૌ" શબ્દમાં પૃથ્વી, ગાય, કિરણ, તથા વૃત્તિઓ એ ચારેય ની વ્યંજના રહેલી છે. ગાય ધરતી માતાજેમ જ પૂજાતી હોવાથી હિન્દુઓતેને વધુ માને છે. ધર્મ શાસ્ત્ર કહે છે કે,

" બ્રહ્માએ બ્રાહ્મણ અને ગાયને એકી સાથે પેદા કરવાનું, તેમાં બધા દેવોનો વાસ હોવાનું, અને વેતરણી નદી ઓળખવા માટે સાધન રૂપ હોવાનું મનાય છે ગાય એ પ્રકૃતિની માતા છે."

હિન્દુ સાહિત્યમાં ગાય :

હિંદુ ધર્મ સાહિત્યમાં ગાય ને અહિંસા અને કરુણા નું પ્રતીક માનવામાં આવ્યું છે. વેદોમાં હિન્દુ ધર્મના સૌથી જૂના અને સૌથી પવિત્ર ગ્રંથોમાં પણગાયને પવિત્ર પ્રાણી તરીકે માનવામાં આવે છે. અને તેને પૃથ્વીની ફળદ્રુપતા અને વિપુલતાનું પ્રતિક પણ કહેવામાં આવ્યું છે. ગાયને દેવીનું પ્રતીક કહેવાય છે જે માણસને તમામ ખોરાક અને જીવન આપે છે. ગાય વિવિધદેવીઓ અને દેવતાઓ સાથે સંકળાયેલી છે અને તે માતાનું સ્વરૂપ હોવાનું કહેવાયું છે.

હિન્દુ ધર્મમાં પાછળથી પ્રવેશેલી કેટલીક અન્ય માન્યતાઓ પણ ગાય પવિત્ર ગણાવાનું કારણ બની છે :

૧. પૃથુ વૈન્યને ગાયને રૂપે મળેલી પૃથ્વીની પૌરાણિક કથા
૨. મોહેં જો ડારો વૃષભનું, પાછળથી શિવનું વાહન અને પાલિત પશુ ગણાવું.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

૩. ઐતિહાસિક કૃષ્ણનું આહિર, ગોવાળ દેવ જોડે ભૂલથી મનાયેલું જોડાણ.

 ગ્રીક સાહિત્યમાં ગાય :

ગ્રીક સાહિત્યમાં ગાય મોટેભાગે ફળદ્રુપતા વિપુલતા અને શક્તિનું પ્રતિક દર્શાવે છે. ગાય વિશેની સૌથી પ્રસિદ્ધ વાર્તાઓમાંથી એક હોમરના સ્ત્રોત હોર્મેશ ના કહેવામાં આવી છે. હેરા તેના પતિ જિયાસ સાથે જૂઠું બોલવાને કારણે ગુસ્સે થતી જેથીતેની ગુસ્સે થયેલ પત્નીથી છુપાવવા માટે જીયાસ દેવહર્મેશ દ્વારા તેને આપવામાં આવેલ જાદુઈ છોડના મદદથીતે ગાયમાં ફેરવાઈ ગયો જીએસ શરીરમાં મુક્ત પણે પૃથ્વી પર ફરતો હતો. આ કરુણતા ભરી વાર્તા પરથી ગાય એગ્રીક સાહિત્યની અંદર એક અગત્યનું સ્થાન ધરાવે છે.

 જાડેજાઓનું ગાય માટે બલિદાન :

ઇતિહાસમાં જાડેજા દ્વારા ગાય માટે બલિદાન આપવામાં આવ્યું હતું. ભાવનગરને ઇ. સ 1723 માં મહારાજા ભાવસિંહ હે વસાવ્યું એ પહેલા ત્યાં વળવા નામનો એક ગામડું હતું. ત્યાં મહત્વના ચાર દરવાજાઓ હતા. જેમાં ઘોઘા દરવાજાની બહાર આ ઘટના જોવા મળી હતી. ભાવનગરમાં પ્રજા વત્સલ ગોહિલ કુળ નું રાજ છે , રાજ્યની ગાદીએ એક થી એક ચડિયાતી રાજવીઓ આવ્યા છે. તેમના ગામમાં એક ભરવાડના ગાય માટે એક જાડેજાએ બલિદાન આપ્યું હતું. જેની કથા ઇતિહાસના સાહિત્યની અંદર જોવા મળે છે. આ ઝુંઝા ભરવાડ ની ગાયો માટે 18 જાડેજાઓ કામ આવ્યા. તેના પાટિયાઓ અનંત વાડીના પાછલા ભાગમાં એક પાકા જુના બંધ મોટાપર છે. જે કાયમને માટે ગૌ પ્રેમ અને નિસ્વાર્થ ભાવનાનો સંદેશો રેલાવી રહ્યા છે. આ ઘટના સાહિત્યના એક મહાન પન્ના પર કોતરવામાં આવેલ છે.

• સ્લેવિક પૌરાણિક સાહિત્ય :

સ્લેવિક પૌરાણિક અને લોકકથાઓમાં ગાય એક મહત્વપૂર્ણ પ્રતીક હતી. ઘણી વાર્તાઓમાં અને દંતકથાઓમાં પણ ગાય માણસની રક્ષક અને સહાયકની ભૂમિકા ભજવે છે. એવું માનવામાં આવતું હતું કે તે બીમાર ને સાજા કરી શકે છે. કારણ કે તેના દૂધમાં જાદુઈ ગુણધર્મો છે. દેવી મોકોસ જે કાંતણ અને વણાટ જેવા સ્ત્રીઓના કામ સાથે સંકળાયેલી હતી. તેને ઘણીવાર ગાયના શિંગણા અથવા કાનવાળી સ્ત્રી તરીકે દર્શાવવામાં આવી હતી.

• ચારણી સાહિત્યમાં ગાય :

ચારણ સમાજનાં સાહિત્યમાં ગાયની મહિમાઓનું ચિત્રણ કરવામાં આવ્યું છે. રાજપૂતોની જેમ જ ચારણો પણ ગાય માટે બલિદાન આપ્યું હતું. તેમનાં બલિદાની આ ઘટનનું વર્ણન ચારણી સાહિત્યમાં કરેલું જોવા મળે છે. ગુજરાતી કવિ દુલા ભાયા કાગે કહ્યું છે કે,

વનમાં રઝડતી ને,
ઘાસ મુખે ચરતી રે,

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

એ જી ઓલી ગાવલળી,
એ પોતાનું દૂધ નથી પીતી રે...
ઉપકારી એનો આત્મા રે....જી

• નોર્સસાહિત્યમાંગાય :

ગાય એ પ્રાચીન નોર્ડિક લોકો માટે રોજિંદા લોકો માટે જીવનનો એકમ હત્વપૂર્ણ ભાગ હતો.નોર્ડિક સમાજમાં ગાયનું મહત્વ ઘણી દંતકથાઓમાં પ્રતિબિંબિત કરેલું છે. તેમાં એક પૌરાણિક કથાઓમાં ફ્રેજાને એક સુંદર અને શક્તિશાળી દેવી તરીકે દર્શાવવામાં આવ્યું હતું જેમનું રથ બે ગાયો દ્વારા ખેંચવામાં આવ્યું હતું. તેવું દ્રશ્ય સાહિત્યમાં વર્ણિત થયેલું છે.

" બીજ માવડીનેચૂલેતાવડી
બેગોધાનેએકગાવડી."

• સાહિત્યમાં ગાયનું મહત્વ:

ગૌધનએ આપણી ઐહિક સમૃદ્રિ નું મુળ છે. ધનોમાં તેને ઉત્કૃષ્ટ ધન માનવામાં આવ્યું છે. આપણી જીવન વ્યવસ્થા કૃષિ પ્રધાન રહી છે. અને કૃષિ નો બધો આધાર સ્તંભ બળદ-ગૌપુત્ર અને ગાયો પર છે.જે ગાયોએ વરસો સુધી માનવના કુટુંબને પાળી-પોષીને પુષ્ટ કર્યા. પોતાના પુત્ર બળદને માનવીના સુખ માટે આપી દીધો તેની ઉપકારીકાને ન ભૂલી શકાય તેવી છે.

મહાભારતના અનુશાસન પર્વમાં ગાયની શ્રેષ્ઠતા વિષે ચ્યવન ઋષિએ સ્પષ્ટ કહ્યું છે કે "આ સંસારમાં ગાયો સિવાય બીજુ કોઈ શ્રેષ્ઠ ધન નથી. તેના ગુણોનું નામ અને કીર્તન કરવું, સાંભળવું,તેનું દાન આપવું, તેનું દર્શન કરવું. એની શાસ્ત્રો માં ખુબજ પ્રશંસા કરી છે.

"गायः श्रेष्ठः पवित्राश्च पावन जगप उतमाः||"

• ગાયનું ઐતિહાસિક સાહિત્ય :

પૌરાણિક કથાકારોએ, આપણા અત્યારના ટીવી-સિરિયલોના કથા લેખકોની જેમ ક્યારે ય શ્રોતાગણ સમક્ષ એ વિધાન નથી કર્યું કે આ કથા કાલ્પનિક છે.

રાજા પૃથુ વૈન્યની કથા એવી છે કે પૃથ્વી ગાય બની ગઈ અને પૃથુ વૈન્યે તેને દોહી. આની પછીની સત્ય હકીકત એ જ હોઈ શકે કે રાજા પૃથુએ એના રાજ્યકાળ દરમિયાન કૃષિ વિકાસ કર્યો અને એ રીતે પૃથ્વીની ઘણી અધિક સંપત્તિ દોહી. પૃથુ વૈન્યે પૃથ્વી ગાયને એવું કહ્યાનો ઉલ્લેખ છે કે જો એ દૂધ નહીં આપે, તો પૃથુ એને મારીને એનું માંસ ગ્રહણ કરશે. આથી સ્પષ્ટ થાય છે કે

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ભાગવતમાં પણ ગાયને અધ્ન્યા (ન મારવા યોગ્ય) કહી નથી. આવી કેટલી કમહત્વની બાબતો ઇતિહાસમાં વર્ણિતથતી જોવા મળી હતી.

"सुरूपा बहुरूपाश्च विश्वरूपाश्च मातरः।
गावो मामुपतिष्ठन्तामिति नित्यंप्रकीर्तयेत्॥"

આમ, ગાયનું સાહિત્યમાં એક અગત્યનું સ્થાન છે.સાહિત્યના દરેક પાસા પુરાણો, વેદો, ઇતિહાસ, લોકવાર્તાઓ, લોકબોલી વગેરેથી સમજી શકાય છે કે ગાયનું સાહિત્ય સાથેનું અનુબંધ એ ખૂબ આગત્યનું છે.

" यया सर्वमिदं व्याप्तं जगत् स्थावरजङ्गमम्।
तां धेनुं शिरसा वन्दे भूतभव्यस्य मातर।।"

REFRENCES

https://indiagramnews.com/bhakti/this-stanza-of-gao-mata-will-remove-all-your-misery-from-daily-mantra/
https://youtu.be/vGcMpLGgpsw?si=6xpR2OAcgecIkAbJ
https://www.osir.in/%E0%A4%97%E0%A5%8C-%E0%A4%AE%E0%A4%BE%E0%A4%A4%E0%A4%BE-%E0%A4%95%E0%A5%87-%E0%A4%B6%E0%A5%8D%E0%A4%B2%E0%A5%8B%E0%A4%95/
https://www.gomitra.org/2023/06/gau-maata-ke-dohe.html?m=1
https://gujaratidayro.com/history/why-we-all-compare-cow-as-well-as-mother/
https://chitralekha.com/features/one-planet-one-life/dont-think-of-cows-as-just-animals/
https://gujarativishwakosh.org/%E0%AA%97%E0%AA%BE%E0%AA%AF/
https://www-gujaratsamachar-com.cdn.ampproject.org/v/s/www.gujaratsamachar.com/amp/news/sahiyar/feast-of-shakti-puja-navratri?amp_gsa=1&amp_js_v=a9&usqp=mq331AQIUAKwASCAAgM%3D#amp_tf=From%20%251%24s&aoh=17057675797187&referrer=https%3A%2F%2Fwww.google.com&ampshare=https%3A%2F%2Fwww.gujaratsamachar.com%2Fnews%2Fsahiyar%2Ffeast-of-shakti-puja-navratri
https://www-gujaratsamachar-com.cdn.ampproject.org/v/s/www.gujaratsamachar.com/amp/news/dharmlok/importance-of-cow-gaumata-in-indian-culture?amp_gsa=1&amp_js_v=a9&usqp=mq331AQIUAKwASCAAgM%3D#amp_tf=From%20%251%24s&aoh=17057675797187&referrer=https%3A%2F%2Fwww.google.com&ampshare=https%3A%2F%2Fwww.gujaratsamachar.com%2Fnews%2Fdharmlok%2Fimportance-of-cow-gaumata-in-indian-culture

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ડૉ.અર્પિતાબેન જી.પટેલ
આસી.પ્રોફેસર,
વિજયનગર આર્ટસ કોલેજ, વિજયનગર

ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ

ગાય એ શ્રેણી સમખુરી (artiodactyla) અને કુળ બોવિડેનું વાગોળનારું સસ્તન પ્રાણી છે.દુધાળા ઢોર તરીકે જાણીતી ગાય ભારતમાં પવિત્ર ગણાય છે.ગાયનો સમાવેશ બોસ પ્રજાતિમાં થાય છે.ગાયની બે જાતો છે(1) ભારતીય ગાય (Bos indicus) (2) વિદેશી ગાય (Bos taurus). ભારતીય ગાય બ્રાહ્મણ અથવા zebu તરીકે ઓળખાય છે, જ્યારે વિદેશી ગાયને ટોરસ કહે છે. બ્રાહ્મણ ગાય દૂધઉત્પાદન અને સારી ઓલાદ માટે ઉપયોગી છે.સંકરણ દ્વારા વધુ દૂધ આપનાર ગૌવંશ માટે તેમજ ખેતી માટે તેનો ઉછેર થાય છે.

ગાયનું ઉપયોગિતાની દ્રષ્ટિએ પણ વર્ગીકરણ કરવામાં આવેલું છે, જેમાં ત્રણ વર્ગ મુખ્ય છે.

1)દૂધાળ જાત-ફક્ત દૂધ મેળવવાના હેતુથી ઉછેરવામાંઆવે છે. દા.ત. સિંધી

2)ઉભય રીતે ઉપયોગીજાત (dual purpose)-ગાયોનો દૂધઉત્પાદન માટે અને બળદોનો ખેતીકામમાં ઉપયોગની દ્રષ્ટિએ ઉછેરકરવામાં આવે છે. દા.ત., ગીર, કાંકરેજી,હરિયાણી

3) ખેતીકામ માટેની જાત(draft type)-ફક્ત કામની ઉપયોગિતા એટલે કે ખેતી-કામોમાં ઉપયોગી. દા.ત., અમૃતમહાલઅને વિલાર

દેશી ગાયની અગત્યની ઓલાદો

ભારતમાં ગાયોની 26મહત્વની જાતો છે. આ ઉપરાંત સ્થાનિક જાતોની દેશી ગાયો પણ છે. જે તે પ્રદેશની જરૂરિયાત મુજબની વંશાનુગત પસંદગી પદ્ધતિને કારણે આ બધી જાતનો વિકાસ થયો છે.જેમકે, ગીર,કાંકરેજ,ખિલારી,થરપારકર, હરિયાણી.આ ઉપરાંત નેલોર, શાહીવાલ, નીમારી, ગવલી, સિંધી, ડાંગી, કાંગાયામ, કેનવારીયા, ખેરીગઢ, માલવી, બચુર, કૃષ્ણાવેલી, મેવાતી, નાગોરી, રાથ, દેવની, અમૃતમહાલ, હાલીકર, પેનવર વગેરે ભારતના જુદા-જુદા પ્રદેશોની ગાયો છે.

गावो विश्वस्य मातरम् | અર્થાત્ ગાય આખા વિશ્વની માતા છે.

ભારતીય પરંપરાના ચાર પાયા ગીતા,ગંગા,ગાયત્રી અને ગાય.ગાયનો ઉછેર તેના દૂધ અને પંચગવ્ય માટે,જ્યારે બળદનો ઉછેર ખેતીવાડીમાં મજૂરી માટે થાય છે.મળી આવેલા અવશેષો અનુસાર ગાયનું પાલન ભારતમાં સિંધુ ખીણની સભ્યતાના સમયથી થતું આવ્યું છે,કારણ કે ગાયની દરેક ઉપજથી કંઈક ને કંઈક મળે જ છે.ગાયને ભારતમાં માતાનો દરજ્જો અપાય છે.જોકે, ગાય આખા વિશ્વની માતા છે.ભારતીય સંસ્કૃતિમાં ગાયનું મહત્વ વિશેષ રહેવા પામ્યું છે.પ્રાચીન કાળથી જ ગાયને માતા તરીકે પૂજવામાં આવે છે.ગાયને માતા તરીકે પૂજવા પાછળના આધારો પણ મળે છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ગાયને શા માટે માતા કહેવામાં આવે છે,તેની પશ્ચાદભૂમાં એક ડોકિયું કરીએ.ગાય રુદ્રોની માતા છે.વસુઓની પુત્રી છે.આદિત્યની ભગિની છે અને અમૃતનું ઉદગમ સ્થાન છે.એમ કહેવાય છે કે હિન્દુ પરંપરામાં પરા પૂર્વથી ગાય અવદ્ય,પૂજ્ય અને મંગળરૂપ ગણાય છે.દેવલ સ્મૃતિએ ગણાવેલા આઠ મંગલ તત્વમાં ગાય,યજ્ઞનો અગ્નિ,સુવર્ણ,ઘૃત,સૂર્ય, જલ અને રાજા – એ આઠ મંગલકારી છે.પુરાણોમાં 'ગો'નું દેવત્વ,સર્વદેવમયતા,પાવનત્વ આદિના ઘણા ઉલ્લેખો છે.હિન્દુધર્મમાં પ્રાચીનકાળથી પરમ પવિત્ર પશુ તરીકે ગાયની પ્રતિષ્ઠા છે.

હિન્દુ ધર્મ પ્રમાણે ગાયમાં કુલ 33 કોટિ દેવી દેવતા નિવાસ કરે છે.એટલે કે 33 પ્રકારના દેવતા નિવાસ કરે છે.જેમાં બાર આદિત્ય,આઠ વસુ,અગિયાર રુદ્ર અને બે અશ્વિનીનો સમાવેશ થાય છે.ઋગ્વેદમાં ગાયને અધ્નયા કહેવામાં આવે છે.યજુર્વેદમાં અનુપમય કહેવામાં આવે છે.અથર્વવેદમાં સંપત્તિઓનું નિવાસ કહેવામાં આવે છે.ભગવાન શિવના પ્રિય પર્ણ એવા બિલીપત્રની ઉત્પત્તિ ગાયના ગોબરમાંથી થઈ હતી.ગરુડ પુરાણ અનુસાર વૈતરણી પાર કરવા માટે ગાયના પૂજન અને દાનનો મહિમા વર્ણવેલ છે.શ્રાદ્ધ કર્મમાં ગાયના દૂધ વડે પિતૃ પૂજનથી પિતૃ તૃપ્ત થાય છે અને સદગતિ પામે છે. સ્કંદ પુરાણ અનુસાર ગાય સર્વદેવમયી છે.જ્યારે અન્ય પુરાણ અને માન્યતા અનુસાર ગાય સાક્ષાત વિષ્ણુ સ્વરૂપ છે.

ગાયોની ઘટતી સંખ્યા

ભારતમાં પાલતુ પશુઓમાં ગાયનું આર્થિક અને ધાર્મિક મહત્વ અનોખું છે.પશુધનની ગણતરી મુજબ છેલ્લા કેટલાક સમયથી ગાયની સંખ્યા ઘટી રહી છે.2019 માં કરવામાં આવેલી ગણતરીમાં આ બાબત સામે આવી છે.પશુપાલકો દૂધનું ઉત્પાદન વધારવા માટે ગાય કરતાં ભેંસ રાખવાનું વધુ પસંદ કરે છે.ભારત સરકારના પશુઓની વસ્તી ગણતરીના પ્રાપ્ત આંકડા પ્રમાણે ગુજરાતમાં ગાયોની સંખ્યા વર્ષ 2012 માં 99,83,953 સુધી પહોંચી ગઈ હતી.પરંતુ 2019 માં આ સંખ્યા ઘટીને 96,33,637 થઈ ગઈ છે.સાત વર્ષમાં 3.50 લાખનો ઘટાડો થયો છે.

દેશમાં ગૌધનની સંખ્યા બાબતે જો વાત કરવામાં આવે તો દેશમાં ગૌધનની સંખ્યા 19.24 કરોડ જેવી છે.ગાયની સંખ્યાની બાબતમાં પશ્ચિમ બંગાળ,ઉત્તર પ્રદેશ,મધ્ય પ્રદેશ,બિહાર અને મહારાષ્ટ્ર ટોપ ફાઈવ રાજ્યમાં સ્થાન ધરાવે છે.ઉપરાંત રાજસ્થાન, ઝારખંડ,આસામ,છત્તીસગઢ અને ઓરિસ્સામાં પણ ગાયોની સંખ્યા વધી છે. દૂધની ઉત્પાદકતાની દ્રષ્ટિએ પશુપાલકો ભલે ભેંસને પાળવાનું વધુ પસંદ કરે,પરંતુ ગાયની ઉપયોગિતાની સરખામણીમાં ભેંસ આગળ નીકળી શકે નહીં.

ગાયની ઉપયોગિતા

ભારતીય લોકજીવનમાં ગાયની હત્યા મહાપાતક ગણાય છે. કારણ કે બીજાં પશુઓના પ્રમાણમાં ગાયની ઉપયોગિતા અત્યંત મહત્વની છે. કૃષિપ્રધાન દેશ ભારતમાં ગાય પાળેલાં પશુઓમાં મહત્વનું સ્થાન ધરાવે છે. ગાયનું દૂધ, ઘી, છાણ તથા મૂત્રને પવિત્ર માનીને હિંદુઓમાં ધાર્મિક વિધિઓ અને

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

પ્રસંગોએ ખાસ ઉપયોગ થાય છે. ગાયનું દૂધ પચવામાં હલકું હોવાથી નાનાં બાળકોને તેમની માતાનું દૂધ મળતું ન હોય ત્યારે સંપૂર્ણ આહાર તરીકે આપવાની ભલામણ ડૉક્ટરો કરે છે.ગાય પોષણની દ્રષ્ટિએ અમૂલ્ય એવા સંપૂર્ણ આહારરૂપ પ્રાણીજન્ય પ્રોટીન પૂરું પાડે છે. આમ માનવ માટે એ અગત્યનો ખોરાક છે. ગાયનું છાણ તથા મૂત્ર કુદરતી ખાતર તરીકે ખેતીવાડી ક્ષેત્રે મહત્વનો ફાળો આપે છે. ચર્મઉદ્યોગ માટે પણ મૃત ગાયો ઉપયોગી છે. તેનાં હાડકાંના ભૂકાનું ક્ષારમિશ્રણ પશુઆહાર તેમજ મરઘાંઆહારના ઉપયોગમાં લેવાય છે. આમ ગાયો રાષ્ટ્રીય સંપત્તિમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

સજીવ-પ્રાકૃતિક ખેતીનો આરંભ

ઈ.સ.1921 માં એલ્બર્ટ હાવર્ડ કે જેમને સજીવ ખેતીના પિતા કહેવાય છે. તેમણે અને તેમની પત્નીએ સજીવ ખેતીને પ્રોત્સાહન આપવા માટે બ્રિટનમાં એક સંસ્થાની સ્થાપના કરી.તે બન્નેઈ.સ.1930માં ભારતમાં આનો પ્રચાર કરવા આવ્યાં ત્યારે તેઓ અહીંની પ્રાકૃતિક ખેતી જોઇને ખૂબ પ્રભાવિત થયાં હતાં અને તેમના દેશમાં જઈને પ્રાકૃતિક ખેતીનો પ્રચાર કરવા લાગ્યાં હતાં. ઈ.સ.1940માં વૈજ્ઞાનિક જે.આઈ.રોડેલે એલ્બર્ટ હાવર્ડથી પ્રભાવિત થઈને અમેરિકામાં સજીવ ખેતીના અભ્યાસ માટે રોડેલ સંસ્થાની સ્થાપના કરી. 30 વર્ષના અભ્યાસ પછી તેમને આ ખેતીના સારા પરિણામો પ્રાપ્ત થયા.

સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિની જરૂરીયાત શા માટે ?

હરિત ક્રાંતિ અને રસાયણિક ખેતીથી આજે જમીનની ફળદ્રુપતા ઘટી, પાકનું ઉત્પાદન ઘટ્યું, ખેતી ખર્ચ વધ્યો,ખોરાકમાં ઝેરી તત્વોનું પ્રમાણ વધ્યું, રોગ પ્રતિકારકતા ઘટી, મનુષ્યોમાં અનેક રોગો વધ્યા વગેરે કારણોથી આજે સમગ્ર વિશ્વમાં 'બેક ટુ બેઝીક કે બેક ટુ નેચરનો ટ્રેન્ડ' ચાલી રહ્યો છે. આપણે કૃષિને ટકાવી રાખવી અનિવાર્ય છે.તેથી આજે વર્ષોથી ચાલી આવતી રાસાયણિકખાતરના ઉપયોગથી વધુ પાક મેળવવાની ખેત પદ્ધતિને બદલવાનો સમય આવી ગયો છે.આ બધી સમસ્યાઓનો ઉપાયછેગાય આધારિત પ્રાકૃતિક ખેતી.આચાર્ય દેવવ્રતજીના પ્રાકૃતિક ખેતીના અનુભવો અને પ્રચારને કારણે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈપ્રાકૃતિક ખેતીને દેશ વ્યાપી પ્રોત્સાહન આપી રહ્યાછે, ત્યારે તેમના પગલે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે પણ રાજ્યમાં પ્રાકૃતિક ખેતીને વેગ આપવા મિશન મોડ એપ્રોચ સ્વીકાર્યો છે.

પ્રાકૃતિક ખેતી ખેડૂતો માટે લાભદાયી

સૌ પ્રથમ ભાસ્કર રાવે ખેતીમાં ઉપયોગી જીવોને સાથે રાખીને જે ખેતી પદ્ધતિ અપનાવી તેને સજીવ ખેતી એવું નામ આપ્યું તેથી તેમને સજીવ ખેતીના પ્રણેતા કહેવામાં આવે છે.જ્યારે પ્રાકૃતિક ખેતીને રાજીવ દિક્ષિતે અનુભવોના આધારે અને પદ્મશ્રી કૃષિ વૈજ્ઞાનિક સુભાષ પાલેકરજીએ વૈજ્ઞાનિક રીતે સિદ્ધ કરીને તેને પ્રસિદ્ધ કરી છે. સુભાષજીએ આચાર્ય દેવવ્રતના ગુરુકુળ કુરુક્ષેત્ર ફાર્મમાં આની શરૂઆત

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

કરી અને આઠ વર્ષમાં એના સારાં પરિણામો મેળવ્યાં. તેથી આચાર્ય દેવવ્રતે આ કૃષિ પદ્ધતિનો પ્રચાર કર્યો. ખેડૂતોની આવક બમણી કરવા અને ખર્ચ ઘટાડવા માટે આ ઉત્તમ પદ્ધતિ છે.

ઉત્પાદન ખર્ચ ખૂબ જ ઓછો- લગભગ જીરો બજેટ ખેતી છતાં જમીનની ફળદ્રુપતા વધારતી અને ઉત્પાદનમાં વધારો કરાવતી, ગાય આધારિત પ્રાકૃતિક ખેતી ખેડૂતો માટે લાભદાયી છે. રાસાયણિક ખાતરો અને દવાઓના પુષ્કળ ખર્ચમાંથી ખેડૂતોને રાહત મળે છે. ખેડૂતોને ખર્ચામાંથી બચાવવા માટેનો વિકલ્પ પદ્મશ્રી સુભાષ પાલેકરજીની કૃષિ પદ્ધતિ છે.

પ્રાકૃતિકકૃષિ એટલે શું?

"પ્રાકૃતિકખેતી"એટલેસંપૂર્ણકુદરતી, પ્રકૃતિમય શુદ્ધ અને સાત્વિકખેતી.કોઈપણ રસાયણનો ઉપયોગ કર્યા વગર પોતાની પાસે જે કુદરતી વસ્તુઓ છે તેનો ઉપયોગ કરી કરવામાં આવતી ખેતી. જેને "ગાય આધારિત ખેતી" પણકહેવામાં આવે છે. ખેડૂતએવીકૃષિવ્યવસ્થાઆપનાવેછેકેતેનેબજારમાંથીખરીદકરેલરાસાયણિક ખાતરો, કે જંતુનાશક દવાઓનો ઉપયોગ કર્યા વગર કરવામાં આવતી ખેતી પદ્ધતિ. જે સંપૂર્ણ શુધ્ધ અને રસાયણ રહિત છેઅને ખર્ચ વગર કરવામાં આવતી ઋષિઓએ આપેલી પરંપરાગત ખેતી છે.

1)પ્રાકૃતિક ખેતીમાં જરૂરી સામગ્રી/સંસાધન બહારથી ન લેવા.

2) સંસાધન તૈયાર કરવા જરૂરી સામગ્રી પણ બહારથી ન લેવી.

3) આ પ્રકારના સંશોધનથી જીવ, જમીન અને પર્યાવરણને કોઈપણ પ્રકારનું નુકશાન થતું નથી.

4) એક દેશી ગાય થકી 30 એકર(75 વીઘા) માં ખેતી થઇ શકે છે.

આ પદ્ધતિમાં આપણે બે પ્રકારના ખાતર તૈયાર કરીએ છીએ.1) જીવામૃત 2) ઘન જીવામૃત. આ માટે દેશી ગાયની જરૂર છે. ગાયના એક ગ્રામ છાણમાં 300 થી 500 કરોડ બેક્ટેરિયા મળે છે. જે જમીનની ફળદ્રુપતામાં વધારો કરે છે. આ પદ્ધતિથી એક દેશી ગાયથી 30 એકર જમીનમાં ખેતી કરી શકાય છે. જ્યારે સજીવ ખેતીમાં 30 ગાયથી એક એકર જમીનમાં ખેતી કરી શકાય છે. આ સજીવ અને પ્રાકૃતિક ખેતી વચ્ચેનો તફાવત છે. ટૂંકમાં સજીવ ખેતી ખૂબ જ ખર્ચાળ છે અને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી 'જીરો બજેટ' ખેતી છે.

પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન : આપણી ભારતીય પરંપરામાં વૈદિકકાળથી ઋષિઓએ ખોરાક માટેની ઉત્કૃષ્ટ કૃષિ વ્યવસ્થા સમાજને આપી છે. ઋષિએ માત્ર માનવજાત જ નહીં, પરંતુ પ્રકૃતિના ખોળે રહેતા આપણા સ્વજન જેવા પાલતુ પ્રાણીઓ ગાય, બળદ અને અન્ય પશુ-પક્ષીઓના જીવન નિર્વાહ અને પ્રકૃતિના રક્ષણ માટે વિશ્વને પ્રેરણા આપી છે. ઋષિઓએ અધ્યાત્મ અને વિજ્ઞાનનો સમન્વય કરી પ્રાકૃતિક ખેતી વ્યવસ્થા દ્વારા ખોરાક અને ઔષધોનો અખૂટ ખજાનો વિશ્વની સામે રાખ્યો છે. ખોરાક અને જીવન પદ્ધતિ માટે હજારો વર્ષોથી ભારતે વિશ્વને પ્રેરણા અને માર્ગદર્શન આપ્યું છે.પ્રકૃતિના આપણા ઉપરના અનેક ઉપકારો માટે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની પ્રેરણા ઋષિઓએ આપણને સમજાવી છે. સૂક્ષ્મ જીવોથી લઈ મહાકાય પ્રાણીઓનું પોષણ કરનાર આ જમીન છે. એટલે

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

જ ધરતીને માતા કહી છે. **અખાત્રીજના દિવસે ખેડૂત ધરતીમાતાનું પૂજન કરે છે તેમજ** તેની ખેતીમાં **સાથ આપનાર પોતાના પરિવાર સમાન બળદનું પણ પૂજન કરે છે. ખેતી અને પરિવાર માટે ખૂબ જ** મહત્વનું સ્થાન ગાયનું છે. **એટલેજ ગાયને પણ માતાનું સ્થાન આપવામાં આવ્યું છે.** "પ્રાકૃતિકખેતી"માં ગાયનું ખૂબ મહત્વ છે. તેથી જ ગાયને કામધેનુ કહી છે. આજના આસ્પર્ધાના **યુગમાં** વધુ ઉત્પાદન મેળવી વધુ આર્થિક લાભ મેળવવામાં **કૃષિક્ષેત્ર** પણ બાકાત નથી. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓનો બેફામ ઉપયોગ આપણી જમીનને **ખૂબ** મોટું નુકસાન કરી રહ્યો છે. આવું જ ચાલતું **રહેશે** તો આવનાર પેઢી માટે ફળદ્રુપ અને ઉપજાઉ જમીનને **આપણે ખોઈ બેસીશું.પરંતુ પાકૃતિક કૃષિ જમીનને ફળદ્રુપ અને સ્વસ્થ રાખવામાં ખૂબ મહત્વનું પરિબળ બની રહ્યું છે.** આપણે ત્યાં પ્રાચીનકાળથી **આરોગ્યપ્રદ અને** શુધ્ધ ખોરાકનો મહિમા કરવામાં **આવ્યો છે.** આપણે ત્યાં કહેવત છે કે **'જેવું અન્ન તેવું મન'**, 'અન્ન એવો ઓડકાર' અને **'અન્ન એજ ઔષધ' એટલેકે શુદ્ધ અને પ્રાકૃતિક ખોરાક એજ જીવનને સ્વસ્થ રાખવા** પૂરતું છે. **પ્રાકૃતિક ખેતી આવા શુધ્ધ અને આરોગ્યપ્રદ ખોરાકનું ઉત્પાદક છે.** હવે લોકોનું ધ્યાન ઓર્ગેનિક ખોરાક પર ગયું છે. **પરિણામે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન મળી રહ્યું છે .**

પ્રાકૃતિકકૃષિના પાંચ આધાર સ્તંભ

1) જીવામૃત 2) બીજામૃત 3) **આચ્છાદન** 4) વાફ્સા (ભેજ) 5) જંતુનાશક શસ્ત્રો

જીવામૃત બનાવવાની રીત

દેશી ગાયનું છાણ 10 કિલો+**દેશી** ગાયનું મૂત્ર દેશી8થી 10 લીટર+ગોળ દોઢ થી બે કિલો+ચણા(કઠોળ)**નો** લોટ બે કિલોગ્રામ+ પાણી 180 લીટર+ ઝાડ **નીચેની ચોખ્ખી** માટી 500 ગ્રામ ઉપરોક્ત વસ્તુઓને પ્લાસ્ટિકના એક ડ્રમ અથવા ટાંકીમાં નાંખીને લાકડીથી બરાબર હલાવી મિક્સ કરવું.**દરરોજ બે ટાઈમ** ઘડિયાળના કાંટાની દિશામાં બે બે મિનિટ હલાવવું અને છાંયડામાં કોથળાથી ઢાંકીને રાખવું. **અઠવાડિયા જેટલા** સમયમાં જીવામૃત તૈયાર થશે. એના સડવાથી એમોનિયા, કાર્બન ડાયોક્સાઇડ, મિથેન, **જેવા** હાનિકારક વાયુનું નિર્માણ થાય છે. **તેથી** તીવ્ર વાસ આવવાની શરૂઆત પણ થશે તેનો રંગ પણ બદલાશે.હલાવતી વખતે **એની** વાસ શ્વાસમાં ના જાય એનું ધ્યાન રાખવું.**જીવામૃત** બન્યા પછી સાત દિવસમાં એનો ઉપયોગ કરવો. શિયાળાના ઠંડા વાતાવરણમાં તેનો પંદર દિવસ સુધી ઉપયોગ કરી શકાય. આ જીવામૃત પિયત સાથે ખેતરમાં આપી શકાય છે. તેનાથી જમીનના ભૌતિક, રાસાયણિક, અને જૈવિક ગુણધર્મોમાં સુધારો થાય છે. ખેતીમાં ચમત્કારી સુધારો થશે. પ્રાકૃતિક ખેતીમાં જીવામૃત અને ઘન જીવામૃતનું ખૂબ મહત્વ છે.

જીવામૃત વાપરવાની રીત:- ફળઝાડમાં બે થી પાંચ લીટર મહિનામાં એક બે વાર આપી શકાય. જીવામૃત વૃક્ષના થડની **આજુબાજુ** ગોળાકારે આપવાનું છે અને જીવામૃત આપતી વખતે જમીનમાં

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ભેજ હોવો જરૂરી છે. ખેતીના પાકો ઉપર છંટકાવ પણ થઈ શકે છે. ઉભા પાકમાં 21દિવસના ગાળે ચારથી પાંચ વખત છંટકાવ કરી શકાય.

ધન જીવામૃત બનાવવાની રીત- 100 કિલો દેશી ગાયનું છાણ+1 કિલો ગોળ+ બે કિલો કઠોળનો લોટ+ થોડું ગૌમૂત્ર-આ બધા પદાર્થોને સારી રીતે મેળવી ગૂંદી લેવાના છે જેથી શીરો કે લાડુ જેટલું ઘટ્ટ બને પછી કોથળાથી ઢાંકીને રાખવાનું છે. ત્યારબાદ થોડું પાણી છાંટી બરાબર મસળી લાડવા બનાવો. આ થયું ધન જીવામૃત. હવે આ ધન જીવામૃતના લાડવાને કપાસ, મરચી, ટામેટા, ભીંડા વગેરેના બિયારણ સાથે જમીન ઉપર રાખવાનું છે. ટપક પદ્ધતિ સિંચાઈ કરવામાં આવતી હોય તો આ લાડવા પર સૂકું ઘાસ રાખીને ઉપરથી પાણી આપવું. અથવા આ ધન જીવામૃતને હળવા તડકામાં ફેલાવીને સૂકવી દેવાનું છે. પછી તેને લાકડીથી ફૂટીને બારીક બનાવી કોથળા ભરી સંગ્રહ કરી શકાય. આ ધન જીવામૃત 6 માસ સુધી જમીનમાં પણ આપી શકાય છે. તેને છાણીયા ખાતર સાથે મેળવીને પણ આપી શકાય છે. જે ખૂબજ સારું પરિણામ આપશે.

બીજામૃત બનાવવાની રીત- વાવણી કરતા પહેલા બિયારણની માવજત કરવા માટે બીજામૃતનો પટ આપવો ખૂબ જરૂરી છે. બીજામૃત બનાવવા માટે દેશી ગાયનું છાણ પાંચ કિલો, ગૌમૂત્ર 5 લીટર, કળીચૂનો 250 ગ્રામ, પાણી 20 લીટરઅને મુઠ્ઠીભર ખેતરની સારી માટી - આ બધા પદાર્થોને પાણીમાં ભેળવીને 24 કલાક સુધી રાખો દિવસમાં બે વાર લાકડીથી હલાવી મિશ્રણ કરો.વાવણી પહેલાં બીજની ઉપર બીજામૃતનો છંટકાવ કરીને બીજને છાંયડામાં સૂકવી દો. હવે આ બીજ વાવણી માટે તૈયાર છે.

પાક સંરક્ષણના ઉપાયો–

ખેતીમાં પાક સંરક્ષણના ઉપાયો ખૂબ મહત્વના છે.જો સમયસર પાક ઉપર થતા ફૂગ,જાની રોગો કે ઇયળો વગેરેનું નિયંત્રણ સમયસર કરવામાં ના આવેતો ઉત્પાદનમાં ખૂબ મોટો ઘટાડો થઈ શકે છે. પ્રાકૃતિક ખેતીમાં પણ પાક સંરક્ષણ માટે અનેક અસરકારક ઉપાયો મોજૂદ છે વળી તેમાંકેમિકલ પણ નથી. એટલે તૈયાર થનાર પાક સંપૂર્ણ ઓર્ગેનિક અને શુધ્ધ સ્વરૂપે તૈયાર કરી શકાય છે. પ્રાકૃતિક ખેતીમાં બીજ માવજતથી લઈ સંપૂર્ણ પાક સંરક્ષણના ઉપાયો પણ છે.

ચુસીયા પ્રકારની જીવાતો અને નાની ઇયળોના નિયંત્રણ માટે

1)નીમાસ્ત્ર બનાવવાની પધ્ધતિ

રીત : 5 કિલોગ્રામ લીમડાના પાન અથવા પાંચ કિલો સૂકાયેલી લીંબોળી 5 લીટર પાણીમાં લીમડો અથવા લીંબોળીનો પાવડર નાંખી એમાં પાંચ લીટર ગૌમૂત્ર નાંખવાનું. એકકિલો ગાયનું છાણ ભેળવવું લાકડીથી બરાબર મિશ્રણ કરી 48 કલાક સુધી ઢાંકીને રાખવું.દિવસમાં ત્રણ વખત હલાવવું 48 કલાક પછી આ મિશ્રણને કપડાથી ગાળી લેવું. હવે આ નિમાસ્ત્ર પાક ઉપર છંટકાવ કરવા માટે તૈયાર છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

મોટી જીવાતો અને ઈયળોના નિયંત્રણ માટે

2) બ્રહ્માસ્ત્ર બનાવવાની રીત

રીત :- (1) 10 લીટર ગૌમૂત્ર (2) ત્રણ કિલો લીમડાના પાન(3) બે કિલો કરંજના પાન, ના મળે તો ત્રણ કિલો લીમડાના પાન (4) બે કિલો સીતાફળના પાન (5)બે કિલો ગ્રામ સફેદધતુરાનાપાન- હવે આ મિશ્રણને ગૌમૂત્રમાં ભેળવી ઢાંકીને ઉકાળવું આશરે ત્રણ ચાર વખત ઉભરા આવ્યા પછી તેને ઉતારી લેવું 48 કલાક સુધી તેને ઠંડુ થવા દેવું પછી કપડાથી ગાળીને મોટાવાસણમાં ભરી દેવું. આ થઈ ગયું બ્રહ્માસ્ત્ર 100 લીટર પાણીમાં 2.0 કે 2.5 લીટર અથવા પાંચલીટરના પ્રમાણમાં ભેળવીને પાક ઉપર છંટકાવ કરી શકાય છે.

કપાસના જીંડવા અને તમામ પ્રકારના ફળ પાકોમાં રહેતી મોટીજીવાતો અને મોટી ઈયળ માટે

3) અગ્નિ અસ્ત્ર બનાવવાની રીત

રીત-20 લીટર ગૌમૂત્રમાં,500 ગ્રામ લીલા મરચાં ખાંડીને નાંખો. 500 ગ્રામ લસણ તેમજ 500ગ્રામ લીમડાના પાન આ બધું ખાંડીને નાંખો અને લાકડીથી બરાબર હલાવો. પછી એકવાસણમાં ઉકાળો, આશરે ચાર પાંચ વખત ઉભરા આવ્યા બાદ તેને ઉતારી ઠંડું પાડી દેવું.48કલાક પછી આ મિશ્રણને કપડાથી ગાળીને એક વાસણમાં ભરી રાખો. સો લીટર પાણીમાં 2.0કે 2.5 લીટર ના પ્રમાણમાં ભેળવીને પાક ઉપર છંટકાવ કરો.

4)ફુગનાશક બનાવવાની રીત

રીત-5લીટર પાણીમાં 3 લીટર ગાયની ખાટી છાસ ભેળવીને પાક ઉપર છંટકાવ કરો. આફૂગનાશક ઘણું સજીવક છેઅને વિષાણુરોધક છે. તેમજ ખૂબ જ સારું કામ કરે છે.

5) દશપર્ણી અર્ક બનાવવાની રીત- દશપર્ણી અર્ક બનાવવા માટેએક પ્લાસ્ટીકનું પીપઅથવા માટીનું વાસણ લઈ આ વાસણમાં 200 લિટર પાણી લો. એમાં10 લીટર ગૌમૂત્ર નાંખો, બે કિલો દેશી ગાયનું છાણ નાંખી બરાબર મિશ્રણ કરો. પછી તેમાં પાંચ કિલોગ્રામ લીમડાની ડાળીઓના કટકાકરીને નાંખો. બે કિલો સીતાફળના પાન, બે કિલો કરંજના પાન, બે કિલો એરંડાના પાન, બે કિલો ધતુરાના પાન, બે કિલો બિલીના પાન,બે કિલો કરેણના પાન, બે કિલો બોરના પાન, બે કિલો પપૈયાના પાન, બે કિલો બાવળના પાન, બે કિલો જામફળના પાન,બે કિલો જાસૂદના પાન, બે કિલો બાવચીનાપાન,બે કિલો આંબાના પાન, બે કિલો કરો,બે કિલો દેશી કારેલાના પાન,બે કિલો ગલગોટા છોડના ટુકડા ઉમેરો,ઉપર જણાવેલ વનસ્પતિઓના પાનમાંથી કોઈપણ દસ વનસ્પતિના પાન લેવાનાં છે. ત્યારબાદ તેમાં 1 કિલો તમાકુ, 500 ગ્રામ તીખાં મરચાંની ચટણી, 200 ગ્રામ સૂંઠનો પાવડર, 500 ગ્રામ હળદરનો પાવડર નાંખી બરાબર લાકડીથી હલાવવું. હવે આ મિશ્રણને છાંયડામાં રાખી બે વખત સવાર સાંજ લાકડીથી હલાવતા રહેવું. આ મિશ્રણને વરસાદ અને તડકાથી બચાવવું. આ મિશ્રણને તૈયાર થતાં 40

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

દિવસ જેટલો સમય લાગે છે.40 **દિવસ પછી એને કપડાથી ગાળી વાસણમાં ઢાંકીને રાખો.** જે છ માસ સુધી ઉપયોગમાં લઇ શકાય છે. 200 લીટર પાણીમાં પાંચથી છ લીટર દશપર્ણી અર્ક નાંખી જીવાતના નિયંત્રણ માટે છંટકાવ કરી શકાય છે.

પ્રાકૃતિક કૃષિ માટેની માહિતી ક્યાંથી મળી શકે?-'આત્મા' (એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી)સંસ્થા દરેક જીલ્લામાં કાર્યરત છેત્યાંથી આની માહિતી મળી શકે. આ સંસ્થા તમામ કૃષિ સંલગ્ન સંસ્થાઓ સાથે રહીને ખેડૂતોના સર્વાંગી વિકાસ માટે કામ કરે છે.કૃષિ વિષયક તાલીમ, નિદર્શન,કિસાન પ્રેરણા પ્રવાસનું આયોજન, કૃષિ મેળાનું આયોજનવગેરે કરે છે. તે ખેડૂત- વૈજ્ઞાનિક ગોષ્ઠી, બેસ્ટ આત્મા ફાર્મ્સ એવોર્ડ, ખેડૂતોપયોગી કૃષિ સાહિત્યનું પ્રકાશન જેવા કાર્યો કરે છે. આત્માની પ્રાકૃતિક કૃષિ યોજનાઓ, ગૌ સેવા, ગોડાઉન સ્કીમ સબસીડીવગેરે જેવી ખેડૂત ઉપયોગી યોજનાઓમાં અરજી કરવા માટે ગુજરાત સરકાર દ્વારાi-ખેડૂત-વેબ પોર્ટલલોન્ચ કરવામાં આવ્યું છે.

પ્રાકૃતિકકૃષિ કરતા ખેડૂતોની યાદી-નોંધણી

પ્રાકૃતિક કૃષિ અભિયાન અંતર્ગત ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોની નોંધણીથાય છે.દરેક જીલ્લા, તાલુકા અને ગામ પ્રમાણે ikhedut.gujarat.gov.in પોર્ટલ પર આ યાદી ઉપલબ્ધ છે. તે અનુસાર અમદાવાદ-૬૩૭,**અમરેલી**-૪૫૯,અરવલ્લી-૭૯૧,આણંદ-૩૫૯, **કચ્છ**-૧૦૬૪, ખેડા-૫૨૮,ગાંધીનગર-૪૨૪, ગીર સોમનાથ-૪૮૨, છોટા ઉદેપુર-૮૨૮, જૂનાગઢ-૪૧૧, જામનગર-૪૬૧, ડાંગ-૩૦૦, તાપી-૬૮૨, વલસાડ-૫૪૬, વડોદરા-૮૦૪, રાજકોટ-૫૪૩, દાહોદ-૧૦૦૬, દેવભૂમિ દ્વારકા-૨૯૯, નર્મદા-૪૯૨, નવસારી-૩૫૧, પંચમહાલ-૧૨૦૧, પાટણ-૫૪૦, પોરબંદર-૭૬, બનાસકાંઠા-૯૬૧, બોટાદ-૪૧૫, ભરૂચ-૬૯૭, ભાવનગર-૧૨૪૫, મહેસાણા-૬૧૨, મહીસાગર-૯૯૬, મોરબી-૧૭૮, સુરત-૯૦૨, સુરેન્દ્રનગર-૨૭૦, સાબરકાંઠા-૮૦૭ એમ ગુજરાતના કુલ ૩૩ જીલ્લામાંથી **૨૦૩૬૭**ખેડૂતોની નોંધણી થયેલી છે. **ગુજરાતમાં ડાંગ જિલ્લો સંપૂર્ણ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો જાહેર કરવામાં આવેલ છે.**

પ્રાકૃતિક કૃષિના ફાયદા –

* પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનમાં રાસાયણિક ખાતરો અને રાસાયણિક દવાઓ(પેસ્ટીસાઇડ)નોઉપયોગ થતો નથી.પરિણામે ઉત્પાદન થતા મસાલાપાકો,અનાજ,ફળ અને શાકભાજી કુદરતીપોષકતત્વોથી ભરપૂર અને સ્વાસ્થ્યપ્રદ હોય છે,જેનાથી ઉત્તમ આરોગ્ય અને લાંબુ આયુષ્યપ્રાપ્ત થાય છે.

* પ્રાકૃતિક ખેતીમાં વૃક્ષોનું મહત્વ હોઈ વાતાવરણ પ્રદૂષણ મુક્ત થાય છે અને ઓછા વરસાદની સ્થિતિસર્જાતી નથી.

* પ્રાકૃતિક ખેતીમાં ગાયનું ગૌમૂત્ર,છાણ,વનસ્પતિનાં પાંદડાં અને કુદરતી છાણીયા ખાતરનોઉપયોગ થતો હોઈ જમીનમાં દેશી અળશિયાંની સંખ્યા વધે છે. અળશિયાં જમીનને ફળદ્રુપઅને પોચી

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

બનાવનાર ખેડૂતના સાચા મિત્ર છે. જમીનમાં રહેલા ઉપયોગી બેક્ટેરીયા જમીનનેતંદુરસ્ત રાખે છે. એટલેજ માટી બચાવો અભિયાનમાં માત્ર "ઓર્ગેનિકખેતી જ"કારગતનીવડીશકશે.

* પ્રાકૃતિક ખેતીમાં પિયત પદ્ધતિ પ્રમાણસર અને પદ્ધતિસર છે. છોડને પાણી કરતાં ભેજ વધુ જરૂરી હોઈ મલ્ચીંગ પદ્ધતિથી ઓછા પાણીથી પ્રાકૃતિક કૃષિ થઈ શકે છે.
* પ્રાકૃતિક કૃષિમાં ખર્ચ થતો નથી. ઝીરો બજેટ ખેતી હોઈ ખેડૂતને આર્થિક ફાયદો થાય છે.
* પ્રાકૃતિક ખેતી ગાય આધારિત ખેતી હોઈ ખેડૂત પરિવારે દેશી ગાય પાળવી જરૂરી છે. ગાયનું દૂધ અનેક પ્રાકૃતિક તત્વોથી ભરપૂર હોઈ પરિવારને ઉત્તમ દૂધ,દહીં,માખણ અને ઘી મળીરહે છે. ખેતી માટે ગાયનું છાણ અને ગૌ મૂત્ર જ વધુ જરૂરી હોય છે, અલબત ક્યારેક છાસ અનેદૂધ પણ જરૂરી બને છે.

ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ માટે રાજ્ય સરકારની યોજનાઓ

ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને રાજ્ય સરકાર વિશેષ સહાય-પ્રોત્સાહન આપી રહી છે.આજે રાજ્યમાં 8.5લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવીછે.વિકસિત ભારત સંકલ્પ યાત્રા ગામેગામ ભ્રમણ કરી રહી છે, ત્યારે આ યાત્રા થકી રાજ્ય સરકારની યોજનાઓનો લાભ લઈ, વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તેવું આહ્વાન કરવામાં આવે છે.ગુજરાતના ખેડૂતોને કુદરતી ખેતી અપનાવવા પ્રોત્સાહિત કરવા માટે રાજ્ય સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે.જેમકે,

1) રાજ્ય સરકાર ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવનારા ખેડૂતોને દેશી ગાયની જાળવણી માટે મહિને 900 રૂ. નિભાવ પેટે એટલેકે વાર્ષિક10,800રૂપિયાની સહાય આપે છે. અત્યાર સુધીમાં 2 લાખ ખેડૂતોમાં લગભગ 200કરોડ રૂપિયાની સહાયનું વિતરણ કરવામાં આવ્યું છે. આવી રીતે આપણા દેશમાં ગુજરાત રાજય પહેલું રાજય છે કે જે રાજયમાં ગૌપાલન ખેડૂતો દ્વારા કરવામાં આવે છે અને તેનો ખર્ચ રાજય સરકાર ઉઠાવે છે.

2) આ યોજના અંતર્ગત 'જીવામૃત' તૈયાર કરવા માટે પ્રાકૃતિક કૃષિ કિટ (કિટ દીઠરૂ.1,350) ખરીદવા માટે પણ સહાય પૂરી પાડવામા આવી છે. 40હજારથી વધુ ખેડૂતોને પ્રકૃતિકૃષિ કિટ માટે લગભગ 5 કરોડ રૂપિયા ઉપરાંતની સબસિડી આપવામાં આવી છે.

3) દસ ગામ દીઠ બે પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મ યોજના અંતર્ગત ગાય હોય તેવા એક ખેડૂતને મોડેલ ફાર્મ બનાવવા માટે 13500 રૂપિયાની સહાય આપવામાં આવે છે. જેથી ગાય આધારિતકૃષિને વધુ લોકોમાં ફેલાવી શકાય.

4) જે ખેડૂત પ્રાકૃતિક કૃષિના ઉત્પાદનો વેચવા માંગતા હોય તેમના માટે A.P.M.C.માં જગ્યા આપવાની

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

જોગવાઈ કરવામાં આવી છે. તેમજ ઓનલાઈન પોર્ટલમાં પણ પોતાની પેદાશોનાવેચાણ માટેનોંધાવી શકે છે.

પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની રચના

પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે ગુજરાત રાજયમાં પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની રચના કરવામાં આવી છે. આ બોર્ડ ખેડૂતોને આ અભિયાન સાથે જોડી કૃષિ ઉત્પાદન વધારવા માટે કાર્ય કરશે અને તેના માટે રૂ.100 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જે દ્વારા પ્રાકૃતિક કૃષિ માટે ખેડૂતોને તાલીમ, પ્રેરણા પ્રવાસ, મોડેલ ફાર્મ, પ્રાકૃતિક કૃષિ માટે સર્ટિફિકેશન, પ્રાકૃતિક કૃષિ પેદાશોમાં પેસ્ટીસાઇડ રેસિડ્યુ ટેસ્ટીંગ તેમજ ખાસ કરીને પ્રાકૃતિક કૃષિ પેદાશોની વેચાણ વ્યવસ્થા માટે ખાસ જોગવાઇ કરવામાં આવેલી છે.

હાલના સમયમાં ઓર્ગેનિક ઉત્પાદનોની માંગમાં વધારો થયો છે અને તેથી ખેડૂતોને તેમના કુદરતી ઉત્પાદનોના સારા ભાવ મળી રહ્યા છે. પ્રાકૃતિક ખેતીની સફળતા માટે માર્કેટિંગ એ એક મહત્વપૂર્ણ કડી છે. ખેડૂતોને માર્કેટિંગ વ્યવસ્થા પુરી પાડવાની દિશામાં સરકાર મહત્વપૂર્ણ કામગીરી કરી રહી છે. તે માટે **ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન**- પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને માર્કેટિંગ જોડાણો પ્રદાન કરવા માટે એક મહત્વપૂર્ણ પાસું બન્યું છે. પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણને સરળ બનાવવું અને નાના ખેત ધારકોને પણ તેમના ઉત્પાદનના સારા ભાવ મળે તેના માટે રાજ્યમાં અત્યારે 84જેટલા એફ.પી.ઓ. (**ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન**) સ્થાપિત થઇ ચૂક્યા છે.

પ્રાકૃતિક ખેતી અપનાવનારા ખેડૂતો તરફથી રાજ્ય સરકારને હકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે.આપદ્ધતિએ ખેડૂતોને દેશીગાયોના સંવર્ધન માટે પ્રોત્સાહિત કર્યા છે. જીવામૃત અને ઘન જીવનામૃતનો ઉપયોગ, કુદરતી જંતુનાશકોએ જમીનની ફળદ્રુપતા અને પાકની ગુણવત્તામાં ઘણો વધારો કર્યો છે. પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતોને રાસાયણિક ખાતરો અને જંતુનાશકો પર મોટી રકમ ખર્ચવાની જરૂર નથી. આ ઉપરાંત ખેડૂતોને તેમની કુદરતી ખેત પેદાશોના સારા ભાવ મળી રહ્યા છે. આ રીતે પ્રાકૃતિક ખેતીથી ખેડૂતોની આવકમાં વધારો થયો છે. આમ, ઓછા ઈનપુટ ખર્ચ અને જૈવિક ખેત પેદાશોના ઊંચા ભાવ ખેડૂતોની આવકમાં મોટા પાયે વધારો કરશે. તેનાથી તેમની આવક બમણી કરવામાં મદદ મળશે. ખેડૂતોની નવી પેઢીને પણ આ ખેતી અપનાવવા માટે પ્રેરિત કરવામાં આવી રહી છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આઝાદીના અમૃત મહોત્સવ દરમિયાન રાજ્યની દરેક ગ્રામ પંચાયત દીઠ ઓછામાં ઓછા 75 ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરે તેવી પ્રેરણા આપી છે. જેને અનુસરીને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આવાની દિશામાં ઝુંબેશ આરંભી છે.જેના ભાગરૂપે અત્યાર સુધીમાં અંદાજે એક લાખ ઉપરાંત ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે પ્રશિક્ષિત કરવામાં આવેલ છે. આ ઉપરાંત રાજ્યના દરેક ગામના સરપંચ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિના જાણકાર થઇ

શકે તે માટે આશરે 11 હજાર જેટલા સરપંચોને વર્ચ્યુઅલ મોડથી પ્રાકૃતિક કૃષિ અંતર્ગત માહિતગાર કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

નિષ્કર્ષ:-ભારત કૃષિ પ્રધાન દેશ છે અને સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે. આટલી વસ્તીને ખોરાક પૂરો પાડવા માટે જમીનની ફળદ્રુપતા વધારી અનાજ, શાકભાજી, ફળો વગેરેનું વધુ ઉત્પાદન મેળવવું અનિવાર્ય થઇ પડ્યું છે. આચાર્ય દેવવ્રતજી સહિત અનેક નાના-મોટા ખેડૂતોએ આના સારાં પરિણામો પણ મેળવ્યા છે.જમીનની ફળદ્રુપતા, સ્વાસ્થ્ય અને પર્યાવરણને જાળવવા પ્રાકૃતિક ખેતી સિવાય બીજો કોઈ વિકલ્પ અત્યારે આપણી પાસે નથી અને પ્રાકૃતિક ખેતી માટે ગાય ઉપયોગી છે તેથી ગાય માતાનું સંરક્ષણ અને સંવર્ધન જરૂરી છે.

સંદર્ભ ગ્રંથ :

1) https://gujarativishwakosh.org

2)પ્રાકૃતિક કૃષિ, આચાર્ય દેવવ્રત, નિયામક સમેતિની કચેરી, આત્માપ્રોજેક્ટ, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત રાજ્ય,જૂન 2023, બીજી આવૃત્તિ

3)i-ખેડૂત-WebPortal for Agriculture, Farmers Welfare & Co-operation Department, Government of Gujarat, (ikhedut.gujrat.gov.in)

4)https://gujarati.news18.com/news/business/agriculture-farmers-of-malgadh-banaskantha

5) www.atma.gujarat.gov.in

6)સજીવ ખેતી, આત્મા ડાયરેકટોરેટ એન્ડ સમેતિ, ગાંધીનગર, ગુજરાત

7)https://krushivigyan.com/2023/10/23

8)https://dag.gujarat.gov.in.atma-schemes-guj.htm

9) https://www.gujaratsamachar.com/news/dharmlok/importance-of-cow-gaumata-in-indian-cuiture 10)https://gujaratinfohub.com/organic-farming-in-gujarati/

11) https://ikhedut.gujarat.gov.in/nf/

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ડો હિતેશ ડી કગથરા(આસીસ્ટન્ટ પ્રોફેસર)
એસ.ડી શેઠિયા કોલેજ ઓફ એજ્યુકેશન. મુંદ્રા

'ગાય અને ગૌશાળા'-પુસ્તકની વિવેચનાત્મક સમીક્ષા

સારાંશ:

સાહિત્ય આપણા જીવન ને સત્ય માર્ગ બતાવે છે. પુસ્તકની મૂલ્યલક્ષી બાબતો જીવનઅર્થે ઉપયોગીછે. સાહિત્યએ મૂલ્ય ઘડતર કરે છે. આપણા જીવનના અભિન્નતા તરીકે પશુઓનું મહત્વ છે.જેમાં ગાય એ ઉત્તમ ગણાય. શાસ્ત્ર અનુસાર ગાય એ માતા સમાન ગણાય છે. ગાયનું પાલનપોષણ કરીએ તો, ગાય પણ મનુષ્યના સર્વાંગી વિકાસમાં સર્વોત્તમ છે. 'ગાય અને ગૌશાળા પુસ્તક' એ આપણા જીવનને પથદર્શક બને એ હેતુથી આ પુસ્તકની વિવેચનાત્મક સમીક્ષા કરવાનો પ્રયત્ન કર્યો છે. જેમાંબે પ્રકારે સમીક્ષાકરેલ છે. 1 બાહ્ય સૌંદર્યત્મક સમીક્ષા2. આંતરિક સૌંદર્યત્મક સમીક્ષા. આ પુસ્તકમાં કુલ28 પ્રકરણ આપેલ છે. પ્રાચીનકાળથી માંડીને આધુનિક યુગ સુધી ગાયની ચડતી અને પડતી તેની દિશા અને દશા કેવી રીતે સુધારી શકાય છે તે અંગેની સૂચિત બાબતો રજુ કરી છે. જે લોકોને માર્ગદશન પૂરું પડે છે. ગાયનીઉપયોગીતા, સાંસ્કૃતિક મૂલ્યો અને મનુષ્યને ઉપયોગીતા વિશેની જ્ઞાનવર્ધક બાબતો રજૂ કરેલ છે. ગૌરક્ષા વિશે આચાર્ય વિનોબા ભાવે અને ગાંધીજીના વિચારો રજૂ કર્યા છે. પુસ્તકમાં સંશોધનાત્મક બાબતો રાજ્ય અને દેશ તથા આંતરરાષ્ટ્રીય કક્ષાની આંકડાકીય માહિતી પણ રજૂ કરેલ છે.

ચાવીરૂપ શબ્દોઃ 1 બાહ્ય સૌંદર્યત્મક સમીક્ષા2. આંતરિક સૌંદર્યત્મક સમીક્ષા.

પ્રસ્તાવના:

કોઈપણ પુસ્તકની મૂલ્યલક્ષી બાબતો સમાજ જીવન ઉપયોગી હોય છે. ભારતીય સાહિત્યએ જીવનનિવાહ અર્થે મૂલ્ય ઘડતર કરે છે. પૃથ્વીના દરેક તત્વો ઉપયોગી છે મનુષ્ય પ્રકૃતિ હંમેશાં સાથે સાથે ચાલે છે આપણા જીવનના અભિન્નતા તરીકે પશુઓનું મહત્વ છે. આપણા શાસ્ત્રો અનુસાર ગાય એ આપની માતા સમાન ગણાય છે. ગાયનું પાલનપોષણકરીએ તો, ગાય પણ મનુષ્યના સર્વાંગી વિકાસમાં સર્વોત્તમ છે. 'ગાય અને ગૌશાળા પુસ્તક' એ આપણા જીવનને પથદર્શક બને એ હેતુથી આ પુસ્તકની વિવેચનાત્મક સમીક્ષા કરવાનો પ્રયત્ન કર્યો છે.

આ અભ્યાસનો હેતુ : 1. ગાય અને ગૌશાળા'-પુસ્તકની વિવેચનાત્મક સમીક્ષા કરવી.

જેમાંબે પ્રકારે સમીક્ષાકરેલ છે. 1 બાહ્ય સૌંદર્યત્મક સમીક્ષા2. આંતરિક સૌંદર્યત્મક સમીક્ષા.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

1 બાહ્ય સૌંદર્યત્મક સમીક્ષા:

આ પુસ્તકનું પ્રથમ પૃષ્ટ એક ગાય માતા અને તેનું વાછરડાથી શોભાયમાન છે. આ પુસ્તકના સંપાદક તરીકે સોનલ પરીખ છે. આ પુસ્તક 'બોમ્બે ગૌરક્ષક ટ્રસ્ટના આર્થિક સહયોગથી પ્રકાશિત કરવામાં આવ્યું હતું. પ્રથમ આવૃત્તિ - નવેમ્બર 2018,પ્રકાશક: મુંબઈ સર્વોદય મંડળ, નાના ચોક, મુંબઈ.

2 આંતરિક સમીક્ષા: વિષયવસ્તુ નિરૂપણ:

આ પુસ્તકમાં કુલ28 પ્રકરણ આપેલ છે. જેમાંપ્રકરણ વિભાજન ખૂબ જ સુંદર કર્યું છે. **પ્રકરણ-1 માં ગાય એટલે 'કામધેનુ'** ગાયનું વર્તમાન સમયમાં શું મહત્વ છે? ગાયનું દૂધ, ગૌમૂત્રના ઉપયોગ, પંચગવ્યો અનેતેનો ઉપયોગ,ગૌમૂત્ર,ગોબર-ગોધામ સર્વાંગી વિકાસનો સ્ત્રોત, ગૌશાળા અને ઔષધ નિર્માણ, ગાયને રાષ્ટ્રીય પ્રાણીનું સન્માન આપો,ગાય માટે આપણે શું કરી શકીએ?મહાત્મા ગાંધીજી અને વિનોબા ભાવેના વિચારો **'ગૌરક્ષા વિશે'**વગેરે સુંદર રીતે બાબતો લોક ઉપયોગી માટે રજૂ કરેલ છે. **ઋગ્વેદ અનુસાર ગાય એ'એશ્વર્ય છે'**ગાય એટલે 'કામધેનુ'. આ શબ્દ જ ગાયની ઉપયોગીતા રજૂ કરે છે. કામધેનુ એટલે **'મનુષ્ય જાતની મનોકામના જરૂરિયાતો, સાત્વિકતા તથા સંવેદનાથી પૂર્ણ કરવાનું ક્ષમતા ધરાવનાર'**ભારતના ગ્રામ્ય વિસ્તારોમાં વસતા પરિવારના પેટ ગાય ભરે છે. ગોવંશ ઉર્જાનો નિધિ છે.

'ગાય પહેલા અને આજે પ્રકરણ'માં વેદકાળથી આધુનિક કાળ સુધી ગાય વિશે માહિતી રજૂ કરેલ છે. આજે યુગ બદલાયો છે 'ખોટ અને નફો' જોવાય છે ત્યારે ગાય માતાના 'નફામાં' છે. ગાય છે ત્યાં સમસ્યા નથી સમાધાન છે એક શાશ્વત સત્ય છે. ગાય અંગેનું સાહિત્ય ત્રણ વિભાગોમાં છે 1. ગર્ભસ્થ 2. ગૃહસ્થ અને 3. કંઠસ્થ

ગાયના દૂધ, ઘીથી પોષણ, ગૌમૂત્રમાંથી ઔષધઅને ગોબરમાંથી જૈવિક ખાતર તૈયાર થાય છે. વેદમાં ગાય માટે એવું વચનછે 'ગાવો વિશ્વસ્ય માતર' કામધેનુ શબ્દ વપરાયો છે 'કામધેનુ' એટલે 'બધી કામના પૂર્ણ કરનાર' મહાભારતમાં પણ ગાયોનું વર્ણન જોવા મળે છે 'નવલાખ ગાયોના પાલકને નંદ કહેવાતા' આજે ગાયોની દિશા અને દશા ખૂબ દયની જોવા મળે છે. રાજ્યના કાયદાઓ ગાય વંશને બચાવવા માટે કરવામાં આવ્યા છે.

પ્રકરણ-3.'ગોવંશી વિકાસ'અંતર્ગત ગૌવંશી વિકાસ દ્વારા ઉર્જા ઉત્પાદન કરી શકાય છે. પંચદ્રવ્યોમાંથી ઔષધો બનાવીને પગભર થઈ શકાય. ગાય એ ઉપયોગીતા, સંસ્કારીતા તથા ગુણવત્તાની દ્રષ્ટિએ ત્રિવેણી છે. 'ગૌ સેવા અને ગૌવંશ' પ્રકરણમાં પ્રથમ શ્લોક

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ગૌ મે પશ્યામ્યહં નિત્યં, ગાવઃ પશ્યન્તુ મે સદાગાવોસ્માકંવચંતાસાં યતો ગવાસ્તતો વયમ॥

અર્થાત 'હું નિત્ય ગાયોના દર્શન કરું, ગાય સદા મારી સામે જુએ, અમે ગાયોના છીએ,જ્યાં ગાય ત્યાં **અમે એટલે કે ગાયને કારણે જ અમારું અસ્તિત્વ છે અનેક રાજ્ય અને દેશોમાં કૃષિ સંસ્કૃતિમાં ગૌવંશનું મહત્વઆંકી એ** કેટલું ઓછું' ગાય એટલે નવ નિધિ બળ,બુદ્ધિ, આયુષ્ય, લક્ષ્મી, આરોગ્ય, સંતતિ કીર્તિ, વિજય અને મોક્ષ. **ગાયોની ખરાબ દર્શના કારણો શોધવા તેને દૂર કરવા તે જ સાચી ગૌરક્ષા છે.**

ગૌવંશી વિકાસ શા માટે? આ પ્રકરણમાં પ્રાચીન કાળમાં ગૌધન સામાજિક દરજ્જોના મોભા તરીકે ગણાતો. ગામની ભાગોળે ગૌચર ભૂમિ રખાતી. **અન્ય પ્રાણીઓ** કરતા ગાયની ઉપયોગીતાવધુ છે. કુદરતી આફતનો પણ ગાય અણસાર આપે છે. ગોબર **અને** ગૌ મૂત્રના અનેકવિધ પ્રયોગોથી આજે ગૌક્રાંતિ દ્વારા જનક્રાંતિની ક્ષિતિજો ફૂલીફાલી છે.

ગાયના સત્વ અને તત્વથી108દર્દનીસારવાર થઈ શકે છે. ગાયના દૂધમાં પ્રોટીન હોય છે. જે મગજના કોષો માટે ફાયદાકારક છે. ગાયના દૂધ પીવાથી બુદ્ધિવર્ધક ગણાય છે. ગાયના દૂધને શ્રેષ્ઠ ગણાય આવ્યું છે. **આધુનિક વિજ્ઞાન અનુસાર ગાયના દૂધના ફાયદા રુધિરાભિસરણ ક્રિયાને મદદ કરે** છે. આંતરડા સાફ કરે છે. **સારક હોવાથી ધમનીઓમાં સરલી જામતી નથી.** એમિનો એસિડ પ્રોટીનને સુપાચ્ય બનાવે છે. કિડનીને માટે ફાયદાકારક અને વિટામિન બી-2 અનેબી-3 રોગપ્રતિકારક શક્તિ વધારે છે. એસીડીટી થતી નથી. બેસ્ટ કેન્સર, ડાયાબિટીસ અને કોલસ્ટેરોલ સામે રક્ષણ આપે છે. મેદસ્વિતા વધારતું નથી. ગાયએ સામાજિક, આર્થિક તથા સાંસ્કૃતિક મૂલ્ય ધરાવે છે.

પ્રકરણ10 માં ગૌમત મૂત્રના ઉપયોગની બાબતો રજૂ કરી છે. ઉત્તમ ઔષધીય ગુણ ગૌમૂત્રમાં હોય છે. ભારતના આયુર્વેદાચાર્ય ચરક મુનિએ મૂત્રાષ્ટક લખ્યું છે. સુશ્રુત સંહિતા અનુસાર ગૌમૂત્ર શક્તિવર્ધક, કફ - વાતને હરનારું. નેત્રરોગ, કોષ્ટરોગ, અતિસાર,સફેદ દાગ,કબજિયાત,કૃમિ, એમિનીયા જેવા108રોગોમાંલોકોને ફાયદાકારક છે.

'પંચગવ્યો અને તેના ઉપયોગ'નામના પ્રકરણમાં શરીર,શુદ્ધિ,સુધી મનશુદ્ધિ, દ્રવ્યશુદ્ધિ, ભૂમિશુદ્ધિ તથા વાતાવરણ શુદ્ધિ ગણાય છે.

પ્રકરણ12માં 'ગૌમૂત્ર અને ગોબર ખાતરનો અખૂટ ખજાનો' આ અંતર્ગત દરેક ગૌશાળાઓ પણ બાયોગેસ પ્લાન્ટ અને ખાતરબનાવે. ઔષધ બનાવવાના કેન્દ્રો ચલાવતા શીખી લેવું જોઈએ. જેના

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

કારણે ગરીબી, બેકારી ઘટાડી શકાય છે. માટે **ગૌ-કૃષિ આધારિત અર્થતંત્રનું નિર્માણ** કરી શકાય છે.

પ્રકરણ-16 માં 'ગાયને રાષ્ટ્રીય પ્રાણીનું સન્માન આપો' આ ગાયની શ્રેષ્ઠતા દર્શાવે છે. ભારતમાં અન્ય પ્રાણીઓને ઉત્તમ દરજ્જો આપ્યો છે ત્યારે ગાયને પણ રાષ્ટ્રીય પ્રતિક ગણી, રાષ્ટ્રીય પ્રાણી બનાવવાની જરૂર છે. (પૃષ્ઠ28)જો ભારતીય સંસ્કૃતિ અને લોકલાગણીને પ્રતિનિધિત્વ કરવું હોયતો ગાયને રાષ્ટ્રીય પ્રાણી કહી શકાય.

સંપાદક દ્વારા પ્રકરણ-17 માં ભારતીય દુધાળ ગાયો અને ઋષભ ગાયોની યાદી તૈયાર કરેલ છે. **જેમાંથી આપણને રાજ્ય અનુસાર દૂધાળ ગાયની જાણકારી પ્રાપ્ત થાય છે.** ઉદાહરણ તરીકે 'કર્ણાટક –મધ્યમ' દૂધ. ઋષભ ગાયનું ઉદાહરણ લઈએ તો કાંગાયમ- દક્ષિણ ભારતમાં બળદો માટે પ્રખ્યાત છે.

પ્રકરણ-18 -19 માં ગાય માટે શહેરી નાગરિકો શું કરી શકે? તેના અંગેના સુંદર સૂચનો કર્યા છે. જેમાં પ્રકરણમાં ગાય માટે કોણ શું કરી શકે? ઉદાહરણ તરીકે –ગૌ વંશની સેવા અર્થે પુસ્તક તૈયાર કરાવો, ભેટ આપો, પોતાની સેવા ગૌશાળામાં આપો વગેરે (પૃષ્ટ-32). ગાય વિશે બાળકોને શું કહેવું કહેશો? અંતર્ગત ઘણી બધી બાબતો ગાયનો અર્થ, ગાયના દૂધના તત્વો, પ્રોટીન, ચરબી શર્કરા,કેલેરી, વિટામિન અને ખનીજનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે.(પૃષ્ટ-33)

પ્રકરણ-21 'ગો વિજ્ઞાનઃ ફરી સજીવન થતી ભારતની વિદ્યા' આ પ્રકરણમાં આપણા શાસ્ત્રો ગાયને જીવનના એક હિસા તરીકે જુએ છે. **ગૌ વિજ્ઞાન –ગૌ આયુર્વેદ એક વિશિષ્ટ વિદ્યા શાખા છે.** જેમાં દૂધ,ગૌમૂત્ર છાણ અને ગોધૃત ચિકિત્સા સંદર્ભે અનેક ઉપયોગી અને સંશોધનો લખાયે છે. ગાયનું દૂધ, દહીં, માખણ, છાશ, ઘી તથા મૂત્ર, છાણ, રાખ વગેરે રોગ માટે લાભદાયી છે.

પ્રકરણ નં23 માં શીર્ષક છે ગાયને સમજો (પૃ. નં36)આ પ્રકરણ અંતર્ગત ગૌશાળાના કાર્યકર્તાઓને સૂચિત કર્યા છે. ગાય જે વર્તન કરે છે તેને સમજવાની વાત લખાય છે. (પૃ. નં38 થી41)દરમિયાન ગાયને શું ગમે છે અને શું નથી ગમતું? દરેક બાબતો ઊંડાણપૂર્વક રજૂ કરી છે, ઉદાહરણ તરીકે ગાય પાંચ ઇન્દ્રિયોનો ઉપયોગ કરે છે. સંવેદનદરમિયાન ગાય પગ પછાડે છે અને પૂછડું જોરથી હલાવે.

પ્રકરણ - 25 ગૌરક્ષા વિશે આચાર્ય વિનોબા ભાવે અને પ્રકરણ- 26 માં ગાંધીજીના વિચારો રજૂ કર્યા છે. શ્લોકઃ યુયં ગાવો મેદયતા કૃશં ચિત્ શ્રીરણચિત્ કૃણુથા સુપ્રતીકમ ।

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ભદ્રં ગૃહમ કૃણુથ ભદ્રવાચઃ બૃહદવોવય ઉચ્યતે સભાસુ ॥ ઋગ્વેદ- શ્લોકમાં ગાયનો મહિમા વર્ણવેલ છે. ઋષિ કહે છે કે 'હે ગાયો તમે મહાન છો કેમ કે તમે કૃષ્ણ શરીરને ભરપૂર બનાવો છો. તમારું દૂધ અમૃત તુલ્ય અને કલ્યાણકારી છે. અમે તમને માતા સમાન માનીએ છીએ અને વંદન કરીએ છીએ.

મહાત્મા ગાંધીજીએ આપેલ ગાય વિશેના વિચારો તેમના અનેક ભાષણો અને લખાણોમાં પ્રદર્શિત થાય છે. જે આ પુસ્તકની અંદર પણ લખવામાં આવ્યા છે. જેમાં મહાત્મા ગાંધીજી 'ગાય' વિશે કહે છે કે ગૌરક્ષા દરેક હિન્દુનું પ્રથમ કર્તવ્ય છે. ગાયનું રક્ષણ મારું પ્રિય ક્ષેત્ર છે. ગાય ભારતનો પ્રશ્ન છે. (પૃ- 46)ગાયોની કતલ અટકાવવા માટે સરકાર શું કરી શકે ?સૂચનો પણ આપ્યા છે.

પ્રકરણ- 27 માં પ્રોજેક્ટ જીઆઈઆઈએસટી-માહિતી પણ આપેલ છે. (ગ્લોબલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિજિનીયસ સાયન્સ એન્ડ ટેકનોલોજી અથવા ગ્લોબલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિજિનીયસ સ્કીલ્સ એન્ડ ટ્રેઇનિંગઆ પ્રોજેકટ માં ખેતી અને ગાયસંવર્ધન હોય છે જેમાં ગોપાલન,સૌર ઊર્જા, કૃષિ,ઋતુ પ્રમાણે પાક આયુર્વેદવગેરે નો સમાવેશ થાય છે.

પ્રકરણ - 25 માં ગૌશાળાની સૂચિ આપેલી છે. (પૃ -51)આમ સુંદર રીતે સંપાદન કરવામાં આવ્યું છે. જે આપણા માટે ગૌરક્ષા ગૌ વિકાસ અને ગૌની ઉપયોગીતા અને ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારીતાને રજૂ કરે છે.

વિશેષતાઓ : કેટલીક વિશેષતાઓ નીચે પ્રમાણે જોવા મળે છે.

- આ પુસ્તકમાં એકમની રજૂઆત તાર્કિક રીતે રજૂ કરેલી છે.
- ગાયની ઉપયોગીતા, સાંસ્કૃતિક મૂલ્યો અને મનુષ્યને ઉપયોગીતા વિશેની જ્ઞાનવર્ધક બાબતો રજૂ કરેલ છે.
- પુસ્તકમાં સંશોધનાત્મક બાબતો રાજ્ય અને દેશ તથા આંતરરાષ્ટ્રીય કક્ષાની આંકડાકીય માહિતી પણ રજૂ કરેલ છે.
- પ્રાચીનકાળથી માંડીને આધુનિક યુગ સુધી ગાયની ચડતી અને પડતી તેની દિશા અને દશા કેવી રીતે સુધારી શકાય છે તે અંગેની સૂચિત બાબતો રજુ કરી છે. જે લોકોને માટે માર્ગદર્શન પૂરું પડે છે.
- ભાષા શૈલી સમગ્ર પુસ્તકમાં માતૃભાષાનો ઉપયોગ છે. જે બધા વાચકો સરળતા થી વાચી શકે.
- આ પુસ્તકમાં ગાયનું મહત્વ આપણા જીવનને ખૂબ ઉપયોગી છે.

- સંપાદકે આ પુસ્તક લોકોના જીવન સુખાકારી અર્થે લખ્યું છે, તેથી ગાયને સમજવા માટે વાચવું જરૂરી છે.

સંદર્ભ :

- આચાર્ય મોહિની (2009): સંસ્કૃત વિષયપદ્ધતિ,અક્ષર પબ્લિકેશન, અમદાવાદ
- બોરિચા સંદીપ : (20121): સંસ્કૃત પદ્ધતિ શાસ્ત્ર,નીરવ પ્રકાશન, અમદાવાદ
- પરીખ સોનલ સં(2018): ગાય અને ગૌશાળા,મુંબઈ સર્વોદય મંડળ,મુંબઈ

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

પ્રોફે. જ્યોતિ કે. પટેલ

તોલાણી કોલેજ ઓફ આર્ટસ & સાયન્સ, આદિપુર.

મોબાઈલ નંબર -93276 83947

pateljr72@gmail.com

ગાયના ઉછેર સંવર્ધન થકી મનુષ્યજાતિને થતા લાભો.

ભારતમાં ગાય આધારિત કુદરતી ખેતીની લોકપ્રિયતા વધી રહી છે.જેના કારણે ખેડૂતોને ઓછા ખર્ચે સારું ઉત્પાદન તો મળ્યું જ છે પરતું ખેડૂતો ગાયની ખેતી કરીને સારી આવક મેળવી રહ્યા છે. આપણે સૌ જાણીએ છીએ કે ખેતી અને પશુપાલન એ એકબીજાના પૂરક વ્યવસાય છે. શ્રી કૃષ્ણ ભગવાન તેમના બાળપણમાં યમુનાજી સાથે ગાયો ચરાવવા જતા, અને તેમની મધુરવાંસળીના સૂરથી ગાયો એકઠી થઈ જતી હતી. વર્તમાન સમયમાં આજે આપણે ગૌશાળાઓ જોઈએ છે જે ખૂબ જ સન્માનીય છે. ઘરકામની સાથે પશુપાલનનુ કાર્ય કરી, મહિલાઓ ઘરની આવકમાં વધારો કરી, કુટુંબને સુખાકારી આપે છે. ફક્ત એક પણ દેશી ગાય હોય અને જો દૂધ આપતી હોય ત્યારે તેમનો જીવન નિર્વાહ થઈ જાય છે.રોજિંદો ખર્ચ પણ નીકળી આવે છે. બાળકોના અભ્યાસનો ખર્ચ પણ નીકળી આવે છે. જેથી તેમનું જીવન ધોરણ ઊંચું આવે છે. જેના કારણે ભારત સરકારે પશુપાલનને ગ્રામ્ય રોજગારી, ગ્રામ્ય વિકાસ માટે મુખ્ય વ્યવસાય ગણાવ્યો છે. આમ એક ગાય રાખીને પણ પોતાની જિંદગી સ્વમાનભેર મહિલાઓ જીવી શકે છે જોકે પશુપાલન વ્યવસાયમાં મહિલાઓનો વિશેષ ફાળો હોય છે. ગામડાઓમાં નાની બાળાઓ પણ તેમની માતાને કામ કરતા જોઈને સહજ રીતે શીખી જાય છે. આ વ્યવસાયમાં આવતી સમસ્યાઓ અને તેમનું નિરાકરણ લાવવા માટે, આ વિષયોમાં વધારે માહિતી આપી શકાય, સાથે સાથે તાલીમ પણ આપવાની જરૂરિયાત જણાય છે જેના દ્વારા આપણે ગાયને મુઝવતા પ્રશ્નોનું નિરાકરણ મેળવી જ્ઞાનમાં વધારવું જોઈએ.

ધ્યેય:

મુખ્ય હેતુ ગાયની સંભાળ લેવાનું છે. ગાયનું સંરક્ષણ કરી તેમની વસ્તી વધારવાનો છે. ગાયના દૂધમાંથી બનતા ડેરીના ઉત્પાદનોનું મહત્વ સમજાવી, આપણા સંપૂર્ણ શારીરિક અને માનસિક વિકાસ માટે કઈ રીતે મદદ કરે છે તેના વિશે મહિલાઓને પરિચિત કરવાનો છે. રાષ્ટ્રના ઝડપી વિકાસ માટે તંદુરસ્ત સમાજ અનિવાર્ય છે. દેશી ગાયનું દૂધ, ઘી આપણા આરોગ્ય માટે શ્રેષ્ઠ છે કારણ કે તે આપણા શારીરિક અને માનસિક વિકાસ માટે ખૂબ જ ઉપયોગી છે. અમારું ધ્યેય ગાયનું મહત્વ

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

આપણા જીવનમાં વધારી સમાજ સેવા કરવાનું તેમ જ તંદુરસ્ત સમાજ અને તંદુરસ્ત રાષ્ટ્રનું નિર્માણ કરવાનું છે. અને તેના માટે અન્ય ઉત્પાદનોથી વધુમાં વધુ જમીન ગાયના ગોબર અને ગૌમૂત્રથી ફળદ્રુપ કરી ખેડૂતોના આર્થિક અને શારીરિક વિકાસ ઝડપથી થાય તેના માટે મદદરૂપ થવાનું છે. ગાયના ગોબર અને ગૌમૂત્રની મદદથી પર્યાવરણને પ્રદૂષણ મુક્ત બનાવવા માટે અને લોકોને વધુ લાભ થાય અને તેમનું જીવન તંદુરસ્ત બને એ જ અમારું લક્ષ છે.

દેશી ગાયના દૂધના ફાયદાઓ:

દેશી ગાયનું દૂધ રોગો સામે લડવા માટે વધુ તાકાત ધરાવે છે. દેશી ગાયના દૂધમાં પ્રોટીન, વિટામીન્સ અને કેલ્શિયમનો સમાવેશ થાય છે. દૂધમાં એમિનો એસિડ રહેલું છે જે પ્રોટીનનું ઝડપથી અને સરળતાથી પાચન કરે છે. વિટામિન એ, બી-ટુ અને બી-થ્રી નો પણ સારો સ્ત્રોત છે જે રોગપ્રતિકારક શક્તિ વધારવા ઉપયોગી છે. તે એસીડીટીની સમસ્યાથી છુટકારો આપવાની સાથે સાથે ડાયાબિટીસને પણ નિયંત્રણમાં રાખે છે. તેના પોષક તત્વો દૂધ ઊકળે ત્યારે પણ અકબંધ રહે છે. ગાયનું દૂધ રુધિરાભિસરણ ક્રિયાને મદદ કરે છે. ગાયનું દૂધ રોચક હોવાથી આંતરડા સાફ રહે છે. અને ધમનીઓમાં ચરબી જામતી નથી. કોલેસ્ટ્રોલ સામે રક્ષણ આપે છે.ગાયનુ દૂધ કુદરતી એન્ટી ઓક્સિડન્ટ છે. માતાના દૂધ પછી ગાયનું દૂધ બાળક માટે શ્રેષ્ઠ વિકલ્પ છે. ગાયનું દૂધ લો-ફેટ હોવાને કારણે મેદસ્વિતા વધારતું નથી. ગાયનું દૂધ સૌંદર્ય વધારનારું છે. ગાયના દૂધમાં ફાયદાઓ રહેલા છે. દેશી ગાયની સંભાળ-ગાયને દેખભાળ અને કાળજીપૂર્વક સાચવણી કરીએ છીએ ગાયોની સંભાળ સારી રીતે પ્રોફેશનલ દ્વારા થાય છે અને તેમના સંપૂર્ણ વિકાસ માટે તેમણે પ્રોટીન અને વિટામિન્સે સમૃદ્ધ ખોરાક આપવામાં આવે છે ગાયોને તંદુરસ્ત રાખવા માટે અમે નિયમિત આરોગ્ય તપાસ પણ કરાવે છે.

ગાયનું દૂધ તમારા શરીરમાં ફેટનું સ્તર વધારતું નથી. શરીરને વધુ તાકાત આપે છે અને શારીરિક રીતે સ્પષ્ટ અને સમગ્ર દિવસ માટે તાજા રાખે છે. ગાયના ઘીમાં ઘણા ગુણો છે જે તમને તંદુરસ્ત રહેવામાં મદદ કરે છે અને શરીરનો કોલેસ્ટ્રોલ લેવલ નિયંત્રિત કરવામાં પણ મદદ કરે છે ગાયનું મૂત્ર આર્યુવેદમાં શ્રેષ્ઠ ઔષધ તરીકે ગણવામાં આવે છે.

ગાયનું મહત્વ :

ગાયના દૂધને સમતોલ આહાર ગણાવીને તેનું મહત્વ વિજ્ઞાને અનેકગણું વધારી દીધું છે. વર્ષો સુધી ફક્ત દૂધનો આહાર કરીને શરીર જાળવી રાખ્યું હોય, એવા અનેક કિસ્સાઓ જાણવા મળે છે જે સાબિત કરે છે કે દૂધ ખરેખર સમતોલ આહાર છે અને ખોરાકની અવેજીમાં લઈ શકાય છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ડોક્ટરો અને વૈદો પણ દર્દીઓને દરરોજ દૂધ પીવાની સલાહ આપે છે એટલે સ્વાદ, જરૂરિયાત અને સરળતાથી મળી શકતા ખોરાક એવા ત્રીપલ બેનિફિટના કારણે માણસે જિંદગીભર દૂધ પીવાનું ચાલુ રાખ્યું છે. પરંતુ દૂધ કેવું પીવું જોઈએ? એ મુદ્દો અગત્યનો બની રહે છે. આમ તો આપણા દેશમાં દેશી ગાયનું જ દૂધ પીવું જોઈએ એ જ ગુણકારી છે એવો પ્રચાર વર્ષોથી થતો આવ્યો છે. ગાયોનું મહત્વ વધારવાના અને લોકોના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે તેના ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાના હેતુથી, આજકાલ લોકોની જીવનશૈલીની આધુનિકતા અને ટેકનોલોજીમાં ઉન્નતીકરણ એ પરંપરાગત ભારતીય જીવન શૈલીનો દ્રષ્ટિકોણ બદલ્યો છે. છતાં લોકોના સ્વાસ્થ્ય અને મન ઉપર અસર કરે છે. ગાય માતા તરીકે ઓળખાય છે. છતાં પણ દિવસે દિવસે તેનું મહત્વ સમાજમાં ઓછું થતું જાય છે. ગાય એ એક માત્ર એવું પ્રાણી છે જે પૃથ્વી પર જીવવા માટે આપણને મદદ કરે છે.

ગાયનું મહત્વ આપણા જીવનમાં વધારવાના ધ્યેય સાથે અમે શરૂઆત કરી છે. દેશી ગાયોની જાતિનું અસ્તિત્વ ટકાવવા અને મૂળ ગાયોની વસ્તી વધારવા માટેના તમામ પ્રયાસો કરવામાં આવે છે. તબીબી સારવારથી લઈને ગર્ભાવસ્થા સુધીની તમામ કાળજી રાખવા સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવે છે અને પરંપરાગત પદ્ધતિથી ગાયનું ઘી, દૂધ, ગોબર, મૂત્ર વગેરેનું ઉત્પાદન કરે છે. છેલ્લા કેટલાક વર્ષોથી શારીરિક સ્વાસ્થ્ય અંગે વધી રહેલી સજાગતાને કારણે તથા વિશ્વમાં ડાયાબિટીસ, હાઈ બીપી, હૃદયરોગ અને કેન્સર જેવા રોગોના વધી રહેલા પ્રમાણને લીધે વૈશ્વિક લેવલે એના કારણ શોધી કાઢવા માટે અનેક સંશોધન હાથ ધરવામાં આવ્યા છે. માણસના ખોરાકમાં દૂધના વધેલા ઉપયોગના અનુસંધાને દૂધના ઉપયોગથી તંદુરસ્તી પર શું અસર થાય છે તેના વિદેશોમાં થયેલા વૈજ્ઞાનિક સંશોધનોમાં એક ચોકાવનારી હકીકત સામે આવે છે કે જર્સી ગાયના દૂધના ઉપયોગથી કેન્સર અને બીજા રોગ થઈ શકે છે.

પશુપાલન ક્ષેત્રે પરિવર્તન આવ્યું છે. દેશી ગાયનું દૂધ અમૃત છે જે આપણને જીવનભર સ્વસ્થ અને જીવન શક્તિથી ભરપૂર રાખે છે. ભારતીય ગાય અને તેના દૂધ પર સંશોધન કરવાની જરૂરિયાત પર ભાર મુકાયો છે. કુદરત તરફ પાછા વળવાના મોડને ઇકો ફ્રેન્ડલી લાઇફ સ્ટાઇલ કહે છે. ઉકેલ હાથ વગો અને અમલી થઈ શકે તેવો હોવા છતાં ન અપનાવીએ તો પ્રકૃતિ અને સંસ્કૃતિ બેમાંથી એકને પણ બચાવી શકીશું નહીં. આપણા વિકાસ માટે ગાય એ પ્રાણી નથી પણ પ્રાણ છે. પ્રાણ છે તો બધું છે. જે જન્મે છે તે જીવાડે છે જે ઉગે છે તે ઉગાડે છે.

ગાયનો જન્મ થયો છે ઝેર મુક્ત અનાજ ઉગાડવા અને પોષણયુક્ત દૂધ આપવા, આથી ગાય જ સર્વથા યોગ્ય પ્રાણી છે. ગાયમાં 333 કરોડ દેવી-દેવતાઓનું સ્થાન રહેલું છે. ગાય માતા ખૂબ

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

પૂજનીય છે.ગાય પાસે અનેક શક્તિ હોવા છતાં આપણી જીવનશૈલીએ તેને અશક્ત કરી નાખી છે. આંધળી દોટના પુરમાં તણાઈ રહી છે. ખેતી કે ગાય કદાચ તમને તમામ ભૌતિક સુવિધાઓ નહીં આપી શકે, પણ જે તમામ ભૌતિક સુવિધા ભોગવનારને નીરોગી જીવન અને શુદ્ધ વિચાર નથી મળતા, તે તમામ ગાયની સેવાથી જરૂર મળે છે. અબજો રૂપિયા આપીને નિરોગી જીવન મળતું નથી તો દેશી ગાયને આપણે જાતે પાળી, પોષીને અથવા તો પાળનારને પ્રોત્સાહિત કરીને પણ મેળવી શકાય છે.

આમ પણ પરિવર્તનનો પ્રારંભ પોતાનાથી જ કરી શકાય છે. "આંગણે એક ગાય" એ ખેતી માટે ખાતરનું કારખાનું અને નીરોગી જીવનનું ઔષધ+લય છે. ગાયના દૂધની સરખામણી બીજા કોઈના દૂધ સાથે થઈ શકે એમ નથી. ગાયનું દૂધ, દહીં, છાશ, માખણ, ઘી અને ગૌમુત્રજ શરીરને નીરોગી અને મજબૂત રાખે છે. કુદરતનું કોઈપણ સર્જન બિન ઉપયોગી કે નિરર્થક નથી હોતું. જો બિન ઉપયોગ હોય તો પોતાની મેળે જ સમયાંતરે ખતમ થઈ જાય છે. પરંતુ આપણી ઉપયોગ કરવાની કુશળતા,અજ્ઞાનકે આવડતના અભાવે તેનો ઉપયોગ ન કરી શકીએ તો તેમાં કુદરતનો કોઈ ગુનો નથી. ગાય આધારિત ખેતી એ ટકાઉ અને જીવનશૈલી બદલનારી છે. આજે તમારી સામે મીડિયાના માધ્યમથી અનેક સમાચારો મળતા જ હશે કે સુખી સંપન્ન માણસો, શિક્ષિત પરિવારો અને નાના ખેડૂતો ઝેર મુક્ત ખોરાક તૈયાર કરવા લાગ્યા છે. આજે રાસાયણિક ખાતર અને દવાના ગંભીર અને ઘાતક પરિણામો જોઈને કે સાંભળીને પણ પ્રાકૃતિક ખેતી તરફ વળવાનો પ્રવાહ વધ્યો છે. આપણા ખેતીપ્રધાન દેશમાં ગાયોને પાળવાની પરંપરા છે. ભારતના 70% લોકો ગામડામાં રહે છે. અને તેમના મુખ્ય ધંધો ખેતી અને પશુપાલન છે દરેક પરિવાર પાસે થોડી જમીન હોય અને દૂધાળા ગાયો અને શક્તિશાળી બળદોનું પાલન થયું હોય તે બહુ દૂરની વાત નથી.

પશુ સ્વાસ્થ્ય:

આપણે સૌ જાણીએ છીએ કે "પહેલું સુખ તે જાતે નર્યા" તેવી જ રીતે પશુપાલનના વ્યવસાયમાં પશુ આરોગ્યનું મહત્વ છે. કારણ કે નીરોગી પશુ જ વધુ દૂધ આપી શકે છે. સારું કાર્ય કરી શકે છે તેમજ સારી ઓલાદ એટલે કે તંદુરસ્ત બચ્ચા આપી શકે છે. ખરું કહીએ તો પશુપાલનના વ્યવસાયના અર્થતંત્રનો સીધો આધાર પશુના આરોગ્ય ઉપર જ રહેલો છે. પશુપાલન વ્યવસાય-કૃષિના અંગભૂત વ્યવસાય તરીકે તથા હવે એક સ્વતંત્ર વ્યવસાય તરીકે વધી રહ્યો છે. વૈજ્ઞાનિક સંશોધનોના પરિણામે દેશી પ્રકારની ગાયો, ઘાસચારોનું વધુ ઉત્પાદન આપતી જાત, રસીકરણ કાર્યક્રમ, સ્વચ્છ દૂધ ઉત્પાદન માટેની માર્ગદર્શિકા અને પુસ્તિકાઓ વાછરડા-પાળીયા

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ઉછેમાં વૈજ્ઞાનિક અભિગમ, ઉનાળાની ઋતુમાં ખાસ પ્રકારની સંભાળ,દૂધમાં મૂલ્યવૃદ્ધિ જેવી બાબતો વગેરેની માહિતી આપવામાં આવે છે.

સમસ્યાઓ કે મૂંઝવતા પ્રશ્નોઃ

પશુપાલન વ્યવસાયમાં પણ મુશ્કેલીઓ અને સમસ્યાઓ કે મૂંઝવતા પ્રશ્નો દરેક સમયે પશુપાલકોને સતાવતા રહેલ છે. તેના ઉકેલ માટે પશુપાલન શિબિરો, કૃષિમહોત્સવ, કિસાન કોલ સેન્ટર, પશુપાલન, પરિસંવાદો, રેડિયો-ટીવી કાર્યક્રમો વગેરે માધ્યમો વડે સતત પ્રયત્ન કરવામાં આવે છે આમ છતાં ઘર આંગણે કોઈ પણ પ્રશ્નોનું સમાધાન થઈ શકે તથા તેના ઉકેલ જેવી ગંગોત્રીની જરૂરિયાત રહે છે.

પ્રશ્નો અને તેનો ઉકેલઃ

આ પડકારોને મૂંઝવતા પ્રશ્નો અને તેનો ઉકેલ પુસ્તિકાઓમાંથી મળી રહે છે. પશુઓ માટે આહાર, રહેઠાણ, રોગ નિયંત્રણ, સંવર્ધન, દૂધ ઉત્પાદન, ઉછેર વગેરે તમામ પાસાઓને લગતા અને પશુપાલકો દ્વારા જ પુછાયેલા પ્રશ્નોનો સમાવેશ થાય છે. ગાયોની સેવા કરવી તેમને વનમાં ચરવા લઈ જવામાં ભગવાન શ્રીકૃષ્ણ જીવનનું શ્રેષ્ઠ કાર્ય સમજતા. ગાયો સંસારમાં ઉત્તમ, શ્રેષ્ઠ, પવિત્ર છે. ગાયના દહીં, ઘી, દૂધ, છાણા વગર ધાર્મિક કાર્ય સંભવિત નથી. શરીરની પુષ્ટિ માટે જેટલું ગાયનું દૂધ મહત્વનું છે તેટલું રોગ નિવારણ તથા પ્રાયશ્ચિત માટે ગૌમૂત્ર અને ગોમય એટલે કે છાણાનું જ મહત્વ છે એમ વશિષ્ઠ મનુએ કહેલું છે. ગાયનું સમાજમાં એટલું મહત્વ છે કે જ્યાં ગાયના પગલા પડતા તે ધુળથી વાતાવરણ પવિત્ર થઈ જતું. આપણી જીવન વ્યવસ્થા કૃષિ પ્રધાન રહી છે. અને કૃષિનો બધો આધાર સ્તંભ ગૌપુત્ર અને ગાયો પર છે. જે ગાયો એ વર્ષો સુધી માનવના કુટુંબને પાળી-પોષીને પુષ્ટ કર્યા. પોતાના પુત્ર બળદને માનવીના સુખ માટે ખેતી માટે આપી દીધા તેનાં ઉપકારોને ભૂલી શકાય એમ નથી.

ગામડાથી શહેર સુધીના મોટા ભાગના લોકોએ ગાયનું પાલન કરવાનું શરૂ કર્યું છે. ગાયોના ઉછેર માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા ખેડૂતોને ગાય ઉછેર પર સબસીડી પણ આપવામાં આવી રહી છે. જેથી ગાયોની સ્વદેશી જાતિની લોકપ્રિયતાની સાથે તેમની ઉપયોગીતા પણ વધારી શકાય.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

(1) SandipS.Jani, (2) Dr.RiteshTandel, (3) Dr.Niraj Pandya,
(4) Dr.DineshKundariya, (5) Dr.BhaveshDodiya
તોલાણી કોલેજ ઓફ આર્ટસ & સાયન્સ, આદિપુર.

પ્રાકૃતિક ખેતી : ગાય આધારિત પ્રાકૃતિક ખેતીના સિદ્ધાંતો

પ્રાકૃતિક ખેતી એ આત્મનિર્ભર ભારત બનાવવાનું પ્રથમ પગલું છે કારણ કે તે દેશી ગાયના છાણ અને ગૌમૂત્રથી કરવામાં આવે છે. દેશી ગાય આધારિત ખેતીમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ઉપયોગ બિલકુલ થતો નથી, તેથી તે ખૂબ જ ઓછા ખર્ચે થતી ખેતી છે.

પ્રાકૃતિક ખેતીની વ્યાખ્યા

પ્રાકૃતિક ખેતીમાં વપરાતા ખાતરો અને જંતુનાશકો બહારથી ખરીદ્યા વગર ખેડૂતો જાતે બનાવી શકે છે. પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્યનું રક્ષણ, સંવર્ધન અને જાળવણી એ કુદરતી ખેતીનો પ્રાથમિક ઉદ્દેશ્ય છે. કુદરતી ખેતીનો સાચો અર્થ પાણીની બચત, વીજ બચત અને નગણ્ય ઉત્પાદન ખર્ચ અને સારા બજાર ભાવ છે. દેશી ગાય આધારિત ખેતી અપનાવવાનો અર્થ છે જમીનની ભેજ સંગ્રહ ક્ષમતા, ફળદ્રુપતા અને ઉત્પાદકતામાં વધારો.

ભારતમાં પ્રચલિત કૃષિ પદ્ધતિઓ

1. રાસાયણિક ખેતી

રાસાયણિક ખાતરો અને રાસાયણિક જંતુનાશકો જેવા કે યુરિયા ડીએપી એનપીકેનો ઉપયોગ પાકમાં થાય છે જેને રાસાયણિક ખેતી કહેવામાં આવે છે.પંજાબ અને હરિયાણા જેવા રાજ્યોમાં કૃષિમાં આવા રસાયણોનો વ્યાપકપણે ઉપયોગ થાય છે, જો કે દેશભરના મોટાભાગના ખેડૂતો રાસાયણિક ખેતી કરે છે.નેશનલ સેન્ટર ફોર ડિસીઝ ઇન્ફોર્મેટિક્સ એન્ડ રિસર્ચ, ઇન્ડિયન ફિઝિશિયન રિસોર્સ (ICMR) – બેંગ્લોર અનુસાર, 2016 માં કેન્સરના 14.5 લાખ કેસોનું નિદાન થયું હતું. જે વર્તમાન સમયમાં બમણી થવાની સંભાવના છે.ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા 1990માં 2.60 કરોડથી વધીને 2016માં 6.50 કરોડ થઈ ગઈ છે.વર્તમાનમાં ઘરે ઘર દર્દી જોવા મળે છે.

એજ પ્રમાણે હૃદયરોગના હુમલાથી પણ લોકોના મૃત્યુ વધી રહ્યા છે.આ ઝેરી ખેતી છે જે હરિયાળી ક્રાંતિ અભિયાનનું પરિણામ છે કારણ કે તેમાં રાસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશકોના ઉપયોગ થાય છે.

2. સજીવ ખેતી

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ભારતની 'ઓર્ગેનિક ખેતી' એટલે સજીવ ખેતી સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે જેમાં રાસાયણિક ખાતર અને જંતુનાશકોનો બિલકુલ ઉપયોગ થતો નથી, તે 100% સજીવ ખેતી છે.

જૈવિક ખેતીની સૌથી મોટી સમસ્યા એ છે કે ખેડૂતોની આવકનો મોટો હિસ્સો મોંઘા જંતુનાશકો અને જૈવિક ખાતર ખરીદવામાં જાય છે.

3. પ્રાકૃતિક ખેતી

ઋષિ કૃષિ એટલે કે ગાય આધારિત ખેતી એ ભારતની સૌથી જૂની કૃષિ પ્રણાલી છે, જેને આપણે વિગતવાર જાણીશું.

ગાય આધારિત ખેતીના સિદ્ધાંતો

ભારતના પ્રખ્યાત કૃષિ વૈજ્ઞાનિક શ્રી સુભાષ પાલેકર દ્વારા પ્રાકૃતિક ખેતીને વ્યાખ્યાયિત કરવામાં આવી છે, જેને ગાય આધારિત ખેતી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ખેતીમાં રાસાયણિક **જંતુનાશકોનો ઉપયોગ કરવામાં આવતો નથી અને બજારમાંથી અન્ય કોઈ દવા ખરીદવાની જરૂર નથી,** તેથી તેને લઘુતમ ખર્ચની ખેતી પણ કહેવામાં આવે છે.

તેમણે 1986-88માં સંશોધન કર્યું અને 6 વર્ષ 1989-95 સુધી તેમના ખેતરમાં ખેતી કર્યા પછી આ ખેતી પદ્ધતિ વિકસાવી. તેમના ઉત્કૃષ્ટ કાર્ય માટે, તેમને વર્ષ 2016 માં ભારતના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા છે. જેમણે ગુરુકુલ કુરુક્ષેત્રની 180 એકરમાં કુદરતી ખેતી સફળતાપૂર્વક કરી છે. તેમણે લગભગ 10 વર્ષમાં 154 થી વધુ સંશોધનો કર્યા છે.

પ્રાકૃતિક ખેતી કેવી રીતે સફળ થઈ શકે ?

દેશી ગાયના છાણમાં 300-500 કરોડ સુક્ષ્મજીવો હોય છે. દેશી ગાયના છાણમાં 16 મુખ્ય પોષક તત્વો હોય છે. જે છોડને તમામ પ્રકારનું પોષણ પૂરું પાડે છે.

સાથી પાક પદ્ધતિ :- જેમાં નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટાશ વગેરે મુખ્ય પાકની સાથે સાથી પાકમાંથી મુખ્ય પાકને પૂરા પાડવામાં આવે છે.ખેડાણ, સિંચાઈ પદ્ધતિ, છોડની દિશા વગેરે જેવા પરિબળો અસર કરે છે.જ્યારે જમીન ઝેરમુક્ત બનશે ત્યારે દેશી અળસિયા સક્રિય થશે અને છોડ જમીનની અંદરથી જરૂરી પોષક તત્વોની ઉણપને પૂરી કરશે. જેમ જેમ જમીન ઢીલી થાય છે તેમ તેમ વધારાનું પાણી જમીનમાં ઉતારશે અને પાણીનું સ્તર ઉંચુ આવશે.

જીવામૃત, બીજામૃત અને ઘન જીવામૃત છોડને તમામ પ્રકારના જરૂરી પોષક તત્વો પૂરા પાડશે.

પાક સંરક્ષણઃ- નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિશાસ્ત્ર તેમજ દશપર્ણી અર્કનો ઉપયોગ પાકમાં થતા તમામ પ્રકારના રોગોના નિયંત્રણ માટે કરવામાં આવશે.

ગાયના મૂત્ર અને છાણથી પણ 5 એકર જમીનમાં ખેતી કરી શકાય છે. બહારથી જંતુનાશક અને ખાતર ખરીદવાની જરૂર નથી. ગૌમૂત્ર અને ગોબરમાંથી ખેડૂત પોતે જ જંતુનાશક અને ખાતર બનાવી શકે છે, એક વખત બનાવ્યા પછી આખી સિઝન ચલાવી શકાય છે. પ્રથમ વર્ષથી જ 100% સફળતા પ્રાપ્ત થાય છે.

ગાય આધારિત ખેતીના ફાયદા

ખેત પેદાશ વધુ મળશે અને ભાવ પણ સારા મળવાથી ખેડૂતની આવકમાં વધારો થશે.

કુદરતી ખેતી પધ્ધતિમાં 70% પાણીનો વપરાશ ઘટે છે, તેથી ઓછા પાણીમાં ખેતી કરી શકાય છે.

રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ખર્ચ બચે છે અને પાણીનો વપરાશ ઓછો થાય છે, જેથી વીજળીની બચત થાય છે.

ખોરાકનું મૂલ્યાંકન તેમાં રહેલા પોષક મૂલ્યો દ્વારા નક્કી કરવામાં આવે છે, પરંતુ પોષક તત્ત્વોની અછત અને ઝેરી રસાયણ વાળો ખોરાક ખાવાથી રોગપ્રતિકારક શક્તિ ઓછી થાય છે. જેના કારણે આપણે અનેક ગંભીર બીમારીઓનો સામનો કરવો પડે છે.

2021માં આપણે સ્વાસ્થ્ય ક્ષેત્રે ભારે નુકસાનનો સામનો કરી ચૂકયા છીએ. રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે, રોગપ્રતિકારક બુસ્ટરનો ઉપયોગ કરવો પડે છે. તેથી આપણા પરિવારને મૂલ્યવાન ખોરાક પૂરો પાડવા માટે કુદરતી ખેતી જરૂરી છે.

ભારતીય દેશી ગાયની માનવજીવનમાં ઉપયોગિતા વિશે વેદ-પુરાણો, ધર્મશાસ્ત્રોમાં ઉલ્લેખો જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિમાં લોકો પરંપરાગત રીતે પ્રકૃતિ તેમજ ગૌ માતાને પૂજતા આવ્યા છે. પુરાતનકાળમાં થતી ગૌ આધારિત ખેતી આધુનિક યુગમાં પણ મૂર્તિમંત થઈ રહી છે. ઋગ્વેદમાં કહેવાયું છે કે ગાય વિશ્વની માતા છે, કારણ કે ગાય આપણી માતાની જેમ જ પાલનપોષણ કરનારી છે. ગાયોનો ઉછેર અને રક્ષણ કરવું એ આપણી ફરજ છે જે આપણે કુદરતી ખેતી દ્વારા સરળતાથી કરી શકીએ છીએ.પૃથ્વી આપણી માતા છે અને આપણે તેના પુત્ર છીએ. આપણે ઝેર મુક્ત ખેતી દ્વારા માતૃભૂમિની

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

રક્ષા કરવી જોઈએ અને લોકોને ઝેર મુક્ત ખોરાક પૂરો પાડવો એ જ આપણી સાચી દેશભક્તિ છે.મોટી સંખ્યામાં ખેડૂતોએ કુદરતી ખેતીમાં જોડાવાનું નક્કી કરવું પડશે, જેથી નજીકના ભવિષ્યમાં રાસાયણિક ખેતી દ્વારા ઝેરી અનાજની પેદાશ બજારમાં મળતી બંધ કરી શકાશે સાથે યોગ્ય ભાવ પણ મળશે.

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત આ દિવસોમાં ખેડૂતોને (Farmers) પ્રાકૃતિક ખેતી (Natural Farming) કરવા માટે પ્રેરિત કરી રહ્યા છે. કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવા માટે તેઓ રોલ મોડેલ બન્યા છે. તેમનું કહેવું છે કે એક એકર ખેતીની જમીનમાં પ્રાકૃતિક ખેતી માટે ખાતર એટલે કે જીવામૃત એક દિવસ માટે દેશી ગાયના ગૌમૂત્ર અને છાણમાંથી તૈયાર કરી શકાય છે. એક ગાય વડે 30 એકર જમીનમાં કુદરતી ખેતી કરી શકાય છે. આચાર્ય દેવવ્રત અનુસાર, જમીનની ફળદ્રુપતા વધારવા અને માનવજાતને ઝેરી તત્વોથી બચાવવા માટે ગાય આધારિત કુદરતી ખેતી એ સૌથી અસરકારક ઉપાય છે.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

પ્રોફે. દમુબેન સી. ચૌધરી

મો.9726006787

તોલાણી કોલેજ ઓફ આર્ટસ & સાયન્સ, આદિપુર.

ગાયના ઉછેર સંવર્ધન થકી માનવજાતિને થતા લાભા લાભ.

ભારતમાં ગાય આધારિત કુદરતી ખેતીની લોકપ્રિયતા વધી રહી છે.જેના કારણે ખેડૂતોને ઓછા ખર્ચે સારું ઉત્પાદન તો મળ્યું જ છે પરતું ખેડૂતો ગાયની ખેતી કરીને સારી આવક મેળવી રહ્યા છે. આપણે સૌ જાણીએ છીએ કે ખેતી અને પશુપાલન એ એકબીજાના પૂરક વ્યવસાય છે. શ્રી કૃષ્ણ ભગવાન તેમના બાળપણમાં યમુનાજી સાથે ગાયો ચરાવવા જતા, અને તેમની મધુરવાંસળીના સૂરથી ગાયો એકઠી થઈ જતી હતી. વર્તમાન સમયમાં આજે આપણે ગૌશાળાઓ જોઈએ છે જે ખૂબ જ સન્માનીય છે. ઘરકામની સાથે પશુપાલનનુ કાર્ય કરી, મહિલાઓ ઘરની આવકમાં વધારો કરી, કુટુંબને સુખાકારી આપે છે. ફક્ત એક પણ દેશી ગાય હોય અને જો દૂધ આપતી હોય ત્યારે તેમનો જીવન નિર્વાહ થઈ જાય છે.રોજિંદો ખર્ચ પણ નીકળી આવે છે. બાળકોના અભ્યાસનો ખર્ચ પણ નીકળી આવે છે. જેથી તેમનું જીવન ધોરણ ઊંચું આવે છે. જેના કારણે ભારત સરકારે પશુપાલનને ગ્રામ્ય રોજગારી, ગ્રામ્ય વિકાસ માટે મુખ્ય વ્યવસાય ગણાવ્યો છે. આમ એક ગાય રાખીને પણ પોતાની જિંદગી સ્વમાનભેર મહિલાઓ જીવી શકે છે જોકે પશુપાલન વ્યવસાયમાં મહિલાઓનો વિશેષ ફાળો હોય છે. ગામડાઓમાં નાની બાળાઓ પણ તેમની માતાને કામ કરતા જોઈને સહજ રીતે શીખી જાય છે. આ વ્યવસાયમાં આવતી સમસ્યાઓ અને તેમનું નિરાકરણ લાવવા માટે, આ વિષયોમાં વધારે માહિતી આપી શકાય, સાથે સાથે તાલીમ પણ આપવાની જરૂરિયાત જણાય છે જેના દ્વારા આપણે ગાયને મુઝવતા પ્રશ્નોનું નિરાકરણ મેળવી જ્ઞાનમાં વધારવું જોઈએ.

ધ્યેય:

મુખ્ય હેતુ ગાયની સંભાળ લેવાનું છે. ગાયનું સંરક્ષણ કરી તેમની વસ્તી વધારવાનો છે. ગાયના દૂધમાંથી બનતા ડેરીના ઉત્પાદનોનું મહત્વ સમજાવી, આપણા સંપૂર્ણ શારીરિક અને માનસિક વિકાસ માટે કઈ રીતે મદદ કરે છે તેના વિશે મહિલાઓને પરિચિત કરવાનો છે. રાષ્ટ્રના ઝડપી વિકાસ માટે તંદુરસ્ત સમાજ અનિવાર્ય છે. દેશી ગાયનું દૂધ, ઘી આપણા આરોગ્ય માટે શ્રેષ્ઠ છે કારણ કે તે આપણા શારીરિક અને માનસિક વિકાસ માટે ખૂબ જ ઉપયોગી છે. અમારું ધ્યેય ગાયનું મહત્વ આપણા જીવનમાં વધારી સમાજ સેવા કરવાનું તેમ જ તંદુરસ્ત સમાજ અને તંદુરસ્ત રાષ્ટ્રનું નિર્માણ

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

કરવાનું છે. અને તેના માટે અન્ય ઉત્પાદનોથી વધુમાં વધુ જમીન ગાયના ગોબર અને ગૌમૂત્રથી ફળદ્રુપ કરી ખેડૂતોના આર્થિક અને શારીરિક વિકાસ ઝડપથી થાય તેના માટે મદદરૂપ થવાનું છે. ગાયના ગોબર અને ગૌમૂત્રની મદદથી પર્યાવરણને પ્રદૂષણ મુક્ત બનાવવા માટે અને લોકોને વધુ લાભ થાય અને તેમનું જીવન તંદુરસ્ત બને એ જ અમારું લક્ષ છે.

દેશી ગાયના દૂધના ફાયદાઓ:

દેશી ગાયનું દૂધ રોગો સામે લડવા માટે વધુ તાકાત ધરાવે છે. દેશી ગાયના દૂધમાં પ્રોટીન, વિટામીન્સ અને કેલ્શિયમનો સમાવેશ થાય છે. દૂધમાં એમિનો એસિડ રહેલું છે જે પ્રોટીનનું ઝડપથી અને સરળતાથી પાચન કરે છે. વિટામિન એ, બી-ટુ અને બી-થ્રી નો પણ સારો સ્ત્રોત છે જે રોગપ્રતિકારક શક્તિ વધારવા ઉપયોગી છે. તે એસીડીટીની સમસ્યાથી છુટકારો આપવાની સાથે સાથે ડાયાબિટીસને પણ નિયંત્રણમાં રાખે છે. તેના પોષક તત્વો દૂધ ઊકળે ત્યારે પણ અકબંધ રહે છે. ગાયનું દૂધ રુધિરાભિસરણ ક્રિયાને મદદ કરે છે. ગાયનું દૂધ રોચક હોવાથી આંતરડા સાફ રહે છે. અને ધમનીઓમાં ચરબી જામતી નથી. કોલેસ્ટ્રોલ સામે રક્ષણ આપે છે.ગાયનુ દૂધ કુદરતી એન્ટી ઓક્સિડન્ટ છે. માતાના દૂધ પછી ગાયનું દૂધ બાળક માટે શ્રેષ્ઠ વિકલ્પ છે. ગાયનું દૂધ લો-ફેટ હોવાને કારણે મેદસ્વિતા વધારતું નથી. ગાયનું દૂધ સૌંદર્ય વધારનારું છે. ગાયના દૂધમાં ફાયદાઓ રહેલા છે. દેશી ગાયની સંભાળ-ગાયને દેખભાળ અને કાળજીપૂર્વક સાચવણી કરીએ છીએ ગાયોની સંભાળ સારી રીતે પ્રોફેશનલ દ્વારા થાય છે અને તેમના સંપૂર્ણ વિકાસ માટે તેમણે પ્રોટીન અને વિટામિન્સે સમૃદ્ધ ખોરાક આપવામાં આવે છે ગાયોને તંદુરસ્ત રાખવા માટે અમે નિયમિત આરોગ્ય તપાસ પણ કરાવે છે.

ગાયનું દૂધ તમારા શરીરમાં ફેટનું સ્તર વધારતું નથી. શરીરને વધુ તાકાત આપે છે અને શારીરિક રીતે સ્પષ્ટ અને સમગ્ર દિવસ માટે તાજા રાખે છે. ગાયના ઘીમાં ઘણા ગુણો છે જે તમને તંદુરસ્ત રહેવામાં મદદ કરે છે અને શરીરનો કોલેસ્ટ્રોલ લેવલ નિયંત્રિત કરવામાં પણ મદદ કરે છે ગાયનું મૂત્ર આર્યુવેદમાં શ્રેષ્ઠ ઔષધ તરીકે ગણવામાં આવે છે.

ગાયનું મહત્વ :

ગાયના દૂધને સમતોલ આહાર ગણાવીને તેનું મહત્વ વિજ્ઞાને અનેકગણું વધારી દીધું છે. વર્ષો સુધી ફક્ત દૂધનો આહાર કરીને શરીર જાળવી રાખ્યું હોય, એવા અનેક કિસ્સાઓ જાણવા મળે છે જે સાબિત કરે છે કે દૂધ ખરેખર સમતોલ આહાર છે અને ખોરાકની અવેજીમાં લઈ શકાય છે. ડોક્ટરો અને વૈદો પણ દર્દીઓને દરરોજ દૂધ પીવાની સલાહ આપે છે એટલે સ્વાદ, જરૂરિયાત અને

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

સરળતાથી મળી શકતા ખોરાક એવા ત્રીપલ બેનિફિટના કારણે માણસે જિંદગીભર દૂધ પીવાનું ચાલુ રાખ્યું છે. પરંતુ દૂધ કેવું પીવું જોઈએ? એ મુદ્દો અગત્યનો બની રહે છે. આમ તો આપણા દેશમાં દેશી ગાયનું જ દૂધ પીવું જોઈએ એ જ ગુણકારી છે એવો પ્રચાર વર્ષોથી થતો આવ્યો છે. ગાયોનું મહત્વ વધારવાના અને લોકોના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે તેના ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાના હેતુથી, આજકાલ લોકોની જીવનશૈલીની આધુનિકતા અને ટેકનોલોજીમાં ઉન્નતીકરણ એ પરંપરાગત ભારતીય જીવન શૈલીનો દ્રષ્ટિકોણ બદલ્યો છે. છતાં લોકોના સ્વાસ્થ્ય અને મન ઉપર અસર કરે છે. ગાય માતા તરીકે ઓળખાય છે. છતાં પણ દિવસે દિવસે તેનું મહત્વ સમાજમાં ઓછું થતું જાય છે. ગાય એ એક માત્ર એવું પ્રાણી છે જે પૃથ્વી પર જીવવા માટે આપણને મદદ કરે છે.

ગાયનું મહત્વ આપણા જીવનમાં વધારવાના ધ્યેય સાથે અમે શરૂઆત કરી છે. દેશી ગાયોની જાતિનું અસ્તિત્વ ટકાવવા અને મૂળ ગાયોની વસ્તી વધારવા માટેના તમામ પ્રયાસો કરવામાં આવે છે. તબીબી સારવારથી લઈને ગર્ભાવસ્થા સુધીની તમામ કાળજી રાખવા સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવે છે અને પરંપરાગત પદ્ધતિથી ગાયનું ઘી, દૂધ, ગોબર, મૂત્ર વગેરેનું ઉત્પાદન કરે છે. છેલ્લા કેટલાક વર્ષોથી શારીરિક સ્વાસ્થ્ય અંગે વધી રહેલી સજાગતાને કારણે તથા વિશ્વમાં ડાયાબિટીસ, હાઈ બીપી, હૃદયરોગ અને કેન્સર જેવા રોગોના વધી રહેલા પ્રમાણને લીધે વૈશ્વિક લેવલે એના કારણ શોધી કાઢવા માટે અનેક સંશોધન હાથ ધરવામાં આવ્યા છે. માણસના ખોરાકમાં દૂધના વધેલા ઉપયોગના અનુસંધાને દૂધના ઉપયોગથી તંદુરસ્તી પર શું અસર થાય છે તેના વિદેશોમાં થયેલા વૈજ્ઞાનિક સંશોધનોમાં એક ચોકાવનારી હકીકત સામે આવે છે કે જર્સી ગાયના દૂધના ઉપયોગથી કેન્સર અને બીજા રોગ થઈ શકે છે.

પશુપાલન ક્ષેત્રે પરિવર્તન આવ્યું છે. દેશી ગાયનું દૂધ અમૃત છે જે આપણને જીવનભર સ્વસ્થ અને જીવન શક્તિથી ભરપૂર રાખે છે. ભારતીય ગાય અને તેના દૂધ પર સંશોધન કરવાની જરૂરિયાત પર ભાર મુકાયો છે. કુદરત તરફ પાછા વળવાના મોડને ઇકો ફ્રેન્ડલી લાઇફ સ્ટાઇલ કહે છે. ઉકેલ હાથ વગો અને અમલી થઈ શકે તેવો હોવા છતાં ન અપનાવીએ તો પ્રકૃતિ અને સંસ્કૃતિ બેમાંથી એકને પણ બચાવી શકીશું નહીં. આપણા વિકાસ માટે ગાય એ પ્રાણી નથી પણ પ્રાણ છે. પ્રાણ છે તો બધું છે. જે જન્મે છે તે જીવાડે છે જે ઉગે છે તે ઉગાડે છે.

ગાયનો જન્મ થયો છે ઝેર મુક્ત અનાજ ઉગાડવા અને પોષણયુક્ત દૂધ આપવા, આથી ગાય જ સર્વથા યોગ્ય પ્રાણી છે. ગાયમાં 333 કરોડ દેવી-દેવતાઓનું સ્થાન રહેલું છે. ગાય માતા ખૂબ પૂજનીય છે.ગાય પાસે અનેક શક્તિ હોવા છતાં આપણી જીવનશૈલીએ તેને અશક્ત કરી નાખી છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

આંધળી દોટના પુરમાં તણાઈ રહી છે. ખેતી કે ગાય કદાચ તમને તમામ ભૌતિક સુવિધાઓ નહીં આપી શકે, પણ જે તમામ ભૌતિક સુવિધા ભોગવનારને નીરોગી જીવન અને શુદ્ધ વિચાર નથી મળતા, તે તમામ ગાયની સેવાથી જરૂર મળે છે. અબજો રૂપિયા આપીને નિરોગી જીવન મળતું નથી તો દેશી ગાયને આપણે જાતે પાળી, પોષીને અથવા તો પાળનારને પ્રોત્સાહિત કરીને પણ મેળવી શકાય છે.

આમ પણ પરિવર્તનનો પ્રારંભ પોતાનાથી જ કરી શકાય છે. "આંગણે એક ગાય" એ ખેતી માટે ખાતરનું કારખાનું અને નીરોગી જીવનનું ઔષધ+લય છે. ગાયના દૂધની સરખામણી બીજા કોઈના દૂધ સાથે થઈ શકે એમ નથી. ગાયનું દૂધ, દહીં, છાશ, માખણ, ઘી અને ગૌમુત્રજ શરીરને નીરોગી અને મજબૂત રાખે છે. કુદરતનું કોઈપણ સર્જન બિન ઉપયોગી કે નિરર્થક નથી હોતું. જો બિન ઉપયોગ હોય તો પોતાની મેળે જ સમયાંતરે ખતમ થઈ જાય છે. પરંતુ આપણી ઉપયોગ કરવાની કુશળતા,અજ્ઞાનકે આવડતના અભાવે તેનો ઉપયોગ ન કરી શકીએ તો તેમાં કુદરતનો કોઈ ગુનો નથી. ગાય આધારિત ખેતી એ ટકાઉ અને જીવનશૈલી બદલનારી છે. આજે તમારી સામે મીડિયાના માધ્યમથી અનેક સમાચારો મળતા જ હશે કે સુખી સંપન્ન માણસો, શિક્ષિત પરિવારો અને નાના ખેડૂતો ઝેર મુક્ત ખોરાક તૈયાર કરવા લાગ્યા છે. આજે રાસાયણિક ખાતર અને દવાના ગંભીર અને ઘાતક પરિણામો જોઈને કે સાંભળીને પણ પ્રાકૃતિક ખેતી તરફ વળવાનો પ્રવાહ વધ્યો છે. આપણા ખેતીપ્રધાન દેશમાં ગાયોને પાળવાની પરંપરા છે. ભારતના 70% લોકો ગામડામાં રહે છે. અને તેમના મુખ્ય ધંધો ખેતી અને પશુપાલન છે દરેક પરિવાર પાસે થોડી જમીન હોય અને દૂધાળા ગાયો અને શક્તિશાળી બળદોનું પાલન થયું હોય તે બહુ દૂરની વાત નથી.

પશુ સ્વાસ્થ્યઃ

આપણે સૌ જાણીએ છીએ કે "પહેલું સુખ તે જાતે નર્યા" તેવી જ રીતે પશુપાલનના વ્યવસાયમાં પશુ આરોગ્યનું મહત્વ છે. કારણ કે નીરોગી પશુ જ વધુ દૂધ આપી શકે છે. સારું કાર્ય કરી શકે છે તેમજ સારી ઓલાદ એટલે કે તંદુરસ્ત બચ્ચા આપી શકે છે. ખરું કહીએ તો પશુપાલનના વ્યવસાયના અર્થતંત્રનો સીધો આધાર પશુના આરોગ્ય ઉપર જ રહેલો છે. પશુપાલન વ્યવસાય-કૃષિના અંગભૂત વ્યવસાય તરીકે તથા હવે એક સ્વતંત્ર વ્યવસાય તરીકે વધી રહ્યો છે. વૈજ્ઞાનિક સંશોધનોના પરિણામે દેશી પ્રકારની ગાયો, ઘાસચારોનું વધુ ઉત્પાદન આપતી જાત, રસીકરણ કાર્યક્રમ, સ્વચ્છ દૂધ ઉત્પાદન માટેની માર્ગદર્શિકા અને પુસ્તિકાઓ વાછરડા-પાળીયા

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ઉછેમાં વૈજ્ઞાનિક અભિગમ, ઉનાળાની ઋતુમાં ખાસ પ્રકારની સંભાળ,દૂધમાં મૂલ્યવૃદ્ધિ જેવી બાબતો વગેરેની માહિતી આપવામાં આવે છે.

સમસ્યાઓ કે મૂંઝવતા પ્રશ્નોઃ

પશુપાલન વ્યવસાયમાં પણ મુશ્કેલીઓ અને સમસ્યાઓ કે મૂંઝવતા પ્રશ્નો દરેક સમયે પશુપાલકોને સતાવતા રહેલ છે. તેના ઉકેલ માટે પશુપાલન શિબિરો, કૃષિમહોત્સવ, કિસાન કોલ સેન્ટર, પશુપાલન, પરિસંવાદો, રેડિયો-ટીવી કાર્યક્રમો વગેરે માધ્યમો વડે સતત પ્રયત્ન કરવામાં આવે છે આમ છતાં ઘર આંગણે કોઈ પણ પ્રશ્નોનું સમાધાન થઈ શકે તથા તેના ઉકેલ જેવી ગંગોત્રીની જરૂરિયાત રહે છે.

પ્રશ્નો અને તેનો ઉકેલઃ

આ પડકારોને મૂંઝવતા પ્રશ્નો અને તેનો ઉકેલ પુસ્તિકાઓમાંથી મળી રહે છે. પશુઓ માટે આહાર, રહેઠાણ, રોગ નિયંત્રણ, સંવર્ધન, દૂધ ઉત્પાદન, ઉછેર વગેરે તમામ પાસાઓને લગતા અને પશુપાલકો દ્વારા જ પુછાયેલા પ્રશ્નોનો સમાવેશ થાય છે. ગાયોની સેવા કરવી તેમને વનમાં ચરવા લઈ જવામાં ભગવાન શ્રીકૃષ્ણ જીવનનું શ્રેષ્ઠ કાર્ય સમજતા. ગાયો સંસારમાં ઉત્તમ, શ્રેષ્ઠ, પવિત્ર છે. ગાયના દહીં, ઘી, દૂધ, છાણા વગર ધાર્મિક કાર્ય સંભવિત નથી. શરીરની પુષ્ટિ માટે જેટલું ગાયનું દૂધ મહત્વનું છે તેટલું રોગ નિવારણ તથા પ્રાયશ્ચિત માટે ગૌમૂત્ર અને ગોમય એટલે કે છાણાનું જ મહત્વ છે એમ વશિષ્ઠ મનુએ કહેલું છે. ગાયનું સમાજમાં એટલું મહત્વ છે કે જ્યાં ગાયના પગલા પડતા તે ધુળથી વાતાવરણ પવિત્ર થઈ જતું. આપણી જીવન વ્યવસ્થા કૃષિ પ્રધાન રહી છે. અને કૃષિનો બધો આધાર સ્તંભ ગૌપુત્ર અને ગાયો પર છે. જે ગાયો એ વર્ષો સુધી માનવના કુટુંબને પાળી-પોષીને પુષ્ટ કર્યા. પોતાના પુત્ર બળદને માનવીના સુખ માટે ખેતી માટે આપી દીધા તેનાં ઉપકારોને ભૂલી શકાય એમ નથી.

ગામડાથી શહેર સુધીના મોટા ભાગના લોકોએ ગાયનું પાલન કરવાનું શરૂ કર્યું છે. ગાયોના ઉછેર માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા ખેડૂતોને ગાય ઉછેર પર સબસીડી પણ આપવામાં આવી રહી છે. જેથી ગાયોની સ્વદેશી જાતિની લોકપ્રિયતાની સાથે તેમની ઉપયોગીતા પણ વધારી શકાય.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

(1) પ્રોફે. રમેશ એલ.દેશમુખ, (2) પ્રોફે.ગોવિંદ જે. ખેર
તોલાણી કોલેજ ઓફ આર્ટસ & સાયન્સ, આદિપુર.
મોબાઈલ નંબર -972965321
rldeshmukh321@gmail.com

ગાય આધારિત ખેતી એટલે શું?

સામાન્ય લાગતો સવાલ બહુ રસપ્રદ લાગતો નથી પણ આ આજકાલ ભારતમાં બહુ hot topic ગણાય છે. ગાય આધારિત ખેતી જેવા વિષય ઉપર લોકોનું ધ્યાન ઓછું જાય છે. ગાય આધારિત ખેતી એ બહુ અદભુત વાત હતી.કારણ કે ગાયનું મૂલ્ય ઘટ્યું એટલે ખેતીની અંદર બરબાદી આવી ગઈ. એક ગાય અર્થશાસ્ત્રના નિષ્ણાતો પ્રમાણે એક એકર જમીનને ફળદ્રુપ બનાવી શકે છે. અર્થાત ગાય આધારિત ખેતી એટલે ફક્ત ગાયનો ઉપયોગ કરીને ગાયના છાણને ખાતર બનાવવામાં અથવા ખાતર તરીકે સીધું જ જમીનમાં નાખી દેવામાં આવે તથા ગૌમૂત્રએ પણ ખેતીમાં વાપરવામાં આવે તો એમાંથી થતી ઉપજ ખાતરના ખર્ચા વગર લગભગ બમણી ઉપજ મળે છે.

આજકાલનો ખેડૂત ખેતી માટે જેટલો ખર્ચો કરે છે એમાં લગભગ 40% રૂપિયા રાસાયણિક ખાતર પાછળ વાપરે છે અને ગાય આધારિત ખેતી કરવામાં સીધે સીધી 40% ટકા બચત થાય છે. ભારતની 20 કરોડ ગાયોનું ગૌમૂત્ર દરેક ગાયદીઠ સરેરાશ ઉત્પાદન 5-6 લિટર છે અને ગાયનું છાણ 10-12 કિલોગ્રામ છે. કુલ મળીને અંદાજે 110 કરોડ લિટર ગૌમૂત્ર અને 210 કરોડ કિલોગ્રામ ગોબર દરરોજ ઉત્પન્ન થાય છે. આ ગાય આધારિત ખેતી આ છાણ અને ગૌમૂત્રનો ઉપયોગ કરે તો આટલું રાસાયણિક ખાતર વાપરવાનું બંધ થઈ જાય અને એનાથી ઓર્ગેનિક ફૂડ તો મળે જ પણ જમીનની ગુણવત્તા આપોઆપ વધવા માંડે છે. આ ઉપરાંત ગાયોની સંખ્યા વધારવી, ગાયોને મેનેજ કરવી, ગાયો માટે વ્યવસ્થા કરવી તથા ગાયને જરૂર પડે એવી સામગ્રીઓ લેવી વેચવી એ તમામ પ્રક્રિયાઓમાં જે માણસોની જરૂર પડે એનાથી ઘણી બધી બેરોજગારી ઓછી થઈ જાય અને ગાય આધારિત અર્થતંત્ર પાછું ચાલુ થઈ શકે એમ છે. ગાયનાં છાણમાંથી ગોબરગેસ ઉત્પન્ન કરીને ગ્રામ્ય વિસ્તારમાં લોકોની જરૂરિયાત પુરી કરી શકાય છે. એક નવું અર્થતંત્ર ઊભું કરી શકાય છે.

તો આ ગાય આધારિત ખેતી એટલે ફકત અનાજ ઉગાડવા પૂરતી ખેતી નથી પણ ઉપજાવ ગાય , ઉપજાવ જમીન અને એથી મહત્વનું એવું ઉપજાવ માનવ સંસાધન તથા માણસનું જીવન ઉપર લાવવાની અમૂલ્ય તક ગાય આધારિત ખેતી ધરાવે છે.વાત સામાન્ય છેપણ અસર બહુ મોટી છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ગાય આધારિત પ્રાકૃતિક ખેતી એટલે શું ? એવો પ્રશ્ન થાય એ સ્વાભાવિક છે. અહીં પ્રાકૃતિક શબ્દમાં જ એનો જવાબ છે. **"પ્રાકૃતિક ખેતી"** એટલે સંપૂર્ણ કુદરતી, પ્રકૃતિમય શુદ્ધ અને સાત્વિક, અથવા "ઓર્ગેનિક ખેતી એટલે સંપૂર્ણ કુદરતી, કોઈપણ કેમિકલ કે રસાયણનો ઉપયોગ કર્યા વગર પોતાની પાસે જે કુદરતી વસ્તુઓ છે તેનો ઉપયોગ કરી કરવામાં આવતી ખેતી." જેને "ગાય આધારિત ખેતી" પણ કહેવામાં આવે છે. ખેડૂત એવી કૃષિ વ્યવસ્થા અપનાવે છે કે તેને બજારમાંથી ખરીદ કરેલ રાસાયણિક ખાતરો, કે જંતુનાશક દવાઓનો ઉપયોગ કર્યા વગર કરવામાં આવતી ખેતી પદ્ધતિ. જે સંપૂર્ણ શુધ્ધ ને રસાયણ રહિત છે. અને ખર્ચ વગર કરવામાં આવતી ઋષિઓએ આપેલી પરંપરાગત ખેતી છે.

આપણી ભારતીય પરંપરામાં વૈદિકકાળથી ઋષિઓએ ખોરાક માટેની ઉત્કૃષ્ટ કૃષિ વ્યવસ્થા સમાજને આપી છે. ઋષિએ માત્ર માનવજાત જ નહીં, પરંતુ પ્રકૃતિના ખોળે રહેતા આપણા સ્વજન જેવા પાલતુ પ્રાણીઓ ગાય , બળદ અને અન્ય પશુ પક્ષીઓના જીવન નિર્વાહ અને પ્રકૃતિના રક્ષણ માટે વિશ્વને પ્રેરણા આપી છે. ઋષિઓએ અધ્યાત્મ અને વિજ્ઞાનનો સમન્વય કરી **પ્રાકૃતિક ખેતી વ્યવસ્થા દ્વારા ખોરાક અને ઔષધોનો અખૂટ ખજાનો વિશ્વની સામે રાખ્યો છે.** ખોરાક અને જીવનપદ્ધતિ માટે હજારોવર્ષોથી ભારતે વિશ્વને પ્રેરણાઅને માર્ગદર્શન આપ્યુંછે.પ્રકૃતિના આપણા ઉપરના અનેક ઉપકારો માટે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની પ્રેરણા ઋષિઓ એ આપણને સમજાવી છે.સુક્ષ્મજીવોથી લઈ મહાકાય પ્રાણીઓનું પોષણ કરનાર આ જમીન છેએટલે જ ધરતીને માતાકહી છે . અખાત્રીજના દિવસે ખેડૂત ધરતીમાતાનું પૂજન કરે છે તેમજ તેની ખેતીમાં સાથ આપનાર પોતાના પરિવાર સમાન બળદનું પણ પૂજન કરે છે. ખેતી અને પરિવાર માટે ખૂબ જ મહત્વનું સ્થાન ગાયનું છે. એટલેજ ગાયને પણ માતાનું સ્થાન આપવામાં આવ્યું છે.

"પ્રાકૃતિક ખેતી"માં ગાયનું ખુબ મહત્વ છે. તેથી જ ગાયને 'કામધેનુ' કહી છે.આજના આ સ્પર્ધાના યુગમાં વધુ ઉત્પાદન મેળવી વધુ આર્થિક લાભ મેળવવામાં કૃષિ ક્ષેત્ર પણ બાકાત નથી. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓનો બેફામ ઉપયોગ આપણી જમીનને ખૂબ મોટું નુકસાન કરી રહ્યો છે. આવું જ ચાલતું રહેશે તો આવનાર પેઢી માટે ફળદ્રુપ અને ઉપજાઉ જમીનને આપણે ખોઈ બેસીશું .પરંતુ પ્રાકૃતિક કૃષિ જમીનને ફળદ્રુપ અને સ્વસ્થ રાખવામાં ખૂબ મહત્વનું પરિબળ બની રહ્યું

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

છે. આપણે ત્યાં જૂના કાળથી **આરોગ્યપ્રદ અને શુધ્ધ ખોરાકનો મહિમા** કહેવામાં આવ્યો છે. આપણે ત્યાં કહેવત છે કે 'જેવું અન્ન તેવું મન ,અન્ન એવો ઓડકાર' અને 'અન્ન એજ ઔષધ.' એટલેકે શુદ્ધ અને **પ્રાકૃતિક ખોરાક એજ જીવનને** સ્વસ્થ રાખવા પુરતું છે . **પ્રાકૃતિક ખેતી** આવા શુધ્ધ અને આરોગ્યપ્રદ ખોરાકનું ઉત્પાદક છે . હવે લોકોનું ધ્યાન ઓર્ગેનિક ખોરાક પર ગયું છે. પરિણામે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન મળી રહ્યું છે .

"પ્રાકૃતિક ખેતી"ના ફાયદા

પ્રાકૃતિક ખેતીમાં માત્ર ફાયદાઓજ છે . પ્રાકૃતિક ખેતીને ઓર્ગેનિક ખેતી પણ કહેવામાં આવેછે. ઓર્ગેનિક ખેતીના અનેક અનેક ફાયદા છે.જેમાં તાત્કાલીક અને લાંબા ગાળાના ફાયદા છે.

૧.પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનમાં રાસાયણિક ખાતરો અને રાસાયણિક દવાઓ(પેસ્ટીસાઇડ)નો ઉપયોગ થતો નથી .પરિણામે ઉત્પાદન થતા મસાલા પાકો ,અનાજ ,ફળ અને શાકભાજી કુદરતી પોષક તત્વોથી ભરપૂર અને સ્વાસ્થ્યપ્રદ હોય છે ,જેનાથી ઉત્તમ આરોગ્ય અને લાંબુ આયુષ પ્રાપ્ત થાય છે.

૨.પ્રાકૃતિક ખેતીમાં વૃક્ષોનું મહત્વ હોઈ વાતાવરણ પ્રદૂષણ મુક્ત અને ઓછા વરસાદની સ્થિતિ સર્જાતી નથી.

3.પ્રાકૃતિક ખેતીમાં ગાયનું ગૌ મૂત્ર ,છાણ ,વનસ્પતિનાં પાંદડાં અને કુદરતી છાણીયા ખાતરનો ઉપયોગ થતો હોઈ જમીનમાં દેશી અળશિયાંની સંખ્યા વધે છે . અળશિયાં જમીનને ફળદ્રુપ અને પોચી બનાવનાર ખેડૂતના સાચા મિત્ર છે. જમીનમાં રહેલા ઉપયોગી બેક્ટેરીયા જમીનને તંદુરસ્ત રાખે છે . એટલેજ માટી બચાવો અભિયાનમાં માત્ર "ઓર્ગેનિક ખેતીજ " કારગત નીવડી શકશે.

૪.પ્રાકૃતિક ખેતીમાં પિયત પધ્ધતિ પ્રમાણસર અને પધ્ધતિસર છે છોડને પાણી કરતાં ભેજ વધુ જરૂરી હોઈ મલ્ચીંગ પધ્ધતિથી ઓછા પાણીથી પ્રાકૃતિક કૃષિ થઈ શકે છે .

૫.પ્રાકૃતિક કૃષિમાં ખર્ચ થતો નથી. ઝીરો બજેટ ખેતી હોઈ ખેડૂતને આર્થીક ફાયદો થાય છે .

૬.પ્રાકૃતિક ખેતી ગાય આધારીત ખેતી હોઈ ખેડૂત પરિવારે દેશી ગાય પાળવી જરૂરી છે. ગાયના દૂધમાં અનેક પ્રાકૃતિક તત્વો ભરપૂર હોઈ પરિવારને ઉત્તમ દૂધ,દહી ,માખણ અને ઘી મળી રહે છે. ખેતી માટે ગાયનું છાણ અને ગૌમૂત્ર જ વધુ જરૂરી હોય છે અલબત ક્યારેક છાસ અને દૂધ પણ જરૂરી બને છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ગાય પાળી ખેતી કરતા ખેડૂતો માટે ગુજરાત સરકાર ગાયના નિભાવમાટે માસિક ૩.900 જેટલી સહાય પણ આપે છે .પરિણામે ખેડૂતને ગાય પાળવાનો ખર્ચ થતો નથી .

૭.ખેડૂતે ઉત્પાદન કરેલ ખેત ઉત્પાદન વેચવાની વ્યવસ્થા અને બજારભાવ કરતાં પણ સારા ભાવ મળી શકે છે ,જેનાથી ખેડૂતને આર્થીક ફાયદો થાય છે.

૮.જમીન ફળદ્રુપ બનતાં ઉત્પાદન વધતું જાય છે .

૯.ઓર્ગેનિક ખેતી કરનાર ખેડૂત પર્યાવરણ ,જમીન સ્વાસ્થ્ય ,અને ગૌપાલન માટે કાર્ય કરતો હોઈ રાષ્ટ્ર અને અધ્યાત્મ માટે કરેલા કામનો આનંદ અને સંતોષ મેળવે છે .મારે મન આ જ મહત્વનું છે.

પ્રાકૃતિક ખેતીના પ્રણેતા

ભારતમાં પ્રાકૃતિક ખેતીનો પ્રચાર પ્રસાર કરી પુનઃ ઋષિમાન્ય પ્રાકૃતિક ખેતીની સ્થાપના થાય . બીન ખર્ચાળ અને આરોગ્યપ્રદ ઉત્પાદનો સાથે પર્યાવરણ અને જમીનની ફળદ્રુપતા ટકાવી રાખવાના પ્રયત્નો કરનાર આધુનિક કૃષિરૂષિ પદ્મશ્રી સુભાષ પાલેકરજી જેઓ કૃષિ વિજ્ઞાની છે. તેમણે કરેલા પ્રયતનોને આભારી છે. વર્તમાનમાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી ખેડૂતોને (Farmers) પ્રાકૃતિક ખેતી (Natural Farming) કરવા માટે પ્રેરિત કરી રહ્યા છેકુદરતી ખેતીને . પ્રોત્સાહન આપવા માટે તેઓ રોલ મોડેલ બન્યા છે .ગુજરાત વિધાપીઠ દ્વારાપણ પ્રાકૃતિક ખેતીમાં phdની ડીગ્રી હવે દાખલ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

Vaibhavi H.Chudasama
Department of Economics
Dr.V.R.Godhaniya College, Porbandar.

ગાયઆધારિત ઉદ્યોગો

પ્રસ્તાવિત:

આપણા ખેતીપ્રધાન દેશમાં ગાયને પાડવાની પરંપરા રહી છે. ભારતના 70% લોકો ગામોમાં રહે છે. તેમનો મુખ્ય ધંધોખેતી અને પશુપાલન છે. દરેક પરિવાર પાસે થોડી જમીન હોય અને દૂધારી ગાયો હોય અને શક્તિશાળી બળદોનું પાલન થતું હોય,તે બહુ દૂરના ભૂતકાળની વાત નથી.

આ વ્યવસ્થામાં બીમાર અપંગ અને અનાથ ગાય સેવા માટે દરેક ગામમાં ગૌશાળા રહેતી.સમાજના સેવાભવને કારણે ગૌશાળાઓને નિભાવ પણ સારી રીતે થઈ જતો,સારામાથા પ્રસંગે લોકો ગૌશાળાને દાન આપતા,ગામ પાસે ગૌચર જમીનનોરેહતી, તેથી પશુઓને પૂરતા પ્રમાણમાં ખાવાનું મળી રહેતું. આમ વર્ષોથી સુધી ગોવંશ અને ગૌશાળા ભારતીય સંસ્કૃતિનું અગત્યનું અંગરહ્યું,વર્ષો સુધી ખેતી સાથે ગોપાલન બહુ સ્વાભાવિક રીતે ભારતમાં મહત્વનું વ્યવસાય પણ રહ્યો છે.

ગાયએટલેકામધેનુ:

કામધેનુ એટલે માનવજાતની મનોકામનાનાઅર્થાતજરૂરિયાતોનેસાત્વિકતાઅને સંવેદનાથી પૂર્ણ કરવાનું સામર્થ્ય ધરાવનાર,અનિષ્ટોને દૂર કરનાર, સમસ્યાઓનો ઉકેલ લાવનાર,અને ભવિષ્યનો આધાર.કામધેનુ એટલે આરોગ્ય આધ્યાત્મ,ઉર્જા,સૌંદર્ય અને પર્યાવરણની આરાધ્ય દેવી. આવર્ણનકામધેનુ છે. જો યોગ્ય દ્રષ્ટિકોર્ણ પૂર્વકમાંમાવજત થાયતો, ભારતના સાત લાખ ગામડાઓમાં વસતા પ્રત્યેક પરિવારના પેટ ભરવા અને દેશને પોતાના પગ પર ઉભો રાખવા આપણો ગોવંશ આજે પણ સક્ષમ છે.

ખેતીપ્રધાન ભારતની રીત ટ્રેક્ટર કે રાસાયણિક ખાતરની નહોતી. ભારતની ખેતી ગોવંશ આધારિત હતી.ગાયનું દૂધ ધરતી પરનો અમૃત મનાતું, ગાય ઝેરી પદાર્થ ખાઈ જાય તો પણ તેના દૂધમાં જેટલી અસર થતી નથી. ગાયના દૂધ,ઘી થી પોષણ, ગૌમુત્રથી ઔષધ, ગોબરમાંથી ખાતર મળે છે. જૈવિક ખાતરથી ઉત્પન્ન થતું અનાજ અને શાક અને ફળ સ્વાસ્થ્યવધર્ક છે. ઉપરાંત તેનાથી જમીન વધારે ઉપજાઉ બનેછે. હાલના સંજોગોમાં ગાય અને ગૌવંશ પર સંકટ ઊભું થયું છે તેમાં ગોહત્યાસંબંધી ઇચ્છનારો એક વર્ગ ઉભો થયો છે. આ વર્ગ બંધારણની 48મી કલમને ઘણું મહત્વ આપી રહ્યો છે. પણ આ કલમ આદેશાત્મક નથી,પરંતુ માર્ગદર્શકનીગૌમૂત્રઅને ગોબર:

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

જેમ માનવી માટે ખોરાકજરૂરી છે, તેમભૂમિમાટેખાતર અનિવાર્ય છે. ભારતમાં પશુઓની વિપુલતાહોવા છતાંપોષકસેન્દ્રીય ખાતરને બદલે ઉપદ્રવી, રાસાયણિક ખાતરના વપરાશ ઉત્તેજન આપતું રહ્યું છે. કારણ કે માનવી સમજતો નથી અને મળમૂત્રના વપરાશનેસુગથી જુએ છે. અથવા એમ વિચારે છે,કેશરીરે ફેંકી દીધેલા કચરાથીકંઈખોરાક ઉત્પન્ન કરવામાં વપરાય? વિશ્વના વિકસિત દેશોમાં મળમુત્રઅને કચરાનો ઉપયોગ કરી બળતણ, ઉર્જા અને ખાતર મેળવવામાં આવે છે. આ પ્રક્રિયા ગંધમુક્ત અને સસ્તી છે. તેમાં જરૂરિયાત કે સગવડપ્રમાણે નાના કે મોટા એકમો બનાવી શકાય છે. બાયોગેસ પ્લાન્ટના ઇંધણ માટેનો ગેસતો ઉત્પન્ન થાય જ છે.

1975 74 માં દર હેક્ટર 51.6 કિલો રાસાયણિક ખાતર વપરાતું હતું. 2001-02માં વધીને તેને દર હેક્ટર 170 કિલો રાસાયણિક ખાતર વપરાતું થયું. આ વધારો હજી ચાલુરહ્યો છે. પરિણામે શું આવ્યું? ઘઉંના દેશીબિયારણનેછાણીયાખાતરખેતીમાં 12 પિયતનીજરૂરપડતીહતી.રાસાયણિક ખાતરની ખેતીમાં 30 થી 35% પીએટ ની જરૂર પડે છે. આનાથી જમીનનું ક્ષારિરણ થતું જાય છે. તેથી ફળદ્રુપતા ઘટે છે. અને ખર્ચને મહેનત વધે છે. પાણીની ખેચ ઊભી થાય છે.શિંગખાતર અને ગરતીયુંસેન્દ્રીય ખાતર ખેડૂતોને પોતાની જમીન માટેનો તો કામ આવે જ છે. પણ જોતે પદ્ધતિસર અને વૈજ્ઞાનિક રીતે ગોબરગેસ અને ગૌમુત્રનો ઉપયોગ કરે તો, વધારાની આવક પણ ઊભી કરી શકે છે.દરેકગૌશાળાએ પણ બાયોગેસપ્લાન્ટએન ખાતરઓષધબનાવવાનાકેન્દ્ર ચલાવતા શીખી લેવું જોઈએ. ખેતી અને ગૌપાલનનું યોગ્ય સંયોજન થાય તો, ઉત્તમ પરિણામ મળે છે.જો ઉત્તમ ઓલાદના ઘણખુટ અને દુધાળા ગાયોની સંખ્યા અને ઉપયોગવધેતો વર્ષોમાત્રણ થી ચાર પાકની ઉપજ લઈ શકાય છે. બેકારી અને ગરીબી ઘટવા માટેગૌકૃષિઆધારિત અર્થતંત્રનું નિર્માણ જરૂરી છે.

કુટીર ઉદ્યોગથી માંડીને મધ્યમ અને મોટા પાયે ઉત્પાદન ક્ષમતાના પ્લાન્ટ સુધી વિવિધ સરકારી યોજનાઓ અમલમાં છે. ગાયનું છાણ સ્મશાનના લાકડાના વિકલ્પ તરીકે છાણના રંગ, પ્લાસ્ટર, ઇંટો, ટાઇલ્સ, કાગળ અને ગૌ કષ્ટ માટે મોટું બજાર પૂરું પાડી શકે છે. બાયોગેસ, CNG, CO2, હાઇડ્રોજન જેવા જૈવિક ઇંધણ છાણ, ગૌમૂત્રમાંથી બનાવવામાં આવે છે અને ફેક્ટરીઓને સપ્લાય કરવામાં આવે છે. આ એક્સ્પોમા વિવિધ વિષયો પર ભારત સરકાર અને રાજ્ય સરકારોના વિવિધ વિભાગો દ્વારા સરકારી અનુદાન, લોન, સબસિડી અને પ્રમોશનલ યોજનાઓ, ગાય પર્યટન, ઓર્ગેનિક ફાર્મિંગ વિશે વિગતવાર માહિતી આપવામાં આવશે. સ્ટાર્ટઅપ અને યુવાનોને ગાય આધારિત ઉદ્યોગસાહસિકતા દ્વારા કરોડોની આવક કેવી રીતે મેળવવી તે વિશે માહિતી આપવામાં આવશે. આ ઇવેન્ટ વૈશ્વિક સ્તરે ગાય આધારિત આંત્રપ્રિન્યોરશિપ માટે ગેમ ચેન્જર બની રહેશે. ગાય આધારિત ઉત્પાદનોમાંથી

મેળવેલ પંચગવ્ય (દૂધ, દહીં, ઘી, મૂત્ર અને ગોબર) શ્રેષ્ઠ આયુર્વેદિક દવા છે. ગાય એક ફરતી ફાર્મસી છે. આયુર્વેદ ક્ષેત્રના વિકાસ સાથે તમામ મંત્રાલયોને જોડીને આપણે આયુર્વેદમાં નવી ઊંચાઈઓ હાંસલ કરી શકીએ છીએ. વિવિધ આયુર્વેદિક ફાર્મા કંપનીઓને પ્રાણીઓ માટે વેટરનરી આયુર્વેદિક દવાના ઉત્પાદન માટે આગળ આવવા વિનંતી કરવામાં આવે છે. વર્તમાન "કુદરતી ખેતી" અભિયાનને આ એક્સ્પો દ્વારા વેગ મળશે. ગાયના ગૌમૂત્રમાં લેકટોઝનું પ્રમાણ વધારે હોય છે, જે હૃદય અને મગજના રોગો માટે લાભદાયક છે. પથરીની બિમારીમાં ૨૧ દિવસ સુધી ગૌમૂત્રનાં સેવનથી રાહત મેળવી શકાય છે. ક્ષયની બિમારીમાં દવાની સાથે ગૌમૂત્રનાં ઉપયોગથી વધુ સારું પરિણામ મેળવી શકાય છે. ગાયનું સૂકુ છાણ અને ઘીનો ધૂમાડો કરતાં વાયુ પ્રદૂષણમાં સુધારો થાય છે. ગૌમૂત્ર પેટના અનેક રોગો માટે રામબાણ દવા છે. ગૌમૂત્રમાં જંતુઓનો નાશ કરવાની ક્ષમતા રહેલી છે. શરદી-કફ, મેદસ્વીતા, દમ, મધુપ્રમેહ, લોહીનું દબાણ, યકૃત, મૂત્રપિંડ, કેન્સર તેમજ ચામડીને લગતાં રોગોમાં તે ખાસ ઉપયોગી છે. ઉપરાંત પશુઓમાં ગાયનું મહત્વપૂર્ણ એવી ગૌમૂત્ર વનસ્પતિની જંતુનાશક દવાઓના વપરાશથી છોડની રોગ પ્રતિકારક શક્તિ વધે છે. માત્ર ગુજરાતના જ નહીં પરંતુ સમગ્ર ભારતમાંથી મુલાકાતીઓ અને ખેડૂતો આ એક્સ્પોની મુલાકાત લેશે.ગૌમૂત્ર અને છાણ કાચા માલ તરીકે ગૌશાળામાં ઉપલબ્ધ છે, જેનો ઉપયોગ ઔદ્યોગિક હેતુઓ માટે કરી શકાય છે. દેશના સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત, ગ્રીન ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા અને મેક ઈન ઈન્ડિયાના વિઝનને વેગ મળશે, ગૌશાળાઓ આત્મનિર્ભર બનશે, યુવાનો અને મહિલાઓને રોજગારી મળશે.ડિજિટલ માર્કેટિંગ આઉટલેટ્સ દ્વારા, પર્યાવરણની સુરક્ષા કરીને નિકાસ-આયાત દ્વારા કમાણી કરી શકાય છે. ગાય આધારિત અર્થવ્યવસ્થાને મજબૂત કરવામાં મદદ કરવા માટે આવા બહુવિધ નવા ઉદ્યોગો માટે વિશાળ તકો છે. સરકાર અને સમાજ સાથે જોડાઈને સાચા અર્થમાં ગૌ રક્ષાની અનુભૂતિ ભારતને સમૃદ્ધ અને સમૃદ્ધ બનાવશે. આ પ્રોજેક્ટ્સ દેશની અર્થવ્યવસ્થાને 5 ટ્રિલિયન ડોલર સુધી લઈ જવા અને ગ્રીન ઈકોનોમી મોડ્યુલને પ્રોત્સાહન આપવા માટે એક શક્તિશાળી માધ્યમ સાબિત થશે. G2B, B2B અને રોકાણકારો દ્વારા ઇન્ટરેક્ટિવ કનેક્ટિવિટી માટેની તકો નાના ગાય ખેડૂતો, ગૌશાળાઓ અને પાંજરાપોળને ઉપલબ્ધ થશે.ગાયનો અર્થ માત્ર દૂધ જ નહીં પરંતુ ગાય આધારિત ઉદ્યોગના માધ્યમ તરીકે મૂત્ર અને છાણથી જીડીપી વધારી શકાય છે. ગૌમૂત્ર-છબર ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાથી રખડતા ઢોરની સમસ્યા હલ થશે. માર્ગ અકસ્માતો અટકશે. પાંજરાપોળ સમૃદ્ધ થશે. આમ ભારતીય સંસ્કૃતિની "ગૌ સેવા"નો ખ્યાલ સાકાર થશે.

ડેરીઉદ્યોગ:

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ગાય તથા ભેંસના દૂધનું વેચાણ કરવાના ઉદ્યોગને ડેરી કહેવામાં આવે છે. સહકારી ધોરણે ચાલતી અમુલ ડેરી ગુજરાતની જાણીતી ડેરી છે. આ ઉપરાંત રાજ્યના લગભગ બધા વિસ્તારોમાં દુધની ડેરીઓ સહકારી ધોરણે કાર્ય કરી રહી છે. કૃષિ સાથે સંકળાયેલા પશુપાલનના ઉદ્યોગમાં દૂધ એકઠું કરવું, તેની જાળવણી માટેની પ્રક્રિયાઓ કરવી, ગુણવત્તા મુજબ વર્ગીકરણ કરવું, યોગ્ય પેકીંગ કરવું, વેચાણની વ્યવસ્થા કરવી, વધારાના દૂધનો શીત સંગ્રહ તેમ જ તેમાંથી અન્ય બનાવટો બનાવી વેચાણ કરવું વગેરે કાર્યોનું સંચાલન ડેરી દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત દુધાળા પશુઓના સ્વાસ્થ્ય અને માટે સમયાંતરે દાક્તરી તપાસ અને સારવાર, પૂરક પોષણયુક્ત આહારની વ્યવસ્થા વગેરે કાર્યો પણ ડેરી દ્વારા કરવામાં આવે છે.

દૂધ મંડળી

અલગ-અલગ પ્રકારની મંડળીઓની દરખાસ્ત સાથે કેટલીક વિષેશ માહિતી / દસ્તાવેજો રજુ કરવાની બાબતો.

મંડળીમાં દૈનિક કેટલા દુધની ભરતી/ખરીદી થાય છે. તે અંગેનો દુધ સંઘનો પત્ર

સુચિત સેન્ટર પ્રથમ શરૂ કરવાનું થાય છે. ૬ થી ૧૨ માસમાં નોંધણી કરવાની થાય છે. સદર સમયના મંડળીના દુધ વેપાર પત્રક તથા સરવૈયા પત્રકો

સુચિત મંડળીની કાર્ય વિસ્તારમાં મંડળી નોંધાયેલ હોય અને બીજી મંડળી નોંધાવવાની થાય તો બંને મંડળીઓએ વચ્ચે કેટલુ અંતર છે તેનો તલાટી કમ મંત્રીનો દાખલો તથા નોંધાયેલ મંડળીનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

ગોબરગેસ:

ગોબરગેસ શું છે?

પ્રાણીઓનાં મળમૂત્ર એકઠાં કરી પ્રાણવાયુની ગેરહાજરી અને જીવાણુઓની હાજરીમાં તેમાં આથો ગુણવતા ધરાવતો મીથેન વાયુ લગભગ ૬૦% જેટલો છે અને ૪૦% જેટલો નિષ્ક્રિય કાર્બન ડાયોકસાઈડ વાયુ હોય છે. થોડા ઘણા અંશે નાઈટ્રોજન, સલ્ફાઈડ જેવા વાયુઓનો પણ ગોબરગેસમાં સમાવેશ થાય છે. પશુઓનું છાણ ગોબરગેસના ઉત્પાદન માટે આદર્શ કાચો માલ પૂરો પાડે છે. તેની સાથે માનવ મળમૂત્ર, ડુક્કરનું છાણ અને મરઘાં ઉછેર કેન્દ્રમાંથી મળતા ચરક ઈત્યાદિ પૂરક વસ્તુઓ તરીકે ઉપયોગમાં લેવાય છે. સેન્દ્રિય કચરો, જળકુંભી, મકાઈના સાંઠા, કેળનાં પાન, જંગલી ઘાસ, ખેત કચરો અને પાણીમાં થતી લીલ, શેવાળ વગેરે પણ ગોબરગેસ ઉત્પાદનના કાચા માલ તરીકે ઉપયોગી છે. પશુઓનું છાણ, જળકુંભી અને લીલનું સપ્રમાણ મિશ્રણ ૭૦% જેટલો મિથેન વાયુ

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ઉત્પન્ન કરે છે. એક એકર જળકુંભી પ્રતિદિન ૧૧૦૦ ઘનફૂટ અથવા ૩૦ ઘનમીટર જેટલો ગેસ ઉત્પન્ન કરે છે. જે એક સાફ અને સસ્તો બળતણ ગેસ છે. આમાં છાણના ખાતર તરીકેના ગુણો સહેજ પણ ઓછા થતા નથી, બલ્કે વધે છે. આમ છાણ અને ખાતર બન્ને હેતુ પાર પડે છે.

ગોબરગેસના ઉપયોગથી લાકડા એકત્રિત કરવાની મજૂરી, તેમનો ચોમાસામાં સંગ્રહ, ધુમાડો વગેરે તકલીફો દૂર થાય છે અને પ્રદૂષણ અટકે છે. આપણાં દેશમાં અંદાજે પાંચ લાખ કરતાં વધુ ગોબરગેસ પ્લાન્ટ વપરાશમાં છે.

ગોબરગેસ પ્લાન્ટના જુદા જુદા ભાગો:

ગોબરગેસ પ્લાન્ટના જુદા જુદા ભાગો નીચે મુજબ છે

૧.પાયાનો ભાગ (ફાઉન્ડેશન)

૨.ડાયજેસ્ટર (પાચન કૂવો)

૩.ગેસ સંગ્રાહક ટાંકી (મિશ્રણ ટાંકી અને પૂરક કૂંડી), ગેસ હોલ્ડર (ઢાંકણ) ૪. કાચો માલ અંદર દાખલ કરવા માટેની જગ્યા

૪.નિકાલ કૂંડી

ગોબરગેસ નિકાલ માટે વાલ્વ, પાઈપ લાઈન, વોટર ટ્રેપ, ફીટીંગ્સ વિવિધ ગોબરગેસ પ્લાન્ટ ની પાયાની વિગતો નીચે મુજબ છે.

કૌટુંબિક ગોબરગેસ પ્લાન્ટકૌટુંબિક ગોબરગેસ પ્લાન્ટ કાર્યક્રમ હેઠળ સામાન્ય હેઠળ સામાન્ય રીતે ૨ થી ૩ ઘનમીટર ક્ષમતા ગોબરગેસ પ્લાન્ટ બાંધવામાં આવે છે. ૫ – ૬ સભ્યોના કુટુંબ માટે ૨ – ૩ ઘ.મી. ક્ષમતાનો પ્લાન્ટ બાંધવો પડે. એક ઘ.મી. ના ગોબરગેસ માટે ઓછામાં ઓછા બે થી ત્રણ ઢોર હોવા જરૂરી છે. કૌટુંબિક ગોબરગેસ પ્લાન્ટના બાંધકામની કામગીરી ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન, ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કંપની અને ખાદી ગ્રામ ઉધોગ જેવી સંસ્થા કરે છે. પ્લાન્ટમાં નાખેલા કુલ છાણના ૩૦% થી વરસે વધુમાં વધુ ૯૦ ક્વિન્ટલ ખાતર પણ ઉત્પન્ન થાય છે.

સંસ્થાકિય ગોબરગેસ પ્લાન્ટ:

સંસ્થાકીય ગોબરગેસ પ્લાન્ટ યોજના હેઠળ સામાન્ય રીતે ૧૫ ઘ.મી. થી ૮૫ ઘ.મી. પ્રતિ દિન ક્ષમતાના ગોબરગેસ પ્લાન્ટ બનાવવામાં આવે છે. એક ઘ.મી. ગોબરગેસ મેળવવા માટે રોજ ૨૫ કિલો છાણ જોઈએ અને એક ઢોર પ્રતિ દિન આશરે ૮ થી ૧૦ કિલો છાણ આપે છે. આ માટે આશ્રમ

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

શાળાઓ, ટ્રસ્ટો વગેરેમાં આ પ્રકારના પ્લાન્ટ ખુબ ઉપયોગી થાય છે. તેના વડે સંસ્થાઓની વિજ જરૂરિયાત પણ સંતોષીશકાય.

સામુહિક ગોબરગેસ પ્લાન્ટ

કુટુંબે કુટુંબે ગોબરગેસ પ્લાન્ટ બેસાડવા શકય ન હોય ત્યાં સામુહિક ગોબરગેસ પ્લાન્ટ બેસાડી શકાય ઓછામાં ઓછા ૨૫ કુટુંબો ભેગા થાય તો આ પ્લાન્ટ શરૂ કરી શકાય આ યોજના હેઠળ ૩૫ ઘ.મી. પ્રતિ દિન અને તેથી વધુ ક્ષમતાના ગોબરગેસ પ્લાન્ટ બનાવવામાં આવે છે. પ્લાન્ટના સંચાલન સારસંભાળ અને નિભાવની જવાબદારી ગ્રામપંચાયત અથવા ગોબરગેસ સહકારી મંડળીની અથવા તો સબંધીત લાભાર્થીઓની હોય છે.

પધ્ધતિ

સૌ પ્રથમ છાણ (ગોબર) અને પાણીનું યોગ્ય માત્રામાં મિશ્રણ કરવામાં આવે છે અને તે મિશ્રણ કે જેને રબડી (સ્લરી) કહેવામાં આવે છે તેને પૂરક કૂંડી મારફત પાચન કૂવામાં દાખલ કરવામાં આવે છે. પાચન કૂવમાં હવા (ઓકસીજન) ન હોવાથી રબડીનું આથવણ થાય છે અને ગેસ ઉત્પન્ન થાય છે. આ ગેસ ઢાંકણ અથવા ગેસ હોલ્ડરમાં એકઠો થાય છે. પાચન થયેલ રબડી પાઈપ લાઈન દ્વારા તેમજ નિકાલ કૂંડી દ્વારા પાચન કૂવામાંથી બહાર નીકળે છે. ગોબરગેસને ટાંકીમાંથી ગેસ પાઈપ લાઈન દ્વારા સૂચિત ઉપયોગ માટે રસોડું, એન્જિન વગેરેમાં લઈ જવાય છે.કોઈપણ પ્રકારના ગોબરગેસ પ્લાન્ટ ગોઠવવામાં આવ્યો હોય તો પણ વપરાશના સ્થળે યોગ્ય ગોબરગેસના વહન માટે જરૂરી પાઈપલાઈન બિછાવવી પડે છે અને તેને અનુરૂપ યોગ્ય પ્રકારના બર્નર પણ મૂકવા પડે છે. જેથી ગોબરગેસ દ્વારા મહતમ ગરમી મળી શકે છે. તે જ પ્રમાણે વપરાયેલ ડાયજેસ્ટ/બહાર કાઢેલી સ્લરીના યોગ્ય ઉપયોગ માટે તે ભેગી કરવા બે કે તેથી વધુ ખોદવાની વ્યવસ્થા કરવાની રહે છે.ગોબરગેસ પ્લાન્ટની સ્થાપના માટેની પ્રાથમિક આવશ્યકતાઓ

ગોબરગેસ પ્લાન્ટ બેસાડવા માટે નીચે જણાવેલી કેટલીક આવશ્યકતાઓ ધ્યાન આપવી જરૂરી છે. ગામ અથવા સંસ્થામાં પૂરતા પ્રમાણમાં પશુઓ હોવા જોઈએ. પશુઓ એકસ્થળે બાંધ્યા હોય તો વધુ સારૂં. ગોબરગેસ પ્લાન્ટના બાંધકામ માટે અને ડાયજેસ્ટેડ સ્લરીના નિકાલ માટે ખાડા કરી શકાય તેટલી પૂરતી જમીન (૨૦ મીટર × ૨૦ મીટર) હોવી જોઈએ. આ જમીન ગ્રામપંચાયત / સંસ્થાની અને કોઈપણ પ્રકારના વિવાદ / ઝગડા વગરની તેમ જ જયાં ગેસનો ઉપયોગ કરવાનો છે તે સ્થળોની નજીક હોવી જોઈએ. સામાન્ય રીતે ગોબરગેસ ના વપરાશના સ્થળની પ્લાન્ટની જગ્યા ૭૦ થી ૮૦ મીટર જેટલા અંતરે હોય તો ગેસનું દબાણ વપરાશની જગ્યાએ પૂરતું રાખી શકાશે. તાજાં

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

છાણની સાથે ભેળવવા માટે પૂરતા પ્રમાણમાં પાણી મળવું જોઈએ.આખો દિવસ પૂરતા પ્રમાણમાં સૂર્યપ્રકાશ મળી રહે તેવી ખુલ્લી જગ્યામાં ગોબરગેસ પ્લાન્ટ હોવો જોઈએ. ભૂગર્ભમાં પાણીની સપાટી બારેમાસ જમીનની સપાટીથી ઓછામાં ઓછી ૫ મીટર ઉંડાઈએ હોવી જોઈએ. વપરાયેલી સ્લરીને સૂકવવા / ગળતિયું ખાતર બનાવવા માટે પ્લાન્ટની નજીકમાં સળંગ ખાડાઓ ખોદી શકાય તે માટે પૂરતી જગ્યા હોવી જોઈએ. સ્લરીનું ગળતર કૂવામાં થવાની શકયતા હોવાથી ગોબરગેસ પ્લાન્ટ, કૂવાથી ૧.૫ મીટરના અંતરમાં ન હોવો જોઈએ. ડાયજેસ્ટની અંદર દાખલ કરવાની / બહાર કાઢવાની જગ્યા ગળતિયું ખાતર બનાવવા, સ્લરીને સૂકવવા માટેના ખાડા વગેરેમાં અકસ્માતે ત્યાં ફરતાં પશુઓ તેનાં બચ્ચા કે બાળકો વગેરે કોઈ પડી ન જાય તે માટે પ્લાન્ટના આ વિસ્તારને અલગ વાડ કરેલી હોવી જોઈએ. ગોબરગેસ પ્લાન્ટની સૂચિત જગ્યાથી ૧૫ મીટર સુધીના અંતરમાં પીવાના પાણીનો કોઈ કૂવો કે હેન્ડ પંપ ન હોવા જોઈએ.ઢોરની સંખ્યા અને જરૂરિયાતના આધારે પ્લાન્ટની પસંદગી પાડે છે.

સંદર્ભસૂચિ:

1.https://agriculture centre.in

2.https//kaptaan.co.in

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

Dr Kiran v Jivani

Assistant Professor

Department of Education ,Kskv University- Bhuj

गाय आधारित चिकित्सा

સારાંશ :

ભારતીય ધર્મશાસ્ત્રની અંદર ગાયનો મહિમા અનેક રીતે વર્ણવે છે. વેદોમાં ગાય માટે ત્રણ શબ્દો છે ગૌ, ધેનુ, અગન્ય. એ જ રીતે ગાવો ના પરમા મિત્રા અર્થ 'ગાયનું માનવ સમાજના પરમ મિત્ર તરીકેનું વર્ણન' બ્રહ્મસૂત્રમાં જોવા મળે છે. આ રીતે ગૌ - સંવર્ધન માટે સમાજમાં અનેક સેવાભાવિ સંસ્થાઓ કાર્યરત છે. કચ્છ જિલ્લાની ભુજ તાલુકામાં આવેલ રામકૃષ્ણ ટ્રસ્ટ- કુકમા. આ સંસ્થાએ ગૌ - સંવર્ધન માટે છેલ્લા દસ વર્ષથી કાર્યરત છે. શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ મંડળ- માધાપર સંચાલિત સંસ્થાની સ્થાપના 24 માર્ચ 2010 થી કરવામાં આવી હતી.

આ સંસ્થાનાહેતુઓમાં ગૌ - સંવર્ધન અંગેનો અભ્યાસ કરવો.પ્રસ્તુત અભ્યાસમાં કાર્યક્ષેત્ર તરીકે શિક્ષણનું સમાજશાસ્ત્ર હતું . અભ્યાસમાં વ્યવહારિક સંશોધન હતું. સર્વેક્ષણાત્મક અંકશાસ્ત્રીય પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વ્યાપવિશ્વમાંથી કચ્છ જિલ્લાની એક સંસ્થા રામકૃષ્ણ ટ્રસ્ટ - કુકમાનો નમૂના પદ્ધતિ તરીકે સહેતૂક નમૂના પદ્ધતિએ પસંદ કરવામાં આવ્યો હતો. અભ્યાસમાં ઉપકરણ તરીકે મુલાકાત પત્રક જેમા મુક્ત જવાબી પ્રશ્નો તૈયાર કરવામાં આવ્યાહતા. અભ્યાસમાં માહિતી પૃથક્કરણ અને અર્થઘટનનું ગુણાત્મક પદ્ધતિથી ગણતરી પૃથકકરણકરવામાં આવ્યું હતું.

અભ્યાસના તારણમાં રામકૃષ્ણ ટ્રસ્ટ મંડળ- માધાપર સંચાલિતકુકમાસ્થિત સંસ્થા મનોજભાઈ સોલંકી દ્વારા ચલાવવામાં આવે છે. મુખ્ય ઉદેશ્ય' ગાયની સંભાળ તથા તેમનો વ્યવહારિક જીવનમાં ઉપયોગ અને ખેતીની સુધારણા કરવાનો હતો.'ગાય આધારિત પ્રાકૃતિક ખેતીમાં મોડલ તૈયાર કર્યું હતું. ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અંગે મહત્વના કાર્યક્રમમાં દરેક મહિનામાં ત્રણ દિવસનો સેમિનાર કરવો,વિના મૂલ્યે તાલીમ આપવામાં આવટીહતી. તથા ગૌમુત્રના અર્ક દ્વારા 108 પ્રકારના રોગોમાં લાભદાયીક ઔષધીઓ તૈયાર, ગાય આધારે પ્રાકૃતિક કૃષિનું મોડલ તૈયાર કરેલ, આ સંસ્થા દ્વારા કુલ ૨૯ પ્રકારે ઔષધો તૈયાર કરવામાં આવેલ,આ ટ્રસ્ટ દ્વારા પંચગવ્ય આધારિત કુલ ૧૩ સૌંદર્ય પ્રસાધનો અને ઘર વપરાશ માટેના પ્રસાધનો બનાવવામાં આવતા હતા. દેશી ગાયના પવિત્ર ગોબરમાંથી કુલ 16 કલાત્મક અને ઉપયોગી ઉત્પાદનો લોક ઉપયોગી વસ્તુઓ જોવા મળતી હતી.

- ચાવીરૂપ શબ્દો:રામકૃષ્ણ ટ્રસ્ટ: પરિચય,ગાય આધારીત પ્રાકૃતિક ખેતી:

પ્રસ્તાવના :

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ધર્મશાસ્ત્રની અંદર ગાયનો મહિમા અનેક રીતે બતાવ્યો છે. વેદોમાં ગાય માટે ત્રણ શબ્દો છે ગૌ, ધેનુ, અગન્ય. એ જ રીતે ગાવો ના પરમા મિત્રા અર્થ 'ગાયનું માનવ સમાજના પરમ મિત્ર તરીકેનું વર્ણન' બ્રહ્મસૂત્રમાં જોવા મળે છે. આ રીતે ગૌ - સંવર્ધન માટે સમાજ્મા અનેક સેવાભાવિ સંસ્થાઓ કાર્યરત છે. કચ્છ જિલ્લાની ભુજ તાલુકામા આવેલ રામકૃષ્ણ ટ્રસ્ટ- કુકમા. આ સંસ્થાએ ગૌ- સંવર્ધન માટે છેલ્લા દસ વર્ષથી કાર્યરત છે. આ સંસ્થા દ્વારા ગાય આધારિત પ્રાકૃતિક ખેતીઅંગે અનેક પ્રયોગો કર્યા છે. ગાય સંવર્ધન અંગેના તેમના અનેક પ્રયોગોના માધ્યમથી ગાયની અનેક ઉપયોગીતા વિશે માહિતી મળે છે. ગુજરાત રાજ્ય અને ભુજમાં આ સંસ્થાએ ગાય સંવર્ધન માટે ખૂબ જ જહેમત ઉઠાવી છે. ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અંગે માર્ગદર્શન પણ પૂરું પાડ્યું છે. ગાય દ્વારાઅનેકલોક ઉપયોગી કાર્યો થાય છે. આ સંસ્થાના આવા ઉમદા અને મહત્વ પૂર્ણ કાર્યને જોઈને. અભ્યાસકને આ સંસ્થાનો ગાયઆધારિત પ્રાકૃતિક કૃષિ અંગેનો અભ્યાસ હાથ ધરવાની ઈચ્છા થઈ.

શબ્દોની પરિભાષા: આ અભ્યાસમાં શબ્દોની પરિભાષા આ પ્રમાણે છે.

- રામકૃષ્ણ ટ્રસ્ટ: પરિચય :

રામકૃષ્ણ કુકમા ની સ્થાપના એ પુરુષોત્તમભાઈ સોલંકી દ્વારા કરવામાં આવી હતી. આજે મનોજભાઈ સોલંકી દ્વારા ચલાવવામાં આવે છે. કચ્છ જિલ્લાના ભુજ તાલુકાનાકુકમા ગામમાં શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ મંડળ-માધાપર સંચાલિત સંસ્થાની સ્થાપના 24 માર્ચ 2010 થી કરવામાં આવી હતી.જેવો થકી નીચે પ્રમાણે કાર્યો થતાં હતા.

1. ગાય આધારિત પ્રાકૃતિક ખેતી વર્ષ 2011 માર્ચ 2022 સુધીમાં 77 શિબિર ત્રી-દિવસ કરી ચૂક્યા છે. જેમાં 2,747 ભાગ લીધો હતો.
2. આ ઉપરાંત ગૌપાલન અને ગૌ સંવર્ધન પ્રશિક્ષણ 2015 થી 2019 સુધીમાં 18 શિબિર થઈ ચૂકી છે. જેમાં 112 પશુપાલક કોઈએ ભાગ લીધો હતો.
3. વિશેષતા એ છે કે ગોઆયુર સેલ થેરાપી 2015 થી 2016 માં સાત દિવસની, બે દિવસથી શિબિર કરી હતી.
4. આ ઉપરાંત માનવીય મૂલ્યોને સમજવા માટે'જીવન વિદ્યા'નામે શિબિર કરી હતી. જેમાં 2013 થી 2018 સુધી 16 શિબિર થઈ હતી,જેમાં પ્રાયોગિક પ્રશિક્ષણ અંતર્ગત પ્રાકૃતિક ખેતી, ગોપાલન ગ્રામ ઉદ્યોગ અને હસ્તકલામાં પંચગવ્ય પ્રોડક્ટ, ગોબર કાફ્ટ, સિમેન્ટ પ્લાન્ટ બનાવવા જેવા પ્રશિક્ષણ કાર્યક્રમો કરવામાં આવે હતા. તાજેતરમાં હમણાં જ પ્રાકૃતિક કૃષિ અંગે શિબિરયોજાય હતી.

ગાય આધારીત પ્રાકૃતિક ખેતી:

પ્રાકૃતિક ખેતીમાં વપરાતા ખાતરો અને જંતુનાશકો બહારથી ખરીદ્યા વગર ખેડૂતો જાતે બનાવી શકે છે. પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્યનું રક્ષણ, સંવર્ધન અને જાળવણી એ કુદરતી ખેતીનો પ્રાથમિક ઉદ્દેશ્ય છે. કુદરતી ખેતીનો સાચો અર્થ પાણીની બચત, વીજ બચત અને નગણ્ય ઉત્પાદન ખર્ચ અને સારા બજાર ભાવ છે. દેશી ગાય આધારિત ખેતી અપનાવવાનો અર્થ છે જમીનની ભેજ સંગ્રહ ક્ષમતા, ફળદ્રુપતા અને ઉત્પાદકતામાં વધારો. પ્રાકૃતિક ખેતી એટલે શું? પ્રકૃતિના મૂળભૂત સિદ્ધાંતો આધારિત દેશી ગાયના અને ગૌમુત્ર થકી ઓછા

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ખર્ચે ખેતી પાપની વૃદ્ધિ માટે જરૂરી છે સામગ્રી બહારથી ન લેતા પ્રાકૃતિક સામગ્રી દ્વારા જાતે જ બનાવવા. આ અભ્યાસમાં રામકૃષ્ણટ્રસ્ટ કુકમા માં જે કઈ ગાયઆધારીતપ્રાકૃતિકખેતીવિશે જે કાર્ય થાય છે તેને ગણેલ છે.

અભ્યાસના હેતુ : નીચે પ્રમાણે છે.

1. રામકૃષ્ણ ટ્રસ્ટની સ્થાપના વિશે જાણવું.
2. રામકૃષ્ણ ટ્રસ્ટ ના ઉદ્દેશો વિશે માહિતી મેળવી.
3. ગાય આધારિત પ્રાકૃતિક ખેતી વિશે જાણવું.
4. સંસ્થા દ્વારા ગાયના સંવર્ધન અંગે મહત્વપૂર્ણ કાર્યક્રમ જાણવા.
5. સંસ્થાની ગાય સંવર્ધન અંગેની યોજનાઓ જાણવી.
6. ગાય આધારિત ઔષધિઓ અંગે જાણવું.
7. ગાયના પંચગવ્ય આધારિત સૌંદર્ય પ્રસાધનો વિશે જાણવું.
8. ગાયના ગોબરની ઉપયોગીતા વિશે જાણવું.

અભ્યાસના પ્રશ્નો: નીચે પ્રમાણે છે.

1. રામકૃષ્ણ ટ્રસ્ટની સ્થાપના કોણે કરી?
2. રામકૃષ્ણ ટ્રસ્ટના ઉદ્દેશ્યો કયા છે?
3. ગાય આધારિત પ્રાકૃતિક ખેતી માં કઈબાબતો હશે?
4. સંસ્થાના ગાય સંવર્ધન અંગે મહત્વપૂર્ણ કાર્યક્રમ કયા હશે ?
5. સંસ્થાની ગાય સંવર્ધન યોજના કઈ હશે?
6. ગાયના પંચ-ગવ્ય ઔષધો કયા હશે?
7. ગાયના સૌંદર્ય પ્રસાધનો કયા કયા?
8. ગાયના ગોબરનું ઉપયોગીતા કઈ કઈ હશે?

અભ્યાસનું ક્ષેત્ર: પ્રસ્તુત અભ્યાસમાં ક્ષેત્ર તરીકેશિક્ષણનું સમાજશાસ્ત્ર હતું .

અભ્યાસનો પ્રકાર: અભ્યાસમાં વ્યવહારિક સંશોધન હતું. આ અભ્યાસસર્વેક્ષણાત્મક અંકશાસ્ત્રી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

વ્યાપવિશ્વ : પ્રસ્તુત અભ્યાસમાં કચ્છ જિલ્લાની ગૌણ સંવર્ધન સંસ્થાઓનો સમાવેશ થયો હતો. વ્યાપવિશ્વમાંથી કચ્છ જિલ્લાની એક સંસ્થા રામકૃષ્ણ ટ્રસ્ટ - કુકમાનો સમાવેશ કર્યો હતો.

નમૂના પદ્ધતિ: આ અભ્યાસમા નમૂના પદ્ધતિ તરીકે સહેતૂક નમૂના પદ્ધતિએ પસંદ કરવામાં આવ્યો હતો.

સંશોધન ઉપકરણ: પ્રસ્તુત અભ્યાસમાં ઉપકરણ તરીકે મુલાકાત પત્રક જેમાં મુક્ત જવાબી પ્રશ્નો તૈયાર કરવામાં આવ્યાહતા. જેમાં સંસ્થાગત અભ્યાસ અંતર્ગત માહિતી પ્રાપ્ત કરવા માટે કેટલાક પ્રશ્નો તૈયાર કરવામાં આવ્યા હતા. સાથે સાથે આ સંસ્થાના દસ્તાવેજ તરીકે લેખો અને સાહિત્ય તથા સ્વરચિત ઉપકરણ તૈયાર કરવામાં હતું.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

માહિતીનું એકત્રીકરણ: આ સંસ્થાનો અભ્યાસ કરવાનો હોવાથી પૂર્ણ માહિતી પ્રાપ્ત થાય તે હેતુથી મુલાકાત પત્રકમાં તૈયાર કરેલ પ્રશ્નાવલી રૂબરૂ મુલાકાત લઈ ભરવામાં આવી હતી. આ ઉપરાંત સંસ્થાના દસ્તાવેજી લેખો, સંસ્થા દ્વારા પ્રસ્તુત થતું સાહિત્યનો અભ્યાસ કરી માહિતી એકત્ર કરી હતી.

માહિતી પૃથક્કરણ અને અર્થઘટન:

અભ્યાસમાં માહિતી પૃથક્કરણ અને અર્થઘટનનું ગુણાત્મક પદ્ધતિથી પૃથક્કરણકરવામાં આવી હતી. અભ્યાસમાં માહિતી પૃથક્કરણ અને અર્થઘટન નીચે પ્રમાણે છે હેતુઓને આધારેઅર્થઘટન કરવામાં આવ્યું હતું.

1. રામકૃષ્ણ ટ્રસ્ટની સ્થાપના વિશે જાણવું.

રામકૃષ્ણ કુકમા ની સ્થાપના એ પુરુષોત્તમભાઈ સોલંકી દ્વારા કરવામાં આવી હતી જ્યારે આજે મનોજભાઈ સોલંકી દ્વારા ચલાવવામાં આવે છે. કચ્છ જિલ્લાના ભુજ તાલુકાનાકુકમા ગામમાં શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ મંડળ-માધાપર સંચાલિત સંસ્થાની સ્થાપના 24 માર્ચ 2010 થી કરવામાં આવી હતી.

2. રામકૃષ્ણ ટ્રસ્ટ ના ઉદ્દેશો વિશે માહિતી મેળવી.

આ સંસ્થાનો ઉદેશ્ય : રામકૃષ્ણ સેવા ટ્રસ્ટનો ઉદેશ્ય 1. ગાય આધારિત પ્રાકૃતિક ખેતી - જેમાં ગોપાલન, ગૌ સંવર્ધન 2. ગ્રામ ઉત્થાન - સ્વાવલંબન જેના અંતર્ગત પંચગ્વ્ય ચિકિત્સા 3. પર્યાવરણ સંરક્ષણ જેમાં ગ્રામ ઉદ્યોગ 4. કુદરતી ઊર્જાના ઉપયોગો જેમાં હસ્તકલાવગેરે ઉદેશો હતા. આ હેતુ અનુસાર 'ગાયોની સંભાળ તથા તેમનો વ્યવહારિક જીવનમાં ઉપયોગ કરીને પોતાનું જીવન અને ખેતીની સુધારણા કરવી'હતો.

3. ગાય આધારિત પ્રાકૃતિક ખેતી વિશે જાણવું.

આ સંસ્થા દ્વારા પ્રાકૃતિક ખેતી અંગેનું મોડલ તૈયાર કરવામાં આવ્યું હતું. પ્રશિક્ષણ કાર્યક્રમમાં ખેડૂતોને સમજાય તેવી ભાષામાં પ્રાકૃતિક મોડલ તૈયાર કરવામાં આવ્યું હતું. આ સંસ્થા દ્વારા કમ્પોસ્ટ ખાતર, સેન્દ્રીય પદાર્થ જેવા, જીવામૃત,સુકુ ,ધન જીવામૃત,ગૌ સમાધિ ખાતર,ગૌશીંગ, છાશામૃત, બીજામૃત,વર્મીવોશ,વાડાનું ખાતર,લીલો પડવાશ વગેરે પ્રાકૃતિક ખેતી વિશે જાણકારી- પ્રશિક્ષણ આપવામાં આવતું હતું.

4. સંસ્થા દ્વારા ગાયના સંવર્ધન અંગે મહત્વપૂર્ણ કાર્યક્રમ જાણવા.

ગાય પ્રાકૃતિક ખેતીઅંગે મહત્વના કાર્યક્રમોમાં દરેક મહિનામાં ત્રણ દિવસનો સેમિનારમા વિના મૂલ્ય તાલીમ આપવામાં આવતો હતો. જેમની નિશ્ચિત તારીખ મહિનાની 12, 13 અને 14 હોય છે. આ ઉપરાંત ગૌમુત્રના અર્ક દ્વારા 108 પ્રકારના રોગોમાં લાભદાયીક ઔષધીઓ તૈયાર કરવામાં આવે છે. તાલીમ પણ આપવામાં આવે છે. મલમજેવી અનેક ઔષધીનું ઉત્પાદન કરવામાં આવતું હતું.

5. સંસ્થાની ગાય સંવર્ધન અંગેની યોજનાઓ જાણવી.

આ ટ્રસ્ટ દ્વારા પંચગવ્ય આરોગ્ય ચિકિત્સામાં દૂધ, દહીં,ઘી, ગૌમૂત્ર અને ગોબર વગેરેથી કરવામાં આવે છે. ગાય આધારે પ્રાકૃતિક કૃષિનું મોડલ તૈયાર કરેલ છે. આ દ્વારા ખેડૂતોને વ્યવહારિક જ્ઞાન આપવા માટે છે. ખેડૂત અને તેના પરિવાર તથા ગામનું કલ્યાણ થશે. પ્રશિક્ષણ કાર્યક્રમમાંસમજાવવામાં આવતું હતું.

6. ગાય આધારિત ઔષધિઓ અંગે જાણવું.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

આ સંસ્થા દ્વારા પંચગવ્ય ઔષધો કુલ 29 પ્રકારે તૈયાર કરવામાં આવતા હતા. જેમાં ગૌ સંજીવની સાદો અર્ક, સાઇટીકા, ડાયાબીટીસ, શ્વાસઅર્ક એસીડીટી અર્ક, કાંચનાર, કેન્સર, ગળો, એલોવેરા, સરગવા, પુનનર્વા, મીઠા લીમડા, અજમો, અરડુસી, વરીયાળી, જીરા, તુલસી, એન્ટિવાયરલ તથા પંચગવ્ય અર્ક, પીડાતક, પંચગવ્યનસ્ય, ગેસ, એસીડીટી ચૂર્ણ, કબજિયાત મુક્તિ ચૂર્ણ, હલ્દીધનવટી, માલિશ તેલ, સોરાયસીસ, તેલ અને સતધૃત મલમ વગેરે ઔષધો અલગ અલગ રોગો માટે લાભદાય છે.

7. ગાયના પંચગવ્ય આધારિત સૌંદર્ય પ્રસાધનો વિશે જાણવું.

આ ટ્રસ્ટ દ્વારા પંચગવ્ય આધારિત સૌંદર્ય પ્રસાધનોઅને ઘર વપરાશ માટે પ્રસાધનો કુલ ૧૩ પ્રકારે બનાવવામાં આવતા હતા. જેમાં સંજીવની કેશતેલ, કેસ નિખાર, શેમ્પૂ, ઉબટન, ગોમય સાબુ, મુલતાની સાબુ, ગૌ સંજીવની દંતમંજન, મચ્છરરોધક ધૂપબતી, ગોનાઈલ, શુદ્ધ ગૌમૂત્ર, વાસણ પાવડર,કપડાંધોવાનો પાવડર તથા હર્બલ હેન્ડ વોશ વગેરે સૌંદર્ય સાધનો બનાવવામાં આવતા હતા.

8. ગાયના ગોબરની ઉપયોગીતા વિશે જાણવું.

દેશી ગાયના પવિત્ર ગોબરમાંથી બનતા કલાત્મક અને ઉપયોગી ઉત્પાદનો જેવા કે મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ્સ,ગોમય કોમ્પ્યુટર એન્ટી રેડીએશન ચીપ્સ, અડાયા, છાણા, ગોબરકુંડા, ગોબર મોમેન્ટો, ગોબર ઘડિયાળ,અરીસા, વોલપીસ, તોરલ, ટેબલ ઘડિયાળ, ગોબર કાર, ઝુમ્મર કીચેઇન, ગોબર રાખડી, ગણેશજી તથા દીવડા વગેરે ઉપયોગી વસ્તુઓ બનાવવામાં આવતી હતી.

અભ્યાસના તારણો: નીચે પ્રમાણે છે.

1. આ સંસ્થાની સ્થાપના શ્રી પુરુષોત્તમભાઈ સોલંકી કરી હતી. હાલમાં મનોજભાઈ સોલંકી દ્વારા ચલાવવામાં આવે છે. રામકૃષ્ણ ટ્રસ્ટ મંડળ- માધાપર સંચાલિત સંસ્થાની સ્થાપના 24 માર્ચ 2010 થી કરવામાં આવી હતી.

2. ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ - ઉદેશ્ય 1. ગાય આધારિત પ્રાકૃતિક ખેતી 2. ગ્રામ ઉત્થાન 3. પર્યાવરણ સંરક્ષણ 4. કુદરતી ઊર્જાના ઉપયોગ. જેવા ચાર ઉદેશ્યો હતા. મુખ્ય ઉદેશ્ય'ગાયની સંભાળ તથા તેમનો વ્યવહારિક જીવનમાં ઉપયોગ અને ખેતીની સુધારણા કરવાનો મુખ્ય ઉદેશ્ય હતો.'

3. ગાય આધારિત પ્રાકૃતિક ખેતીમાંમોડલ તૈયાર કર્યું હતું. આ ઉપરાંત અલગ અલગ ખાતરો બનાવવામાં આવતા હતા.

4. ગાય પ્રાકૃતિક ખેતી અંગે મહત્વના કાર્યક્રમોમાં દરેક મહિનામાં ત્રણ દિવસનો સેમિનાર કરવામાં વિના મૂલ્ય તાલીમ આપવામાં આવતો હતો. આ ઉપરાંત ગૌમુત્રના અર્ક દ્વારા 108 પ્રકારના રોગોમાં લાભદાયીક ઔષધીઓ તૈયાર કરવામાં આવે છે.

5. ગાય આધારે પ્રાકૃતિક કૃષિનું મોડલ તૈયાર કરેલ છે. આ દ્વારા ખેડૂતોને વ્યવહારિક જ્ઞાન આપવામાં આવતું હતું. ખેડૂત અને તેના પરિવાર તથા ગામનું કલ્યાણ થાય તેવા પ્રશિક્ષણ કાર્યક્રમો કરવામાં આવતા હતા.

6. આ સંસ્થા દ્વારા કુલ ૨૯ પ્રકારે ઔષધો તૈયાર કરવામાં આવે છે અને જે જુદાંજુદાં 108 રોગો માટે ઔષધો લાભદાયિક હતી.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

7. આ ટ્રસ્ટ દ્વારા પંચગવ્ય આધારિત કુલ ૧૩ સૌંદર્ય પ્રસાધનો અને ઘર વપરાશ માટેના પ્રસાધનો બનાવવામાં આવતા હતા.

8. દેશી ગાયના પવિત્ર ગોબરમાંથી કુલ 16 કલાત્મક અને ઉપયોગી ઉત્પાદનો લોક ઉપયોગી વસ્તુઓ જોવા મળતી હતી.

શૈક્ષણિક ફલિતાર્થ: નીચે પ્રમાણે જોઈ શકાય છે.

- આ અભ્યાસમાં ગાય આધારિત પ્રાકૃતિક કૃષિની જાણકારી સમાજ સુધી પહોંચાડવી જોઈએ.
- ગાય દ્વારા ઉત્પાદન ગોબર અને પંચગ દ્રવ્યોમાંથી બનતા અનેક પ્રસાધનો અને ઔષધો કે જાગૃત કરવા જોઈએ.
- ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ મૉડેલ દ્વારા ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી અંગેની જાગૃતતા લાવવી જોઈએ.
- જીવન વ્યવહારમાં ચીજ વસ્તુઓનો ઉપયોગ પ્રાકૃતિક કૃષિ દ્વારા ઉત્પાદન થાય તેનો વધુ પ્રયાસ કરવો જોઈએ.
- ગાયનું જતન કરીને સમાજને આરોગ્યપ્રદ બનાવો.
- આ સંસ્થાની મુલાકાત આવશ્ય લઈને ગાય આધારિત પ્રાકૃતિક કૃષિને જન જન કલ્યાણ સુધી પહોચડવા.

સંદર્ભ:

- સોલંકી મનોજભાઇ (2022) ચલો પ્રકૃતિ કી ઓર, શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ, કુકમા
- જરશા(2009) દેશી ગાય વિદેશી ગાય, પુનરુત્થાન ટ્રસ્ટ, કાંકરિયા, અમદાવાદ
- https://prakritikkheti.com/prakritik-kheti-gaay-aadharit-khetina-sidhhanto/

website:

- shreeramkrushnatrust.org

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ડો.જયદેવસિંહ બી. રાયજાદા

મદદનીશ પ્રાધ્યાપક અને અધ્યક્ષ

સમાજશાસ્ત્ર અનુસ્નાતક ભવન

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા, કચ્છ યુનિવર્સિટી, ભુજ.

ફોન (મો) ૯૦૩૩૭૭૮૯૦૫.

ગાય આધારિત વિજ્ઞાનની વર્તમાન સમયમાં જરૂરિયાત

પરિચય.

ભારતીય વૈદિક સાહિત્ય અને ગ્રંથોમાં વૈદિક વિજ્ઞાનની સમાયેલું છે આ વિજ્ઞાન એ ભારત અને પૃથ્વી પર સનાતન ધર્મના તપસ્વી ઋષિમુનિઓની લાખો વર્ષના તપ અને અનુભવો પરથી નિર્માણ પામ્યું છે, વૈદિક વિજ્ઞાન અમુલ્ય એવા વૈજ્ઞાનિક જ્ઞાનનો મહાસાગર છે, વેદ વિજ્ઞાનનો મહત્વનો હિસ્સો એટલે " **ગાય આધારિત વિજ્ઞાન** " , વૈદિક ધર્મગ્રંથો, સ્લોકો, ઋચાઓમાં ગાયનો અનેરો મહિમા વર્ણવવામાં આવ્યો છે સાથે અનેક પ્રકારની દિવ્ય ગાયોનું વર્ણન પણ કરવામાં આવ્યું છે જેમાં કામધેનુ ગાય (દરેક પ્રકારની ઈચ્છાઓ પૂર્ણ કરનાર તેમજ દરેક પ્રકારના ધાન્ય અને ગાયના શરીરમાંથી ઉત્પન્ન થતાં અમૃતો – ઘી, દૂધ, માખણ, ગૌ મુત્ર, ગોમય તેમજ અન્ય દિવ્ય અમ્રુત રૂપી ઔષધો અમર્યાદ પ્રમાણમા ઉત્પન્ન કરનાર ગાય), સુવર્ણ કપિલા ગાય (જેના શરીર અને અંગોમાથી સુવર્ણ જેવી કાંતિ – પ્રકાશ નીકળે છે તેમજ ગૌ મુત્ર અને ગોમયમાં સુવર્ણનું પ્રમાણ વધારે હોય છે તેવી ગાય), જેના મસ્તકમાં અમુલ્ય દિવ્ય ગોરોચન હોય છે તેવી ગાય, સંપુર્ણ કાળા કલરની કવલિ ગાય જેના દૂધમાંથી બનેલું ઘી ઉત્તમ ઔષધ છે અને લકવાના દર્દીનો લકવો દૂર કરે છે, સ્વેત કપિલા ગાય જે ખૂબ સૌભાગ્યશાળી અને શુભ લક્ષણો ધરાવતી ગાય છે તે ગાય પોતાના પાલક માટે પુણ્યનો મહાસાગર અર્પણ કરે છે.

ભારતીય વેદોમાં આવી અનેક ગાયનું વર્ણન કરવામાં આવ્યું છે ગાયના ગોબર વિષે લખ્યું છે કે " ગોમય વસતે લક્ષ્મી " એટલેકે ગોબરમાં લક્ષ્મીજીનો વાસ છે – ગાયના ગોબરમાંથી જીવન જરૂરિયાતની અનેક(સેંકડો) ચિજવસ્તુઓ પ્રાપ્ત થાય છે, ગોબર, ગૌમુત્ર, દૂધ, ઘી, માખણ એ ગાયના શરીરના પાંચ અમૃતો છે તેના આધારે માણસ માટેના જીવલેણ રોગોની સારવાર થાય છે, અને માણસના આરોગ્ય-તંદુરસ્તીનીની વૃદ્ધિ કરીને દરેક માણસોને લાંબુ નીરોગી સ્વસ્થ સુખમય આનંદથી ભરપૂર જીવન પ્રદાન કરવામાં ગાયની અમુલ્ય ભૂમિકા વૈદિક વિજ્ઞાનમાં વર્ણવેલી છે, આ ગાય

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

આધારિત વિજ્ઞાનના પાન – અને દોહન થકીજ ભારતમાં ઘી-દૂધની નદીઓ પ્રાચીન કાળ અને મધ્યયુગમાં વહેતી હોવાનો આધાર સાથેનો ઉલ્લેખ ભારતીય ગ્રંથો અને સાહિત્યમાં જોવા મળે છે.

ગાય થકીજ ભારતને વિશ્વના સૌથી સમૃધ્ધ દેશ તરીકેનું સ્થાન મળ્યું હતું એટલેજ અંગ્રેજો અને વિદેશીઓ દ્વારા કહેવામાં આવતું હતું કે " જહાં ડાલ ડાલ પર સોને કી ચિડિયા કરતી હે બસેરા વો દેશ હે ભારત નામ કા" આ સમૃધ્ધિ ગાય આધારિત હતી કેમકે ઈ:સ ૧૮૫૦ની સાલમાં જ્યારે ભારતમાં માત્ર ૩ કરોડ માણસોની વસ્તી હતી ત્યારે ૧૩૨ કરોડ ગૌ વંશની સંખ્યા ભારતમાં હતી જેના કારણે ગાયના દૂધ ઘીની ઉત્પાદકતા લોકોની જરૂરિયાત કરતાં પણ વધારે હતી તે સમયે ભારતમાં દૂધ-ઘી વેચવું એ ભારતીય સંસ્કૃતિના ધાર્મિક મુલ્યો પ્રમાણે પાપ ગણાતું અને ગ્રામીણ વિસ્તારોમાં નજીવી વસ્તુના બદલામાં ભરપૂર પ્રમાણમા દુધ-ઘી ખરીદી શકતા હતા, દૂધ-ઘી નું સેવન ઉત્તમ આરોગ્ય પ્રદાન કરનાર હોયને સાથે ગાય એક ઉત્તમ વૈધ છે તે બાબત પણ ઋષિવિજ્ઞાનમા (ગાય આધારિત વિજ્ઞાનમાં વર્ણન થયેલ છે – આ ગાય કેવી રીતે ઉત્તમ વૈધ છે તે નીચે છે મુજબ જોઈએ.

(૧) ગાય એક ઉત્તમ વૈધ તરીકે.

ગાય આધારિત વિજ્ઞાન મુજબ ગાયનું પાલન કરનાર વ્યક્તિના આરોગ્યની ઉત્તમ સાર સંભાળ ગાય થકી લેવામાં આવે છે, જેમકે ગાયની આસપાસના ૧૦ ફૂટ સુધી અને તેના નિવાસની અને વિચરણની ચરિયાણની જગ્યાનું પર્યાવરણ અને ઉર્જા શુદ્ધ બને છે, ગાયના અલગ – અલગ અંગોના સ્પર્શથી વ્યક્તિના શરીરમાં હકારાત્મક ઉર્જાનો સંચાર થાય છે અને વ્યક્તિ નીરોગી બને છે તેના અલગ – અલગ શરીર પુરજાઓ સ્વસ્થ બને છે જેમકે હૃદય રોગના દર્દીએ ગાયની ગાળાની જાલર પર હાથ ફેરવવાથી રદયના ધબકાર નિયમિત અને સુવ્યવસ્થિત તાલબધ્ધ રીતે ચાલે છે, ગાયની ખૂંધ પર હાથ ફેરવવાથી અતિ શુધ્ધ અને બળવાન જીવન ઉર્જાનો શરીરમાં સંચાર થાય છે, તેવી રીતે જુદા જુદા ભાગો પર હાથ ફેરવવાથી માણસના અલગ અલગ રોગોની સારવાર થાય છે સાથે હાથમાં એક્યુપ્રેશર પધ્ધતિથી શરીરને કસરત થાય છે જેના કારણે વ્યક્તિ નીરોગી રહે છે, ગાયના સ્વાચ્છો – સ્વાસની પ્રક્રિયામાં ગાય ઉસ્વાસ છોડે ત્યારે ૧૦૦ % ઑક્સીજન (પ્રાણવાયુ) ઉત્સર્જિત કરે છે, જે વ્યક્તિ અને જીવજગત માટે પ્રાણવાયુ છે, સાથે ગાય પોતાના નિવાસના પરિવારને આરોગ્યમય રાખવા વ્યક્તિના શરીરની ગંધ પરથી ઘરમાં આવનારા રોગોના નિવારણ માટે આગોતરા પ્રયાસ કરે છે ગાયને ગંધ પરથી વ્યક્તિની બીમારીની શરૂઆતની ખબર પડી જાય છે અને તે બીમારીની ઔષધિ લેવા માટે ગાય દૂર દૂર સુધી સિમ અને જંગલ વિસ્તારમાં જઈને

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

વનસ્પતિ ખાય છે જેના ઔષધ્ધિય તત્વો ગાયના દૂધમાં આવતાજ તે દૂધ રોગી કે તેના પરિવારના રોગગ્રસ્ત વ્યક્તિ માટે ઉત્તમ ઔષધ્ધિ રૂપી અમ્રુત બને છે અને વ્યક્તિ નીરોગી બને છે. ઔષધ્ધિના સેવન માટે દૂર સુધી ચરવા માટે જતી ગાય પોતાના ગૌધણ થી વિખૂટી પડી જતી અને ઘરે ખૂબ લાંબા સમય પછી પરત ફરતી આવી ગાયોને " રેઢિયાર ગાય " તરીકે ઓળખવામાં આવતી, ગાય ઘાસચારામાં આવતું ૩૦૦ પી.પી.એમ સુધીનું ઝેર પોતાના શરીરમાં શોષીને ઝેરમુક્ત દૂધ આપે છે, જીવજગતમાં આવો ઉત્તમ ગુણધર્મ અન્ય જીવોના દૂધમાં જોવા મળતો નથી.

વર્તમાન સમયમાં આધુનિક જીવનશૈલી માનવીના આરોગ્ય માટે નુકસાનકર્તા જીવનશૈલી હોયને માનવી કેન્સર, ડાયાબિટીસ, હ્રદયરોગ, પોષણની ખામી જેવા અનેક રોગો અને શારીરિક નિર્યોગ્યતાનો શિકાર બન્યો છે, ગાય આધારિત વિજ્ઞાન થકી વર્તમાન સમયમાં નબળા આરોગ્યની સમસ્યા નિવારી શકાય છે – ગાયના શરીરના અમ્રુત થકી જો માનવીના રોગો અને નિર્યોગ્યતાનો ઉપચાર(ઈલાજ અને સારવાર) કરવામાં આવે તો માનવ સમાજમાં કરોડો લોકોને આરોગ્યમય -લાંબુ જીવન પ્રદાન કરી શકાય છે.

(૨) ગાય દ્વારા વાસ્તુ શુધ્ધિ.

ઋષિવિજ્ઞાનમા ખેવમાં આવ્યું છે કે માણસ કોઈપણ નવા સ્થળે રહેઠાણ બનાવે તો સૌપ્રથમ વાસ્તુયજ્ઞ કરવાનું કહેવામા આવ્યું છે કેમકે કોઈપણ સ્થળે ભૂતકાળમાં અનેક જૈવિક અને પર્યાવરણીય ઘટનાઓ બનેલી હોય છે, આ ઘટનાઓનો હકારાત્મક અથવા નકારાત્મક પ્રભાવ તે સ્થળના પર્યાવરણમાં હજારો વર્ષો સુધી રહે છે, આ નકારાત્મક ઉર્જા અને સ્પંદનથી બચવા માટે વાસ્તુ યજ્ઞ દ્વારા ભૂમિ અને પર્યાવરણનું શુધ્ધિકરણ કરવાનું કહેવામા આવ્યું છે પરંતુ જ્યાં ગાયો દ્વારા ચરવામાં આવે ગાયના પગલાઓ પડે અને ગાયની રજ તેમજ ગાયના શરીરના ગોમય, ગૌમુત્ર તેમજ અન્ય અમૃતો જમીન પર પડ્યા હોય તેવી જમીન – સ્થળ અને પર્યાવરણ વાસ્તુયજ્ઞ વગરજ ગાયની હાજરીથીજ શુધ્ધ અને હકારાત્મક ઉર્જા ધરાવતા બને છે.

(૩) ગાય દ્વારા જમીનમાં પોષક તત્વોની વૃધ્ધિ.

ગાયના ગોબરમાં કાર્બન, લોહતત્વ, ઝિંક, પોટાશ, નાઇટ્રોજન, ફૉસ્ફરસ, બોરોન, મેંગેનીઝ, તાંબું, સુવર્ણ, રૂપું જેવા હજારો પોષક તત્વો હોય છે જેના કમ્પોઝ ખાતરથી થી જમીન પોષણયુક્ત બને છે, ગાયના છાણીયા ખાતર વાળી જમીનની ભેજ-પાણીની સંગ્રહ ક્ષમતા ૨૦ ગણી વધી જાય છે જે વનસ્પતિના પોષણ માટેનો ઉત્તમ આધાર બને છે તેમજ ગોમય જમીનમાં ભળીને પાણીની સાંદ્રતા, બંધારણ અને તેમાં રહેલા પોષક તત્વોને સુધારે છે - વનસ્પતિ જગત માટે ઉપયોગી ગુણધર્મો વાળું

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

પાણી પોષણ તરીકે ખૂબ જરૂરી ગણાય છે, જીવચક્ર અને પર્યાવરણ ચક્ર માટે આ પોષક તત્વો સંચાલન માટેની શક્તિ પૂરી પડે છે, પર્યાવરણચક્ર નો આધાર વનસ્પતિ જગત છે જેના થકી વરસાદ પડે છે અને વનસ્પતિ થકી પૃથ્વી પર જીવજગતના પ્રાણનો આધાર ઑક્સીજન-કાર્બન રેશિયો જળવાઈ રહે છે સાથે વનસ્પતિનો ખોરાક તરીકે ઉપયોગ કરીને જીવો પોષણ મેળવે છે એટલેજ ઋષિવિજ્ઞાનમા કહેવામાં આવ્યું છે કે ગાય સમગ્ર જીવોને પોષણ આપનારી માતા છે, જેમ ધરતી પોતાના પોષણ થકી જીવજગતનું સાતત્ય જાળવી રાખે છે તેમ ગાય પણ પોતાના અમ્રુત રૂપી દ્રવ્યો થકી જીવનચક્ર ને સતત ધબકતું અને વહેતું રાખે છે એટલેજ વેદોમાં ગાયને પૃથ્વી સ્વરૂપ પોષણ આપનારી માતા કહેવામાં આવી છે, ગાયના નિર્વાણ પછી પણ પ્રાણહીન શરીર જ્યારે ધરતીમાં વિસર્જન કરવામાં આવે ત્યારે ગાયના શરીરના અમુલ્ય પોષક તત્વો કેજે તત્વો અમૃતરૂપિ છે તેવા તત્વો જમીનમાં ભળીને ઉત્તમ શક્તિશાળી ખાતર બનીને વનસ્પતિને અતિ શક્તિશાળી પોષણ પૂરું પડે છે, મનુષ્ય આદિકાળથી ગાયના છાણાનો બળતણ તરીકે ઉપયોગ કરતો આવ્યો છે આ ચુલાની રાખનાં અનેક ઉપયોગો માણસ પોતાની જીવનશૈલીમાં કરતો આવ્યો છે – રાખ જમીનમાં અનેક પોષક તત્વોનો સંચાર કરે છે.

: સમાપ્ત :

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

પ્રા. મીતા એમ. યાદવ

એમ. એ., સૌરાષ્ટ્ર યુનિવર્સિટી (2003)

બી.એડ., સૌરાષ્ટ્ર યુનિવર્સિટી (2005)

એમ.એડ., કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી (2011)

"આંતરરાષ્ટ્રીય ગૌ પરિસંવાદ"

સારાંશ

यया सर्वमिदं व्याप्तं जगत् स्थावरजङ्गमम् ।
तां धेनुं शिरसा वन्दे भूतभव्यस्य मातरम् ।।

જેણે સમસ્ત સચરાચર જગતને વ્યાપ્ત કરેલ છે, એ ભૂત અને ભવિષ્યની જનની ગૌ માતાને મસ્તક ઝુકાવીને પ્રણામ કરું છું.

ભારતીય પરંપરા ના ચાર પાયામાં જેનો સમાવેશ કરવામાં આવ્યો છે તેવી ગાયોનું સ્થાન ભારતીય સંસ્કૃતિમાં વિશેષ રહેવા પામ્યું છે. આ ગાયોનો ઉછેર આપણા સમાજમાં દૂધ તથા પંચગવ્ય માટે વિશેષ કરવામાં આવે છે. ગાયોનું પાલન ભારતમાં સિંધુખીણની સંસ્કૃતિથી થતું આવ્યું છે.કારણકે ગાયની દરેક ઉપજથી કંઈક ને કંઈક પ્રાપ્ત થાય જ છે. પ્રાચીનકાળથી જ ગાયને માતા તરીકે પૂજવામાં આવે છે. વિવિધ સાહિત્યમાં પણ તેનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. ગાય એ રુદ્રની માતા છે, વસુઓની પુત્રી છે, આદિત્યની ભગીની છે અને અમૃતનું ઉદ્ગમસ્થાન છે. ગાય એ પવિત્રતાનું પ્રતિક છે.

યજ્ઞો અને નિત્ય કર્મોમાં દેવપૂજા આદિ વિધિઓમાં ગાયના દૂધ, દહીં, ઘૃત, ગૌમુત્ર અને ગોબર નો ઉપયોગ થાય છે. સાયમ્ અને પ્રાતઃ હોમમાં ગાયના દૂધનો હોમ થાય છે. યજ્ઞમાં ઘૃતની આહુતિ અપાય છે. આવી ગયો ને હોમધેનુ કહેવાય છે. વશિષ્ઠ ઋષિની નંદીની ગાય પણ હોમધેનું હતી. તે દેવગવી સુરભીની પુત્રી હતી.

વેદોમાં ગાયને દેવતા ગણાય છે. પ્રાતઃકાલીન ઉષાના કિરણો 'ગો' કહેવાય છે. સૂર્યના કિરણો પણ 'ગો' કહેવાય છે. ત્રણ વૈદિક દેવીઓ- ઈડા, ભારતી અને સરસ્વતી- માં ઈડા 'ગો' કહેવાય છે. હિન્દુ ધર્મ પ્રમાણે ગાય માં કુલ 33 કોટી દેવતા નિવાસ કરે છે. જેમાં 12 આદિત્ય, 8 વસુ, 11 રુદ્ર અને 2 અશ્વિનીનો સમાવેશ થાય છે. ઋગ્વેદમાં ગાયને અઘ્નયા, યજુર્વેદમાં અનુપમય તથા અથર્વવેદમાં તેને સંપત્તિઓનું નિવાસ કહેવામાં આવે છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ભગવાન શિવને પ્રિય એવા બીલીપત્રની ઉત્પત્તિ પણ ગાયના ગોબરમાંથી થઈ હતી. ભગવાન શ્રીકૃષ્ણનું જીવન પણ ગાયની સંગતમાં જ થયેલું છે. ભગવાન શ્રીરામે પણ વનપ્રસ્થાન પૂર્વે ગાયોને દાનમાં આપી હતી. ગાયોનું દાન સંપૂર્ણ દોષ નાશક છે.

ગાયોની ઉત્પત્તિ વિશે પણ અનેક કથાઓ પ્રચલિત છે. એક કથા પ્રમાણે બ્રહ્માજી એક મુખથી અમૃતપાન કરતા હતા, ત્યારે બીજા મુખમાંથી કેટલાક અમૃતના બિંદુઓ બહાર આવ્યા અને આ બિંદુઓ વડે સુરભી ગાયની ઉત્પત્તિ થઈ હોવાનું મનાય છે. અન્ય મત પ્રમાણે સમુદ્રમંથન દરમિયાન 14 રત્નો સાથે થઈ હોવાનું મનાય છે. તથા અન્ય કથા મુજબ સુરભી વડે કપિલા ગાયની ઉત્પત્તિ થઈ હતી અને તેના દૂધ વડે ક્ષીરસાગરનો પ્રાદુર્ભવ થયો હતો.

વિદેશી ગાયોને ટોરસ કહેવાય છે. જ્યારે ભારતીય ગાયો બ્રાહ્મણ તરીકે ઓળખાય છે. બ્રાહ્મણ ગાયોમાં ખૂંધ નો વિકાસ સારી રીતે થયેલો હોય છે. ભારતીય ગાય તીવ્ર ગરમી સહન કરી શકે છે અને પરોપજીવી કીટકોનો સામનો પણ કરી શકે છે. ભારતમાં પાલતુ પશુઓમાં ગાયનું આર્થિક અને ધાર્મિક મહત્ત્વ અનોખું છે. આપણા દેશમાં અત્યારે ગૌધનની સંખ્યા 19.24 કરોડ જેવી છે. ગાય માત્ર દૂધ આપનાર પ્રાણી જ નથી પરંતુ તેના પાંચગવ્યનો જુદી જુદી રીતે ઉપયોગ થાય છે. ખેતપેદાશો વધારવા માટે તેના ખાતર તથા ગૌમૂત્ર નો ઉપયોગ થાય છે.રોગ ચિકિત્સા પદ્ધતિમાં પણ તેનો બહોળો ઉપયોગ થતો જોવા મળે છે. લોકોમાં જાગૃતિ ફેલાવવાના આશયથી અને ગાયોના ગોબરને બાયોએનર્જીમાં ફેરવતા ઉદ્યોગોના ડેવલપિંગનું કાર્ય પણ ચાલી રહ્યું છે.

આ બધી બાબતોનાં અનુસંધાને પ્રસ્તુત અભ્યાસ નું ક્ષેત્ર માત્ર વૈદિક સાહિત્યમાંના વેદ પૂરતું જ રહ્યું છે. જે અહીં સંશોધન પેપર તરીકે રજૂ કરેલ છે.

૧. પ્રસ્તાવના

માનવી એક સામાજિક પ્રાણી છે. તે પોતાનું અસ્તિત્વ સમાજ વિના ટકાવી શકે નહીં. માનવી સમાજથી અલગ પણ રહી શકતો નથી. અને વળી તે જીવન કાર્યો દ્વારા એક નિશ્ચિત વ્યવસ્થાને વિકસાવે છે. જેના કારણે માનવી પોતે જ રીત રિવાજો, માન્યતાઓ, આદર્શો, જીવનમૂલ્યો વગેરેને કાળક્રમે અપનાવે છે અને વિકસાવે છે. પરિણામ સ્વરૂપ સમાજનું સાહિત્ય, કળા, સ્થાપત્ય, વિજ્ઞાન, તત્ત્વચિંતન વગેરે ક્ષેત્રોમાં તેનું પોતાનું વ્યક્તિત્વ ઘડાય છે અને તે સાંસ્કૃતિક વારસા તરીકે ઓળખાય છે. આ વારસો એટલે જ આપણી ભારતીય સંસ્કૃતિ. આવી ભારતીય સંસ્કૃતિમાં સાહિત્યનું સ્થાન પ્રથમ કક્ષાએ સ્થાપિત થયેલું છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

આપણી સંસ્કૃતિનું સાહિત્ય વૈદિક અને લૌકિક એમ બે વિભાગોમાં વિભાજીત થયેલું છે. વૈદિક સાહિત્યમાં ચાર વેદોનો પ્રથમ સમાવેશ કરવામાં આવેલો છે. પ્રત્યેક વેદનું કોઈને કોઈ મુખ્ય વિષયવસ્તુ હોય છે. પ્રથમ વેદ તરીકે ગણાતા ઋગ્વેદમાં વિવિધ દેવી-દેવતાઓ સંબંધિત સૂક્તોનો સમાવેશ થયેલો છે. જેમાં ગૌમાતાનું સ્થાન અને મહત્ત્વ પણ આલેખાયેલું છે. વળી કહેવાયું છે કે,

" વેદ વિના મતિ નહીં
ગાય વિના ગતિ નહીં. "

વેદોમાં ગાયને દેવતા માનવામાં આવે છે. પ્રાતઃકાલીન ઉષાના કિરણો 'ગો' કહેવાય છે. ગાયો ના રૂપે તે કિરણો ઉષાના રથને વહે છે - એમ કહેવાયું છે. આવી એક બાબતને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસકે ભારતીય સંસ્કૃતિના પ્રાણ સમા સાહિત્યમાં ગાયોના સ્થાન અને મહત્ત્વનો અભ્યાસ હાથ ધરેલ છે.

૨. અભ્યાસનું શીર્ષક

પ્રસ્તુત અભ્યાસનું શીર્ષક અભ્યાસકે આ મુજબ પસંદ કરેલ છે.

આપણી સંસ્કૃતિના હાર્દ સમા વેદોમાં ગાયોનું સ્થાન અને મહત્ત્વનો અભ્યાસ

A STUDY OF THE PLACE AND IMPORTANCE OF COWS IN THE VEDAS AT THE HEART OF OUR CULTURE

૩. પદોની વ્યાવહારિક વ્યાખ્યા

કોઈપણ અભ્યાસને હાથ ધરતા પહેલા તેના પારિભાષિક શબ્દોની વ્યાખ્યા કરવી જરૂરી છે. પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસકે ઉપયોગમાં લીધેલ પારિભાષિક શબ્દોની વ્યાખ્યા કરવી જરૂરી છે. પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસકે ઉપયોગમાં લીધેલ પારિભાષિક શબ્દોનો અર્થ આ પ્રમાણે છે.

સંસ્કૃતિ

સંસ્કૃતિ શબ્દનો વ્યુત્પત્તિજન્ય અર્થ :

૧) ઊંચા સંસ્કાર, સંસ્કારિતા

૨) વિભિન્ન કલાઓ અને વિભિન્ન શાસ્ત્રોનો થયેલો વિકાસ સૂચવનારી લાક્ષણિકતા (રહેણીકરણી અને સભ્યતાના સંસ્કારોની જેમાં છાપ પડી હોય છે.)

પ્રસ્તુત અભ્યાસમાં સંસ્કૃતિ શબ્દનો અર્થ આ પ્રમાણે થશે.

વિભિન્ન શાસ્ત્રોનો થયેલો વિકાસ સૂચવનારી લાક્ષણિકતાઓ સભ્યતા અને સંસ્કારોના સંદર્ભે.

હાર્દ

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

૧) હૃદય, અંતર

૨) મનોભાવના

૩) મર્મ, મતલબ, તથ્યાંશ, તાત્પર્ય, ભાવાર્થ

પ્રસ્તુત અભ્યાસમાં હાર્દ શબ્દનો **અર્થ** હૃદય એવો થાય છે.

સમા સમાન

વેદ

વેદ શબ્દની ઉત્પત્તિ મૂળ **સંસ્કૃત** શબ્દ 'વિદ્' પરથી થયેલી છે. જેનો અર્થ 'જાણવું' અર્થાત્ 'જ્ઞાન' સંબંધિત છે.

ગાય

ગાય એ ભારતમાં ઠેર ઠેર **જોવા** મળતું એક ચોપગુ, શિંગડાવાળું, પાલતુ સસ્તન વર્ગમાં આવતું પ્રાણી છે. આ પ્રાણીની માદા **જાતિને** ગાય કહે છે.

અભ્યાસ

જ્ઞાનનું પરિશીલન

૪. અભ્યાસના હેતુઓ

કોઈપણ કાર્યકર્તા પહેલા તેના હેતુઓ નક્કી કરવા જરૂરી છે. નિશ્ચિત હેતુઓને ધ્યાનમાં લઈને કરવામાં આવેલું કાર્ય ચોક્કસ **પરિણામ** આપનાર બને છે. આથી પ્રસ્તુત સંશોધન પેપર નીચેના હેતુઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છે.

૧) ભારતીય સંસ્કૃતિના વિવિધ ક્ષેત્રોનો અભ્યાસ કરવો.

૨) ભારતીય સંસ્કૃતિના **સાંસ્કૃતિક** વારસાનો અભ્યાસ કરવો.

૩) ભારતીય સંસ્કૃતિમાં **સમાવિષ્ટ** સાહિત્યોનો પરિચય મેળવવો.

૪) પ્રાચીનતમ ગણાતા વૈદિક સાહિત્યનો અભ્યાસ કરવો.

૫) વેદોમાં સ્થાન પામનાર ગાય માતાના સ્થાન અને મહત્ત્વ અંગેનો **અભ્યાસ** કરવો.

૬) વેદોમાં ગાયોના સ્થાન અને મહત્ત્વ અંગેનો અભ્યાસ કરી ગુણાત્મક કાર્ય દ્વારા અર્થઘટનો તારવવા.

૫. અભ્યાસના પ્રશ્નો

અભ્યાસ એ હેતુ **પૂર્વકની** પ્રક્રિયા હોવાથી અભ્યાસકે અભ્યાસના પ્રત્યેક હેતુઓના સંદર્ભમાં અભ્યાસના પ્રશ્નો તૈયાર કર્યા. જે આ મુજબ છે.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

૧) ભારતીય સંસ્કૃતિના વિવિધ ક્ષેત્રોમાં શેનો શેનો સમાવેશ થતો હશે?

૨) ભારતીય સંસ્કૃતિનો સાંસ્કૃતિક વારસો શો હશે?

૩) ભારતીય સંસ્કૃતિમાં કેવા પ્રકારના સાહિત્યનો સમાવેશ થતો હશે?

૪) પ્રાચીન ગણાતા વૈદિક સાહિત્યમાં કેવા કેવા સાહિત્યનો સમાવેશ થતો હશે?

૫) વેદોમાં ગાયોનું સ્થાન તથા મહત્ત્વ કેવા પ્રકારનું હશે?

૬) વેદોમાં ગાયોના સ્થાન તથા મહત્ત્વ અંગેના અભ્યાસના શૈક્ષણિક ફલિતાર્થો શા હશે?

૬. અભ્યાસનું ક્ષેત્ર

શિક્ષણના ક્ષેત્રમાં અનેકવિધ અભ્યાસો હાથ ધરવામાં આવ્યા છે. પ્રત્યેક અભ્યાસ કોઈ ચોક્કસ ક્ષેત્રને સ્પર્શતું જ હોય છે. પ્રસ્તુત અભ્યાસ એ ભારતીય સંસ્કૃતિ અને ગાય અંગેનો છે. તેથી પ્રસ્તુત અભ્યાસ નું ક્ષેત્ર 'વૈદિક સાહિત્યમાં ગાયોના સ્થાન અને મહત્ત્વ' છે.

૭. અભ્યાસનો પ્રકાર

પ્રસ્તુત અભ્યાસ વૈદિક સાહિત્યમાં ગાયોના સ્થાન અને મહત્ત્વ અંગેનો છે. અહીં એકત્રિત કરવામાં આવેલ માહિતી નો હેતુ ગુણાત્મક હોવાથી પ્રસ્તુત અભ્યાસનો સમાવેશ ગુણાત્મક સંશોધનમાં થાય છે.

૮. અભ્યાસની મર્યાદા

કોઈપણ અભ્યાસનું મહત્ત્વ તેની મર્યાદાઓના સંદર્ભમાં જ માપી શકાય છે. કારણ કે કોઈ પણ અભ્યાસ સર્વાંગ સંપૂર્ણ હોતો નથી. પ્રસ્તુત અભ્યાસની પણ કેટલીક મર્યાદાઓ છે. જે નીચે મુજબ સ્પષ્ટ કરવામાં આવી છે.

૧) પ્રસ્તુત અભ્યાસમાં ભારતીય સંસ્કૃતિના વિવિધ ક્ષેત્રોમાંથી ફક્ત સાહિત્યનો જ સમાવેશ કરવામાં આવેલ છે.

૨) અભ્યાસકે અહીં ભારતીય સંસ્કૃતિના વારસા તરીકે માત્ર સાહિત્યનો જ અભ્યાસ હાથ ધરેલ છે.

૩) પ્રસ્તુત અભ્યાસ માત્ર વૈદિક સાહિત્ય પૂરતો જ મર્યાદિત છે.

૪) પ્રસ્તુત અભ્યાસમાં માત્ર ગાયોના સ્થાન અને મહત્વનો જ ઉલ્લેખ થયેલો છે.

૯. અભ્યાસના તારણો

અભ્યાસકે પોતાના અભ્યાસના હેતુને નજર સમક્ષ રાખી અભ્યાસના પ્રશ્નો રચેલ છે. જેના સંદર્ભે મળેલ તારણો આ પ્રમાણે છે.

૧) ભારતીય સંસ્કૃતિના વિવિધ ક્ષેત્રોમાં શેનો શેનો સમાવેશ થતો હશે?

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

તારણ -

પ્રસ્તુત અભ્યાસ દ્વારા હાથ ધરેલ કાર્ય પરથી કહી શકાય કે, ભારતીય સંસ્કૃતિના વિવિધ ક્ષેત્રોમાં સાહિત્ય, કળા, સ્થાપત્ય, વિજ્ઞાન, તત્વચિંતન વગેરેનો સમાવેશ થાય છે.

૨) ભારતીય સંસ્કૃતિનો સાંસ્કૃતિક વારસો શો હશે?

તારણ -

ભારતીય સંસ્કૃતિના સાંસ્કૃતિક વારસામાં પણ આપણા દેશનું સાહિત્ય, રીત રિવાજો, રહેણીકરણી, પોશાક, ખોરાક વગેરેનો સમાવેશ થાય છે.

૩) ભારતીય સંસ્કૃતિમાં કેવા પ્રકારના સાહિત્યનો સમાવેશ થતો હશે?

તારણ -

ભારતીય સંસ્કૃતિમાં વૈદિક અને લૌકિક સાહિત્યનો સમાવેશ થાય છે.

૪) પ્રાચીન એવા વૈદિક સાહિત્યમાં કેવા કેવા સાહિત્યનો સમાવેશ થતો હશે?

તારણ -

પ્રાચીન એવા વૈદિક સાહિત્યમાં વેદો, બ્રાહ્મણ ગ્રંથો, આરણ્યકો, ઉપનિષદો તથા વેદાંગનો સમાવેશ થાય છે.

૫) વેદોમાં ગાયોનું સ્થાન તથા મહત્ત્વ કેવા પ્રકારનું હશે?

તારણ -

પ્રત્યેક વેદને તેનો એક વિષય છે. એ પ્રમાણે

1) ઋગ્વેદ :-

ઋગ્વેદના વિષયવસ્તુ તરીકે અનેક દેવી-દેવતાઓના સૂક્તો જોવા મળે છે. ઋગ્વેદમાં ગાયને અઘ્નયા કહેવામાં આવે છે. વેદોમાં ગાય દેવતા ગણાય છે. પ્રાતઃકાલીન ઉષાના કિરણો 'ગો' કહેવાય છે. ગાયો ના રૂપે તે કિરણો ઉષાના રથ ને વહે છે. સૂર્યના કિરણો પણ 'ગો' કહેવાય છે. ત્રણ વૈદિક દેવીઓ - ઈડા, ભારતી અને સરસ્વતી - આ ત્રણે દેવીઓમાં ઈડા 'ગો' કહેવાય છે.

2) યજુર્વેદ :-

યજુર્વેદમાં ગાયને અનુપમય કહેવામાં આવે છે. યજુર્વેદનો મુખ્ય વિષય ધાર્મિક ક્રિયાકાંડ છે અને આ ક્રિયા કાંડ માટે વપરાતા દ્રવ્યો, હવિસ્, યજ્ઞકુંડનું લીંપણ પણ ગાયના ગોબર માંથી કરવામાં આવે છે, તેવો ઉલ્લેખ છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

3) સામવેદ :-

સામવેદનું મુખ્ય વિષયવસ્તુ ગેય સ્વરૂપે ઉલ્લેખિત છે. જેમાં વિવિધ મંત્રોચ્ચારણનાં ગેય સ્વરૂપની વાત મુખ્ય છે. અહીં પણ ગયેલ સ્વરૂપે ગાય માતાના મંત્રોનો અલ્પમાત્રામાં પણ જોવા જરૂર મળે છે.

4) અથર્વવેદ :-

અથર્વવેદમાં ગાયને સંપત્તિઓનું નિવાસ કહેવામાં આવે છે. અથર્વવેદનું વિષયવસ્તુ રોગ, ચિકિત્સા, મંત્રતંત્ર, જાદુટોના વગેરે છે. જેમાં ગાય આધારિત ચિકિત્સાનો ઉલ્લેખ જોવા મળે છે.

૬) વેદોમાં ગાયોના સ્થાન તથા મહત્ત્વ અંગેના અભ્યાસના શૈક્ષણિક ફલિતાર્થો શા હશે?

તારણ -

ગાય રૂદ્રોની માતા છે. વસ્તુઓની પુત્રી છે. આદિત્ય ની ભગિની છે અને અમૃતનું ઉદ્‌ગમ સ્થાન છે. તેના દૂધ વડે ક્ષીરસાગર નો પ્રદૂર્ભવ થયો હતો. સાયમ્‌ અને પ્રાતઃ હોમહવનમાં પણ ગાયના દૂધનો ઉપયોગ થતો જોવા મળે છે. યજ્ઞો અને નિત્યનૈમિતિક દેવપૂજા આદિ વિધિઓમાં ગાયના દૂધ, દહીં, ઘૃત, ગૌમુત્ર અને ગોબર નો ઉપયોગ થાય છે. શ્રાદ્ધ વગેરે પિતૃ કર્મમાં પણ ગાયના દૂધ વડે પિતૃ પૂજન કરવામાં આવે છે. ગૌ આધારિત ખેતી પણ થાય છે. નાના મોટા કુટીર તથા ગૃહ ઉદ્યોગોમાં પણ તેનું ખૂબ જ મહત્ત્વ રહ્યું છે. ભારતીય ગાય બ્રાહ્મણ તરીકે ઓળખાય છે.

૧૦. અભ્યાસના શૈક્ષણિક ફલિતાર્થો

અભ્યાસકે પ્રસ્તુત અભ્યાસના તારણોના આધારે તેના ફલિતાર્થો મેળવ્યા, જે આ પ્રમાણે જોઈ શકાય છે.

मातरः सर्वभूतानां गावः सर्वसुखप्रदाः ।

ગાય સંપૂર્ણ પ્રાણીઓની માતા છે, તથા ગાય જ બધાને સુખ આપનારી છે.

ભારતીય પરંપરાના પાયા સમાન પ્રાચીન સાહિત્ય થી માંડીને આધુનિક સાહિત્યમાં ગાયને માતાનો શ્રેષ્ઠ દરજ્જો આપવામાં આવ્યો છે. ભારતીય સંસ્કૃતિના વિવિધ વૈદિક સાંસ્કૃતિક ક્ષેત્રો તથા આપણા ભવ્ય વારસામાં સમાવિષ્ટ સાહિત્યમાં જેના ગુણગાન ગાવામાં આવ્યા છે તેવી ગાયને પૂજવા પાછળના આધારો આપણને તેનું વિશિષ્ટ મહત્ત્વ સમજાવે છે.

ગાયોના સ્થાન અને મહત્ત્વની વાત કરીએ તો ગાય એ રુદ્ર ની માતા છે. અમૃતનું ઉદ્‌ગમ સ્થાન છે. આપણને જાણવા મળે છે તે પ્રમાણે ગાયોમાં 33 કોટી દેવી-દેવતા નિવાસ કરે છે. જેમાં 12 આદિત્ય, 8 વસુ, 11 રુદ્ર, 2 અશ્વિનીનો સમાવેશ થાય છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

વિવિધ વેદોમાં ઋગ્વેદમાં ગાય અઘ્નયા, યજુર્વેદમાં અનુપમય, અને અથર્વવેદમાં સંપત્તિનું નિવાસસ્થાન કહેવાય છે. પૌરાણિક કથાઓમાં પણ કહેવાયું છે કે, બ્રહ્માજી એક મુખથી અમૃતપાન કરતા હતા, ત્યારે તેના બીજા મુખમાંથી અમૃતના બિંદુઓ બહાર આવ્યા અને આ બિંદુઓ વડે સુરભી ગાયની ઉત્પત્તિ થઈ. આ સુરભી વડે કપિલા ગાયની ઉત્પત્તિ થઈ અને તેના દૂધ વડે ક્ષીરસાગરનો પ્રદુર્ભવ થયો.

ઉત્પત્તિથી આગળ વધતા તેના મહત્વ વિશે જાણી શકાય છે કે, તેનું દૂધ, ઘૃત, ગોબર નો ઉપયોગ હોમહવનમાં થાય છે. આપણા સ્વાસ્થ્ય માટે પણ તે એટલું જ ઉપયોગી છે. આપણા દેશમાં વિવિધ ખેતી કાર્યોમાં તેના ખાતરનો ઉપયોગ, વિવિધ રોગ ચિકિત્સા પદ્ધતિ માં તેનો ઉપયોગ, નાના મોટા કુટીર તથા ગૃહ ઉદ્યોગોનું વિસ્તરણ પણ થતું જોવા મળે છે.

૧૧. ઉપસંહાર

મહર્ષિ વશિષ્ઠ દ્વારા ઉપદિષ્ટ 'गवोपनिषद'માં જેનો ઉલ્લેખ થયો છે તેવી સનાતન ભારતીય સંસ્કૃતિના પ્રતિક સમાન ગાયોનું મહત્ત્વ ભારતીય સમાજમાં ખૂબ જ અપ્રતિમ છે. કિંમતીમાં કિંમતી તથા ધરતીનું મોટામાં મોટું જો ધન હોય તો તે ગૌમાતા છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં મનાતા 16 સંસ્કારોમાં પણ તેનું અજોડ સ્થાન છે આપણા સમાજના વિવિધ ક્ષેત્રોમાંના એક સૌથી પ્રાચીન મનાતા વેદોમાં તેનું સ્થાન પ્રથમ કક્ષાનું છે. એવું પણ માનવામાં આવે છે કે, 33 કોટી દેવોનો પણ તેમાં વાસ થયેલો છે. આવી ગૌમાતાનું સર્વે સમ્માન કરીએ અને આપણી ભારતીય સંસ્કૃતિનું જતન કરીએ.

૧૨. સંદર્ભ સાહિત્ય સૂચિ

૧) ડૉ. ડી.એ.ઉચાટ (૨૦૦૯), શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર (અક્ષર પબ્લિકેશન) રાજકોટ
૨) વિનયન શબ્દકોશ (૧૯૭૯) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય - અમદાવાદ
૩) www.wikipedia.org
૪) www.shabdkosh.com
૫) gujaratilexicon.com
૬) www.abtakmedia.com

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

રાઠોડ કેવલ રાજેશભાઈ

એસ.ડી શેઠિયા કોલેજ ઓફ એજ્યુકેશન, મુન્દ્રા

વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી ગાયમાં પાચનતંત્ર અને દૂધ બનવાની પ્રક્રિયા

- **સારાંશ:**

ગાય પાચનતંત્ર ની મદદથી દૂધ ઉત્પાદન કરનારું એક વિશિષ્ટ પ્રાણી છે. ગાય એ ઘાસને ઝડપથી ગળી જાય છે અને ગાયની અંદર આવેલા બેક્ટેરિયા સેલ્યુલોઝને ઝડપથી પાચન કરે છે. ગાયના થનમાં દૂધનો સંગ્રહ થાય છે અને એ બનવા માટે ગાયના હૃદયથી થનતરફ પોષક તત્વો આવે છે.ઓકસીટોક્સિન હોર્મોન્સ ગાય માંથી નીકળે છે અને તે દૂધ બનવાની પ્રક્રિયામાં મહત્વનો ભાગ ભજવેછે. ગાયના ભોજનમાં જેટલી ઊર્જા હોય છે, તે પરથી પ્રોપોઈનિકએસિડ બને છે અને પ્રોપોઈનિકએસિડ લીવરમાં જઈને ગ્લુકોઝમાં બદલે છે અને ગ્લુકોઝ એક ગેલેક્ટોઝ સાથે મળીલેક્ટોઝપરિણમે છે અને લેક્ટોઝપરથી જાણી શકાય કે ગાય કેટલું દૂધ આપશે. ગાયમાં1 યુનિટ દૂધ બનવા માટે 400 થી 500 લોહી યુનિટ જરૂર પડે છે. દૂધ બનવાની પ્રક્રિયાના ત્રણ ઘટક છે: ૧)MILK SEPARATION CELLS (જ્યાં દૂધ બને છે) ૨) RUMEN (દૂધનો સંગ્રહ થાય છે) ૩)TERATIARYDUCT (દૂધ બહાર આવે છે) .યોગ્ય વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી ગાયમાં પાચનતંત્ર અને દૂધબનવાનીપ્રક્રિયા ને સમજીને દૂધ ઉત્પાદન વધારી શકાય છે.અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી ગાયમાં પાચનતંત્ર અને દૂધ બનવાની પ્રક્રિયા નેસમજીને આર્થિક દ્રષ્ટિકોણથી દેશનો વિકાસ કરી શકાય છે.


- **પ્રસ્તાવના:**

ગાય એ ભારતમાં ઠેર ઠેર જોવા મળતું એક ચોપગું, શીંગડાવાળું, પાલતુ સસ્તન વર્ગમાં આવતું પ્રાણી છે. આ પ્રાણીની માદા જાતિને ગાય કહે છે. જ્યારે નર જાતિમાં લગામ વાળા નરને બળદ અને લગામ વગરનાં નર ને આખલો કહે છે. ગાયનો ઉછેર તેના દૂધ માટે, જ્યારે કે બળદ નો ઉછેર ખેતીવાડીમાં મજૂરી માટે થાય છે. મળી આવેલા અવશેષો અનુસાર ગાયનું પાલન ભારતમાં સિંધુ ખીણની સંસ્કૃતિના સમયથી થતું આવ્યું છે, કારણ કે તેની દરેક ઉપજ થી કંઇના કંઇ મળે જ છે. ગાય ને ભારતમાં માતાનો દરજ્જો અપાય છે.પરશુરામ જે વિષ્ણુનાં અવતાર માનવામાં આવે છે, તે પોતાનાં શત્રુ તરીકે સહસ્રાર્જુનને ગણાવતા હતા. કારણ કે સહસ્રાર્જુને કામધેનુ ગાયનું અપહરણ કર્યું હતું.ગાય ઘાસને સરળતાથી ગળી જાય છે તથા તેમાંથી સરળતાથી સેલ્યુલોઝ બની અને દૂધ ઉત્પાદન કરે છે.ગાયનું પાચનતંત્રમાં ઘણા-બધા એવા અંગો આવેલા,જેનાથી ગાયની અંદર આઠ કલાકની અંદર દૂધ બનવાની પ્રક્રિયા સંપૂર્ણ પૂરી થાય છે.ગાયના દૂધમાં ઘણા બધા પોષક તત્વો રહેલા છે જે આપણા

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024



આરોગ્ય માટે ખૂબ જરૂરી છેઅને જે ગાયના દૂધમાંથી પ્રાપ્ત થાય છે.આ પોષક તત્વો મનુષ્યના આરોગ્ય માટે પણ જરૂરી છે ,તેથી ગાયભોજનની ગુણવત્તા વધારી દૂધની ગુણવત્તા પર વધારી શકાય છે.

- **હેતુ:**

  ૧.ગાયના પાચનતંત્ર વિશે જાણવું.

  ૨.ગાયમાં દૂધ ઉત્પાદન વિશે જાણવું.

  ૩.ગાયમાં વિવિધ ભાગો દ્વારા દૂધ ઉત્પાદન માં તે ભાગો નું મહત્વ જાણવું

  ૪.વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથીગાયના દૂધ ઉત્પાદનવિશે જાણવું.

  ૫.ગાયના દૂધમાં રહેલા પોષક તત્વો વિશે જાણવું.

- **ગાયમાં પાચનતંત્ર ની પ્રક્રિયા:**

ગાય ખૂબ જ ઝડપથી ઘાસને ગળીજાય છે, અને ગાયમાં એક જઠર આવેલું હોય છે જેનેઆમાશય કહેવામાં આવે છે .આમાશયમાંખોરાક અર્ધપાચિત હોય છે અને જેને વાગોળકહે છે,પરંતુ પછી વાગોળ નાના ગોળકોના સ્વરૂપમાં મોંમાં પાછો આવે છે અને ગાય તેને ચાવે છે આ સમગ્ર પ્રક્રિયા ને વાગોળવું અને આવા પ્રાણીઓને વાગોળનાર પ્રાણી કહે છે.ઘાસ એ સેલ્યુલોઝથી ભરપુર કાર્બોદિત છે. ઢોર, હરણ વગેરે જેવા વાગોળનાર પ્રાણીઓના આમાશય હાજર રહેલા બેક્ટેરિયા સેલ્યુલોઝ ના પાચનમાં મદદ કરે છે. મનુષ્ય સહિત ના ઘણા પ્રાણીઓ સેલ્યુલોઝ નું પાચન કરી શકતા નથી.ઘોડા, સસલાં વગેરે જેવા પ્રાણીઓમાં અન્નનળી અને નાના આંતરડા વચ્ચે કોથળી જેવી રચના આવેલી છે જેને અંધાંત્ર કહે છે અહીં સેલ્યુલોઝ નું પાચન કેટલાક બેક્ટેરિયા દ્વારા થાય છે જે મનુષ્યમાં આવેલા નથી.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

- **ગાયની અંદર દૂધ બનવાની પ્રક્રિયા**

ગાયના થનમાં દૂધ નું સંગ્રહ થાય છે.ગાયના હૃદયથી થન તરફ પોષક તત્વો આવે છે. ઓક્સિટોક્સિન હોર્મોન્સ ગાય માંથી નીકળે છે, જ્યારે ગાયને ડોનાર(દૂધ મેળવનાર) જ્યારે પ્રક્રિયા કરે છે. જો ગાયમાંથી દૂધ નિકાળવામાં ના આવે તો તેમાં દૂધ બનવા નું બંધ થઈ જાય છે.આઠ કલાકની અંદર દૂધ નીકળવાનું હોય છે. ગાયનાભોજનમાં જેટલી ઊર્જા હોય છે ત્યારે પ્રોપોઈનિકએસિડ બને છે અને આપ્રોપોઈનિક એસિડ લીવરમાં જઈને ગ્લુકોઝ માં બદલે છે અને ગ્લુકોઝ એ ગેલેક્ટોઝ સાથે મળીનેલેક્ટોઝમાં પરિણમે છે લેક્ટોઝમાં પરથી જાણી શકાય છે કે તે કેટલું દૂધ આપશે.ગાયના ઘાસચારા પરથી ખબર પડે છે કે તેની દૂધમાં કેટલી ફેટ (ચરબી) હશે.આયુર્વેદિક માં ગાયના દૂધ આપે તેમાંથી બનાવેલી ઘી "**અમૃત**" માનવામાં આવે છે.અડરએ ગાયના લોહીમાં થી પોષક તત્વો જે દૂધ મેળવવા માટે જરૂરી છે તે લોહી માંથી લે છે અને દૂધ બનાવે છે. મિલ્ક વેન (દૂધનશ) વધુ માત્રામાં ગાયમાં હોવાથી તે વધુ દૂધ આપી શકે છે, બધા બીજા પ્રાણીઓની સરખામણીમાં આ પ્રાણીઓ એટલે કે ગાય વધુ દૂધ આપી શકે છે લોહીનો પ્રવાહ જે ગાયમાં વધુ ,તેમ દૂધ ઉત્પાદન ગાયમાં વધુહોય છે.એક યુનિટ દૂધ મેળવવા માટે 400 થી 500 યુનિટ જરૂરી છે.થન અનેઅડર, જે ગાયના દૂધ ઉત્પાદન ના ભાગ છે તેનામારફતે દૂધ નું ઉત્પાદન ગાયમાં થાય છે.ગાયના થનમાં વિશિષ્ટ માત્રામાં કોષો હોય છે જેને "**એલ્યુઅલ્લા**" કહેવામાં આવે છે તે લોહીના પોષક તત્વો ને દૂધમાં ફેરવે છે.થન અને અડર મુખ્યત્વે 0.8 મીટર તરફ પોહરી થઈ શકે છે , કારણકેતેમાંદૂધનો સંગ્રહ કરવામાંઆવે છે.દૂધ બનવાની પ્રક્રિયાના ત્રણ ઘટક છેઃ ૧)MILK SEPARATION CELLS (જ્યાં દૂધ બને છે) ૨) RUMEN (દૂધ નો સંગ્રહ થાય છે) ૩)TERATIARY DUCT (દૂધ બહાર આવે છે).

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

- ગાયદૂધમાંરહેલાપોષક તત્વો:

Milk composition and percent contribution to the daily dietary reference intakes of some nutrients in 0.5 l whole milk, and their main health effects

Milk component	Concentration in 1 l whole milk[a]	Percent contribution of 0.5 l whole milk to reference intake[b]	Health effects
Fat	33 g/l		Energy rich
Saturated fatty acids	19 g/l		Increase HDL, small dense LDL, and total cholesterol. Inhibition of bacteria, virus
Oleic acid	8 g/l		Prevent CHD, gives stable membranes
Lauric acid	0,8 g/l		Antiviral and antibacterial
Myrisitc acid	3,0 g/l		Increase LDL and HDL
Palmitic acid	8 g/l		Increase LDL and HDL
Linoleic acid	1,2 g/l		Omega-6 fatty acid
Alpha linolenic a	0,75 g/l		Omega-3 fatty acid
Protein	32 g/l	30–40%	Essential amino acids, bioactive proteins, peptides. Enhanced bioavailability
Lactose	53 g/l		Lactosylation products
Calcium	1,1 g/l	40–50%	Bones, teeth, blood pressure, weight control
Magnesium	100 mg/l	12–16%	For elderly, asthma treatment
Zinc	4 mg/l	18–25%	Immune function. Gene expression
Selenium	37 ug/l	30%	Cancer, allergy, CHD
Vitamin E	0,6 mg/l	2 %	Antoixidant
Vitamin A	280 ug/l	15–20%	Vision, cell differentiation
Folate	50 ug/l	6 %	DNA synthesis, cell division, amino acid metabolism
Riboflavin	1,83 mg/l	60–80%	Prevent ariboflavinosis
Vitamin B_{12}	4,4 ug/l	90%	Key role in folate metabolism

-

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

- ફલિતાર્થ

  - યોગ્ય વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી થી ગાયના પાચનતંત્ર અને દૂધની પ્રક્રિયા ને સમજીને દૂધ ઉત્પાદન માં વધારો કરી શકાય છે.
  - ગાયમાં દૂધ ઉત્પાદન ની પ્રક્રિયા વધારવા માટે ઘાસચારા યોગ્ય પ્રમાણમાં અને સારી ગુણવત્તા વારી કરીને દૂધ ઉત્પાદન વધારી શકાય છે.
  - ગાયમાંપાચનતંત્રના રોગો નો ખ્યાલ આવી શકે છે.
  - ગાયના ઘટકોતત્વોજાણીઅનેઉપયોગ કરી દૂધની ગુણવત્તા વધારી શકાય છે.
  - ગાયના દૂધની ચરબીમાં સારી ગુણવત્તા મેળવી શકાય છે.
  - ભોજનની ગુણવત્તા વધારી દૂધની ગુણવત્તા વધારીશકાયછે.
  - વિદ્યાર્થીઓને વિષય વસ્તુ સમજાવવા માટે યોગ્ય રીતે આ માહિતીનો ઉપયોગ કરી શકાય છે.
  - વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી વિદ્યાર્થીઓને ગાયના પાચનતંત્ર વિશે સમજાવી શકાય છે.
  - .ઉત્પાદન થીભારત દેશનો આર્થિક વિકાસ પ્રબળ બની શકે છે.
  - ઘાસચારામાં વિવિધ પોષક તત્વો જે ગાયને દૂધ ઉત્પાદન માં જરૂરી છે તેનો ઉપયોગ કરીને વધુ પ્રમાણમાં દૂધ મેળવી શકાય છે.
  - ગાયના પાચનતંત્ર ઉપર સંશોધન કરીને દૂધ ઉત્પાદનની પ્રક્રિયા વધારી શકાય છે તથા દૂધ ની ગુણવત્તા વધારી શકાય છે.
  - ગાયના ડોક્ટરો માટેગાયનારોગો અભ્યાસ જરૂરી છે તથા તેના નિદાન માટે પાચનતંત્ર અને ગાયમાં દૂધ ઉત્પાદનની પ્રક્રિયા વિશે નો ખ્યાલ ખૂબ ઉપયોગી છે.
  - ગાયના ઘાસચારા નો યોગ્ય રીતે ઉપયોગ કરી તેમાં ચરબીની માત્રા વધારી શકાય છે.
  - ગાયની અંદર લેક્ટોઝ નું પ્રમાણ જાણીને તે કેટલું દૂધ આપશે તેની જાણકારી મેળવી શકાય છે.
  - ગાયના દૂધની ગુણવત્તા વધારવા માટે લેક્ટોઝ અને ચરબી નું પ્રમાણ કેટલું રાખવું તે પરથી દૂધની ગુણવત્તાવધારી શકાય છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

- ઉપસંહાર

અત્યારના આધુનિક યુગમાં દૂધ ઉત્પાદન ખૂબ જ જરૂરી બન્યું છે.દેશના આર્થિક સ્થિતિને મજબૂત કરવા માટે દૂધ ઉત્પાદનમાં વધારો કરવો ખૂબ આવશ્યક છે. તેથી વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી ગાયના પાચનતંત્ર અને દૂધ ઉત્પાદન કે દૂધ બનવાની પ્રક્રિયાને જાણીને તેનામાં સુધારો- વધારો કરીને દૂધ ઉત્પાદનની ગુણવત્તા,દૂધમાં રહેલા પોષક તત્વો દૂધમાં રહેલી ચરબી અને ગાયમાંલેક્ટોઝ નું પ્રમાણ જાણી દૂધની ઉત્પાદન વધારી શકાય છે.દૂધમાં રહેલા વિવિધ પોષક તત્વો જે માનવ આરોગ્ય અને માનવ શરીર માટે ખૂબ જ જરૂરી છે તે દૂધમાંથી પ્રાપ્ત થાય છે એટલે દૂધ ઉત્પાદન વધુ હશે તો આવા બધા પોષક તત્વો લોકોને મળી રહેશે, તેથી આવા વિશેનો અભ્યાસ કરવો ખૂબ જ જરૂરી છે. આમ,ગાયના પાચનતંત્ર વિશે જાણી, દૂધ ઉત્પાદન વિશે જાણી, વિવિધ ભાગોનું દૂધ ઉત્પાદનમાં તેનું મહત્વનું જાણી અને દૂધ ઉત્પાદનના ઘટકો અને પોષક તત્વોનો ખ્યાલ જાણીને દૂધ ઉત્પાદન વધારી શકાય .

- સંદર્ભો:

૧) પટેલ દીક્ષિત, વાઘેલા વિપુલા, બુમતારીયા ધર્મેન્દ્ર(૨૦૨૨) જ્ઞાન અને અભ્યાસક્રમ, અમદાવાદ: નીરવ પ્રકાશન
૨) ત્રિવેદી રોનક(જુલાઇ ૧૩,૨૦૧૪) વેદમાં વિજ્ઞાન
3) વિજ્ઞાનઅનેટેકનોલોજી, ધોરણ૭,ગુજરાત રાજ્ય સારા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
4) ભાયાણી રમેશચંદ્ર ,જાની શાંતિલાલ ભારતના મહાન વૈજ્ઞાનિકો, રાજકોટ: પ્રવીણ પુસ્તક ભંડાર

વેબસાઇટ:

https://en.m.wikipedia.org/wiki/Nilgai
https://www.ncbi.nlm.nih.gov/
https://youtu.be/3UBVu-Gp0gs?si=ThDLg8Z6vy8h3Vgz

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

મહેશ્વરીનિકિતા મોહનભાઈ
એમ.એડ.સેમેસ્ટર-૪
શિક્ષણશાસ્ત્ર ભવન
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ-કચ્છ.

ગાય આધારિત કુટીર/ગૃહઉદ્યોગ

પ્રસ્તાવના:

આપણા ખેતીપ્રધાન દેશમાં ગાયને પાળવાની પરંપરા રહી છે. ભારતના ૭૦ ટકા લોકો ગામોમાં રહે છે અને તેમનો મુખ્ય ધંધો ખેતી અને પશુપાલન છે. દરેક પરિવાર પાસે થોડી જમીન હોય અને દૂધાળી ગાયો અને શક્તિશાળી બળદોનું પાલન થતું હોય તે બહુ દૂરના ભૂતકાળની વાત નથી.

ગૌ મે પશ્યામ્યહં નિત્યં, ગાવઃ પશ્યન્તુ મે સદા ।
ગાવોસ્માકં વયં તાસાં યતો ગાવસ્તતો વયમ્ ।।

(હું નિત્ય ગાયોનાં દર્શન કરું, ગાય સદા મારી સામે જુએ, અમે ગાયોના છીએ, જ્યાં ગાય ત્યાં અમે એટલે કે ગાયને કારણે જ અમારું અસ્તિત્વ છે.) ભારતીય સંસ્કૃતિના ઉગમકાળથી માંડીને વિદેશીઓની ગુલામી સુધીની સદીઓ દરમ્યાન ભારતમાં ગાયનો સુવર્ણકાળ હતો.**ૐ ગોભ્ય નમઃ ૐ વૃષભાય નમઃ । ૐ ગોભૂમયે નમઃ ૐ ગોસંસ્કૃત્યે નમઃ ।।** આ મંત્ર ભારતમાં ઘેરઘેર બોલાતો. **ઋગ્વેદ** કહે છે કે ગાય ઐશ્વર્ય છે. આ સૂત્ર એકવાર ભારતના પ્રત્યેક નગરમાં જીવંત હતું. ગાયોની સેવાથી ભારત સમૃદ્ધ અને ઐશ્વર્યવાન હતું, સ્વસ્થ અને સમર્થ હતું. ગૌઆધારિત ખેતીનું એક વિજ્ઞાન હતું. આપણા રબારીઓ, માલધારીઓ, ખેડૂતો અને ચારણો એ વિજ્ઞાનને જાણતા હતા. ગોવંશનીકતલ કરીને જે પ્રાપ્ત કરી શકાય છે તેના કરતાં અનેકગણું ગોવંશને જીવંત રાખીને પામી શકાય છે તે સમજવાની આજે ખાસ જરૂર છે.આમ,

ગાય સૌની માતા છે, ગાય જીવનદાતા છે
ગાય જેના ઘરમાં હોય, ત્યાં સૌ રાતામાતા છે

ગાયનાં દૂધ, ગૌમૂત્ર અને ગોબરનો કુશળતાપૂર્વક ઉપયોગ કરી ઈંધણ, વિદ્યુત તેમ જ ઔષધિ નિર્માણ કરીકુટીરઉદ્યોગ/ગૃહ ઉદ્યોગ ચલાવી શકાય છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

3. ગાય આધારિત કુટીર/ ગૃહ ઉદ્યોગ:

ગાય એક પવિત્ર પ્રાણી છે અને તેને હિન્દુ ધર્મમાં ખૂબ જ મહત્વ આપવામાં આવે છે. ગાયના દૂધ, દહીં, છાશ, ઘી, ગોમૂત્ર વગેરે વસ્તુઓનો ઉપયોગ વિવિધ હેતુઓ માટે થાય છે. આ વસ્તુઓના ઉત્પાદન અને વેચાણ દ્વારા ઘણા લોકો ગૃહ ઉદ્યોગ શરૂ કરીને પોતાનું અને પરિવારનું ગુજરાન ચલાવે છે.

કુટિર-ઉદ્યોગ એટલે મહદ્અંશે કુટુંબના જ સભ્યો દ્વારા ઓછામાં ઓછામૂડીરોકાણથી સ્થપાયેલ ઉદ્યોગ.

ગાય આધારિત ઉદ્યોગ:

દૂધ (ડેરી ઉદ્યોગ)

ગોબર (ખાતર)

ગૌમૂત્ર (કીટાણુ નિયંત્રક)

ગોબરગેસ (ઊર્જા)

બળદ(ખેતી, પરિવહન)

પંચગવ્ય (ઔષધ)

ગાય સંબંધિત ગૃહ ઉદ્યોગો ગુજરાતમાં ખૂબ જ લોકપ્રિય છે. આ ઉદ્યોગોમાં ગાયના દૂધ, ઘી, દહીં, મલાઈ, છાશ, છીણ, પનીરઅને અન્ય ઉત્પાદનોનો સમાવેશ થાય છે. આ ઉદ્યોગો ગુજરાતના ખેડૂતો અને ગ્રામીણ લોકો માટે આર્થિક સ્થિરતા પ્રદાન કરે છે.

ગાય સંબંધિત ગૃહ ઉદ્યોગોને વધુ પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારે કેટલાક પગલાં લીધા છે. સરકારે ગાયના દૂધ અને અન્ય ઉત્પાદનોના વેચાણ પર ટેક્સમાં રાહત આપી છે. સરકારે ગાય સંબંધિત ગૃહ ઉદ્યોગો માટે શિક્ષણ અને તાલીમ પણ આપી રહી છે.

ગાય સંબંધિત ગૃહ ઉદ્યોગો ગુજરાતના ખેડૂતો અને ગ્રામીણ લોકો માટે આર્થિક સ્થિરતા અને પર્યાવરણીય સુરક્ષાનો એક મહત્વપૂર્ણ સ્ત્રોત છે. આ ઉદ્યોગોને વધુ પ્રોત્સાહન આપવાથી ગુજરાતના વિકાસમાં મદદ મળી શકે છે.

ગાય સંબંધી ગૃહ ઉદ્યોગના કેટલાક વિચારો:

- **દૂધઅનેદહીંનુંઉત્પાદન:** આસૌથીસામાન્યગૃહઉદ્યોગછે. ગાયનાદૂધમાંથીદહીં, છાશ, ઘી, માખણ, ગોલ્ડનસુપ, યોગર્ટવગેરેવસ્તુઓબનાવીશકાયછે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

- **માખણનો ઉદ્યોગ:** માખણ પણ ગુજરાતી રસોઈમાં મહત્વપૂર્ણ ઘટક છે. ગામડાના લોકો પોતાની ગાયોમાંથી દૂધ મેળવે છે અને તેને માખણમાં બનાવે છે. માખણને ઘરેથી અથવા નાના ઉદ્યોગોમાંથી વેચવામાં આવે છે.
- **છાશનો ઉદ્યોગ:** છાશ પણ ગુજરાતમાં લોકપ્રિય પીણું છે. ગામડાના લોકો પોતાની ગાયોમાંથી દૂધ મેળવે છે અને તેને છાશમાં બનાવે છે. છાશને ઘરેથી અથવા નાના ઉદ્યોગોમાંથી વેચવામાં આવે છે.
- **ઘીનો ઉદ્યોગ:** ઘી એ ગુજરાતી રસોઈમાં મહત્વપૂર્ણ ઘટક છે. ગામડાના લોકો પોતાની ગાયોમાંથી દૂધ મેળવે છે અને તેનામાંથી ઘીબનાવે છે. ઘીને ઘરેથી અથવા નાના ઉદ્યોગોમાંથી વેચવામાં આવે છે.
- **ગોમૂત્રનું ઉત્પાદન:** ગોમૂત્ર એક ઔષધીય પદાર્થ છે. તેનો ઉપયોગ હેર ઓઇલ, શેમ્પૂ, ચહેરાના માસ્ક, ડિટોક્સિફાયર વગેરે બનાવવા માટે થાય છે.
- **ગૌમૂત્ર આધારિત ખાતરનું ઉત્પાદન:** ગૌમૂત્ર એક ઉત્તમ ખાતર છે. તેનો ઉપયોગ છોડને પોષણ આપવા માટે થાય છે.
- **ગૌમૂત્ર આધારિત સાબુનું ઉત્પાદન:** ગૌમૂત્ર આધારિત સાબુ એક ચામડી માટે સ્વાસ્થ્યપ્રદ સાબુ છે. તેનો ઉપયોગ ચહેરા અને શરીરના અન્ય ભાગોને સાફ કરવા માટે થાય છે.
- **ગૌમૂત્ર આધારિત ડિટોક્સિફાયરનું ઉત્પાદન:** ગૌમૂત્ર આધારિત ડિટોક્સિફાયર એક શરીરને સાફ કરવા માટેનો એક ઉપયોગી માધ્યમ છે.

અહીંઉપર જણાવ્યા મુજબગાય આધારિત ઘણા બધા ઉદ્યોગો શરૂ કરી શકાય છે પરંતુ અહીં ગાયના છાણ(ગોબર)નેકેન્દ્રમાં રાખવાનું મુખ્ય હેતુગાયનું છાણ અને મૂત્ર વિના મૂલ્યેઅથવા ઓછી કિંમતે મેળવી શકાય છેતથા ઓછી મહેનતેવધારે નફો મેળવવા માટે ગૃહ ઉદ્યોગ શરૂ કરવાના વિચારો નીચેદર્શાવેલ છે.

છાણમાંથીબનતીવસ્તુઓનોકુટીર/ગૃહઉદ્યોગ:

એક ગાય રોજનું ૧૪થી ૧૫ કિલો ગોબર અને ૮થી ૧૦ લિટર ગૌમૂત્ર આપે છે. ચારેક ગાય હોય તો ગૃહ ઉદ્યોગ શરૂ કરી શકાયને વધારાની આવક ઊભી કરી શકાય.

1. **છાણા:**

છાણા બનાવવાએ ભારતની વર્ષો જૂની પદ્ધતિ છે. છાણાનો ઉપયોગ રસોઈ બનાવવામાટેઇંધણ તરીકે થાય છે.છાણને શુદ્ધ અને પવિત્ર માનવામાં આવે છે તેનો ઉપયોગધાર્મિકકાર્યોમાં પૂજા અને હવન માટે

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

થાય છે.તથાદેહસંસ્કાર માટેપણઉપયોગકરવામાં આવે છે.Amazon અને flipkartપર પણ વેચી શકાય છે. ઓનલાઇન એકાઉન્ટ બનાવવા માટે 1000રૂપિયાનો ખર્ચથાયછે. ઓનલાઇન એક કિલો છાણાની કિંમત 149 રૂપિયા જેવી થાય છે.(રોજના500 થી 1000 રૂપિયાનીકમાણીકરીશકાયછે.)

2. ધૂપબત્તી:

સામગ્રી: 1 કિલોછાણ, 100 ગ્રામરાલ, 100 ગ્રામકપૂર, 250 ગ્રામગુલાબની પાંદડીઓ, 250 ગ્રામહવનસામગ્રી, 300 ગ્રામલાલચંદન, 150 ગ્રામગૂગળ, 150 ગ્રામઘી, જરૂરિયાતમુજબલાકડાનોભૂકો(ભૂસ્સો).

ધૂપબત્તીનો પૂજામાં ઉપયોગ કરવામાં આવે છે.માત્ર ત્રણ થી ચાર હજાર ખર્ચીને ઘર બેઠાધૂપબત્તીનો ઉદ્યોગ શરૂ કરી શકાય છે. મોટાપાયે ઉદ્યોગ શરૂ કરવું હોય તો એક મશીન લેવું પડે.શરૂઆતમાં 15 થી 20,000 મહિનાના કમાવી શકાય.

3. છાણમાંથીદીવા:

હાલના સમયમાં ધાર્મિક અનુષ્ઠાનોમાં તેમજ દિવાળીના પર્વ સમયે ગાયના છાણમાંથી બનેલા દીવાનોઉપયોગ કરવાનું ચલણ વધ્યું છે. આને ધ્યાનમાં રાખીને **રાષ્ટ્રીય કામધેનુ આયોગ**આખા ભારતના 11 કરોડ પરિવારોને ગાયના છાણના દીવાબનાવવાનામાટેનું અભ્યાન છેડેલ છેઅનેઆઅભિયાન અત્યાર સુધી કામયાબ પણ થયું છે.

દીવા બનાવવા માટે એક મશીનની જરૂર પડે છે. મશીનની બજાર કિંમત 8000 થી 12000 સુધીમાં મળી રહે છે.મશીનનીખરીદી માટે60% સબસીડી પણ મળી શકે છે.એક દીવો ત્રણથી પાંચ રૂપિયા સુધીવહેંચીશકાય છે.દિવાળી સિવાયના સામાન્ય દિવસોમાં ગામના કે શહેરના મંદિરમાં કે પૂજા સામગ્રીની દુકાનમાં દીવા વેચી શકાય છ. ઓનલાઇન પણ વેચી શકાય છે. (મહિને 15 થી 20,000 કમાઈ શકાય છે.)

4. છાણની લાકડી:

ગાયનાછાણમાંથીબનાવેલલાકડીનોઉપયોગ બળતણ તરીકે કરવામાં આવે છે. તેમજ પૂજા સામગ્રીમાં પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે.

રીત: છાણ ને એક બે દિવસ સુકાવામાં આવે છે. છાણમાંથી ભેજનું પ્રમાણ ઓછું થઈ જાય પછી મશીનમાં નાખવામાં આવે છે, વનસ્પતિનાસુકાઈ ગયેલા પાંદડા અને ઘાસ નો ઉપયોગ કરવામાંઆવે છેતથાજરૂરિયાત મુજબ પાણી ઉમેરીને છાણની લાકડીનેજરૂરિયાત મુજબ ટુકડા કરીને સુકવવામાં

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

આવે છે. છાણની આ લાકડી બનાવવા માટે એક મશીનની જરૂર પડે છે.મશીનની કિંમત30,000 થી 80,000 રૂપિયા સુધીની હોય છે. મશીન ખરીદવા માટે બેંકની લોન પણ લઈ શકાય છેતથા સબસીડી પણ મળી શકે છે.(દર મહિને ૨૦ થી ૩૦ હજાર કમાઈ શકાય છે.)

5. છાણમાંથી કુંડા:

રીત: છાણમાંથી કુંડા બનાવવા માટે 80% છાણ અને ૨૦ ટકા લાલ અથવા કાળી માટીનોઉપયોગ કરવામાં આવે છે.2 ઇંચ, 4 ઇંચ અને 6ઇંચ ના કુંડા બનાવી શકાય છે.કુંડાને મનગમતા આકારના સાચામાં કે બીબામાઢાળીને સુકવવામાં આવે છે.ત્યારબાદતેને નર્સરી અથવા ઓનલાઇન વેચી શકાય છે. શરૂઆતમાં 5,000 થી ઉદ્યોગ શરૂ કરી શકાય છે. (મહિને 15 થી 20 હજાર કમાઈ શકાય છે.)

6. ગોબર ગેસ(બાયો ગેસ):

એક ગાય રોજનું ૧૪થી ૧૫ કિલો ગોબર અને ૮થી ૧૦ લિટર ગૌમૂત્ર આપે છે. ચારેક ગાય હોય તો બાયોગેસ પ્લાન્ટ સબસીડીમાં નખાવી ખર્ચ બચાવી શકાય ને વધારાની આવક ઊભી કરી શકાય.

બાયોગેસનો ઉપયોગ રાંધવા અને પ્રકાશ ઉર્જા મેળવવા માટે થાય છે. એ બાયોગેસ એ વાયુઓનું મિશ્રણ(પ્રભાવિવાયુમિથેન) છે.

રીત: બાયોગેસ પ્લાન્ટમાં કોન્ક્રીટનો ખાડો(10-15 ફૂટઊંડો) બનાવેલ હોય છે, જેમાં જેવી કચરો અનેછાણનો કાદવ (slurry) ભરવામાં આવે છે. તેની ઉપર તરતું આચ્છાદન (floating cover) t= રાખવામાં આવે છે. બેક્ટેરિયા દ્વારા સર્જાતા વાયુને કારણે આ આચ્છાદન ઉપર તરફ ઊંચકાય છે. પ્લાન્ટની સાથે વાયુને બહાર લઈ જતી પાઈપ ટે ગોઠવેલી હોય છે. જે નજીકનાં ઘરોમાં બાયોગેસ પૂરો પાડવા માટેની પાઇપ સાથે જોડેલી હોય છે. વધેલા { કાદવનો અન્ય નળી દ્વારા બહાર નિકાલ કરવામાં આવે છે, જેનો ખાતર તરીકે ઉપયોગ થાય છે. ગ્રામ્ય વિસ્તારમાં પશુનું છાણ પુષ્કળ માત્રામાં પ્રાપ્ત થતું હોય છે કારણ કે ત્યાં પશુઓનો વિવિધ હેતુસર ઉપયોગ થાય છે. માટે જ બાયોગેસ પ્લાન્ટ ગ્રામીણ વિસ્તારોમાં વધુ જોવા મળે છે.

ભારતમાંઇન્ડિયનએગ્રિકલ્ચરલરિસર્ચઇન્સ્ટિટ્યૂટ(IARI)ખાદી અને ગ્રામ ઉદ્યોગ કમિશન(Khadi and Village Industries Commission -KVIC)નાપ્રયાસોથીબાયોગેસટેક્નોલોજીવિકસાવવામાંઆવીછે.

7. છાણીયું ખાતર:

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

જેમ માનવી માટે ખોરાક તેમ ભૂમિ માટે ખાતર અનિવાર્ય છે. ભારતમાં પશુઓની વિપુલતા છતાં પોષક સેન્દ્રિય ખાતરને બદલે ઉપદ્રવી રાસાયણિક ખાતરના વપરાશને ઉત્તેજન અપાતું રહે છે. કારણ કે માનવી સમજતો નથી અને મળમૂત્રના વપરાશને સૂગથી જુએ છે. અથવા એમ વિચારે છે કે શરીરે ફેંકી દીધેલા કચરાને કંઈ ખોરાક ઉત્પન્ન કરવામાં વપરાય ? વિશ્વના વિકસિત દેશોમાં મળમૂત્ર અને કચરાનો ઉપયોગ કરી બળતણ, ઊર્જા(વીજળી) અને ખાતર મેળવવામાં આવે છે. આ પ્રક્રિયા ગંધમુક્ત, ગંદકીમુક્ત અને સસ્તી છે. તેના જરૂરિયાત કે સગવડ પ્રમાણે નાનાં કે મોટાં એકમો બનાવી શકાય છે. બાયોગેસ પ્લાન્ટમાં ઈંધણ માટેનો ગેસ તો ઉત્પન્ન થાય જ છે, સાથે સ્લરી રૂપે ઉત્તમ ખાતર પણ મળે છે.

રીત: છાણીયું ખાતર બનાવવા માટે સૌથી પહેલાં એક મોટો ખાડો ખોદી કાઢો અને પછી તેમાં ગાયનાં છાણ તેમ જ વધેલા ઘાસચારાને માટી સાથે જ ભરો,પછી તેની ઉપર ધુળ પાથરો. રોજ આ રીતે ખાડો થોડો થોડો ભરાતો જશે અને ગરમીના એટલે કે ઉનાળાના છેલ્લા દિવસોમાં આ ખાતર તૈયાર થઇ જશે.

ઉપસંહાર:

ગાય સંબંધિત ઘરગથ્થુ ઉદ્યોગો ગુજરાતમાં ઘણા લોકપ્રિય છે. આ ઉદ્યોગો ગાયના દૂધ, દહીં, છાશ, ઘી, માખણ, ગોમૂત્રના ઉત્પાદનો વગેરેથી સંબંધિત હોય છે. આ ઉદ્યોગોથી ગામડાના લોકોને આર્થિક ફાયદો થાય છે અને તેઓને ગુજરાતની સંસ્કૃતિ અને પરંપરાને જાળવવામાં મદદ મળે છે.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

મુકેશકુમાર સંપતલાલ પટેલ
એસોસિએટ પ્રોફેસર, રાજ્યશાસ્ત્ર,
એમ.એન.કોલેજ, વિસનગર

માનવજીવનમાં ગાયની ઉપયોગિતા

नमोगोभ्यःश्रीमतीभ्यःसौरभेयीभ्यएवच।
नमोब्रह्मसुताभ्यश्चपवित्राभ्योनमोनमः॥
(विष्णुधर्मोत्तरपुराणद्वि.ख.४२.५४-१/२,अग्निपुराण२९२.१९)
मातरःसर्वभूतानांगावःसर्वसुखप्रदाः।
वृद्धिमाकाङ्क्षतानित्यंगावःकार्याः प्रदक्षिणाः॥(महाभारतअनु.पर्व.६९.७)

ભારતીય સંસ્કૃતિમાં પ્રકૃતિના દરેક ઉપયોગી તત્વને દેવ માનીને પૂજવાની પરંપરા છે. આપણે સૂર્ય-સવિતૃ,સમુદ્ર,ચંદ્ર,ઇન્દ્ર અને વરુણ-વર્ષાના દેવ,અગ્નિ,વાયુને દેવ માનીને પૂજા કરીએ છીએ.કોઈપણ માતા જેમ તેના બાળકને પોષે છે.તેવીજ રીતે ધરતી, નદી અને ગાયમાનવજીવનને પોષે છે તેથી તેમને પણ આપણે માતા માનીએ છીએ.माताभूमिःपुत्रोऽहंपृथिव्याः।गावोविश्वस्यमातरम् । વગેરે દ્વારા આપણે ગાયને માતાનો દરજ્જો આપ્યો છે. આ બાબત જ બતાવે છે કે મનુષ્યજીવનમાં તેનું કેટલું મહત્વ છે.गोस्तुमात्रानविद्यते।(યજુર્વેદ ૩૩-૪૮) અર્થાત્ ગાયની તુલના કોઈની સાથે ન થઇ શકે. તે અતુલનીય, અનુપમ અને સર્વોત્તમ છે.

વિપ્ર ધેનુ સુર સંત હિત,લિન્હ મનુજ અવતાર
ગૌ દ્વિજ ધેનુ દેવ હિતકારી, કૃપા સિન્ધુ માનુષ તનુધારી.

ગાયથી થનારા લાભની કોઈ ગણના જ થઈ શકે તેમ નથી.જીવનના બધા જ સ્તરોમાં ગાયનું સ્થાન સર્વશ્રેષ્ઠ મનાયું છે.ગાયોની સેવા કરવી તેમને વનમાં ચરવા લઈ જવામાં ભગવાન શ્રીકૃષ્ણજીવનનું શ્રેષ્ઠ કાર્ય સમજતા. તેથી તેઓ 'ગોપાલ કૃષ્ણ' કહેવાયા. તેમણે કહ્યું હતું કે,

"गावोमेअग्रतःसन्तुगावोमेसन्तुपृष्ठतः।
गावोमेह्रदयेसन्तुगवांमध्येवसाम्यहम् ॥"

અર્થાત "ગાયો મારી આગળ અને પાછળ રહે છે, ગાયો મારા હૃદયમાં રહે છે અને હું તેમની વચ્ચે વાસ કરું છું."

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

'મહાભારત'ના અનુશાસનપર્વમાં ગાયની શ્રેષ્ઠતા વિષે ચ્યવન ઋષિએ સ્પષ્ટ કહ્યું છે કે, "આ સંસારમાં ગાયો સિવાય બીજું કોઈ શ્રેષ્ઠ ધન નથી. તેના ગુણોનું કીર્તન કરવું,સાંભળવું,તેનું દાન આપવું, તેનું દર્શન કરવું વગેરેની શાસ્ત્રોમાં ખૂબજ પ્રશંસા કરી છે."તેથી જ કહેવાયું છે કે તીર્થસ્થાનનું સ્નાન, બ્રહ્મભોજન, મહાદાન, ભગવત્સેવા, સમસ્ત વ્રતોની ઉપાસના, પૃથ્વીનું પર્યટનતથા સત્યભાષણથી જે પુણ્ય મળે છે. તે બધું જ પુણ્ય કેવળ ગો-સેવાથી પ્રાપ્ત થાય છે.

સમાજમાંગાયનું મહત્વ અને ગો-ભક્તિની ભાવના આપી છે કે જ્યાં જ્યાં ગાયના પગલાં પડતા તે ધૂળથી વાતાવરણ પવિત્ર થઈ જતું અનેતે લોકોમાં સૌભાગ્યશ્રીનું સૂચક છે.

દૂધ માટે ગાયની ઉપયોગિતા

વેદોમાં ગાયનું માતા તરીકે વર્ણન છે. હકીકતમાં ગાય એ માનવસમાજની માતા છે. કારણ કે બાળકની જન્મદાત્રી માતા છે. તે તો બાળકને વરસ-બેવરસ સ્તનપાન કરાવે છે. ત્યાર પછી આખી જીંદગી દૂધ આપનારી ગાય માતા જ છે.

દેશી ગાયોનો દૂધઉત્પાદન માટે ઉછેર કરવામાં આવે છે. ગાયનું દૂધ પચવામાં હલકું હોવાથી નાનાં બાળકોને તેમની માતાનું દૂધ મળતું ન હોય ત્યારે સંપૂર્ણ આહાર તરીકે આપવાની ભલામણ ડૉક્ટરો કરે છે. કારણકે પોષક તત્વોની દ્રષ્ટિએ ગાયના દૂધ અને મનુષ્યના દૂધમાં ઘણું સામ્ય રહેલું છે. આજે તો દેશી ગાયના A2 દૂધનું મહત્વ વધ્યું છે.

ગાયના દૂધમાં શરીરને જરૂરી બધા જ પોષક તત્વો છે. પાણી વગરના દૂધમાં ૧૩ ટકા ઘનપદાર્થો રહે છે. બાકીનો ભાગ જલીયઅંશ છે. આ ૧૩ ટકામાં પ્રોટીન ૩થી૪ ટકા, ચરબી ૩થી૪ ટકા, સાકર ૪થીપ ટકા, ક્ષાર અડધો ટકા, ખનીજો અડધો ટકા, વિટામીન અડધો ટકા,ઉપરાંત કેલ્સિયમ, ફોસ્ફરસ, મેગ્નેશિયમ, સોડીયમ, પોટેશિયમ, કલોરિન, આર્યન, આયોડિન અને સલ્ફર જેવા ખનીજો હોય છે.વિટામિન એ,બી,સી.ડી,ઈઅને કે હોય છે.વિટામિન બી-૧૨ પણ હોય છે.બાળકો, વૃદ્ધો, સગર્ભા,બિમાર અને અશક્તોને માટે દૂધ ખોરાકની ગરજ સારે છે. તેઓને દૂધમાંથી પૂરતા પ્રમાણમાં પોષણ મળી રહે છે.

જન્મથી મૃત્યુ પર્યન્ત ગાયની ઉપયોગિતા

ગૌ માતા માત્ર દૂધ માટે જ નહીં. જન્મથી લઇ મૃત્યુ સુધી સંપૂર્ણ જીવનના કલ્યાણ માટે ઉપયોગી છે. અરે! જન્મથી મૃત્યુ સુધી જ નહીં પરંતુ જન્મથી પહેલા અને મૃત્યુ પછી પણ ગૌમાતા જરૂરી છે.

સગર્ભા સ્ત્રીઓ માટે ગાયનું દૂધ સારું છે.ગાયના ગોબરના પ્રયોગથી સમસ્યા વગર સામાન્ય પ્રસવ થાય છે. બાળકના છઠ્ઠી સ્નાનમાં પણ ગૌ મૂત્રથી સ્નાન કરવાથી તેને ચામડીના રોગો થતા નથી.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

બાળકની નામકરણ વિધિ પણ ગૌશાળા કે ગૌસ્થાનમાં કરવાની વાત 'ગર્ગ સંહિતા' માં આવે છે. 'ભાગવતપુરાણ' અનુસાર બાળક મોટું થઈ પહેલી વખત કરવટ બદલે ત્યારે ગાયને ગોળ દલીયો જમાડીને ગાયનું દહીં, માખણ વહેંચવાથી બાળક મિલનસાર થાય છે અને બધા તેને પ્રેમ કરે છે. નજર ઉતારવા માટે બાળક પર ગાયની પૂંછડી ફેરવવી. અન્નપ્રાશન સંસ્કારમાં શરૂઆતના સાત-આઠ દિવસ બાળકને પંચગવ્ય ખવડાવવું જોઇએ. આનાથી ઝેરી તત્વોની અસર નહીં થાય. બાળકના મુંડન સંસ્કાર પછી તેના માથામાં ગોળ-ઘી લગાડી દેવું. આ ગોળ- ઘી ગાય માતા ચાટી જાય તો તેની સાથે પાપ-કર્મ વૃત્તિઓ પણ સમાપ્ત થઈ જાય છે. આ વાત 'ભાગવતપુરાણ' માં શ્રી હરિ નારાયણ અને ધ્રુવજીના મિલન પ્રસંગમાં રજૂ થઈ છે. ગાયનું દૂધ ચપળતા આપે છે. સ્મરણ શક્તિ અને સ્ફૂર્તિ માટે ગાયનું દૂધ ઉપયોગી છે. વિવાહસંસ્કારમાં પણ શલ્ય દોષ દૂર કરવા માટે ગૌમૂત્રનો છંટકાવ કરી ગોબરથી લેપ કરીને વાસ્તુ શાંતિ હવન કરવાથી દોષો શાંત થાય છે અને પતિ-પત્નીમાં પ્રેમ બની રહે છે.મૃત્યુ પછી પણ ગાય માતાની જરૂર રહે છે. શવયાત્રામાં છાણા સળગાવીને ધુમાડો કરવાથી મૃત્યુ પામેલા વ્યક્તિના શરીરમાં રહેલા રોગોના જીવાણુઓ ઘરમાં કે સ્મશાનયાત્રામાં રહેલાઓને બચાવે છે. મૃત્યુ પછી વૈતરણી નદી પાર કરવા માટે ગાયની જરૂરીયાતની વાત શાસ્ત્રોમાં કરી છે.

સંતાનપ્રાપ્તિમાં ગાયનું મહત્વ

કાલિદાસના 'રઘુવંશ' મહાકાવ્યમાં ઋષિ વિશ્વામિત્રના સૂચનથી સંતાનહીન રાજા દિલીપ અને સુદક્ષિણા દ્વારા ગાયની સેવા કરવામાં આવી અને તેમને રઘુ જેવા પ્રતાપી, વીર, ત્યાગી પુત્રની પ્રાપ્તિ થઇ. તેવી રીતે પતિ-પત્ની બંને મળીને ગૌમાતાની દરરોજ નવડાવી, માલિશ કરી, ઘાસ કે અનાજ ખવડાવીને સેવાઅનેનિત્ય પરિક્રમા કરે તો સંતાનની પ્રાપ્તિ થાય છે.આ વાત શાસ્ત્રોમાં પણ સ્વીકારવામાં આવી છે.

કૃષિ માટે ગાયની ઉપયોગિતા

આપણી જીવન વ્યવસ્થા કૃષિપ્રધાન રહી છે. અને કૃષિનો બધો આધારસ્થંભ બળદ-ગોપુત્ર અને ગાયો પર છે.જે ગાયોએ વરસો સુધી માનવના કુટુંબને પાળી-પોષીને પુષ્ટ કર્યા. પોતાના પુત્ર બળદને માનવીના સુખ માટે આપી દીધો તેનો ઉપકાર ભૂલી ન શકાય તેવો છે.

દેશી ગાયોનો દૂધઉત્પાદન માટે અને બળદોનોખેતીકામમાં ઉપયોગની દ્રષ્ટિએ ઉછેરકરવામાં આવે છે. દા.ત., ગીર, કાંકરેજી,હરિયાણી

આપણી દેશી ગાયો ખેતીકામમાં પણ ઉપયોગી છે. ગાયનું ગૌમૂત્ર, ગોબર અને છાશ આજની સુભાષ પાલેકરપ્રાકૃતિકકૃષિ માટે ખૂબજ ઉપયોગી છે. રસાયણરહિત, જંતુનાશકો વગરની છતાં વધુ ઉત્પાદન

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

આપતી આ ખેતી પદ્ધતિ જમીનની ફળદ્રુપતાને વધારે છે અને પાણીને પણ બચાવે છે. બળદથી ખેતી કરેલી જમીનનું અનાજ પણ પાપરહિત ગણાય છે.

બળદને ભગવાન શિવ ધર્મનું પ્રતિક માને છે તેથી પાર્વતી સાથે લગ્ન કરવા માટે તે ઘોડા પર બેસીને જવાને બદલે બળદ પર બેસીને જાય છે. કાલિદાસે 'કુમારસંભવ' માં આનો ઉલ્લેખ કરતાં બ્રહ્મચારીના મુખે પાર્વતીને પૂછ્યું છે કે,"હાથી પર સવારી કરનારી તું શિવ સાથે પોઠિયા પર બેસીને જઈશ તો લોકો તારી મશ્કરી કરશે."

આર્થિક બાબતો માટે ગાયની ઉપયોગિતા

ગૌધન એ આપણી ઐહિક સમૃદ્રિનું મૂળ છે. ઘનોમાં તેને ઉત્કૃષ્ટ ધન માનવામાં આવ્યું છે.

ડેરી ઉદ્યોગ દેશના અર્થતંત્રમાં મહત્વનું સ્થાન ધરાવે છે. વિકસિત દેશોમાં ડેરી ઉદ્યોગ ગાયોના દૂધ ઉત્પાદન પર નિર્ભર છે.ડેરી ઉદ્યોગની પેદાશો પોષણની દ્રષ્ટિએ અમૂલ્ય એવા સંપૂર્ણ આહારરૂપ પ્રાણીજન્ય પ્રોટીન પૂરું પાડે છે.ગાયના દૂધ, દહીં, છાશ અને માખણ ઉપરાંત ડેરી ઉદ્યોગ દ્વારા પનીર, ચીઝ, આઈસ્ક્રીમવગેરે માનવ માટે અગત્યનો ખોરાક છે.ચર્મ ઉદ્યોગ માટે મૃત ગાયો ઉપયોગી છે.ગાયના ગોબરમાં લક્ષ્મીનો વાસ હોય છે તેવું કહેવાય છે. ગાયનું છાણ તથા મૂત્ર કુદરતી ખાતર તરીકે ખેતીવાડી ક્ષેત્રે મહત્વનો ફાળો આપે છે. ચર્મઉદ્યોગ માટે પણ મૃત ગાયો ઉપયોગી છે. તેનાં હાડકાંના ભૂકાનું ક્ષારમિશ્રણ પશુઆહાર તેમજ મરઘાંઆહારમાં ઉપયોગમાં લેવાય છે. આમ ગાયો રાષ્ટ્રીય સંપત્તિમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

ગાયના દૂધ, ગોબર વગેરેના વેચાણથી ગોપાલકને આર્થિક લાભ થાય છે અને તેના કુટુંબનું ભરણ-પોષણ થાય છે.પૌષ્ટિક ખોરાક દ્વારા સ્વાસ્થ્ય સચવાય તેથી ખર્ચ બચે. ખેતીમાં ગાયનું ગોબર ખાતર તરીકે ઉપયોગી થાય અને કૃષિના ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થાય તે આર્થિક લાભ જ છે.રાજકોટના ગૌ એક્ષ્પોમાં ભાગ લેનાર અમદાવાદના નૌશદ વાડીયા ગૌશાળાચલાવે છે. તેમજ ગાયના ગોબરમાંથી શેમ્પુ, સાબુ,હેર ઓઈલ, કુંડા, પક્ષીના માળા, મૂર્તિ, વગેરે વસ્તુઓ બનાવે છે. તેઓકહે છે કે બિમારીમાં ગાય ચિકિત્સા પદ્ધતિનાચમત્કારી પરિણામો મેળવ્યા બાદ ગાયની સેવા કરવા હું પ્રેરાયો છું. ત્યારબાદત્રણ વર્ષમાં જ ૧૦૦ ગાયો રાખીને લોકોને રોજગાર આપી રહયો છું.તેઓ ગૌ આધારિત સૌન્દર્ય પ્રસાધનની ૪૦ જેટલી પ્રોડક્ટ બનાવી રહ્યા છે. આમ, ગાયના અનેક ઉત્પાદનોથી આજે ઘણા લોકો રોજગાર પણ મેળવી રહ્યા છે.

આરોગ્ય માટે ગાયની ઉપયોગિતા

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

સમગ્ર જગતમાં ગોવંશવૃદ્ધિ થાય, તો તેની પવિત્રતાને કારણે રજ-તમનો પ્રભાવ પણ ઓછો થાય છે. તેથી પહેલાંના સમયમાં ગોપાલનનું ઘણું મહત્વ હતું. દૂધ, દહીં અને ઘીનો સુકાળ હતો. તેને કારણે પ્રજા પણ સાત્ત્વિક, ધાર્મિક અને સુદઢ હતી. ગાયની ચૈતન્ય શક્તિને કારણે જ ગોપાલનનું મહત્વ છે.

આચાર્ય વાગ્ભટ્ટ 'अष्टांगहृदय' ગ્રંથમાં લખે છે- गव्यंतुजीवनीयंरसायनम्।

પંચગવ્યના રૂપમાં દિવ્ય ઔષધિઓ-પંચગવ્ય વિશેષજ્ઞની સલાહ લઈને ગૌમૂત્ર, ગોબર અને ઘીથી બનેલી દવાઓનો ઉપયોગ કરીને અનેક બીમારીઓથી મુક્ત થઈ શકાય છે.

ગૌમૂત્ર પંચગવ્યમાંનું એક છે. બ્રિટનના ડૉ.કાફોડ હેમિલ્ટનના મતે ગૌમૂત્રના ઉપયોગથી હૃદયરોગ દૂર થાય છે અને પેશાબ સરળતાથી થાય છે.ધમનીઓમાં લોહીનું દબાણ સ્વાભાવિક થાય છે અને ભૂખવધે છે. હઠીલાચર્મ રોગોની ઉત્તમ ઔષધિ છે. બ્રિટનના અન્ય ચિકિત્સક ડૉ.સીમર્સ અનુસાર ગૌમૂત્ર લોહીમાંના દૂષિત કીટાણુંનો નાશ કરે છે. આયુર્વેદ અનુસાર ગૌમૂત્ર કુષ્ઠ રોગ,તાવ, પેપ્ટિક અલ્સર,યકૃતના રોગ, કિડની રોગ,અસ્થમા, એલર્જી, સોરાયસીસ, એનીમિયા, કેન્સર જેવી બીમારીઓના ઈલાજ કરે છે. આધુનિક વિજ્ઞાને પણ ગૌમૂત્રમાં કેન્સર રોધીગુણો હોવાનું કહ્યું છે. એ કેન્સરના ખતરાને રોકવાનું કાર્ય કરે છે.કામધેનુ ચિકિત્સા ચંદ્રોદય ગ્રંથ અનુસાર ગૌમૂત્રમાંથી નાઈટ્રોજન,સલ્ફર,કોપર,આયરન,ફોસ્ફેટ,પોટેશિયમ,કેલ્શિયમ,સોડીયમ,વિટામીન,સ્વર્ણક્ષાર વગેરે ૨૪ તત્વો વિવિધ રોગોના પ્રભાવને દૂર કરીને સ્વાસ્થ્યપ્રદાન કરે છે.

ગૌમૂત્ર પાનનું ભારતીય સંસ્કૃતિમાં સદીઓથી પાલન થઇ રહ્યું છે.જોકે આ અંગેનાં કોઈ વૈજ્ઞાનિક પ્રમાણ નથી. સારા વાતાવરણમાં ઉછરેલી ગાયનું શુદ્ધ કરેલું ગૌમૂત્ર ઉપયોગમાં લેવું જોઈએ નહીં તો અન્ય સમસ્યાઓ પણ આવી શકે છે.

ગાયના દરેક પદાર્થો ઉપયોગી છે.

દૂધ: ગોદુગ્ધ સ્નાનથી ત્વચાના રોગો મટે છે અને કાંતિ વધે છે.ગોદુગ્ધ પાન સંપૂર્ણ આહાર છે.

દહીં: દધિ સ્નાનથી વાળ અને ત્વચાના રોગ નાશ પામે છે. ગોદધિ પાનથી દુર્બળતા અને ઉદર રોગો મટે છે. કેલ્શિયમ, બળ, વીર્ય અને ઓજ વધે છે.

ગોબર: ગોબર સ્નાનથી તન વિષમુક્ત અને ત્વચા નીરોગી બને છે. ગૌશાળાઓ કે સંસ્થાઓ ગોબરમાંથી સાબુ નિર્માણ કરે છે.ગાયનું છાણ પણ પવિત્ર ગણવામાં આવે છે. ઘર લીંપવામાં તેનો પણ ઉપયોગ કરાય છે જેથી પવિત્રતા જળવાઈ રહે.

છાસ : ઝાડાને મટાડનારી ખાટી તુરી મીઠી, હિતકારી અને અક્ષિર વર્ધક, વાતહર, તૃપ્તિ કરનાર તથા પાચનના ગુણો વધારનારી છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

માખણ : બળ વધારનાર, રોગને સુધારનાર, હરસ મટાડનાર, લોહી સુધારનાર, બાળક અને વૃદ્ધને માટે અમૃત સમાન છે.

ઘી : ગાયનું ઘી દુર્બળતા દૂર કરનાર,આંખ માટે હિતકારી, જાતીય શક્તિ વધારનાર, પક્ષાઘાત નાશક,સ્નાયુરોગો દૂર કરનાર,આયુષ્ય,સ્મૃતિ તથા બુધ્ધિવધારનાર છે.વાયુ, પિત્ત,ઝેર, ગાંડપણ, ક્ષય,તાવને મટાડનાર છે. તેથી જ 'ચાર્વાકદર્શન'માં કહ્યું છે કે,"ऋणं कृत्वा घृतं पिबेत् ।"

ગૌમૂત્ર : આયુર્વેદમાં આઠ પ્રાણીઓના મૂત્રનું વર્ણન કરેલ છે.તેમાં ગૌમૂત્ર સર્વમાં શ્રેષ્ઠ છે.ચરક, સુશ્રુત, ભાવપ્રકાશ આદિ ગ્રંથોમાં ગૌમૂત્રને પવિત્ર અને લોહી તથા કફના વિકારોમાં શ્રેષ્ઠ ઔષધ ગણેલ છે.તેમજ કબજીયાત, ઉધરસ, શ્વાસ, ચામડીના રોગ, કરમિયાનો રોગ, ખંજવાળનો રોગ, હાથી પગાનો રોગમાટે ગૌમૂત્ર શ્રેષ્ઠ ગણાવ્યું છે.હવે ગૌશાળામાં તેનો અર્ક કાઢીને ઉપયોગમાં લેવામાં આવે છે.

ગૌમાતાની **પૂંછડી**થી મનોરોગો અને નજર લાગવાથી બાળકોના રુદનમાં સારવાર થાય છે.નેત્રરોગ, માથાના રોગ, સંધિવાતમાં લાભદાયી છે.

શ્રાદ્ધ કરતી વખતે ઉપયોગી -

ઋગ્વેદમાં 'मातारुद्राणां' કહીને સ્પષ્ટ કહ્યું છે. ગાય રુદ્ર દેવોની માતાના રૂપમાં સમસ્ત સંસારનું કલ્યાણ કરનારી, વસુઓની પુત્રીના રૂપમાં સમૃદ્ધિદાત્રી તથા આદિત્યોની બહેનના રૂપમાં, અંધકારમાંથી પ્રકાશતરફ લઈ જનારી સાક્ષાતઅમૃતનાભિ હોવાથી અમરત્વનું વરદાન આપનારી છે. એટલે પિતૃઓના શ્રાદ્ધ કરતી વખતે 'ગોગ્રાસ' મૂકવામાં આવે છે અને બોલવામાં આવે છે કે, "હે ત્રિલોકની માતા ગાય, મેં ગ્રાસ મૂક્યો છે તેને તમે ગ્રહણ કરો."

યજ્ઞકાર્યમાં ઉપયોગી

त्वंमातासर्वदेवानांत्वंचयज्ञस्यकारणम् ।
त्वंतीर्थसर्वतीर्थानांनमस्तेस्तुसदानघे ॥

ગાયો સંસારમાં ઉત્તમ, શ્રેષ્ઠ, પવિત્ર કરનારી છે. જેના દહીં તથા ઘી વગર યજ્ઞ કરવો સંભવિત નથી.ગાયના ગોબરથી લીંપીને જ ભૂમિ યજ્ઞ માટે યોગ્ય બને છે. ગોબરમાંથી બનેલા છાણા યજ્ઞમાં વપરાય છે. ઘીનો હોમમાં ઉપયોગ થાય છે. આધુનિક વિજ્ઞાન અનુસાર યજ્ઞનો અગ્નિ રોગના જીવાણુઓનો નાશ કરે છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

પ્રાયશ્ચિત કરવા માટે ઉપયોગી

શરીરની પુષ્ટિ માટે જેટલું ગાયનું દૂધ મહત્વનું છે. તેટલું રોગનિવારણ તથા પ્રાયશ્ચિત માટે ગૌમૂત્ર અને ગોમય (છાણ) છે. એમ વસિષ્ઠ મુનિએ કહેલું છે.

પૂતનાના પ્રાણહરણ કર્યા પછી પૂતનાના વક્ષઃસ્થલ પર રમતા બાલકૃષ્ણને ગોદમાં લઈ યશોદામાતાએ તેમની ચારે બાજુ ગોપુચ્છ ફેરવી,ગૌમૂત્રથી સ્નાન કરાવી તેના શરીર ઉપર ગોરજથી મર્દન કરી તેની રક્ષા કરી હતી. (શ્રીમદ્‌ભાગવત)

સમસ્યાઓનું નિવારણ કરનારી- ગાયની પીઠમાં બ્રહ્મા, ગળામાં વિષ્ણુ, મુખમાં શિવજી, વચમાં બધા દેવી-દેવતાઓ, રૂંવાડામાં મહર્ષિઓ, પૂંછમાં નાગ, પગની ખરીઓમાં આઠ પર્વત, મૂગમાં ગંગાજી આદિનદીઓ, બંને નેત્રોમાં સૂર્ય-ચંદ્ર, સ્તનોમાં વેદ, તથા ગોબર (છાણ)માં લક્ષ્મી આદિ વસેલા છે. આથી તે ગાય વરદાન આપનારી છે. ગાયના કાનમાં આપણી સમસ્યા બોલવાથી તે સમસ્યા દૂર થાય છે.

ધાર્મિક વિધિઓમાંગાયની ઉપયોગિતા

ભારતીય લોકજીવનમાં ગાયની હત્યા મહાપાતક ગણાય છે. કારણ કે બીજાં પશુઓના પ્રમાણમાં ગાયની ઉપયોગિતા અત્યંત મહત્વની છે. કૃષિપ્રધાન દેશ ભારતમાં ગાય પાળેલાં પશુઓમાં મહત્વનું સ્થાન ધરાવે છે. ગાયનું દૂધ, ઘી, દહીં,છાણ તથા મૂત્રને પવિત્ર માનીને હિંદુઓમાં ધાર્મિક વિધિઓ અને પ્રસંગોએ ખાસ ઉપયોગ થાય છે.

દરેક ધર્મમાં ગાયનું મહત્વ

ગાયનું પૂજન ફક્ત હિંદુઓ માટે જ છે એમ માનવુ ભૂલ ભરેલું છે. જેનામાં માણસાઇ છે. કૃતજ્ઞાતાનો ભાવ છે તે પ્રત્યેક માણસ માટે ગાયનું પૂજન છે.તેનો ઉપકાર બધા પર છે. 'શ્રીમદ્‌ ભગવદ્‌ગીતા'ના છઠ્ઠા અધ્યાયનાબત્રીસમા શ્લોકમાં શ્રીકૃષ્ણ ખાસ કહે છે કે, "જે યોગી પોતાની જેમ જ સઘળા ભૂતોમાં સમદ્રષ્ટિથી જુએ છે એ પરમ શ્રેષ્ઠ મનાયો છે."હિન્દુધર્મમાં તો ગાય પવિત્ર માતા તરીકે પૂજનીય ગણાય છે.ગાયનું દૂધ ખુદાની કૃપા પ્રસાદી મનાય છે. ભગવાન ઇશુ ખ્રિસ્તનો જન્મ જ ગૌશાળામાં થયો હતો.ભગવાન બુદ્ધે ગૌહત્યાનો વિરોધ કર્યો હતો. અને ગાયને માતાતુલ્ય ગણી હતી. ભગવાન બુદ્ધ દ્વારા ભિક્ષુઓને પાંડુરોગમાંગૌમૂત્ર ઔષધિના રૂપમાં પીવડાવવાનું વર્ણન'વિનય પીટક'ના મહાવગ્ગમાં આવે છે. બૌદ્ધ ગ્રંથોમાં ઉલ્લેખ છે કે શ્રમણ ગૌમૂત્રમાંથી બનાવેલી દવા સદૈવ

પોતાની પાસે રાખતા અને વાયુવિકાર કે પાચન સંબંધી તકલીફ થાય ત્યારે તેને પાણી સાથે લઇ લેતા હતા.

કામધેનુ, કપિલા, સુરભિ, કવલી વગેરે તેના નામો તેના વિશેષ ગુણોનું સૂચન કરે છે. તેના મહત્વને જાણતા અકબર અને જહાંગીરે પણ કેટલીક જગ્યાએ ગૌહત્યા પર પ્રતિબંધ લગાવ્યો હતો. શીખ સામ્રાજ્યના સમયમાં રાજા રણજીતસિંહે પણ ગૌહત્યા પર પ્રતિબંધ લગાવ્યો હતો. હૈદરઅલીએ ગાય કાપનારાના હાથ કાપી નાંખવાનો નિયમ બનાવ્યો હતો.

પૂર્વ કેન્દ્રીયમંત્રી તથા રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ ચેરમેન ડૉ.વલ્લભભાઇ કથીરીયાગાય માતાના મૂલ્ય અંગે વાત કરતા કહે છે કે, "ગાયનું આપણે આધ્યાત્મિક મૂલ્ય જ જોયું છે પણ આર્થિક, આયુર્વેદિક, કૃષિ-પર્યાવરણની દ્રષ્ટિએ મહત્વ આંકયું નથી.હવે ગાયના ગોબરથી બ્રાઉન રીવોલ્યુશન આવશે.ગાયના ગોબરમાંથી બનેલી રેડીએશન ચીપ મોબાઈલ ફોન સાથે વાપરવાથી રેડીએશન ઘટાડી શકાય છે. અદ્યતન યુગમાં કોરોનાકાળ પછી ગો-વિજ્ઞાનનું મહત્વ વધારવામાં આવ્યું છે. જે આજની યુવા પેઢી, મહિલાઓ તથા સમગ્ર માનવજાતને સમજવું જોઈએ. ગાય ગમે ત્યાં રખડે છેતે સારી બાબત નથી પરંતુ એક સોનાના દાગીનાની જેમ તેની સાચવણી કરવી જોઇએ.ઉપરોક્ત બધી રીતે ઉપયોગી ગાય એ માત્ર પશુ જ નથી. દેવતા અને માતાનારૂપે આપણા ઉપર અનેક ઉપકારો કરનારી છે.

સંદર્ભ સૂચિ:-

૧) ગો કૃપા ચિકિત્સા જ્યોતિ, ગવ્ય સિદ્ધ ડૉ.સુમતિ ચૌધરી,ડૉ.કોયના રાઠૌડ, ગવ્યસિદ્ધ ડૉ.મહિમા શર્મા,પ્રકાશક-૩૧ વર્ષીય ગો અને પર્યાવરણ ચેતના ગો સેવા સમિતિ, રાજસ્થાન

૨)https://www.divyabhaskar.co.in/news/kut-buj-omc-mat-latest-bhuj-news-135003-3208932-nor.html

3) https://www.therajkotnews.com/news-details.php?news_url=2801&&action=del

૪)https://hi.m.wikipedia.org/wiki/%E0%A4%97%E0%A5%8B%E0%A4%AE%E0%A5%82%E0%A4%A4%E0%A5%8D%E0%A4%B0

૫)https://www.divyabhaskar.co.in/news/importance-of-cow-in-indian-tradition-and-unique-significance-of-cow-in-vedas-puranas-astrology-vastu-and-human-life-126735036.html

૬) https://www.naidunia.com/chhattisgarh/raipur-god-appeared-with-the-milk-of-surabhi-cow-and-created-the-creation-dutt-sharananand-6695659

૭)https://gujarativishwakosh.org/%E0%AA%B0%E0%AA%98%E0%AB%81%E0%AA%B5%E0%AA%82%E0%AA%B6/

૮)https://amarkathao.in/raghuvansham-mahakavi-kalidas/

૯)https://www.gujaratsamachar.com/news/dharmlok/importance-of-cow-gaumata-in-indian-culture

૧૦)https://gujaratinfohub.com/organicfarmingingujarati/#%E2%80%9C%E0%AA%AA%E0%AB%8D%E0%AA%B0%E0%AA%BE%E0%AA%95%E0%AB%83%E0%AA%A4%E0%AA%BF%E0%AA%95_%E0%AA%96%E0%AB%87%E0%AA%A4%E0%AB%80%E2%80%9D%E0%AA%A8%E0%AA%BE_%E0%AA%AB%E0%AA%BE%E0%AA%AF%E0%AA%A6%E0%AA%BE

૧૧) https://gujarativishwakosh.org/%E0%AA%97%E0%AA%BE%E0%AA%AF/

૧૨)https://www.gujaratsamachar.com/news/dharmlok/importance-of-cow-gaumata-in-indian-culture

૧૩) https://opinionmagazine.co.uk/gaay-bharat-ane-hindutva/

૧૪)https://www.divyabhaskar.co.in/news/mag-bal-bhaskar-kamdhenu-cow-2876167.html

૧૫)https://zeenews.india.com/gujarati/india/health-care-tips-lifestyle-fitness-food-milk-cow-milk-business-ghee-320053

૧૬)https://www.akilanews.com/Rajkot_news/Detail/2020-12-10/141466

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

પ્રો.ડૉ નવઘણસિંહ બી. વાઘેલા
આસિ. પ્રોફેસર સંસ્કૃત વિભાગ
એસ.એસ.મહેતા આર્ટસ અને એમ .એમ. પટેલ કોમર્સ કોલેજ, હિમતનગર

સંસ્કૃત પંચ મહાકાવ્યોમાં ગાય

સંસ્કૃત સાહિત્યમાં ધેનુ (ગાય) નું સ્થાન પ્રમુખ છે. વૈદિક સાહિત્યથી માંડીને કાવ્યો સુધી ધેનુના ઉલ્લેખ નિરંતર ઉપલબ્ધછે. વૈદિક સાહિત્યમાં ગો ,ઉસ્રા ,ઉસ્રિકા કે કર્કી શબ્દો ગાય માટે વપરાયા છે.[૧] ગાયના વાછરડાને ઉસ્રિકા કહેવામાં આવે છે.[૨] ગાયને વેદોમાં અવધ્ય કહેલ છે. અથર્વવેદ અને શતપથ બ્રાહ્મણમાં ગાયને પવિત્ર અને ગોમાંસ ભક્ષકને ખરાબ ગણવામાં આવેલ છે.[૩] રામાયણમાં પણ ગાયનું વર્ણન મળેલ છે. વીર કાવ્યોમાં 'ગો' અથવા 'રોહિણી' શબ્દનો પ્રયોગમળે છે.[૪] અમરકોશમાં ગાયને માહેયી, સૌરભેયી, ગૌ, ઉસ્રા, માતા, શ્રુંગિણી અર્જુની, અવધ્યા એવં રોહિણી નામોથી ઓળખાવેલ છે.[૫]

ભારતમાં ગાય અત્યંત પ્રચલિત પશુ છે દરેક ઘરોમાં ગાયને પાળવામાં આવે છે અને માતાની ઉપાધીથી તેને બોલાવતાં બધા જ પશુઓમાં પૂજનીય અને સ્તુત્ય માનેલ છે. મોટેભાગે સંસારના બધાજ ભાગોમાં ગાય જોવા મળે છે એવું કહેવાય છે કે ગાયોના નિવાસના કારણે જ આપણા દેશની એક નદીનું નામ 'ગોમતી' રાખવામાં આવેલ છે, જે લખનઉ પાસે વહે છે. ગાયના શરીરની રચના ખુબ સુંદર સુડોળ હોય છે. ગાય પણ અશ્વ, ખર, ગજ અને ઊંટની જેમ ચાર પગવાળું પ્રાણી છે.તેની ખરી વચ્ચેથી ચીરાયેલ હોય છે. ગાયની લંબાઈ પાંચ ફૂટ અને ઉંચાઈ લગભગ ચાર ફૂટ હોય છે. ગાય સફેદ, લાલાશ પડતી,કાળી અને કાબરચીતરા રંગોની હોય છે. તેનો મુખ્ય ખોરાક ઘાસ, પત્તા,દાણા વગેરે હોય છે.તેને પુષ્ટ બનાવવા ખોળ-દાણ પણ આપવામાં આવે છે. ગાય વિશુદ્ધ શાકાહારી પશુ છે. કેટલીક ગાયો મેલું પણ ખાય છે. ગાયને ધન માનીને એને ભારતીય પરિવારની સંપત્તિ પણ માનવામાં આવે છે.[૬]

ગાયોમાં 'કામધેનું' ગાયને શ્રેષ્ઠ માનવામાં આવે છે.[૭] જેને સ્વર્ગની ગાય કહેવામાં આવે છે. જે ઇચ્છાનુસાર કાર્યો પુરા કરવાવાળી માનવામાં આવે છે. એના ચારેય પગને ચાર વેદ કહ્યા છે. એના ચારે આંચળ ધર્મ-અર્થ-કામ અને મોક્ષ વહેવડાવનારાં છે.[૮]

'કામધેનું' ની પુત્રીનું નામ 'નંદિની' કહેલ છે. ગાયથી મળતાં પદાર્થોમાં એનું દૂધ મુખ્ય છે. જે શરીરને પુષ્ટ બનાવે છે. મરણોપરાંત ગાયના ચામડામાંથી જૂતા,બેલ્ટ, બેગ આદિ વસ્તુ

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

બનાવવામાં આવે છે. તો વળી અન શીંગડામાંથી સરેસ પ્રાપ્ત થાય છે. વિદેશોમાં અને હવે તો હવે તો ભારતમાં પણ લોકો ગાયનું માંસ ખાય છે. જો કે ભારતમાં તે હીન કૃત્ય માનવામાં આવે છે. ગાય સામાન્યતઃ એકવારમાં એક જ વાછરડાને જન્મ આપે છે. પરંતુ ક્યારેક બે વાછરડાને પણ જન્મ આપે છે.તેનો ગર્ભાધાન સમય દસ મહિનાનો હોય છે.

પ્રસ્તુત શોધ લેખમાં સંસ્કૃત સાહિત્યના પ્રસિદ્ધ પંચ મહાકાવ્યોમાં પ્રાપ્ત ગાયના ઉલ્લેખો વિશે અંગુલીનીર્દેશ કરવાનો એક વિનમ્ર પ્રયાસ છે.

રઘુવંશ-૨\૧૯-'વસિષ્ઠધેનોરનુપાયીનાં'- નંદિનીને વસિષ્ઠ મુનિને ગાય કહી છે. જેની સેવા ઈક્ષ્વાકુવંશજ રાજા દિલીપને કરી હતી અને કામધેનુની પુત્રી માની છે અને કામધેનુના સદૃશ સર્વેફળોનો આપવાવાળી છે. સ્વયમ નંદિનીના મુખથી મહાકવિ કાલિદાસ દિલીપ ધ્વારા કહેવડાવ્યું છે કે –' ન કેવાલાનાં પયસા પ્રસૂતિમવેહિ માં કામદુધામ પ્રસન્નમ' રઘુવંશમ ૨\૬૩. –એ એક દૂધ પ્રદાન કરવાવાળી માત્ર ગાય નહિ, પરંતુ પ્રસન્ન થવાથી સર્વફલો આપવાવાળી પણ છે. રાજા દિલીપને કોઈ પુત્ર નહોતો. એનુ કારણ વશિષ્ઠને બતાવ્યું કે – એકવાર કામધેનું કલ્પવૃક્ષની છાયામાં બેઠી હતી . એ સમયે દિલીપે કામધેનુની પરિક્રમા કરી નહિ, એ કારણે રાજા દિલીપને કામધેનુને રુષ્ટ થઇને નંદિનીની સેવા કાર્ય વિના પુત્ર ન થવાનો શ્રાપ આપ્યો. (મત્પ્રસૂતિમનારાધ્ય પ્રજેતિ ત્વા શશાપ શા. રઘુવંશ ૧\૭૭) આથી મહર્ષિ વસિષ્ઠે દિલીપને કહ્યું કે ;-

"સુતાં તદીયાં સુરભેઃ કૃત્વા પ્રતિનિધિઃ શુચિઃ 1
આરાધય સપત્નીકઃ પ્રીતા કમદુધા હી સા ll"[૯]

નંદિનીને કામધેનું પ્રતિનિધિ સમજીને પોતાની પત્ની સહિત શ્રધ્ધાપૂર્વક જો એની સેવા કરે તો એને મનોવાંછિત ફળની પૂર્તિ થઇ શકે છે.આથી રાજા દિલીપ ઋષિને આ ગાયને વનને માટે છોડી. રાજાએ પોતાના અનુચરોની સાથે નંદિનીની સેવા કરી. કાલાંતરે નંદીની દિલીપની પરીક્ષા લેવા માંગે છે એક નકલી સિંહને ઉપસ્થિત કરે છે, જે નંદિનીને મારવા માંગે છે, ત્યારે દિલીપ એની રક્ષાર્થે કહે છે કે-'દિનાવાસાનોત્સુકબલાવત્સલા વિસૃજ્યતાં ધેનુરિયં મહર્ષેઃ- ૨\૪૫ સાંજે પોતાના વાછરડાને મળવા ઈચ્છતી આ ઋષિની ગાયને મુક્ત કરી દે. પણ સિંહ કહે છે કે-એને (રાજાને) એક ગાયને માટે પોતે પોતાને સમર્પિત ન કરવું જોઈએ. એ તો ઘણી દૂધ આપવાવાળી અનેક ગાયોને પ્રચંડ ગુરુને પ્રસન્ન કરી શકે છે. ગાય મુક્તિ પામવા માટે દિલીપને કાતર=ડરાવીને જુએ છે. રાજા સિંહને સમજાવવાનો પ્રયાસ કરતાં કહે છે કે આ ગાય કામધેનુથી કોઈ પણ રીતે ન્યૂન નથી. તમે શંકરના પ્રભાવથી આના ઉપર આક્રમણ કર્યું

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

છે. અન્યથા તમે એટલા સશક્ત ક્યાં જે એને કષ્ટ આપો. પણ સિંહે દિલીપને સાંભાળ્યો નહિ, એને ઓ મુર્ખ અને અજ્ઞાની કહ્યો. અન્તમાં દિલીપે પોતાના પ્રાણ આપવાનો પૂરો નિશ્ચય કરી આંખો બતાવી, પરંતુ એ સમયે એ શું જુવે છે કે તે કેવળ નંદિની ઉભી રહી છે, જે માતાની સમાન હતી એવં જેના સ્તનોથી દૂધ પ્રવાહિત થઇ રહે છે. આ રીતે વશિષ્ઠની ગાય દિલીપ પર પ્રસન્ન થઇ ગઈ . રાજાએ ગાયની પરિક્રમા કરી. જયારે રઘુના અશ્વને ઇન્દ્રને છલથી ચોરાયો ત્યારે નંદિની ત્યાં ઉપસ્થિત થઇ. નંદિનીનું મૂત્ર આંખો પર લગાવી રઘુને વસ્તુઓ સ્પષ્ટ દેખાવા લાગી.(સર્ગ-૩ શ્લોક-૪૧)

આ રીતે મહાકવિ કાલિદાસે પોતાના રઘુવંશના કાવ્યના સર્ગ -૨ અને ૩માં નંદિનીના વિષયોમાં વિચારોનું પ્રદર્શન કર્યું છે. આમાંથી બધી ઘટનાઓ વ્યવહારિક અને વાસ્તવિક નથી પણ એટલું અવશ્ય માનવું કે ગાયની સેવાથી મનુષ્યને આત્મિક શાંતિ મળે છે.

સંસ્કૃત કાવ્યકારોએ પણ ગાયને એક ધનના રૂપમાં સ્વીકાર કર્યો છે. રઘુવંશ. સર્ગ-૨. શ્લોક-૪૪માં 'ધનમાહિતાગ્નેર્નશ્યત્પુરસ્તાદનુપેક્ષનીયં'-રાજા દિલીપ કહે છે કે પોતાની સન્મુખ પોતાના ગુરુના ધેનુરૂપ ધનને નષ્ટ થતાં નહિ દેખી શકે. બ્રાહ્મણોને ગાય અને સુવર્ણ આપવાની પરંપરા પણ આ વાતની ઘોતક છે, કે ગાય પણ સોનાના જેવી એક સંપતિ છે,ધન છે.

રગુવંશ ૨\૬ માં 'છાયેવ તાં ભૂપતીરન્વગચ્છત'- રાજા દિલીપને ગાયની છાયાથી ઉપમિત કર્યા છે. 'શ્રુતેરીવાર્થ સ્મૃતિરન્વાગચ્છત'- રઘુ. ૨\૨. દિલીપની પત્ની સુદક્ષિણાને સ્મૃતિ એવં ગાય નંદિનીને શ્રુતિ કહેવામાં આવી છે. કહેવાય છે કે નંદિની પાછળ-પાછળ ચાલતી સુદક્ષિણા શ્રુતિની પાછળ-પાછળ જતી સ્મૃતિની જેમ પ્રતીત થતી હતી. નંદિનીને સંધ્યાથી ઉપમિત કરી છે તે દિલીપ – સુદક્ષિણાની મધ્યે આ રીતે વિદ્યમાન રહે છે.જેવી રીતે દિવસ – રાતની મધ્યે સંધ્યા વિદ્યમાન રહે છે. નંદિનીની રક્ષા એ રાજાનું કર્તવ્ય હતું ,સાથે જંગલી જીવોને શાંત રહેવાની શિક્ષા આપી રહ્યું હતું ,આથી ગાયની સાથે સાથે શાંત વાતાવરણ પણ સિધ્ધ થાય છે .

અહીં હોમધેનુનો અર્થ યજ્ઞની ક્રિયાઓને સંપન્ન કરવાવાળી ગાયથી છે ,નહિ કે યજ્ઞમાં બલી આપવાવાળી ગાયથી. 'ગોરુપધરામિવોર્વીમ' રઘુ.૨\૩ નંદિનીને કાલિદાસે પૃથ્વીથી ઉપમિત કરી છે, પૃથ્વી જેવી રીતે મનુષ્યની કામનાઓની પૂરક હોય છે એ રીતે નંદિની પણ દિલીપને માટે કામનાઓની પૂરક હતી. ગાયને 'મા' કહેવામાં આવી છે. આ રીતે સંસ્કૃત સાહિત્યમાં પૃથ્વીને પણ અનેકધા માતા કહેવાઈ છે.માતાનું દૂધ બાળપણમાં પુત્રની પુષ્ટિ કરે

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

છે. પરંતુ ગાયનું દૂધ જન્મભર. કવિ રઘુવંશ ૨\૧૫ માં 'પ્રચક્રમેપલ્લવરાગતામ્રા પ્રભાપતન્ગસ્ય મુનેશ્ચ ધેનુ'-નંદિનીની તુલના શ્યામની લાલીથી કરી છે,કારણકે તે લાલ રંગની ગાય હતી.

મહાકવિ કાલિદાસ રઘુવંશ ઉપરાંત તેના અન્ય મહાકાવ્ય કુમારસંભવના પ્રથમ સર્ગમાં ગાયનો ઉલ્લેખ કરતાં જણાવે છે કે- 'એકવાર બધાજ પર્વતોને મેરુ, હિમાલયને વાછરડા બનાવી દીધા. ધરતી માતાને ગાય બનાવી દીધી, જેમાં વિશેશ્ન દૂધ આપવાવાળા માઉન્ટ મેરુને દૂધ આપવાવાળાના રૂપમાં ઉભા રાખીને માઉન્ટ હિમાલય નામના વાછરડાને ધરતીમાતા કહેવાવાળી ગાયથી ચમચમાતા રત્ન અને ઔષધીય જડીબુટ્ટીઓ સૂચવવાવાળા બનાવ્યાં.જે પહેલા સમ્રાટ પૃથુ ધ્વારા સ્થાપિત પ્રવૃત્તિમાં, જો પોતાના સમયમાં આવી પાર્થિવ ગાયથી અનેક લાભ પ્રાપ્ત કરવામાં વિશેષજ્ઞ હતા. એવો હિમવાન ઉતરમાં છે.[૧૦] આ ઉપરાંત કાલિદાસે શિવના બળદ નંદીને, જે સિંહની ત્રાડ પ્રતિ અસહિષ્ણુ હતો. પોતાની ખરીઓથી ખરાબ અવાજ કાઢીને, ગર્વથી ભામ્ભરતો તે સિંહની ત્રાડથી તેના પ્રતિ અસહિષ્ણુ બનીને તેના જવાબમાં ભામ્ભરતો-ભામ્ભરતો, જેથી એ જાતિના અન્ય જાનવર એને જોતાં રહી જતાં.[૧૧]

ગાય એક પાલતું પશુ છે. આથી એનો નિવાસ માનવની સાથે છે. મનુષ્ય ગાયને વાડામાં બાંધે છે. શિશુપલવધમાં 'નિરુદ્ધવિવધાસારપ્રસારા ગા ઈવ વ્રજં'-૨/૬૪ ગોપલો દ્વારા વ્રજમાં ગાયોને ઘેરવાની તુલના માહિષ્મતી નગરીને ઘેરવા સાથે કરી છે. શિશુપાલવધ-૧૨/૩ માં 'ગોષ્ઠેષુ ગોષ્ઠીકૃતમન્ડલાસનાન્સનાદમુત્થાય મુહુઃ સ વલ્ગતઃ'- ભગવાન શ્રીકૃષ્ણે ગાયોનાં રહેવાના સ્થાન પર મંડલાકાર બેઠેલા ગ્રામવાસિયો જોયા. જે નજીકમાં વાતચીત કરી રહ્યા હતા.

'વર્ગાદ્ગવા હું કૃતિ ચારુ નિર્યતીભરિધોરૈક્ષત ગોમતલ્લીકાં' (શિશુપાલવધ.૧૨/૪૧)

ગાય એક સમુદાય પ્રદાન જીવ છે. ગાયોના સમુદાયથી સુંદર હુંકાર કરતી નીકળતી શ્રેષ્ઠ ગાયોને શ્રીકૃષ્ણે જોઈ .

કીરાતાર્જુનીયમ સર્ગ-૪માં-

"ઉપારતાઃ પશ્ચિમરાત્રિગોચરાદ્પારયંતઃ પતિતું જવેન ગાં ।
તામૃત્સુકાશ્ચકુરવેક્ષણોત્સકં ગવાં ગણાઃપ્રસ્નુત્પીબરોધસઃ॥૧૦॥"

ગાયો સંધ્યા સમયે ચરીને આવવાથી પાછી વળતી સમયે વેગથી પૃથ્વી પર દોડી શકતી નથી.કારણકે પોત પોતાના બચ્ચાને સ્મરણ કરતી ઉત્કંઠિત થઇ ગઈ હતી. જેને કારણે એના

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

પીનપયોધરોથી ક્ષીર વહી જતું હતું. આના ઉલ્લેખથી સ્પષ્ટ થાય છે કે ગાય મનુષ્યના સંપર્કમાં રહેવાવાળો એક સામુદાયિક જીવ છે.

કિરાતાર્જુનીયમમાં-'ગવાં હિમાની વિશદૈઃ કદમ્બકૈઃ'-૪/૧૨ સફેદ ગાયનો ઉલ્લેખ આવે છે ગાયને બરફની પ્લેટની સમાન શ્વેત બતાવી છે.

આ રીતે એક ગાય, જે બળદથી આસક્ત હતી અને ગધેડાને દુર ભગાડી દીધો. 'સા તુ સૌમ્યવૃષા-સકતા ખરં ઈરાન્નિરાસતં'-(નૈષધ.૧૭/૧) આ રીતે ગાયના પ્રજનનનો અને કામાસક્તિનો સંસ્કૃત કાવ્યો તરફ સંકેત કરે છે.

આ ગાય માનવ સેવામાં નિરંતર વ્યસ્ત છે. જેવી રીતે મા દૂધ પીવડાવીને બાળકને મોટો કરે છે એની જેમ ગાય જીવન પર્યન્ત દૂધ પીવડાવીને સ્વાસ્થ્ય સુધારે છે. અને એ જ કારણથી ભારતીય સમાજમાં ગાયને 'માતા' નું સ્થાન મળ્યું છે.

આમ, ગાયનું સ્થાન સંસ્કૃત મહાકાવ્યોમાં પ્રમુખ છે. સંપુર્ણ કાવ્યોમાં ગાયનું વર્ણન અનેકત્ર થયેલ જોવા મળે છે. સૌથી વધારે વર્ણન 'રઘુવંશ' માં જોવા મળે છે. ત્યારબાદ ક્રમશઃકિરાતાર્જુનીયં, શિશુપાલવધં,નૈષધચરિતં અને કુમારસંભવંમાં ગાયનું વર્ણન મળે છે.

ll ઇતિ શિવં ll

પાદટીપ

૧. ऋग्વેદ-૧\૧૭૩, ૧\૩,૮,૧\૧૯૦,૫. શતપથબ્રાહ્મણ-૨\૪,૩\૧૩,અથર્વવેદ-૪\૩૮,૬\૭,

૨. ऋग्વેદ સંહિતા-૫\૫૮\૬

૩. વૈદિક માયથોલોજી પૃ.૨૮૭

૪. વાલ્મીકી રામાયણ કિ. ૨૮\૨૬, અ.૪\૧૨,૧૪\૨૮

૫. માહેયી સૌરભેયી ઈત્યમર(વૈશ્વર્ગ)

૬. 'ગો-ધન, ગજધન ઔર રાતંધનખાણ' – હિન્દી સાહિત્ય

૭. વિકિપીડિયા- કામધેનું.hi.m.wkipedia.org

૮. કાલિદાસ ગ્રંથાવલી (અભિધાનકોશ) પૃ. ૧૪૦

૯. રઘુવંશ-૧/૮૧

૧૦. કુમારસંભવં -૧-૨

૧૧. એજન ૧-૫૬

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ChetnaMahendrasinhTank

TeacherAt Shree Sahayog Saraswati Vidya Mandir
Gandhidham – Kachchh

સંપૂર્ણ સુખ અને સમૃદ્ધિનો આધાર – ગાય

-: સારાંસ :-

આજે, માનવ કલ્યાણ માટે, વિશ્વના રક્ષણ માટે, પર્યાવરણની સુરક્ષા માટે અને સર્વાંગી, ટકાઉ વિકાસ માટે ગાયોના સંવર્ધનની તાતી જરૂરિયાત છેગાય વિજ્ઞાનને પુનઃ જાગૃત કરવાની અને તેનો જનતામાં . કેન્દ્રિત જીવનશૈલી -ગાય આધારિત સંસ્કૃતિના વિકાસ માટે ગૌ .પ્રચાર કરવાની આવશ્યકતા છે માં માત્ર ગાયના સાનિધ્ય .દરેક ઘરમાં ગાયના ઉછેરને પ્રોત્સાહન આપવું જરૂરી છે .વિકસાવવી પડશે રહેવાથી જીવન માત્ર શરીર, મન, બુદ્ધિ જ નહીં, આધ્યાત્મિક સ્તરે પણ શુદ્ધ અને નિર્મળ બનશે . .ગાયના સાનિધ્યમાં રહેવાથી જ માણસ જીવંત બને છે

ખાદીએ વસ્ત્ર નથી, પણ વિચાર છે, તેવી જ રીતે આપણાં વિકાસ માટે ગાય એ પ્રાણી નથી, પણ પ્રાણ છેપ્રાણ છે ., તો બધુ છે છે જે જન્મે .તે જ જીવાડે છે, જે ઊગે છે તે ઉગારે છેગાયનો જન્મ થયો છે . ઝેર મુક્ત અનાજ ઉગાડવા અને પોષણયુક્ત દૂધ આપવા, આથી ગાય જ સર્વથા યોગ્ય પ્રાણી છે . આંધળી .ગાય પાસે બધી જ શક્તિ હોવા છતાં આપણી જીવનશૈલીએ તેને અશક્ત કરી નાખી છે એ ખે આંગણે એક ગાય .દોટના પૂરમાં તણાઈ રહી છેતી માટે ખાતરનું કારખાનું અને નિરોગી જીવનનું ઔષધાલય છે.

આ સંશોધન વેદોમાં વર્ણવાયેલ ગાયનો મહિમાશિક્ષણ અને ,દવા ,કૃષિ,ગાય આધારિત આહાર , સાથે જ ગાયમાંથી પ્રાપ્ત થતું પંચગવ્ય જે .અર્થતંત્રની માહિતી ના હેતુ થી હાથ ધરવામાં આવ્યો છે શુદ્ધિ પંચગવ્ય અને ,જીવનઅમૃત છેકરણગાય કઈ રીતે સૃષ્ટિમાં ઓતપ્રોત છે તે ,અગ્નિહોત્ર થેરેપી , વ્રત અને ,આપણી જીવન શૈલીમાં ગાય આધારિત આસનો .વિષયક સંશોધન કરાયું છે .તહેવારનાવિષયક માહિતી પણ રજૂ કરાયેલ છે

ગાય પૂજાની પરંપરા પાછળ મહત્વપૂર્ણ વિજ્ઞાનનું રહસ્ય છેસ કરોડકહેવાય છે કે ગાયોમાં તેત્રી . દેવીસામાન્ય રીતે આપણે દેવતાનો અર્થ ભગવાનના સ્વરૂપો અથવા અવતાર .દેવતાઓનો વાસ છે- તરીકે લઈએ છીએ, પરંતુ શાસ્ત્રો કંઈક બીજું કહે છે .પ્રકૃતિની શક્તિઓને દેવતા કહેવામાં આવે છે . .હતા આપણા મહેનતુ ઋષિમુનિઓ બ્રહ્માંડમાં વહેતી જીવન આપતી શક્તિઓને સંપૂર્ણ રીતે સમજતા

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

આ શક્તિ જ જીવન કહેવાય છેમૂળભૂત રીતે ., સૂર્યથી પ્રાપ્ત થયેલું આ મહાન જીવન સમગ્ર સૃષ્ટિમાં વિવિધતામાં વહે છેઋષિઓએ તેના પ્રવાહની ગતિ ., દિશા, લય અને પરિભ્રમણનો ખૂબ જ સૂક્ષ્મ અભ્યાસ કર્યો અને તેના આધારે તેમણે જોયું કે પ્રાણ .33 કરોડ રીતે વહે છે અથવા એમ કહી શકાય કે પ્રાણના તેત્રીસ કરોડ વહેતા સ્વરૂપો છેઆ જ જીવન .આ દરેક શુદ્ધ પ્રવાહને દેવતા કહેવાતા . .સમગ્ર સૃષ્ટિમાં વિવિધ સંયોજનોમાં હાજર છે

ગાયને માતા ગણવી એ પણ ખૂબ જ વૈજ્ઞાનિક છેમાતાના દૂધ પછી સૌથી વધુ પૌષ્ટિક ખોરાક દેશી . પયોગીતેમાં શરીર માટે ઉ .ગાયનું દૂધ છેએવા એવા મહત્વપૂર્ણ તત્વો છે કે તેના સેવનથી તમામ વિકારો દૂર રહે છેજેમ માતા જીવન આપે છે ., તેવી જ રીતેગાયમાતામાં સમગ્ર સમાજનું પોષણ કરવાની ક્ષમતા હોય છેદેશી કુળની ગાય .તે માતાની જેમ સંસ્કાર આપવાની ક્ષમતા પણ ધરાવે છે . તેના વાછ ગાય .એ પ્રેમનું મૂર્ત સ્વરૂપ છેરડાને જે રીતે સ્નેહ આપે છે તે અજોડ છે, તેથી જ તે અનુભૂતિને વાત્સલ્ય કહેવાય છેમનુષ્યને પોતાની અંદર સંપૂર્ણ .વત્સ પ્રત્યેની લાગણી એ સ્નેહ છે . પરિવાર .બનવા માટે આત્મીયતાની આ સંસ્કૃતિની ખૂબ જ જરૂર છે, સમાજ, રાષ્ટ્ર અને સમગ્ર માનવતાને ટકાવી રાખવા માટે બલિદાનની આ વિધિ ખૂબ જ જરૂરી છેમાતા ગાય મનુષ્યને સમગ્ર . જેમ .ગાય માતા સંસ્કાર આપે છે .વિશ્વને પોષણ આપવા સક્ષમ બનાવવા માટે જરૂરી તત્વો આપે છે ગાયને દૂધ આપતી વખતે વાછરડાની જરૂરિયાતોને સંવેદનશીલતાથી ધ્યાનમાં લેવામાં આવે છે, તેવી જ રીતે જીવનની તમામ પ્રવૃત્તિઓમાં આનંદને નિયંત્રિત કરવાના સંસ્કારનો ઉપયોગ કરવામાં મદદ મળે છેની "સર્વ ભવન્તુ સુખિનઃ" ગાયમાતાના માતૃત્વને કેન્દ્રમાં રાખીને સિસ્ટમ બનાવીને જ. આ આદર્શ સ્થાપિત કરવા માટે આપણા જ્ઞાની પૂર્વજોએ ગાયની પૂજા કરી .અનુભૂતિ શક્ય બનશે હાથ ધરાય આ વિષયક જાગૃતિ લાવવા આ સંશોધન.હતી છેજેથી ગાય આધારિત જીવન શૈલી , અને રાષ્ટ્રનું કલ્યાણ કરી ભારતમાતા ને ફરી વિશ્વ ગુરુ બનાવી ,સમાજ ,ફરી અપનાવી માનવ .શિરમોર કરી શકાય

-: પ્રસ્તાવના :-

તપોભૂમિ ભારત ઋષિઓની ભૂમિ છેતપસ્યા દ્વારા અહીં જ્ઞાન અને વિજ્ઞાન બંનેનો સર્વોચ્ચ વિકાસ . વ્યક્તિના .થયો હતોગહન અંતરમાં છુપાયેલા સત્યને પ્રગટ કરવું એ જ્ઞાનનો યજ્ઞ છેજ્યારે રોજિંદા . જીવનમાં સત્યનો અમલ થાય છે, ત્યારે જ્ઞાનના આ વિશિષ્ટ ઉપયોગને વિજ્ઞાન કહેવામાં આવે છેઆ . .હિંદુ જીવન પદ્ધતિના દરેક ભાગની વૈજ્ઞાનિકતાનું રહસ્ય છે

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

વાલ્મિકી રામાયણમાં સુંદરકાંડમાં પર્વત શ્રેષ્ઠ શ્રી હનુમાનજી સનાતન ધર્મ વિશે કહે છે કે કૃત્ય પૂર્તિ કર્તવ્યમ સનાતન જેને આપણા પ્રત્યે થોડું પણ ઉપકાર કર્યો હોય તેનો પ્રત્યે સદા કૃતજ્ઞ અને રુણી રહેવું. 68 કરોડ તીર્થ તેમજ 33કરોડ દેવતાઓનો સમૂહ અને વિગ્રહ એટલે કે ગાય, ગાય ધર્મનું પ્રતીક છે ને પૂજે છે, સત્વગુણમય છે અને સાત્વિક છે જ્યાં ગાયો પ્રસન્ન રહે છે ત્યાં સૌ સંપદાઓ પસંદ થઈ મળી રહે છે અને જ્યાં ગાયો દુ:ખી રહે છે ત્યાં સંપદાઓ દુ:ખી થઈને વિરુધ્ધ થઈ જાય છે.વિવિધ સ્મૃતિઓ, વિવિધ પુરાણો, વેદો, ઉપનિષદો જુદા જુદા સંપ્રદાયના ગ્રંથો તેમજ સંતો મહંતો મહાત્માઓ આગમ નિગમ ઐતિહાસિક ગ્રંથો સંતોની વાણી વગેરેમા ગો મહીમાનો ઉલ્લેખ જોવા મળે છે શ્રીમદ્ ભગવદ ગીતામાં ગાયના મહિમાનું વર્ણન રામજી સાથે

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ઉપમા આપી અને કરવામાં આવે છે શ્રી સુખદેવજી ભિક્ષામાં માત્ર દૂધ સ્વીકારતા હતા પોતાના જીવનકાળ દરમિયાન જીવન વ્યાપન માટે શરીર નિર્વાહન માટે ગાય અને ગો પદાર્થ વગર ગોવિંદનું પૂજન અધૂરું છે, સોડસો ઉપચારથી તમે ઠાકોરજીનું પૂજન કેમ નથી કરતા પણ જો તેમાં ગો પદાર્થની હાજરી નથી તો એ પૂજન અધૂરું ગણાય છે, માટે ગોપાલ સેવક એ શ્રીકૃષ્ણ ભગવાનના બાળ જીવન દરમિયાન ગોકુળ મથુરા અને વૃંદાવનમાં તેમને સાથે ગોપિકા અને ગોવાલણ સાથે ગૌસેવા અને ગૌરક્ષામાં જોડાયેલા રહેતા હતા.ગોસેવાથી ભગવાન પણ પ્રસન્ન થાય છે વિવિધ ગોચર ગાયો ચરવા જાય છે ત્યારે વિવિધ વનસ્પતિ અને ઔષધીઓ આરોગે છે જેના કારણે દૂધ ગુણી બને છે અને ગૌમુત્ર અને ગોબરપરથી પૃથ્વી સમૃદ્ધ બને છે અને અનાજ અન્ન ઉત્પાદનનું ઉપજ વધે છે ગૌ સેવાથી ભગવાન પણ પ્રસન્ન થાય છે.

ગાયમાં, વેદમાં, ઓમકારમાં, દ્વાદશ અક્ષર મંત્રમાં સૂર્યમાં ગાયત્રીમાં વેદ ત્રયમાં કોઈ ફેર નથી એ બધા જ સાચા જવાબ ઉપર છે માટે ગાયની સેવા કરવી જ રહી પ્રભુના ત્રણ સ્વરૂપો છે આધીભૌતિક, આદિત્યવિક આધ્યાત્મિક ગૌસેવા આદિ ભૌતિક સેવા છે શ્રીકૃષ્ણ ભગવાને પણ ગોપાલક અને ગોવાળ બની અને ગાયોની સેવા અને તેની સાથે ક્રિડા એના જીવનકાળ દરમિયાન કરેલી છે એવું શાસ્ત્રોમાં ઉલ્લેખ છે.

ગૌસેવાનો મહિમા શું કહેવો સત્યકામ નામનો વ્યક્તિ બ્રહ્મવિદ થઈ ગયેલા હતા અને મહર્ષિ ગૌતમે આ બાબતે પ્રકાશ પાડ્યો હતો જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન પોતાનો માતા પિતા જોડે ગોકુળમાં રહેતા હતા ત્યારે જન્મ સમયે વાસુદેવે 1000 ગાયો દાન દેવાનો સંકલ્પ લીધો હતો અને વ્રજમાં એક કરોડ ગોવંશ હતા.તેમજ 20 લાખ ગાયોનું દાન નંદબાબા એ કર્યું હતું. પૂતના વધ બાદ ગૌશાળામાં લાવીશ દાન ગોરજ અને ગોબર લેપણ પૂછડી અડાડીને ગૌમુત્ર અને પદ્મગંધા જાતિની ગાયોની હાજરી એક લાખ ગાયો ત્યારે નંદબાવા પાસે હતી.

કાલીયા નાગ યમુના ધરામાં રહેતો હતો ત્યારે કાર્ય નાગના વિષથી તે પાણી ઝેર બન્યું હતું જેના કારણે ત્યાં ચરવા આવેલી ગાયો એ પાણી પીધું હોય ત્યારે તેઓ મૃત્યુ પામી ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને તેમને પોતાના યોગ બળે કરીને જીવિત કરી હતી તેમજ શ્રીમદ્ ભગવત ગીતા ભાગવતમાં પણ ઉલ્લેખ છે અધ્યાયમાં કે ભગવાન જ્યારે ગાયો ચરાવવા ગયા હતા ત્યારે તેમની અને તેમના મિત્રોની ગાયો બ્રહ્મા અદ્રશ્ય કરી નાખે છે પણ તે માટે બ્રહ્માનું ભ્રમ ભગવાન ભાંગે છે અને દાવાનળ પણ ગાયોને બચાવવા માટે પોતે પી જાય છે તે સમય દરમિયાન પુષ્કળ વરસાદ પડ્યો હતો ત્યારે તેઓએ પોતાની ટચલી આંગળી ઉપર ગોવર્ધન પર્વત ગાયોની રક્ષા માટે તેમજ

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ગોકુળવાસીઓની રક્ષા માટે પણ ધારણ કર્યો હતો તેઓ દરરોજ 13084 ગાયોનું દાન કરતા હતા.

ધર્મનો જન્મ ગાયથી જ છે અને સુરભી ગાયથી નીલ વૃષભ રૂપ ધર્મ પ્રગટીલ અન્ન ઉત્પન ખેતી માટે ગૌ સેવાથી ગોલોક ધામની પ્રાપ્તિ થાય છે બ્રહ્મા દ્વારા બે ભાગ કરવામાં આવ્યા જેમાં એક ભાગ ગાય અને બીજો ભાગ એટલે બ્રાહ્મણ મહર્ષિ વેદોની ઉત્પત્તિ ગાયથી જ છે અને પુરાણોમાં પણ તેનું ઉલ્લેખ જોવા મળે છે.ગોબરથી ભૂમિ પવિત્ર બને છે અને જો એક પોતાના ઝૂંપડી અને ઘરમાં ગોબર દ્વારા લીપણ કરવામાં આવે છે ત્યારે જે આનંદની અનુભૂતિ થાય છે.છ અંગોના સહિત વેદની ઉત્પત્તિ ગાયથી જ થઈ છે વેદોનું મૂળ પણ ગાય છે જેની શ્રદ્ધા ગાયમાં છે તે હિન્દુ છે અને ગાયનું દૂધ ઓછા રોગ પેદા થાય છે સેવન કરવામાં આવે છે અને તે જ્યાં રહે છે ગૌશાળા તેમાં આજુબાજુમાં કોઈ કૂતરાઓને રાખવા જોઈએ નહીં જેના કારણે ગાયના દૂધની આવકમાં ઘટાડો જોવા મળે છે.

આદિ પુરાણમાં ભગવાન વેદ વ્યાસે કરેલ છે કે નિત્ય ગૌ સેવા કરવાવાળાને શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થાય છે ગૌસેવક સેવા કરવાથી કષ્ટ ઘટે છે ગોવંશની સંખ્યાથી સમૃદ્ધિ નક્કી થતી હતી પૌરાણિક સમયમાં જેની પાસે જેટલું ગોધન વધારે તેટલો તે વધુ સમૃદ્ધ ગણવામાં આવતો હતો. ઋષભાનુ કે જે રાધિકા વૃષભાનું કે જે રાધિકાજી પિતાશ્રી હતા તેમની પાસે નંદબાબા કરતાં 2 લાખથી વધુ ગાયો હતી અને તે સમયે જે તે વ્યક્તિ પાસે રહેલી ગાયોની સંખ્યાને આધારે તેમને અલગ અલગ પદવી મળતી જેમાં નંદ- નામકને દસ લાખ ગાયો પાડનાર હોય તો તેને નંદ કહેવામાં આવતો અને ઉપનંદ- એટલે કે જે પાસે પાંચ લાખ ગાયો હોય તેને ઉપનંદ- કહેવામાં આવતો વૃષભાનું એટલે કે દસ લાખ ગાયોથી પણ વધારે પાયો અને પાળનાર વ્યક્તિને વૃષભાનું કહેવાતા.

ચરક સંહિતામાં ગાયના દૂધનાદસ ગુણોનું વર્ણન કરવામાં આવે છે.

ગાયનું દૂધ સ્વાદિષ્ટ હોય છે, શીતળ હોય છે, કોમળ હોય છે, ચીકણું હોય છે, ઘટટ્, સ્વાસ્થ્યવર્ધક હોય છે ભારે અને બાહ્ય પ્રભાવને વિલંબથી ગ્રહણ કરનાર હોય છે તથા મનને પ્રસન્ન કરવા વાળું હોય છે.

મહાભારતના અનુસાસન પર્વમાં ગૌમહિમાનું વર્ણન કરવામાં આવ્યું છે ગૌ એ સ્વર્ગની સીડી છે અને સર્વ કામના પૂરી કરનારી દેવી છે, સ્મૃતિમાં લખવામાં આવે છે ગાયના સ્પર્શે પાપ નાશ થાય છે અનેસ્મૃતિઓમાં પણ લખેલ છે કે ગાયની ક્ષમતા કરવાવાળું ધન આ બ્રહ્માંડમાં બીજું કોઈ નથી ગોધન એ સર્વશ્રેષ્ઠ ધન છે અને સર્વ વેદ મહી છે ગાયનું દૂધ ભગવાન શંકરને ગાયનો દહીં

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

દેવતાઓને પ્રસન્ન કરવા માટે પૂરતું છે પંચવટીઓનું પાન એટલે કે એનું સેવન અને એ સઘળા પાપો નષ્ટ થાય છે, મનુષ્યના વરાહ પુરાણમાં લખવામાં આવેલું છે .

ઋગ્વેદના શ્લોકો પ્રમાણે

ગાય રુદ્રની માતા છે, વસુઓની પુત્રી છે, આદિત્ય પુત્રોની બહેન છે, અને ઘૃતવૃત અમૃતનો ખજાનો છે તેથી પ્રત્યેક વિચારશીલ મનુષ્યોને મેં આ જ સમજાવીને કહ્યું છે કે તે નિરપરાધ ગાયનો વધ ન કરવો જોઈએ.

હિન્દુ કેલેન્ડર પ્રમાણે ગુજરાતીમા કારતક માસની શુકલ પક્ષની અષ્ટમીને દિવસે ગોપાષ્ટમી તરીકે ઓળખવામાં આવે છે તેથી ગાયોનું પૂજન સમગ્ર ભારતમાં રીતી રિવાજ નિયમ અનુસાર હિન્દુ સનાતન ધર્મની વ્યક્તિઓ કરે છે.શ્રીમદ્ ભાગવતમાં કહેવાયું છે કે અનાચાર અને અત્યાચાર જ્યારે વધશે ત્યારે ઘટોધની એક મણ દૂધ આપનારી ગાય બકરી જેમ ઓછું દૂધ આપતી થઈ જશે.સનાતન હિંદુ ધર્મના પૌરાણિક શાસ્ત્રો, વેદ, પુરાણ, સ્મૃતિ, ઉપનિષદ તેમજ અન્ય ગ્રંથોમાં પણ ગાયોનો મહિમા ગવાયો છે ઉલ્લેખ જોવા મળે છે એ જ રીતે જૈન ધર્મ, શીખ ધર્મ, બૌદ્ધ ધર્મ, ખ્રિસ્તી ધર્મ, ઇસ્લામ ધર્મમાંપારસી ધર્મ,યહૂદી ધર્મ પણ ગાય માટે નો ઉલ્લેખ જોવા મળે છે તેની તેની રક્ષા કરવાનું તેની સેવા કરવાનુંગાય માટે અન્ય ધર્મમાં તેને મહત્વ આપવામાં આવે છે તેની રક્ષા સંવર્ધન પ્રતિક સ્વરૂપે આદર આપવામાં આવેલ છે વિવિધ સંસ્કૃતિઓમાં તથા તેમના ગ્રંથોમાં પણ ગાય માટે રક્ષા કરવાનું કરવાનું કહેવામાં આવે છે, તેમજ અન્ય સંસ્કૃતિ જેવી કે સુમેરિયન સંસ્કૃતિ, રોમન સંસ્કૃતિમાં યોગ્ય સ્થાન આપવામાં આવેલું છે ગાયનો મહિમા દર્શાવવામાં આવ્યો છે ગાયની ઉપયોગીતા વિશે જણાવવામાં આવ્યું છે.ગાયને મારનાર, માંસ ખાનાર, વેચનાર, કસાઈને, સલાહ આપનાર અત્યારે મંજૂરી આપનાર ઓજાર દેનાર ગાયના જેટલા રોમ હોય તેટલા વર્ષો સુધી નરકમાં પડ્યો રહે છે જે મહાભારતના અનુસાસન પર્વમાં 74 માં અધ્યાયમાં ત્રણ શ્લોક નંબર 3 અને 4 દ્વારા દર્શાવવામાં આવ્યું છે.

દરરોજ ગોગરાસ અને ઘાસ દેવાથી દુઃખ દૂર થાય અને વ્યક્તિની કામના પૂર્ણ થાય છે પુત્ર મળે છે ધન સંપત્તિની પ્રાપ્તિ થાય છે અને અક્ષય ફળની પ્રાપ્તિ થાય છે જે મહાભારતના અનુસાસન પર્વના 73 અને 69 ના અધ્યાયમાં દર્શાવવામાં આવ્યું છે.શ્રી સહજાનંદ સ્વામી મહારાજે લખેલી શિક્ષાપત્રીમાં પણ શ્લોક નંબર 143 માં ગાય વિશે જણાવવામાં આવ્યું છે જો વ્યક્તિએ ક્ષમતા હોય તો ગાય ઘરમાં પાળવી જોઈએ અને તેનું યોગ્યસાર સંભાળ લેવી જોઈએ

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

તેમજ તેને ચારાનો સંગ્રહ પણ આજીવન અથવા આખા વર્ષ દરમિયાનનો કરી લેવો જોઈએ જેથી કરીને પંચગવ્યમલીરહે.

ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ વિશ્વરૂપ દર્શન ત્યારે અર્જુનને કરાવ્યા તેમાં બધા જ પ્રકારના સચરાચર જગતના જીવો વિભૂતિઓ દેવી-દેવતાઓ તેમજ ત્રિભુવન તથા ત્રિલોકના દર્શન કરાવ્યા હતા ભારતના શાસ્ત્રોમાં પ્રાચીન હિન્દુ ધર્મમાં 33 કરોડ દેવતાઓનો ઉલ્લેખ છે જે સર્વ ગાય માતાના શરીરમાં છે અને તેથી સમસ્ત વિશ્વરૂપ અને ગાયો વિશ્વરૂપ છે, માત્ર એટલે કે ગાય જગતની માતા છે અને અખિલ વિશ્વસનીય વિશ્વનો આધાર છે તેથી તેની પૂજા કરતા સૌ દેવી-દેવતાઓની પૂજા થઈ જાય છે અને પ્રદક્ષિણા કરતા પૃથ્વીની પ્રદક્ષિણા તથા સર્વ દેવી દેવતાઓની પ્રદક્ષિણા પણ થઈ જાય છે.અથર્વવેદ, ઋકસંહિતા, દેવી ભાગવત, ઋગ્વેદ, બૃહદપરાશરસ્મૃતિ, પદ્મ પુરાણ, ભવિષ્ય પુરાણ, બ્રહ્માંડ પુરાણ, મહાભારત પુરાણ, સ્કંદપુરાણ, વાયુપુરાણ, વગેરેમાં ગાયોનો મહિમા કહેલો છે ભગવાન વેદ વ્યાસે ગાયોનો મહિમા કહયો છે.

ગોભક્તોમાં જોઈએ તો ભારતીય ઈતિહાસ તેમજ અન્ય કાળ દરમિયાન થયેલા ગૌભક્તોની યાદીમાં એ તો છત્રપતિ શિવાજી મહારાજ, સંત નામદેવજી, મહર્ષિ આપતજી, દાનાભગત જે સૌરાષ્ટ્રના હતા મંગલ પાંડે, શહીદ બ્રહ્મદાસજી, શ્રી ઋષિસ્વરૂપ બ્રહ્મચારી, મહેશ પંથ, લાલા લજપતરાય અને દેવસિંહ હાંડા.ગાય એ પ્રાણી કે પશુ નથી વેદ વ્યાસ તેમજ આદિ શંકરચાર્ય પણ શંકરભાષ્યમાં ગાય વિશે સ્તુતિઓ તેમજ લોકો લખ્યા છે તેમજ તેનો મહિમા ગાયો છે, ગૌભક્તિ અને ગૌ સેવા બુંદેલખંડમાં ગોચરણ ઉત્સવ પણ કરવામાં આવે છે તેમજ ભારતથી પૂર્વ પૂર્વના જે દેશો છે તેમાં બાલી ઈન્ડોનેશિયામાં પણ ગાયનું મહિમા વધારે છે જ્યારે કરન્સી એટલે કે સિક્કાની છાપણી કરવામાં આવતી ત્યારે તેના ઉપર વૃષભ તેમાંથી ગાયની છાપ અંકિત કરવામાં આવતી હતી.

ભારતના ગો વંશના અંગે જાણકારી મેળવીએ તો ભારતમાંગોવંશના વિવિધ રંગ રૂપ દ્વારા તેના અલગ અલગ પ્રકારો પાડવામાં આવે છે તેમાં મુખ્ય ત્રણ પ્રકાર છે અને તે ત્રણ પ્રકારમાં મુખ્ય અલગ અલગ પેટા પ્રકારોનો સમાવેશ કરવામાં આવે છે.

❖ સૌપ્રથમ વધુ દૂધ આપનારાની ખેતી માટે બળદ ઉપયોગી વાછડાને જન્મ આપી શકતા નથી એવી ગાયો જેમાં શાહીવાલ, માનગુમરી અને લાલ સિંધીનોસમાવેશ થાય છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

- ત્યારબાદ ઓછું દૂધ પણ વાછડા સશક્ત આપતી ગાયજેના પેટા પ્રકારોમાં પવાર, વેરી, ગુડ, નાગોરી, અંકુર, અમૃતમકાલ, માલવીની, મારી ગઝલ, પગનાડી, ધનની, મેતાવી, દોંગી, ખિલાડી, આલમ કાઢી, બારગુર, અને હલ્લી કચ્છ નો સમાવેશ થાય છે.
- ત્યારબાદ ત્રીજા જૂથમાં વધારે ત્યારબાદ ત્રીજા જૂથમાં જે ગાય આવે છે જેમાંબલવાન બળદ અને વધારે દૂધ આપે છે જેમાં હાદાસી, હિસ્સાર, હરિયાણા, થરપારકર, કાંકરેજ, દેવલ, અને છઠ લેદાની લોદાની સીડી અને કંગામય ગીર સમાવેશ થાય છે.

દરેક પ્રકારની અને પેટા પ્રકારની ગાયોમાં તેના બાંધો, હાઇટ, કાન, સિંગણા, કદ, પૂછડું, આકારમાં ફેર હોય છે અને આબોહવા તેમજ ખોરાક, પાણી અને દૂધ ગોમંત્રના પ્રભાવમાં પણ ફેરફાર જોવા મળે છે શરીરના ભાગોમાં જોઈએ તો.રંગ, ચામડું, ઊંચાઈ, લંબાઈ, મસ્ત, ઝાલર, શીંગડા, કાનનાક, દાંત, ગળું, પૂછડું, પટ્ટી એના દૂધ સ્વભાવ બાંધવો રૂચી રસ ગુણ ગર્ભ સંખ્યા એવી જ રીતે બળદના પણ લક્ષણો પણ ભાગ લે છે. જાતિ પસંદ કરવા માટે ગામને પસંદ કરવા માટે હોવા માટે નિયમો છે પશ્ચિમની ગાય નથી A1 દૂધ અને યોગ્ય નથી જ્યારે A2 છે યોગ્ય છે યુરોપિયન કન્ટ્રીમાં, આફ્રિકા કન્ટ્રીઝ અને ન્યૂઝીલેન્ડ ઓસ્ટ્રેલિયા, દક્ષિણ અમેરિકા અને આયર્લેન્ડ. ગૌશાળા વિશે દૂધ દોહવા વિશે પણ આપણા શાસ્ત્રોમાં વાત કરીએ છીએ શાસ્ત્રોમાં ગૌરક્ષા કરવી કતલખાના બંધ કરવા નહીતરશાંતિ ન આવે તેમના આક્રમથી પૃથ્વી ઉપર વિવિધ આફતો આવે છે. અનેશેકડો માનવ મૃત્યુ પામે છે.દૂધગામનું સંવર્ધન સંરક્ષણ કરવું એમ પણ જણાવવામાં આવેલ છે હોસ્પિટલ, પાંજરાપોળ તેમજ ગોડાઉન અને ગોચર બનાવવી જોઈએ.કઠોપનીષદમાં ગોદાનથી સાત પેઢી પહેલા અને સાત પેઢી પછીનો ઉદ્ધાર ગુણ થાય છે મહાભારત અનુસાર ગાય અને બળદ દાન ઉત્તમ લાભથાય છે.

ગોબર, ગો મૂત્ર એકદમ ઉપયોગી છે અને ચિકિત્સા માટે ગાયની સેવાથી સ્વર્ગ ધરતી પર આવે છે વિશ્વની કલ્યાણમય મિત્ર એટલે કે ગાય અને ચિકિત્સા અને સંસ્કાર માટે ગાય.ગૌ વિશ્વની માતા છે.ભારત દેશમાં એ એક પ્રાચીન દેશ છે અને અહીં સનાતન ધર્મ ઐતિહાસિક ગ્રંથો વેદો શાસ્ત્ર પુરાણ ઉપનિષદ વિવિધ સંપ્રદાયોના સાધુ સંતો ભગવાન દેવી દેવતાઓ દ્વારા ગાયનું મહિમા કર્યો છે ધર્મ,અર્થ, કામ અને મોક્ષ આચાર પુરુષાર્થ માટેનું સાધન ગૌશાળા દેવતાએ છે સૌ માટે ગૌમાતા વંદનીય પૂજની અતુલ્ય છે ગૌ માતા જીવન માટે પ્રાચીન કાળથી અનેક રીતે ઉપયોગી છે જ્યાં સુધી ખેતી ગોરસ માટે ગાયને સાચવવામાં સંવર્ધન કરવામાં આવશે ત્યાં સુધી ભારત ગાયને સુખી કરી સુખી રાખીશું તો રાષ્ટ્ર સુખી થઈ શકશે.પંચગવ્ય અને પંચામૃત્

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ઉપયોગી અને અસરકારક અને આવશ્યક વસ્તુ છે અને જેનાથી માનવનું પોષણ મળે છે.ભગવાન શ્રીરામ, ભગવાન શ્રીકૃષ્ણ, ભગવાન શંકર તેમજ શ્રીકૃષ્ણ બાળ લીલા ગોવાળો ગોપી ગોવાલણ, ગોવર્ધન બ્રાહ્મણ દ્વારા કાર્ય હાથ ધરવામાં આવતું હતું.ગૌ સેવાનું ફળ મહાભારતના અનુસાસન પર્વ 81/31 – 34 - 35 સામૂહિક રીતે સેવા કાર્ય કરનાર છે તે બાબતે મહાભારતમાં મળી શકે છે.ગાયોના સંખ્યા વધારવામાટે તેમને માસની નિકાસ દેશમાં બંધ કરી દેવી જોઈએ કતલખાનાઓ બંધ કરી દેવા જોઈએ તેમજ પાંજરાપોળ ગાય માટેની હોસ્પિટલ ખોલવી જોઈએ અને ગૌ સેવાનો લાભ માનવ જાતિએ લેવો જોઈએ.

ગાયના ઘી થી હવન કુંડમાં આહૂતી આપવાથી ગાયના જે અરણ્ય છે તેની પણ હોમ કરવાથી વાતાવરણમાં ઓક્સિજનનું લેવલ વધે છે અને સૂર્યના કિરણો પૃષ્ઠ બને છે તેથી વરસાદ આવવાની શક્યતા વધી જાય છે અને સપ્રમાણ વરસાદ થતાં પૃથ્વી ઉપર અનાજ વનસ્પતિ ઘાસ ફળ ફૂલ શાકભાજી વગેરે યોગ્ય રીતે ઉપજ થાય છે જેથી સંપૂર્ણ પ્રાણી જગતને ઉદરપુર્તિમાટે ભોજન પ્રાપ્ત થાય છે.ગાયનું દૂધ એ વ્યક્તિના તન મનને તંદુરસ્ત બનાવવા માટે સેવન કરવું જોઈએ તેમજ તેના દ્વારા તે તન અને મન નિર્મળ બને છે તેમજ જીવન જીવવા માટે સાર્થકતા પ્રાપ્ત થાય છે.

સંશોધન પદ્ધતિ :-

આ રિસર્ચ થીમ બેઝ રિસર્ચ પેપર બનાવવા માટે લાઇબ્રેરી અને ઓનલાઇન અને ઓફલાઈન એ બુક્સનું સંકલન અને આધાર લેવામાં આવેલ છે અર્થઘટન કરવામાં આવેલ છે.

તારણ:-

આવા અનેકવિધ અભ્યાસ અને સંશોધનના સાર રૂપે કહી શકાય કે ગાય પાલન કરવી આવશ્યક છે.વિવિધ ગ્રંથોમાં શાસ્ત્રોમાં ઐતિહાસિક પુસ્તકોમાં પણ ગાય વિશે ઘણું કહેવાયું છે અને લખાયું છે તેમજ તેના અને સેવા માટે પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે ભારતીય ગાયની પ્રજાતિઓ વિવિધ ગાયોના નામો તેમના ગુણ વિશેસાથે આપવામાં આવેલ છે.સાંસ્કૃતિક કે ધાર્મિક બંને રીતે દરેક પરિપ્રેક્ષ્યમાં ગાયને લોક વ્યવહારમાં શાસ્ત્રીય વિસ્તારથી લઈ શકાય છે જેમાં આપણા જન્મથી કરીને મરણ સુધી ગાયનો સંબંધ શાસ્ત્રના ઉદાહરણ સાથે આપવામાં આવે છે.વૈજ્ઞાનિકપરિપ્રેક્ષ્યમાં જોઈએ તો હાલના સંશોધનોમાં પૂર્વ અને પશ્ચિમ સહિત સંદર્ભ સાથે વિસ્તૃત પણે લખાણ કરી શકાય છે.

સંદર્ભ:-

❖ શ્રીમદ્ ભાગવત, શ્રીમદ્ ભગવદ્ ગીતા, વાલ્મિકી રામાયણ, મહાભારત, સત્સંગી જીવન, રઘુવંશમ્ કાલિદાસ, ગીતા પ્રેસ ગોરખપુર વિશેષાંક, ગૌસેવાઅંક અને ગૌ અંક, ધર્મશાસ્ત્ર સ્મૃતિ ગ્રંથો, શિક્ષાપત્રી, વિષ્ણુ સ્મૃતિ ગ્રંથ, ગવોપનિષદ્.

❖ ગોરક્ષા અને ગૌ સંવર્ધન આજની આવશ્યકતા ગીતા પ્રેસ સંત શ્રી રાજેન્દ્રદાસજી મહારાજ દ્વારા લેખિત પુસ્તક.

❖ વિકિપીડિયા,ગુગલ, ઈન્ટરનેટ.

****



Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

પ્રો.બાબુભાઈ.ટી. કાઠિયા
તોલાણી કોલેજ ઓફ આર્ટસ & સાયન્સ આદિપુર (કચ્છ)

"ભારતીય શાસ્ત્રોમાં ગાય"

શાસ્ત્ર એટલે શું?

*શબ્દાર્થ :- शास्तिचत्रायतेचइतिशास्त्रम अર્થાત શાસન અને સંરક્ષણ કરે તે શાસ્ત્ર.

*ભાવાર્થ :- ઋષિઓના ઉપદેશ ધરાવતા પવિત્ર ગ્રંથોને શાસ્ત્ર કહેવામાં આવે છે.

સમયના વહેણમાં દરેક તબક્કે અનેક મહાત્માઓએ ઈશ્વરનો સાક્ષાત્કાર કરી ધર્મનું ધ્યેય પ્રાપ્ત કર્યું છે.તેમાંના ઘણાએ જુદાજુદા માર્ગે ચાલીને એક જ લક્ષ્યને સાધ્યું હતું. સૃષ્ટિના જીવમાત્રના કલ્યાણના ઉદ્દેશથી પ્રાચીનકાળના આ મહાત્માઓએ તેમના જ્ઞાન અને અનુભવોનો ઉપદેશ અનેક ગ્રંથો મારફત આપણને આપ્યા છે.આ ગ્રંથોને આપણે "શાસ્ત્રો" તરીકે ઓળખીએ છીએ. સમાજના જુદાજુદા થરને ધર્મની સમજ આપવાની હોઈ, આ જુદાજુદા લોકોના બૌદ્ધિક,વ્યવહારિક અને આધ્યાત્મિક સ્તર મુજબ જુદીજુદી કક્ષાનાં અને જુદાજુદા પ્રકારનાં અનેક શાસ્ત્રો રચાયેલ છે.

*શાસ્ત્રોનું મહત્વ :-

માનવજીવનની બધી જ ભાવનાઓને વધુ આધ્યાત્મિક, વધુ મજબુત, વધુ ઊંડી અને વધુ ઉન્નત બનાવવા આ શાસ્ત્રો આપણને સતત સનાતન સિદ્ધાંતો શીખવાડતાં

રહ્યા છે. ઉપરાંત શાસ્ત્રો આ સિદ્ધાંતોને અનુકૂળ વિધિ-વિધાનો કરવા પ્રેરણા પણ આપે છે અને આ સિદ્ધાંતોના વિરુદ્ધનું આચરણ કરવાથી રોકે પણ છે. શાસ્ત્રોના મહત્વને સમજાવતું એક સુભાષિત સંસ્કૃત ભાષામાં છે.

अनेक संशयोत्व्छेदिपरोक्षर्थास्यदर्शकम।
सर्वस्य्लोचनंशास्त्रंयस्यनासत्यन्धएवसः॥

*શબ્દાર્થ :- શાસ્ત્ર સર્વ શંકાઓનો નાશ કરે છે અને પરોક્ષ લાગતા સિદ્ધાંતોને પ્રત્યક્ષ કરી આપે છે. શાસ્ત્ર માનવીની આંખો છે,તેથી જે શાસ્ત્રને જાણતો નથી તે ખરેખર આંધળો જ છે.

*શાસ્ત્રો કેટલા છે અને કયા કયા છે?

આપણા શાસ્ત્રોની ગણતરી કરીએ તો લગભગ ૪૦ થી ૫૦ તો મુખ્ય ગ્રંથો છે અને તેના ઉપગ્રંથો,પુરાણો,મીમાંસા, સબંધિત ગ્રંથો વગેરેને ધ્યાનમાં લઈએ તો કુલ આંકડો કદાચ ૪૦૦ કે ૫૦૦ની સંખ્યાને પણ પાર કરી જાય. આ ઉપરાંત જો તમે અત્યારે અપ્રાપ્ય છે એવા ગ્રંથો અને

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

અમુક અમાન્ય ગ્રંથો પણ ગણતરીમાં લ્યો તો કુલ શાસ્ત્રો એક હજાર કરતા પણ વધારે છે. આપણા બધા ગ્રંથોમાં "વેદ" સૌથી પ્રાચીન ગ્રંથ છે અને તે બીજા બધા શાસ્ત્રોનું મૂળ છે.

(સંદર્ભ: દર્શન યોગ મહા વિધાલય,રોઝડ,જી.બનાસકાંઠા દ્વારા પ્રકાશિત સાહિત્ય)

*૧.આપણા પ્રાચીન ગ્રંથોમાં ગાય અને ગૌવંશ :-

આપણા પ્રાચીન ગ્રંથો ગૌ મહિમાથી ભરેલાં પડ્યા છે.જેમાં ગૌ મહિમાનાં મુક્ત કંઠે ગુણગાન ગાવામાં આવ્યા છે,જેના કેટલાક સંકેતો નીચેના શ્લોકોમાં કરવામાં આવી રહ્યા છે.

ગૌ માતા આપણી સર્વોપરી શ્રદ્ધાનું કેન્દ્ર છે અને ભારતીય સંસ્કૃતિનો આધારસ્તંભ છે. તેના શરીરમાં તમામ દેવતાઓ સમાયેલા છે. અથર્વવેદમાં તેને રુદ્રોની માતા, વસુઓની પુત્રી, આદીત્યોની બહેન અને અમૃતની નાભિની ઉપમાથી અલંકૃત કરવામાં આવી છે.

माता रुद्राणां दुहिता बसुनां।
स्वसाडडदित्यानाम मृतास्ये नाभिः॥

ભારતીય ધર્મગ્રંથો અનુસાર ગાયના શરીરમાં તેત્રીસ કરોડ દેવતાઓનો વાસ છે. તેની પીઠમાં બ્રહ્મા,ગળામાં વિષ્ણુ,મુખમાં રુદ્ર વગેરે દેવતાઓનો વાસ છે. જેમકે

सर्वे देवाःस्थिता देहे सर्वदेवमयी हि गौः।
पृष्ठे ब्रह्मा गले विष्णु मुखे रूद्रःप्रतिष्टितिः॥

એ જ કારણ છે કે અગર સમગ્ર તેત્રીસ કોટિ દેવી-દેવતાઓનું જો ષોડશોપચાર
અથવા પંચોપચારે પૂજન કરવું હોયતો માત્ર એક ગૌ માતાના પૂજનથી અને સેવા કરવાથી તમામ દેવ-દેવીઓની એકી સાથે પૂજા પૂરી થઈ જાયછે. અર્થાત પ્રાર્થના અને શ્રેય અથવા સમૃદ્ધિ અને કલ્યાણ, આ બન્નેની પ્રાપ્તિ માટે "ગૌ સેવા" થી વધીને કોઈ બીજું શ્રેષ્ઠ સાધન નથી.

મહાભારતની રચના કરનારે ગાયની સ્તુતિ કરતાં લખ્યું છેકે-

गावःश्रेष्ठा पवित्राश्च पावना जगदुतमाः।
ऋतेते दधि धुताभ्यां च नेह यज्ञःप्रवर्तते ॥
गावो लक्ष्म्यां: सदा मूले गोषु पाप्मा न विधाते।
मातरःसर्वभूतानां गावःसर्व सुख प्रदाः ॥

અર્થાત ગાય સર્વશ્રેષ્ઠ,પવિત્ર,પૂજનીય અને જગતભરમાં શ્રેષ્ઠ પ્રાણી છે.તેના ઘી દૂધ,દાગીન અને ગવ્ય વગર જગતમાં યાગ્ય પૂરો થતો નથી. "ગાય"ના શરીરમાં હમેંશા લક્ષ્મી વાસ કરે છે. ગાય જયાન રહે છે ત્યાં પાપ વાસ કરતુ નથી. તે પ્રાણી માત્રને સુખ સમૃદ્ધિથી સંપન્ન બનાવે છે.ગાય

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

સંપૂર્ણ પ્રાણી જગતની માતા તથા "धनं च गोधनं धान्यं स्वर्णादयो वृधैव हि" દર્શાવીને અર્થશાસ્ત્રનો મૂળ આધાર નક્કી કરવામાં આવ્યો છે.

મહાભારતે પણ આજ કહ્યું છે કે ગો"गोधनं राष्ट्रवर्धनम्" પ્રાચીન સમયમાં કોઈપણ વ્યક્તિ પાસે જેટલી વધારે ગાયો હોય,તે વ્યક્તિ એટલી જ વધારે ધનવાન માનવામાં આવતી હતી. ગોપાલ ચંપુમાં ઉલ્લેખ છે,કે નંદબાબા પાસે નવ લાખ ગાયો હતી. મત્સ્યરાજ વિરાટ પાસે સાંઠ હજાર ગાયો હતી. ગાય વિશ્વની માતા છે. "गाव विश्वस्य मातरः" સૂર્ય,વરૂણ,વાયુ, વગેરે દેવતાઓને યજ્ઞ, હવન દ્વારા આપવામાં આવેલ આહુતિથી જે આહાર અને બળ મળે છે, તે ગાયના ઘી થી જ મળે છે.ગાયના ઘી દ્વારા જ યજ્ઞમાં આહુતિ આપવામાં આવે છે,જેના દ્વારા સૂર્યના કિરણો પુષ્ટ બને છે, કિરણો પુષ્ટ બનવાથી વર્ષા થાય છે અને વર્ષાથી તમામ પ્રકારનું આનાજ,વનસ્પતિ,ઘાસ વગેરે પેદા થાય છે, જેનાથી સંપૂર્ણ પ્રાણી જગતનું પોષણ થાય છે.

આપણા શાસ્ત્રોમાં મહિમામય અને હમેંશા બધી રીતે ઉપયોગી એવી ગૌમાતાને પ્રણામ કરવાનું વિધાન રહ્યું છે-

त्वं माता सर्वदेवानां त्वं च यज्ञस्य कारणम्।
त्वं तीर्थं सर्वतिर्थोनां नमस्तेऽस्तु सदनाधे॥

હે નિષ્પાપી ગૌમાતા! તું તમામ દેવતાઓની પણ માતા છે,યજ્ઞનો આધાર છે અને તું જ તમામ તીર્થોમાં તીર્થ સ્વરૂપ છે, અર્થાત તને વારંવાર પ્રણામ.

પ્રાચીન સમયથી જ આપના દેશમાં ગાય,ગંગા,ગીતા,ગાયત્રી અને ગુરુ સંસ્કૃતિનું પ્રતિક રહયાન છે. આ પાંચે ચીજો આપણા તન-મનમાં વસેલી છે.ગાયનું દૂધ આપણા તન-મનને તંદુરસ્ત બનાવે છે. ગંગા આપણા તન-મનને નિર્મળ બનાવે છે,ગીતા આપણને શ્રેષ્ઠ ઉદેશવાળું તથા સાર્થક જીવન જીવવાની કળા શીખડાવે છે, ગાયત્રી મંત્ર સૂર્યની ઉપાસનાનો મંત્ર છે, ભગવાન ભાસ્કર જ સમગ્ર પ્રાણીજગત અને વનસ્પતિઓના જીવનના સ્ત્રોત સમાન છે. ગુરુ ડગલેને પગલે જ્ઞાનનો પ્રકાશ આપે છે અને આંગળી પકડી રસ્તો ચીંધે છે.

આપના દેશની સંસ્કૃતિ સાથે ગાય કેમ જોડાયેલી છે ?એના ઉપર વિચાર કરવાની આવશ્યકતા છે. આજે ભૌતિક સુખોની આંધળી દોડમાં દોડી રહેલા શિક્ષિત વર્ગને માત્ર શ્રદ્ધા-વિશ્વાસની વાતો સમજમાં આવતી નથી.તેમને ગાયની ઉપયોગીતા તાર્કિક રીતે બતાવવાથી જ સમજમાં આવશે. ગાયનું મહત્વ તાર્કિક રીતે સમજવા માટે આપણે એ જોવું તથા સમજવું પડશે કે ગૌવંશ ન માત્ર ધાર્મિક દ્રષ્ટિએ

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

પૂજનીય છે,પરંતુ આર્થિક દ્રષ્ટિએ પણ સમૃદ્ધિનો આધાર છે. સરળતાની દ્રષ્ટિએ આપણા જીવનમાં તેના યોગદાનને ત્રણ ભાગમાં વિભાજીત કરી શકાય.

૧. ગાય આપણા ધર્મ અને મોક્ષનો આધાર છે.

૨.ગાય આપણા આરોગ્યનો આધાર છે.

૩.ગાય આપણી આર્થિક સમૃદ્ધિનું મુખ્ય સ્ત્રોત છે.

*૨. ભારતીય સંસ્કૃતિમાં ગાય (ગૌમાતા)નું મહત્વ:

ગાયનું પૂજન ફક્ત હિંદુઓ માટે જ છે.એમ માનવું ભુલ ભરેલું છે. જેનામાં માણસાઈ છે. કૃતજ્ઞાતાનો ભાવ છે તે પ્રત્યેક માણસ માટે ગાયનું પૂજન છે,તેનો ઉપકાર સર્વ માટે છે. ભગવત ગીતાનાં છઠ્ઠા અધ્યાયના બત્રીસમા શ્લોકમાં શ્રીકૃષ્ણ ખાસ કહે છેકે 'જે યોગી પોતાની જેમજ સઘળા ભૂતોમાં સમ દ્રષ્ટિથી જુએ છે એ પરમ શ્રેષ્ઠ મનાયો છે.

'ગાયથી થનાર લાભની કોઈ ગણના જ થઈ શકે તેમ નથી.'જીવનનાં બધાજ સ્તરો માં ગાયનું સ્થાન સર્વશ્રેષ્ઠ મનાયું છે. જે શ્રુતિ, સ્મૃતિ,પુરાણ,આયુર્વેદ, વગેરેમાં તથા આધુનિક સાહિત્યનાં લખાણમાં જણાવ્યું છે.

ગાયની સેવા કરવી તેમને વન વન ચરવા લઈ જવામાં ભગવાન શ્રીકૃષ્ણ જીવનનું શ્રેષ્ઠ કાર્ય સમજતા. તેથી તેઓ 'ગોપાલ કૃષ્ણ' કહેવાતાં. તેમણે કહ્યું હતું કે "ગાયો મારી આગળ અને પાછળ રહે,ગાયો મારા હદયમાં રહે, અને હું તેમની વચ્ચે વાસ કરું છું." 'गवा मध्ये वसामि अहम्'

ઋગ્વેદમાં 'माता रुद्राणां.' કહીને સ્પષ્ટ કહ્યું છે. ગાય રુદ્ર દેવોની માતાનાં રૂપમાં સમસ્ત સંસારનું કલ્યાણ કરનારી, વસુઓની પુત્રીના રૂપમાં સમૃદ્રિદાત્રી તથા આદિત્યોની બહેનના રૂપમાં અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જનારી સાક્ષાત અમૃત નાભિ હોવાથી અમરત્વનું વરદાન આપનારી છું. એટલે પિતૃઓના શ્રાધ્ધ કરતી વખતે 'ગોગ્રાસ' મૂકવામાં આવે છે અને બોલવામાં આવે છે કે 'હે ત્રિલોકની માતા ગાય' મેં ગ્રાસ મુક્યો છે તેને તમે ગ્રહણ કરો.

(૧) ગૌમાતાનું સ્થાન:

વેદોમાં ગાયનું માતા તરીકે વર્ણન છે. હકીકતમાં ગાય એ માનવ સમાજની માતા છે.કારણ કે બાળકની જન્મદાત્રી માતા છે. તે તો બાળકને વરસ-બેવરસ સ્તનપાન કરાવે છે. ત્યારપછી આખી જિંદગી દૂધ પાનારી માતા ગાય જ છે.

મહાભારતમાં ગાય માટે સ્પષ્ટ લખાણ છે. गायःश्रेष्ठःपवित्राश्च पावन जगप उतमाः ગાયો સંસારમાં ઉતમ, શ્રેષ્ઠ, પવિત્ર કરનારી છે.જેના દહીં તથા ઘી વગર યજ્ઞો કરવા સંભવિત નથી.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

શરીરની પુષ્ટિ માટે જેટલું ગાયનું દૂધ મહત્વનું છે. તેટલું રોગ નિવારણ તથા પ્રાયશ્ચિત માટે ગોમૂત્ર અને ગોમય(છાણ)નુંય છે. એમ વસિષ્ઠ મુનીએ કહેલું છે.

પૂતનાના પ્રાણ હરણ કર્યા પછી પૂતનાના વક્ષઃસ્થલ પર રમતા બાલકૃષ્ણને ગોદમાં લઈ યશોદા માતાએ તેમની ચારેબાજુ ગોપુચ્છ ફેરવી,ગોમૂત્રથી સ્નાન કરાવી તેના શરીર ઉપર ગોરજથી મર્દન કરી કેશવના બાર નામોથી તેની રક્ષા કરી હતી. (શ્રીમદ ભાગવત)

(૨) ગાયમાં રહેલ દેવતાઓઃ

ગાયમાં તેત્રીસ કરોડ દેવતાઓ સમાયેલા છે.દરેક દેવ-દેવતા દેવીઓનું સ્થાન ગાયમાં સમાયેલું છે. આથી ગાયને પૂજનીય મનાય છે. ગાય માતામાં ચારેય વેદો અથર્વવેદ, સામવેદ, ઋગ્વેદ, યજુર્વેદ એમ ચારે વેદોમાં ગાયનું મહત્વ દર્શાવ્યું છે.

(૩)"ગાયની પીઠમાં બ્રહ્મા,ગાળામાં વિષ્ણુ,મુખમાં શિવજી,વચમાં બધા દેવી-દેવતાઓ, રૂંવાડામાં મહર્ષિઓ, પૂછમાં નાગ,પગની ખરીઓમાં આઠ પર્વત,મૂત્રમાં ગંગાજી આદિ નદીઓ, બંને નેત્રોમાં સૂર્ય-ચંદ્ર, સ્તનોમાં વેદ,તથા ગોબર (છાણ)માં લક્ષ્મી આદિ વસેલા છે.આથી તે ગાય વરદાન આપનારી થાય" ગાયના કાનમાં આપણી સમસ્યા બોલવાથી તે સમસ્યા દૂર થાય છે.

*ગાયની દરેક વાતો- દુધ,દહીં,ઘી,મૂત્ર,છાણ,તથા ચામડી,હાડકા,વાળ અને શિંગડા બધું જ માનવજાતને માટે ઉપકારક છે.તેથી ઋગ્વેદમાં મંત્ર છે કે ગાયથી થનારા લાભની કોઈ ગણના જ થઈ શકે તેમ નથી.

गावो ना परम मिता બ્રહ્મસૂત્ર ૧૩/૧૪ માં ગાયનું માનવ સમાજના પરમ મિત્ર તરીકે વર્ણન કરવામાં આવ્યું છે. ગાયનું સમાજમાં એટલું મહત્વ અને ગો-ભક્તિની ભાવના આપી છેકે જ્યાં જ્યાં ગાયના પગલા પડતાંતે ધૂળથી વાતાવરણ પવિત્ર થઈ જતું,તે લોકોમાં સૌભાગ્યશ્રી નું સૂચક દર્શાવ્યું છે.

(૪) ગાયનું મહત્વઃ

ગૌધન એ આપણી ઐહિક સમૃદ્ધિનું મૂળ છે. ધનોમાં તેને ઉત્કૃષ્ટ ધન માનવામાં આવ્યું છે.આપણી જીવન વ્યવસ્થા કૃષિ પ્રધાન રહી છે, અને કૃષિનો બધો આધાર સ્તંભ બળદ-ગોમૂત્ર અને ગાયો પર છે. જે ગાયોએ વર્ષો સુધી માનવના કુટુંબને પાળી-પોષીને પુષ્ટ કર્યા. પોતાના પુત્ર બળદને માનવીનાં સુખ માટે આપી દીધા તેની ઉપકારીકા ન ભૂલી શકાય તેવી છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

મહાભારતના અનુશાસન પર્વમાં ગાયની શ્રેષ્ઠતા વિષે ચ્યવન ઋષિએ સ્પષ્ઠ કહ્યું છેકે "આ સંસારમાં ગાયો સિવાય બીજું કોઈ શ્રેષ્ઠ ધન નથી.તેના ગુણોનું નામ અને કીર્તન કરવું, સંભાળવું,તેનું દાન આપવું,તેનું દર્શન કરવું.એની શાસ્ત્રમાં ખુબજ પ્રશંસા કરી છે."

गव्या प्रशस्यते वीरा॥મહાભારતમાં તેથી જ કહેવાયું છેકે તીર્થસ્થાનનું સ્નાન, બ્રહમ-ભોજન,મહાદાન,ભગવત્સેવા,સમસ્તવ્રતોની ઉપાસના,પૃથ્વીનું પર્યટન તથા સત્ય ભાષણથી જે પુણ્ય મળે છે. તે બધું જ પુણ્ય કેવળ ગો-સેવાથી પ્રાપ્ત થાય છે. ગાયનું પૂજન ફક્ત હિંદુઓ માટે જ છે.એમ માનવું ભૂલ ભરેલું છે.જેનામ માણસાઈ છે.

કૃતજ્ઞતાનો ભાવ છે તે પ્રત્યેક માણસ માટે ગાયનું પૂજન છે. તેનો ઉપકાર સર્વ માટે છે. ભાગવત ગીતાના છઠ્ઠા અધ્યાયનાં બત્રીસમા શ્લોકમાં શ્રીકૃષ્ણ ખાસ કહે છેકે 'જે યોગી પોતાની જેમ જ સઘળા ભૂતોમાં સમદ્રષ્ટિથી જુએ છે એ પરમ શ્રેષ્ઠ મનાયો છે.' સમસ્ત ભારતની સંસ્કૃતિને ચરિતાર્થ કરનારી ગાય એ ગૌરવપૂર્ણ સંપતિ છે.

(૫) ગાયના દૂધમાં રહેલા તત્વો :

ગાયના દૂધમાં શરીરને જરૂરી બધા જ પોષક તત્વો છે. પાણી વગરના દૂધમાં ૧૩ ટકા ઘણા પદાર્થો રહે છે.બાકીનો ભાગ જલીયંશ છે. આ ૧૩ ટકામાં પ્રોટીન ૩થી૪ ટકા, સાકર ૪થીપ ટકા, ક્ષાર અડધો ટકા,ખનીજો અડધો ટકા,વિટામીન અડધો ટકા રહેલા છે.

ગાયના દૂધમાં કેલ્શિયમ,ફોસ્ફરસ,મેગ્નેશિયમ, સોડીયમ,પોટેશિયમ,ક્લોરીન,આર્યન, આયોડીન અને સલ્ફર જેવા ખનીજો હોય છે. વિટામીન એ,બી,સી,ડી,ઈ અને કે હોય છે. વિટામીન બી-૧૨ પણ હોયછે.

બાળકો,વૃધ્ધા,સગર્ભા,બીમારી અને અશકતોને માટે ગાયનું દૂધ ખોરાકની ગરજ સારે છે.તેઓને દૂધમાંથી પુરતા પ્રમાણમાં પોષણ મળી રહે છે. ગાયનું દૂધ ભેંસના દૂધ કરતાં વધારે સુપાચ્ય અને પચવામાં હલકું છે.

(૬)ગાયના દરેક પદાર્થો ઉપયોગી છે.:

છાસઃ ઝાડાને મટાડનારી ખાટી,તુરી,મીઠી હિતકારી અને અક્ષિરવર્ધક,વાતહર,તૃપ્તિ કરનાર તથા પાચનના ગુણો વધારનારી છે.

માખણઃ હિતકાર,બળ વધારનાર,રોગને સુધારનાર,બળને આપનાર,ઝાડાને રોકનાર, હરસ મટાડનાર,લોહી સુધારનાર, બાળક અને વૃદ્ધને માટે અમૃત સમાન છે.

*ઘીઃ ગાયનું ઘી આંખ માટે હિતકારી,જાતીય શક્તિ વધારનાર,પવિત્ર,અલશિક્ષ્મ,

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

પાપ,રાક્ષસોના નાશ કરનાર,આયુષ્ય તથા બુદ્ધિ વધારનાર છે.

*ગોમૂત્રઃ આયુર્વેદમાં આઠ પ્રાણીઓનાં મૂત્રનું વર્ણન કરેલ છે.તેમાં ગોમૂત્ર સર્વમાં શ્રેષ્ઠ છે.ચરક,સુશ્રુત,ભાવપ્રકાશે ગોમૂત્રને પવિત્ર અને લોહી તથા કફના વિકારોમાં શ્રેષ્ઠ ઔષધ તરીકે ગણેલ છે.તેમજ કબજીયાત,ઉધરસ,શ્વાસ,ચામડીના રોગો,કરમિયા નોરોગ,ખંજવાળનો રોગ,હાથીપગાનો રોગ માટે ગોમૂત્ર શ્રેષ્ઠ ગણાવ્યું છે.હવે ગૌશાળા માં તેનો અર્ક કાઢીને ઉપયોગમાં લેવામાં આવે છે.ગાયનું છાણ પણ પવિત્ર ગણવામાં આવે છે. ઘર લીંપવામાં તેનો પણ ઉપયોગ કરાય છે જેથી પવિત્રતા જળવાઈ રહે.

(૭)દરેક ધર્મમાં ગાયનું મહત્વઃ

હિંદુ ધર્મામાં ગાયને પવિત્ર પૂજનીય ગણાય છે. ગાયનું દૂધ ખુદાની પ્રસાદી મનાય છે. ગાયનું દૂધ હમેંશા પીતા રહો કારણકે એ દવા છે.ગાયનું ઘી બીમારીઓ દૂર કરે છે.ગાયના માંસથી બચો કારણકે ગાયનું માંસએ બીમારી છે. મહંમદ પયગમ્બર ભગવાન ઇસુ ખ્રિસ્તનો જન્મ જ ગૌશાળામાં થયો હતો.પારસીઓ ગૌ માંસ ખાતા નથી. જૈનો તો જીવમાત્રની હિંસાના વિરોધી છે.ભગવાન બુદ્ધે ગૌ હત્યાનો વિરોધ કર્યો હતો અને ગાયને માતા તુલ્ય ગણી હતી. ભારતના બંધારણમાં રાજ્યોની રાજનીતિ માટે માર્ગદર્શક નિયમોમાં ગૌહત્યા બંધ કરવાનો ઉલ્લેખ થયો છે. ગૌહત્યા વિષયક સૂચનો આર્ટિકલ-૪૮માં નોંધાયા છે તે આ પ્રમાણે છે. “રાજ્યો ખેતી અને પશુપાલન ને આધુનિક અને વૈજ્ઞાનિક રીતે વિકસાવવા પ્રયત્ન કરશે અને ખાસ કરીને ગાય, વાછરડાં અને બીજા દૂધ અને વહનકાર્ય માટેના પ્રાણીઓની હત્યા બંધ કરાવવા તેમજ તેમની જાતી સુધારવા અને તેમને સાચવવા પગલાં લેશે.”

(રાજ્યોના નીતિવિષયક સૂચિત નિયમો,ન્યાય અને કાયદા મંત્રાલય)

સંદર્ભ સૂચિઃ

(દર્શન યોગ મહા વિધાલય,રોઝડ,જી.બનાસકાંઠા દ્વારા પ્રકાશિત સાહિત્ય)

(રાજ્યોના નીતિવિષયક સૂચિત નિયમો,ન્યાય અને કાયદા મંત્રાલય)

ઋગ્વેદ) ,ભગવદ્ ગીતા ,શ્રીમદ ભાગવતઅથર્વવેદ ,મહાભારત (

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

પુજારા ચાંદની કમલેશભાઈ
એમ.એડ્ તાલીમાર્થી
શિક્ષણશાસ્ત્ર ભવન
કે. એસ. કે. વી. કચ્છ યુનિવર્સિટી,ભુજ-કચ્છ.

ગાય આધારિત ચિકિત્સા

સારાંશ :

ભારતીય લોકો ગાયને માતા તરીકે પૂજે છે. ભારતમાં ગાયને બધી દૈવી શક્તિઓ કે તત્ત્વોનું મૂર્તિમંતરૂપ ગણવામાં આવે છે. ગાયનું દાન બીજા બધાં દાન કરતાં શ્રેષ્ઠ ગણાય છે. યજ્ઞયાગ વખતે ગાય અને ગાય દ્વારા મળતા વિવિધ પદાર્થોને ઘણા મહત્ત્વના ગણવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિએ ગાયને "કામધેનુ'જેવું અત્યંત મહત્ત્વનું અને પવિત્ર નામ આપ્યું છે. કામધેનુ એટલે આપણી બધી ઇચ્છાઓ પૂરી કરતી દિવ્ય ગાય. વેદો, પુરાણો અને ઈતિહાસમાં ગાયના વિવિધ ઉપયોગો અને એની પવિત્રતા વિશે ઘણું કહેવામાં આવ્યું છે. પવિત્ર ગાય અને ભારતીય જીવન એક પવિત્ર બંધનની જેમ જોડાયેલા છે. ઋગ્વેદ કહે છે કે ગાયને મારી નાખવી એ સૌથી મોટું પાપ કે મોટો અપરાધ છે.મહાભારતના અનુશાસન પર્વમાં ભીષ્મ ગૌમાતી યજ્ઞની મહત્તા અને પવિત્ર ગાયના મહત્ત્વની વાત કહે છે. તે કહે છે કોઈ પણ વ્યક્તિ કોઈ પણ વિષયનું વાચન ગાયની પાસે બેસીને કરે તે જે તે વિષયનું મૂળભૂત તત્ત્વ થોડા સમયમાં જ ગ્રહણ કરી શકે. એનું કારણ એ છે કે ગાય હમેશાં ભાવતરંગો છોડતીરહે છે અને એને લીધે આપણું મન સ્થિર રહે છે.

ચાવીરૂપ શબ્દો:

પંચગવ્ય (દૂધ, ઘી,દહીં,ગૌમૂત્ર, છાણ)

પ્રસ્તાવના:

પંચગવ્ય નું નિર્માણ દેશી વનવિચરણ કરતી ગાયો પાસેથી પ્રાપ્ત ઉત્પાદનો દ્વારા જ કરવું જોઈએ. આયુર્વેદ મુજબ સૂર્યનાળી વાળી ગાયો જ પંચગવ્યનું નિર્માણ કરવા માટે ઉપયુક્ત હોય છે.દેશી ગાયો નો ઉપયોગ પંચગવ્ય ના નિર્માણ માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. આ ગાયો માંથી મેળવેલા દ્રવ્યોમાં માનવજાત માટે જરૂરી બધા જ તત્વો પ્રાપ્ત થાય છે. મહર્ષિ ચરકના કહેવા અનુસાર ગૌમૂત્ર કટુ, તીક્ષ્ણ તેમજ કષાય હોય છે. તેના ગુણોમાં ઉષ્ણતા હોય છે. તે અગ્નિદિપક ગુણ પણ ધરાવે છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ગૌમૂત્રમાં નાઇટ્રોજન, સલ્ફર, એમોનિયા, કોપર, લોહતત્વ,યુરિક એસિડ, યુરિયા, ફોસ્ફેટ, સોડિયમ, પોટેશિયમ મેગેનીઝ, કાર્બોલિક એસિડ, કેલ્શિયમ, વિટામીન– બી, વિટામિન એ, ડી, ઇ, એન્ઝાઇમ, લેકટોઝ વગેરે રહેલા હોય છે. યુરિયક મુત્રલ તેમજ કિટાણુનાશક છે. પોટેશિયમ ક્ષુધાવર્ધક તથા મડનું નિયમન કરનાર છે. સોડિયમ શરીરમાં તાંત્રિકા શક્તિનું નિયમન કરે છે. મેગ્નેશિયમ તેમજ કેલ્શિયમ હૃદયગતિનું નિયમન કરે છે.

આજના સમયમાં " કોરોના " સામે રક્ષણ મેળવવા માટે પણ 'પંચગવ્ય ચિકિત્સા'ખૂબ જ ઉપયોગી છે.

પંચગવ્ય અને ચિકિત્સા

આપણે વર્ષોથી ગાયનાં દૂધ, ઘી, માખણ, દહીં, ગૌમૂત્ર, ગાયનું છાણ, વગેરેનો વિવિધ સ્વરૂપે ઉપયોગ કરતાં જ આવ્યાં છીએ પરંતુ હવે, 'કોરોના' મહામારી સામે લડવા માટે ગાયનું દૂધ, દહીં, ઘી, ગૌમૂત્ર અને ગાયનાં ગોબરમાંથી વિશિષ્ટ પ્રક્રિયાઓ દ્વારા વ્યક્તિનાં શરીરમાં સાહજિક રોગપ્રતિકારક શક્તિ ઉત્પન્ન થાય તેવી સારવાર કરવામાં આવી રહી છે. ઇમ્યુનિટી ટકાવવા અને વધારવા માટે પંચગવ્યની આ સારવાર ખૂબ ઉપયોગી સાબિત થશે.

પંચગવ્યમાં સમાવિષ્ટ પાંચેય દ્રવ્યોનાં ગુણોની વધુ વાતો કરીએ તો,

❖ **ગાયનુંદૂધ :**

ગાયનું દૂધ આયુષ્યવર્ધક છે, પવિત્ર છે. ગાયના દૂધનાં પ્રભાવથી અપવિત્ર રજનો નાશ થાય છે. અણુવિકિરણ રજ જેવી અપવિત્ર રજ કેન્સર માટે જવાબદાર છે. ગાયનાં દૂધથી આવી રજ નાશ પામે છે.અત્યાર સુધી ગાયનું દૂધ અકલ્પનીય પોષણ મૂલ્યો અને અન્ય ગુણધર્મો માટે માનવોમાં સૌથી વધુ પ્રાધાન્ય છે.

ગાયના દૂધમાં A-1 અને A-2 એમ બે પ્રકારના પ્રોટીન હોય છે. A-2 પ્રકારનું પ્રોટિન આરોગ્ય માટે ઉત્તમ છે, જ્યારે A-1 પ્રકારનું પ્રોટિન લાંબા સમય સુધી આહારમાં લેવાથી નુકશાન કરે છે. ભારતમાં પશુઓ પર સંશોધન હુરતી સંસ્થા N BAGR (National Bureau of Animal Genetic Resources) (કરનાલ, હરીયાણા) એ તમામ ગાયોના દૂધનો અભ્યાસ કર્યો. જેમા ભારતની દેશી ગાયો જેવી કે લાલ સિંધી, શાહીવાલ, થરપારકર, રાઠી, ગીર તથા કાંકરેજ ગાયના દૂધમાં A-2

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

પ્રોટીન ૯૮% હોય છે. દૂધમાં જેટલું A-2 પ્રોટીન વધારે હોય એટલું જ આરોગ્યની વૃધ્ધિમાં મદદરૂપ રહે છે. જ્યારે વિદેશી ગાયોના દૂધમાં A-2 પ્રોટીનની માત્રા ઓછી હોય છે.

વિદેશી ગાયો જેવી કે એચ.એફ. અને જર્સી ગાયના દૂધમાં A-1 પ્રોટીનમાં રહેલું BCM-7 ટોકસીન લાંબા ગાળે ડાયાબિટીસ, અનિદ્રા, સ્થૂળતા, બાળમરણ, બહેરાશ અને હૃદય રોગને આમંત્રે છે. જ્યારે દેશી ગાયના દૂધમાં રહેલું A-2 પ્રોટીન આરોગ્ય માટે અમૃત સમાન છે.

આ ઉપરાંત ભારતીય વંશની ગાયના દૂધમાં એક મહત્વનું ઘટક ઓમેગા-૩ ફેટી એસીડ વધુ પ્રમાણમાં જોવા મળે છે જે આપણા શરીર માટે ખુબજ ગુણકારી છે. તથા Cerebroside (સેરેબ્રોસાઈડ) નામનું તત્વ મગજ અને બુધ્ધિના વિકાસ માટે સહાયક બને છે, જે "બ્રેઈન ટોનીક" છે તે ભારતીય વંશની ગાયના દૂધમાં વધુ માત્રામાં મળે છે.આ સિવાય પણ ભારતીય વંશની ગાયના દૂધમાંથી એક વધુ મહત્વનું તત્વ ખુબ જ પ્રમાણમાં મળે છે જેને CLA (કોંઝુગેટેડ લીનોલીક એસીડ) ના નામથી ઓળખવામાં આવે છે. દૂધમાંથી કુદરતી મળતું CLA શરીર માટે ખુબ લાભકારી સિધ્ધ થયેલ છે જે કેન્સર અને, ડાયાબિટીસ વિરોધી સિધ્ધ થયેલ છે.તેથી જ દેશી ગાયના દૂધને ધરતી પરનું અમૃત કહે છે. માટે આપણા બાળકોને દેશી ગાયનું દૂધ જ પાઈએ.

બ્રિટનની રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવા(એનએચએસ) અનુસાર ગાયનું દૂધ અને તેનાથી બનતી ચીજો, જેવી કે પનીર, દહીં, માખણ વધારે માત્રામાં કૅલ્શિયમ અને પ્રોટીન આપે છે. જે સંતુલિત આહાર માટે જરૂરી છે.

અમેરિકાના ન્યુટ્રિશનિસ્ટ ડોનાલ્ડ હેંસરડ કહે છે કે કૅલ્શિયમ અને પ્રોટીન સિવાય દૂધમાં અનેક પ્રકારનાં વિટામિન હોય છે. દૂધ વિટામિન A અને D માટે ખૂબ સારો સ્રોત છે.

બ્રિટિશ ન્યુટ્રિશન ફાઉન્ડેશન પ્રમાણે, "બાળકો અને મોટા લોકોને જેટલી માત્રામાં આયર્ન, કૅલ્શિયમ, વિટામિન, ઝિંક અને આયોડીનની જરૂરિયાત હોય છે, તે તેમના અન્ય આહારમાંથી પૂરતાં પ્રમાણમાંથી નથી મળી રહેતાં, જે દૂધમાં જોવા મળે છે.

ગાયના દૂધનોચિકિત્સા રૂપેફાયદાઓ :

- ગાયનુંદૂધસ્નિગધ, શીતલ, શક્તિ, સ્ફુર્તિ, તૃપ્તિ, રૂચિ, સ્મૃતિ, બુધ્ધિઅનેબળવધારનારછે.
- ગાયનું દૂધ સ્વાસ્થ્ય સંબંધી આરોગ્ય અને આયુષ્ય વધારનાર તથા વૃધ્ધાવસ્થા દુર રાખનાર અને યૌવનને લાંબાસમય સુધી ટકાવી રાખે છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

- ગાયના દૂધમાં સારા કોલેસ્ટેરોલનું પ્રમાણ વિશેષ હોય છે.
- ગાયનું દૂધ રેચક છે તેના કારણે આંતરડા સાફ કરી કબજીયાતદૂર કરે છે.
- ગાયનું દૂધ એન્ટી ઓક્સીડન્ટ તત્વ ધરાવતું હોઈ કેન્સર જેવીબિમારીમાં ફાયદો કરે છે.
- ગાયનું દૂધ ઈમ્યુનોસ્ટીમ્યુલન્ટ અને બાયો એન્હાન્સર છે.
- ગાયનું દૂધ ત્રિદોષ (વાત, પિત અને કફ) દૂર કરનારૂ છે અને ટી.બી. ના ઉપચારમાં અત્યંત ફાયદાકારક છે.
- ગાયના દૂધમાં રહેલું સુવર્ણ તત્વ લીવર, પેનક્રીયાસ, કીડનીના રોગોના ઉપચારમાં ફાયદાકારક છે.
- કે તમારા હાડકાને મજબૂત કરે છે
- તે તમારા દાંત માટે સારું છે
- તે તમને વજન લુપ્ત કરાવવામાં મદદ કરી શકે છે.
- તે તમારા મસલ્સ બનાવવામાં મદદ કરી શકે છે.

❖ ગાયનું દહીં

ભારતીયો કોઈપણની સાથે દહીં અને છાસ તો અચૂક લેતા હોય છે. દહીં સ્વાસ્થ્ય માટે પણ ફાયદાકારક માનવામાં આવે છે. દહીંમાં કેલ્શિયમ, પ્રોટીન અને વિટામિન લેક્ટોઝ, આયર્ન અને ફોસ્ફરસ હોવાને કારણે ચહેરા, વાળ અને અન્ય સ્વાસ્થ્યની દૃષ્ટિએ ફાયદાકારક છે. દહીં સ્વાસ્થ્ય માટે વરદાનથી ઓછું નથી તે પેટને ઠંડુ રાખે છે. તમે ઘણી બીમારીઓથી બચી શકો છો, તેમાં પ્રોટીન, કેલ્શિયમ અને આયર્ન જેવા પોષક તત્વો હોય છે. જે શરીરને સ્વસ્થ રાખે છે અને દહીં ખાવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે અને શરીરને ઉર્જા પણ મળે છે.

❖ ગાયનું ગૌમૂત્ર :

આપણા હિંદુ ધર્મ માં ગાયને માતા માનવામાં આવે છે. ગાય ઘણા પ્રકારની હોય છે જેમકે, જરશીગાય, દેશી ગાય, દોગલી ગાય. આ ત્રણેય ગાયો માંથી દેશી ગાય નું મૂત્ર ખુબજ ગુણકારી હોય છે. આપણા વડવાઓ પણ કહી ગયા છે કે ગૌમૂત્રમાં ગંગા અને તેના છાણમાં લક્ષ્મીજી નો વાસ હોય છે. આ કારણોથી જ આપણા વડવાઓ ગૌમૂત્ર

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

નો છંટકાવ ઘરમાં કરતા અને ગાયના છાણ થી લીપણ કરતા.આયુર્વેદમાં ગૌમૂત્ર ના અનેક પ્રયોગો છે ઉપયોગો છે. ગૌમૂત્ર નો રસાયણિક વિશ્લેષણ કરવાથી જાણવા મળ્યું છે કે તેમાં લગભગ ૨૪ જેટલા તત્વો હોય છે જે શરીરના અલગ અલગ રોગોને મટાડવામાં મદદ કરે છે. ગૌમૂત્રમાં તાંબુ, ફોસ્ફેટ, યુરીયા, પોટેશિયમ સલ્ફેટ, ક્લોરાઈડ, સોડીયમ વગેરે જેવા તત્વો મળી રહે છે.

ગૌમૂત્ર નિયમિત પીવે છે તેમની રોગ પ્રતિકારક શક્તિ વધુ હોય છે. મૌસમ પરિવર્તન ને કારણે થતી બીમારીઓ તેમણે અસર કરતી નથી. ગૌમૂત્રનો નિયમિત સેવન કરવાથી અનેક બીમારીઓ સામે લડી શકાય છે.

ગૌમૂત્રનો ચિકિત્સા રૂપેફાયદાઓ:

- ગૌમુત્રનોઉપયોગવજનઘટાડવામાટેકરવામાંઆવેછેકારણકે, તેમાંવિટામીન-એ, વિટામીન-બી, વિટામીન-ડી, વિટામીન-ઈઅનેક્રિએટીનીનનામનાઘણાબધાખનીજતત્વોમળીરહેછે. એકગ્લાસપાણીમાંચારથીપાંચટીપાગૌમુત્ર, મધ, અનેએકચમચીલીંબુનાખીનેદરરોજનિયમિતરીતેપીવાથીઅવશ્યવજનઘટાડીશકાયછે.
- ગૌમૂત્રનાઉપયોગદ્વારાતીલ્લીનોરોગમટાડીશકાયછે.
  ૫૦ગ્રામગૌમુત્રમાંમીઠુંનાખીનેનિયમિતપીવાથીજલ્દીઆરામમળેછે.
  આરોગમાંરોગવાળીજગ્યાએગૌમૂત્રનોશેકપણકરીશકોછો. તેનામાટેએકઈટઉલઈનેતેનેગરમકરો.
  પછીગૌમૂત્રમાંએકકપડુંપલાળીલો.
  આપલાળેલુંકપડુંગરમઈટપરરાખીનેરોગવાડીજગ્યાએધીમેધીમેસેકકરો.
  આનાથીપીડાઘટવાલાગેછે. અનેજોતમનેસાંધાનોદુખાવોછે, તોતેપણમટીજાયછે.
- ત્વચાનાલગભગદરેકપ્રકારનારોગમાટેગૌમૂત્રનોઉપયોગકરીશકાયછે. ખીલનાડાઘ, એક્ઝીમાં, ખંજવાળ,
  સફેદડાઘવગેરેઅલગઅલગપ્રકારનાચામડીનારોગોમાંગૌમૂત્રનોઉપયોગકરીશકાયછે.૯૬
- સફેદડાઘદુરકરવામાટેબાવચીનેગૌમૂત્રમાંમિલાવીનેપીસીનેરાત્રેતેનેસફેદડાઘાપરલગાવીલેવું.
  સવારેતેનેગૌમુત્રદ્વારાજસાફકરવું.
  આમકરવાથીથોડાકદિવસસુધીઆપ્રયોગકરવાથીફાયદોથાયછે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

- ખૂબશરીરમાંવધારેપડતીખંજવાળઆવેછેતોજીરુંમાંગૌમૂત્રનાખીનેપીસીનેલગાવવાથીફાયદોથાયછે
- ગૌમુત્ર નો ઉપયોગ વજન ઘટાડવા માટે કરવામાં આવે છે કારણકે, તેમાં વિટામીન-એ, વિટામીન-બી, વિટામીન-ડી, વિટામીન-ઈ અને ક્રિએટીનીન નામના ઘણા બધા ખનીજ તત્વો મળી રહે છે. એક ગ્લાસ પાણીમાં ચાર થી પાંચ ટીપા ગૌમુત્ર, મધ, અને એક ચમચી લીંબુ નાખીને દરરોજ નિયમિત રીતે પીવાથી અવશ્ય વજન ઘટાડી શકાય છે.
- અસ્થમા રોગ. ઉધરસ, કફ જેવી બીમારીઓમાં સીધો જ ગૌમૂત્રનું સેવન કરી શકાય છ્હે.
- પેટફૂલીજવાનીસમસ્યામાંગૌમૂત્રનોઉપયોગકરવામાંઆવેછે,
  નાનાબાળકોનેપેટફૂલીજવાનીસમસ્યાથઈછેતોતેમને૧ચમચીગૌમૂત્રમાંથોડુકમીઠુંનાખીનેપીવડાવવું
  .
- બવાસીર/હરસનીસમસ્યામાંસીત્ઝબાથલેવામાટેગૌમૂત્રનેગરમકરવામાંઆવેછેઅનેતેનાથીસ્નાનક રવામાંઆવેછે.
  ગૌમૂત્રમાંરહેલાગુણોહરસનીપીડામાંથીઆરામઆપેછેઅનેતેનાથીજેખંજવાળઆવેછેતેપણમટીજા યછે.
- આંખોમાંજોબળતરાથતીહોયતોગૌમૂત્રમાંથોડીકખાંડમિલાવીનેપીવાથીતેશાંતથાયછે.
- ગમેતેવાપ્રકારનીઉધરસહોયગૌમૂત્રપીવાથીતેશાંતથઈજાયછે.
  દરરોજસવારેઅડધોકપગૌમૂત્રપીવાથીઉધરસમટીજાયછે.
- કાનમાંદુખાવોથવો, ઓછુંસાંભળવું, કાનમાંથીમેલનીકળવો, વગેરેકાનનીસમસ્યાઓમાંગૌમુત્રનાએક-બેટીપાનાખવાથીમટીજાયછે,
  આપ્રયોગલગાતાર૬દિવસતોઅચૂકકરવોજ.
- અસ્થમાનાદર્દીઓએદરરોજસવારેગૌમૂત્રપીવાનીટેવપાડીદેવીજોઈ-
  લગાતાર૧પદિવસગૌમત્રપીવાથીઅસ્થમાજડમળમાંથીમટીજશે.
- વજન ઘટાડવા માટે એક ગ્લાસ પાણીમાં ૪-૫ ટીપાં ગૌમૂત્ર અને બે ચમચી મધ અને એક ચમચી લીંબુ નો રસ નાખી મિલાવીને પીવાથી વજન ઓછો કરી શકાય છે.
- ગૌમૂત્ર, ત્રિફળા, અને ગાયનું દૂધ મિક્સ કરીને જો પીવામાં આવે તો શરીર મએનીમીયાની કમી દુર થઇ જાય છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

- ૪ચમચીગૌમૂત્રસવારસાંજપીવાથીહૃદયરોગનાહુમલાથીબચીશકાયછે.
- સાંધાનાદુખાવામાંગૌમૂત્રનોઉપયોગબેરીતેકરીશકાયછે.
  પ્રથમજ્યાંદુખાવોથાયછેત્યાંગૌમૂત્રથીશેકકરવો,
  અનેબીજુંૅગ્રામસુંઠપાવડરમાંગૌમૂત્રમિલાવીનેપીવું.
- આપણા લોહીમાં રહેલા વધારાના કોલેસ્ટ્રોલ ને ઓછું કરવામાં મદદ કરે છે. X
- લોહીમાંરહેલાગ્લુકોઝનેઘટ્ઘામાંમદદકરેછે.
- આપણાહૃદય, લીવર, મગજ, રોગપ્રતિકારકશક્તિવગેરેનેસારીબનાવેછે.
- વાતપિત્તનીસમસ્યામાંથીછુટકારોમળેછે.
- અસ્થમા અને સુકી ઉધરસમાં ફાયદેમંદ રહે છે.
- ગૌમૂત્રઅર્કનાકોગળાકરવાથીતેમટીજાયછે.
- હાઈઅનેલોબ્લડપ્રેશરબન્નેમાટેફાયદેમંદછે.
- ગરમતાસીરહોવાછતાયપણગૌમૂત્રઅર્કનોઉપયોગકરવાથીતેપિત્તનેનિયંત્રણમાંરાખેછે.
- ડાયાબીટીશમાંગૌમૂત્રઅર્કપીવાથીલાભથાયછે,

❖ ગાયનું છાણ :

ગૉબરનુ સ્થાન ઘણુ ઉંચુ છે. પંચગવ્યમા એક તત્વ ગોબર પણ છે. કોઇપણમાંગલિક કાર્ય કરતા પહેલા ગોબરથી ભુમિ લીપણ કરવામાં આવે છે. ગામડામાં હજુપણ ગોબરથી લીપણ કરવામાં આવે છે. ગોબર વાતાવરણને શુધ્ધ રાખે છે અને પવિત્ર ગણાય છે. વૈજ્ઞાનિકોએ પણ તેની કસોટી કરેલ છે અને સાબિત કરી બતાવ્યું છે કે ગોબરમાં અણુકિરણો સામે રક્ષણ આપવાની ક્ષમતા-શક્તિ છે. અનેક કિટાણુઓ ગોબરથી નષ્ટ પામે છે. ગોબરથી મલતું ખાતર ઉતમ ગણાય છે. તેમા ખુબ પ્રમાણમા નાઈટ્રોજન હોય છે. આજકાલ છાંણિયા ખાતરનો મહીમા વધ્યો છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ગાયના છાણાનો ચિકિત્સા રૂપેફાયદાઓ :

- ભારતીય ગાયના છાણમાં સામાન્ય ગાયના છાણ કરતા ઉત્તમ એન્ટિમાઇક્રોબાયલ પ્રવૃત્તિ છે
- એન્ટિમાઇક્રોબાયલપ્રવૃત્તિપ્રતિરક્ષાવધારવામાટેફાયદાકારકબનાવેછે.
- ગાયનાછાણમાંઔષધીય ગુણધર્મો છે જેનો ઉપયોગ એન્ટિબાયોટિક-પ્રતિરોધક પેથોજેનિક સુક્ષ્મસજીવોના કારણે થતાં અનેક રોગો માટે દવાઓ બનાવવા માટે થઈ શકે છે.
- એન્ટીબેક્ટેરિયલગુણધર્મોનેલીધે, એવુંકહેવામાંઆવેછેકેગાયનાછાણનોઉપયોગબોડીપેકતરીકેડિટોક્સિફિકેશનઅનેપિમ્પલ્સની રોકથામમાટેકરીશકાયછે.
- સુકા ગાયના છાણનો પાવડર ત્વચાના રોગોની સારવારમાં ઉપયોગ થતો હતો.
- કેટલાક અહેવાલો સૂચવે છે કે ગાયના છાણ ચેપ ઘટાડવામાં અને રક્ત પરિભ્રમણને સુધારવામાં મદદ કરી શકે છે.
- ગાયના છાણમાં પેનિસિલિન જેવું પદાર્થ હોય છે, જે જીવાણુનાશક અસર ધરાવે છે અને રોગ પેદા કરતા બેક્ટેરિયાને ઘટાડે છે.
- સૂકાછાણનોઉપયોગબાયોગેસઅનેબળતણમાટેથઈશકેછેમોટેભાગેભારતનાગ્રામીણભાગોમાંમ કાનસામગ્રીતરીકેકાદવઅનેગોબરનીપેસ્ટનોઉપયોગથાયછે.
- ગાયનાછાણમાંવધુપ્રમાણમાંફાઇબરસામગ્રીપણછાણમાંથીકાગળનાઉત્પાદનનેસક્ષમકરેછે.
- ગાયનાછાણમાંથીસળગતાધુમાડોમચ્છરસહિતનાજીવજંતુઓનેદૂરકરવામાટેમળીઆવ્યાછે.
- ગાયનુંખાતરજમીનનીગુણવત્તામાંવધારોકરીશકેછેઅનેછોડનીવૃદ્ધિનેપ્રોત્સાહનઆપેછે.
- સુકાછાણનોઉપયોગલાકડાનીબદલીમાટેથઈશકેછે.

❖ **ઉપસંહાર :**

પંચગવ્યએ ગૌજન્ય પાંચ મુખ્ય વસ્તુઓમાંથી બનાવવામાં આવે છે – દૂધ, દહીં, ઘી, ગૌમૂત્ર અને ગોબર.આ પાંચ ગૌજન્ય વસ્તુઓ ઔષધીય ગુણ ધરાવે છે અને ઘણી બીમારી તથા ત્રુટીઓને દૂર કરી શરીર ને સ્વસ્થ બનાવની ક્ષમતા ધરાવે છે. આ પાંચ વસ્તુઓ એકલી અથવા એક-બીજા સાથે કે પછી આવી અન્ય ઔષદીય ગુણ ધરાવતી વનસ્પતિ-જન્ય વસ્તુ

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

સાથે મેળવીને અન્ય અસરકારક ઔષધિ બનાવવામાં આવે છે. આ પ્રકારના ઈલાજ ને પંચગવ્ય કહે છે. એલોપથિક, હોમિયોપેથીક અને આયુર્વેદી ની જેમજ પંચગવ્ય પણ એક શરીર સ્વસ્થ રાખવા તથા રોગોના ઈલાજ કરવાની એક પદ્ધતિ છે. પંચગવ્ય નો ઉપયોગ વૈદિક પુરાણો માં (ચરક સંહિતા તથા ગડ નિગ્રહ) માં અનેક પ્રકારની ઔષધિઓ બનાવામાં થયો હોય એવું જોવા મળે છે. પંચગવ્ય તથા અન્ય ગૌજન્ય વસ્તુઓનો ઉપયોગ આયુર્વેદ માં ઘણા રોગો જેવા કે – પાચન, અસ્થિરોગ, ચર્મ-રોગ, મધુપ્રમેહ, અમ્લપિત્ત, શ્વેત કૃષ્ઠ, મૂત્રપિંડ સંબંધિત રોગો, શ્વાસ રોગ, ઇત્યાદિ – ને મટાડવામાં થતો જોવા મળેલ છે.૨૦૦૮નીસાલમાંપંચગવ્યનેચિકનગુનિયાનારોગમાંપણદવાતરીકેઅસરકારકથયેલસાબિતથયું છે. ગૌમૂત્રનો ઉપયોગ માથામાં નાખવાનું તેલ, શેમ્પુ, સ્કિનક્રીમ, વિગેરે બનાવામાં તથા ગાયના ગોબરનો ઉપયોગ સાબુ, નાકનું સ્પ્રેય, શરીરે લગાવવાનો પાવડર, બોડીક્રિમ, દંતમંજન, ઇત્યાદિ તરીકે પણ થાય છે.

સંદર્ભ સાહિત્ય

https://gu.quora.com/%E0%AA%A6%E0%AB%87%E0%AA%B6%E0%AB%80-%E0%AA%97%E0%AA%BE%E0%AA%AF%E0%AA%A8%E0%AA%BE-%E0%AA%98%E0%AB%80%E0%AA%A8%E0%AB%81%E0%AA%82-%E0%AA%B8%E0%AB%87%E0%AA%B5%E0%AA%A8

https://www.gujaratsamachar.com/news/sahiyar/panchgavya-and-its-importance

https://gu.quora.com/%E0%AA%97%E0%AB%8C%E0%AA%AE%E0%AB%82%E0%AA%A4%E0%AB%8D%E0%AA%B0%E0%AA%A8%E0%AA%BE-%E0%AA%B6%E0%AB%81%E0%AA%82-%E0%AA%AB%E0%AA%BE%E0%AA%AF%E0%AA%A6%E0%AA%BE-%E0%AA%9B%E0%AB%87

https://agrostar.in/article/%E0%AA%97%E0%AA%BE%E0%AA%AF%E0%AA%A8%E0%AA%BE-%E0%AA%9B%E0%AA%BE%E0%AA%A3%E0%AA%A8%E0%AA%BE-%E0%AA%9B%E0%AB%87-%E0%AA%AB%E0%AA%BE%E0%AA%AF%E0%AA%A6%E0%AA%BE-%E0%AA%98%E0%AA%A3%E0%AA%BE%E0%AA%82-%E0%AA%9C%E0%AB%81%E0%AA%93-%E0%AA%85%E0%AA%A8%E0%AB%87-%E0%AA%9C%E0%AA%BE%E0%AA%A3%E0%AB%8B-%E0%AA%AB%E0%AA%9F%E0%AA%BE%E0%AA%AB%E0%AA%9F/62625b13fd99f9db45d91093?language=gu&state=gujarat

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

પ્રો. ડૉ. રાકેશ એન. જોષી

(આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, હિંમતનગર)

૪૭, શાંતિ પાર્ક સોસાયટી, મહાવીરનગર, હિંમતનગર.

કાલિદાસે રચેલ રઘુવંશમાં ગાય

રઘુવંશ કાલિદાસે રચેલ કૃતિ છે. સંસ્કૃત સાહિત્યમાં કાલિદાસ મૂર્ધન્ય કવિ છે. તેમણે આપણે સાત કૃતિયો આપી છે. **તેમાં ઋતુસંહાર અને મેઘદૂત બે ખંડકાવ્યો છે.** અને રઘુવંશ તથા કુમારસંભતવમ્ મહાકાવ્યો છે. **અભિજ્ઞાન શાકુન્તલ, વિક્રમોર્વશીયમ્, માલવિકાગ્નિ મિત્ર એ ત્રણ** નાટકો છે.

રઘૂવંશ મહાકાવ્ય છે. તેમાં ૧૯ સર્ગો તથા ૧૫૬૯ શ્લોકો છે. આ મહાકાવ્યમાં, સૂર્યમાંથી જન્મેલા **વૈવસ્તવલ મનુ અને મનુના ઘેર જન્મેલા રાજા દિલીપના ચરિત્રની કથાનો પ્રારંભ થાય છે.**

કાવ્યના પ્રારંભમાં જગતના માતા-પિતા શિવ-પાર્વતીને વંદન કરવામાં આવેલ છે.

દિલીપ રાજાએ એક વાર નંદિનીનું અપમાન કરેલું માટે નંદિની ગાયના નિશાસાના કારણે નિઃસંતાન છે. ખૂબ શ્રેષ્ઠ રાજા હોવા છતાં તેને સંતાન ન હોવાથી તે પોતાના ગુરુ વશિષ્ઠના આશ્રમમાં જાય છે. અને પોતે કેમ નિઃસંતાન છે તનું કારણ પૂછે છે. ત્યારે ઋષિએ કહયુ કે - નંદિની ગાયનો અપરાધ થયેલ છે તો તેની સેવા કરવાથી સંતાન પ્રાપ્ત થશે.

ત્યાર બાદ યશરૂપી ધનવાળા તે રાજા તથા તેમના પત્ની સુદક્ષિણાએ નંદિની ગાયની સેવા કરવાની જવાબદારી લીધી તેની સેવા કરવાનું નકકી કર્યું. પતિવ્રતા સ્ત્રીઓમાં અગ્રગણ્ય તે શ્રુતિરિવાર્થં સ્મૃતિન્વગચ્છત્ (રઘુવંશ-૨.૨) શ્રુતિ જેમ સ્મૃતિને અનુસરે તેમ તે ધૂળવાળા માર્ગને અનુસરવા લાગ્યા. નંદિનીનું રક્ષણ કરવા લાગ્યા.

દિલીપ રાજા પછી **પોતાના અનુંયાયી વર્ગને પણ પાછળ આવવા દેતો નહીં.** તે પોતાના બળથી જ ગાયની સેવા કરતો હતો. ગાયને રાજા ખંજવાળી પણ આપતો. જયાં જાય ત્યાં જવા દેતો હતો.

स्थितः स्थितामुच्द्लितः प्रयातां निषेदुषीमसन बन्धधीरः
णलाभिलाषी णलमाररानां छायव तां भुपतिरन्वगच्छत (રઘુવંશ-૨.૬)

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ગાય ઉભી રહે ત્યારે તે ઉભો રહેતો, ચાલે ત્યારે પાછળ ચાલતો, બેસે ત્યારે બેસતો. પાણી પીવે ત્યારે પાણી પીતો આમ પડછાયાની જેમ તે રાજા ગાયને અનુસરતો હતો.

રાજલક્ષ્મીના ચિહનો કાઢી નાખ્યાં હોવા છતાંય તે રાજલક્ષ્મીને ધારણ કરતો હતો તે શ્રેષ્ઠ ગજરાજ જેવો લાગતો હતો. ગાય ચરતી ત્યારે તે વનની ચારે બાજુ ફરતો હતો. વૃક્ષો તથા બાલ લતાઓ પણ રાજાપર પુષ્પવૃષ્ટિ કરતી હતી. પક્ષીઓ કલરવ કરતા અને હરણાઓ, વાંસ અને વનદેવતાઓ જાણે રાજાનું યશોગાન કરતા હતા. સુગંધવાળો પવન જાણે થાકી ગયેલા રાજાની સેવા કરતો હતો.

ફળો અને પુષ્પોની પણ રાજાવનમાં ગયા પછી વૃધ્ધિ થઈ, અધિક બળવાળું પ્રાણી ઓછા બળવાળા પ્રાણી ઉપર હુમલો નહોતું કરતું. સાંજના સમયે રાજા – સુદક્ષિણા તથા ગાય પાછા ફરતા હતા.

દિવસ અને રાત્રિની વચ્ચે જેમ સંધ્યા શોભે તેમ દિલીપ અને સુદક્ષિણાની વચ્ચે ગાય શોભતી હતી. (રઘુવંશ - ૨.૨૦)

સુદક્ષિણા ગાયની પ્રદક્ષિણા કરતી હતી અને ગાયના શિગડાંઓના વચ્ચેના વિશાળ ભાગને પૂજતી.

भकत्योपपपन्नेषु रि तद्विधानां प्रसादचिहानि पुरः फलानि (રઘુવંશ-૨.૨૨) ભક્તિભાવથી ભરેલા જનો વિશે તેના જેવાની કૃપાના ચિહ્નો ભવિષ્યમાં ફળદાયી બનતા હોય છે.

રાજા ગાય બેસે પછી બેસતો, સૂઈ ગયા પછી સૂઈ જતો ગાય ઉઠતી પછી ઉઠતો હતો. આવી ગાયની સેવા કરતાં-કરતાં ૨૧ દિવસો પસાર થઈ ગયા.

પછી રાજાની પરીક્ષા માટે ગાય હિમાલયનાં કોતરોમાં પ્રવેશી પછી સિંહ વડે નંદિની ગાય પર હૂમલો થયો પછી નંદિની ગાય આક્રંદ કરી જાણે રાજાને બચાવવા કહેવા લાગી. રાજાએ પછી પોતાના ભાથામાંથી બાણ કાઢવાની ઈચ્છા કરી, ત્યારે રાજાનો જમણો હાથ सकतांगुलिः सायकपुडरव एव चित्रार्पितारम्भ इवावतस्थे (રઘુવંશ-૨.૩૧) ચિત્રમાં ચીતરેલા હોય તેમ સ્થિર થઈ ગયો.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

હાથ ચોંટી જવાથી રાજા ગુસ્સે થઈ ગયો અને અંદરની બળવા લાગ્યો પછી સિંહ મનુષ્યની વાણીમાં બોલવા લાગ્યો. હે રાજા તું પરિશ્રમ રહેવા દે. તે વ્યર્થ જશે. વૃક્ષોને મૂળમાંથી ઉપાડી નાખવાની શકિતવાળો પવનનો વેગ પણ પર્વત ઉપર સફળ થતો નથી. (રઘુવંશ-૨.૩૪) હું કુંભોદર નામનો નિકુંજનો મિત્ર શંકરનો સેવક છું. દેવદારૂના વૃક્ષને શિવે પોતાના પુત્ર તરીકે સ્વીકાર્યુ છે. એક વખતે જંગલી હાથીએ પોતાનું ગંડસ્થલ ઘસવાથી છાલ ઉખડી ગયી હતી ત્યારે કાર્તિકેય ઘાયલ થાય તેમ શોક કરેલ હતો. માટે શરમ છોડી તું પાછો ફર. તમે શિષ્ય ભકિત બતાવી દીધી છે જે રક્ષણ કરવા યોગ્ય હોય, તેનું રક્ષણ જો શસ્ત્રથી અશકય હોય તો તે શસ્ત્ર ધારણ કરનારાઓના યશનો નાશ કરતું નથી. (રઘુવંશ-૨.૪૦) રાજાને પોતાના તરફનો તિરસ્કાર થયો. પછી દિલીપેસિંહને કહયું - શંકર મારા માટે પુજનીય છે. પરંતુ ગાયના રક્ષણની ઉપેક્ષાના થઈ શકે.

તારી ભૂખ માટે મારું શરીર તૈયાર છે. ગાયને છોડી દે કારણ કે નાના વાછરડાને મળવા માટે ઉત્સુક એવી મહર્ષિની ગાયને છોડી દે (રઘુવંશ- ૨.૪૫) ત્યારે સિંહ હસ્યો અને રાજાને કહેવા લાગ્યો - વિચાર કરવાની બાબત માં તમે મુર્ખ છો. હે રાજા તું જીવતો રહીશ તો તારી પ્રજાનું રક્ષણ કરીશ માટે તારા તેજસ્વી શરીરનું રક્ષણ કર.

પછી ફરીથી સિંહ મનુષ્યની વાણીમાં બોલ્યો - નાશમાંથી બચાવે છે. એ અર્થમાં ક્ષત્રિયો માટેનો ક્ષત્ર એવો ઉન્નત શબ્દ ત્રણેય લોકમાં પ્રસિધ્ધ થયો છે. પછી પોતાના દેહને સિંહના હવાલે કરી દીધો ત્યારે વિદ્યાધરો દ્વારા રાજા પર પુષ્પવૃષ્ટિ થઈ. ગાયે કહયુ - હે સજજન ! મેં જ માયા ઉભી કરીને તારી પરીક્ષા કરી છે. તારી ગુરુ પ્રત્યેની ભકિતથી અને મારા પ્રત્યેની દયાથી હું તારી ઉપર ખુશ થઈ છું. તુ વરદાન માંગ - તારી બધી કામનાઓ પુરી કરનારી છું. પછી રાજાએ વીર એવા શબ્દોની મેળવનાર બે હાથ જોડી વંશને આગળ વધારનાર અનંત કીર્તિવાળા પુત્રને માંગ્યો. ગાયે રાજાને સારું - કહી વરદાન આપ્યું. હે દીકરા - પડિયામાં મારું દૂધ દોહીને તું પી જા પછી ગાય આશ્રમમાં પાછી વળી દંપતી પણ રાજધાની તરફ વળ્યા. અને દિલીપ રાજાને રઘુ નામનો શ્રેષ્ઠ પુત્ર પ્રાપ્ત થયો.

આ ગાયની કૃપાથી રાજાને પુત્ર પ્રાપ્ત થયો. આના ઉપરથી જ ગૌત્રાટ નામ વ્રતનો પ્રારંભ થયો હોય તેવું લાગે છે. ગાયનું ઝરણ, છાણ વગેરે દ્વારા પણ અનેક રોગો મટે છે ગાયની સેવા ઉત્તમ છે. તેમાં ત્રેત્રીસ કરોડ દેવતા રહેલા છે તેવું શાસ્ત્રો કહે છે. માટે ગાયનું રક્ષણ કરવું ઉચિત છે.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

સંદર્ભ ગ્રંથો

(૧) રંધુવંશમ્ -અનુવાદ વસન્તકુમાર મ. ભટ્ટ, અધ્યક્ષ સંસ્કૃત વિભાગ
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
સરસ્વતી પુસ્તક ભંડાર અમદાવાદ-૧
પ્રથમ આવૃતિ - ૨૦૦૪-૦૫

(૨) રંધુવંશમ્ - સંપાદકો - પ્રા. સુરેશ જ. દવે - પ્રિ.પી.આઈ.પટેલ
પ્રા. મુકેશ આર. પંડયા
સરસ્વતી પુસ્તક ભંડાર અમદાવાદ-૧
અધનન આવૃતિ – ૧૯૯૩ - ૯૪

(૩) રંધુવંશમ્ - પ્રેરક - ચંદ્રશેખર વિજય જી. મ. સાહેબ
કમલ પ્રકાશન ટ્રસ્ટ, અમદાવાદ-૧
પ્રથમ સંસ્કરણા - ૨૦૦૦

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

જેપાળ ઉમેશ જખુભાઈ

એમ.એડ.સેમેસ્ટર ૪ :- શિક્ષણશાસ્ત્ર ભવન – કરછ યુનિવર્સિટી

भारतीय संस्कृति और गाय

સારાંશ -

અભ્યાસક્રમ બાળકનો સર્વાંગી વિકાસ કરે તેવું હોવું જોઇએ.અભ્યાસક્રમમાં આપણી ભારતીય સંસ્કૃતિમાં પૂજનીય ગાયનું વર્ણન કરવામાં આવ્યું છે.અભ્યાસક્રમ ઉપરાંત આપણાં સાહિત્ય માં ગાયના મહત્વ અંગે વાત કરવામાં આવી છે.જેમાં પ્રેમચંદ રચિત સાહિત્યમાં ગૌદાન નવલકથા છે.આ નવલકથામાં કવિ પ્રેમચંદ ગૌદાન કેવી રીતે કરવું ? ગરૂડપુરાણમાં ગૌદાન માટે પૂજા કેવી રીતે કરવી ? હિન્દુ ધર્મમાં ગાયોનું મહત્વ શું છે એ વાત સરસ મજાની વાર્તા દ્વારા વર્ણવી છે.

ચાવીરૂપ શબ્દો :

ગૌદાન , નવી પેઢી , અંધશ્રદ્ધા , રૂઢિચુસ્ત વિચાર ,જમીનદાર ,માનવ જીવન સંઘર્ષ , પ્રાચીન વિધિ ,બ્રાહ્મણોને ભેટ , પડકારોનો સામનો, વાસણનાઓ માંથી મુક્તિ , દુન્વયી ઋચાઓથી મુક્ત ,ઈન્દ્રિયોને નિયંત્રણ , માતા , સુખાકારી , ગાયોના રક્ષક, ગોવિંદા , ગરુડ પુરાણ , હિન્દુ ધર્મ, પવિત્ર , માતૃત્વનું પ્રતીક , હિન્દુ દેવી દેવતાઓ સાથે જોડાણ , પવિત્રતા અને શુદ્ધતા, અહિંસા ,રક્ષણ અને સન્માન

प्रस्तावना

प्रेमचंद हिन्दी साहित्यमां એક आदरणीय नाम छे अने गोदान એ प्रेमचंदनी प्रख्यात नवलकथा छे જેણે તેમને પ્રેમચંદ બનાવ્યો હતો. ગોદાન એ હિન્દી સાહિત્યમાં તમે વાંચી શકો તેવી શ્રેષ્ઠ નવલકથાઓમાંની એક છે. પ્રેમચંદ હંમેશા તેમના સાહિત્યમાં રૂઢિચુસ્ત વિચારો, અંધશ્રદ્ધા અને સમાજની ખરાબ પ્રથાઓને ફટકારવાનો પ્રયાસ કરે છે. ગોદાન 1936 માં પ્રકાશિત થયું હતું પરંતુ તે નવી પેઢી દ્વારા સારી રીતે વંચાયેલી નવલકથા છે.

पुस्तकपरिचय

- પુસ્તકનું નામઃ- ગોદાન
- લેખકનુ નામઃ- મુનશી પ્રેમચંદ (31 જુલાઈ 1880 – 8 ઓક્ટોબર 1936)

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

- મુનશી પ્રેમચંદનુ સાચું નામ:- ધનપત રાય શ્રીવાસ્તવ
- પ્રકાર: નવલકથા
- હાર્દ:- માનવ જીવન સંઘર્ષ
- ભાષા:- હિન્દી
- **લેખક વિશે**

મુનશી પ્રેમચંદ હિન્દી સાહિત્યના પ્રતિષ્ઠિત લેખકોમાંના એક છે.પ્રેમચંદને "ઉપન્યાસ સમ્રાટ" (નવલકથાકારોનો રાજા) કહેવામાં આવે છે. તેમણે હિન્દી ભાષામાં ડઝનથી વધુ નવલકથાઓ, લગભગ 300 ટૂંકી વાર્તાઓ અને ઘણા નિબંધો, લેખો અને સાહિત્યના ઘણા વિદેશી ટુકડાઓના અનુવાદો લખ્યા છે. તેમના લેખન દ્વારા, પ્રેમચંદ સમાજની ખરાબ પ્રથાઓ પર પ્રહાર કરવાનો પ્રયાસ કરે છે. તેમની નવલકથાઓ સમાજમાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની સ્થિતિનું વર્ણન કરે છે. તે ભ્રષ્ટાચાર, કારખાનાના કામદારો, ખેડૂતો, બાળ વિધવાઓ, વેશ્યાવૃત્તિ અને ઘણા બધા લોકોની સ્થિતિ વિશે વાત કરે છે. ગોદાન, ગબન, કફન, ઇદગાહ, માનસરોવર, શતરંજ કે ખિલાડી, કર્મભૂમિ અને બજાર-એ-હુસ્ન તેમની કેટલીક અગ્રણી કૃતિઓ છે.

- **પુસ્તકવિશે**

ગોદાન શબ્દ એ બે હિન્દી શબ્દો ગો અને દાનનો વિલીનીકરણ છે જેનો અર્થ થાય છે ગાયનું દાન. ઉત્તર ભારતીય ગામમાં આર્થિક અને સામાજિક સંઘર્ષ હોરી, એક ગરીબ ખેડૂત અને તેના પરિવારના જીવન ટકાવી રાખવા અને સ્વાભિમાન માટેના સંઘર્ષની વાર્તામાં ખૂબ જ સારી રીતે કેપ્ચર થાય છે. હોરી તેના જીવનની ઈચ્છા પૂરી કરવા માટે તે બધું જ કરે છે, તેનામાટે ગાયની માલિકી, ખેડૂતની સંપત્તિ અને સુખાકારીનું માપદંડછે. કોઈના મૃત્યુ પછી આત્માને શુદ્ધ કરવાની આ એક હિંદુ વિધિ છે. ગોદાન હોરી નામનાઅનેએકનાનકડાં ગામના ખેડૂતની સામાજિક અને આર્થિક જીવન માટેના તેમના સંઘર્ષની વાર્તા છે. તે જમીનદાર, હવાલદાર, તેના પાડોશી, તેની પત્ની, તેના પુત્ર અને સારા જીવનની આશા સાથે દરરોજ કેવી રીતે સંઘર્ષ કરે છે. બીજી બાજુ, જમીનદાર પોતાના જીવન અને સંઘર્ષને કેવી રીતે જુએ છે. આ વાર્તા આપણને એ પણ બતાવે છે કે દરેક વ્યક્તિના જીવનમાં તેના સંઘર્ષ અને સમસ્યાઓ હોય છે. દરેક વ્યક્તિએ આનો સામનો કરવો પડશે અને તે આખરે

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

જીવન છે. વાર્તા હોરી અને તેની પત્ની ધનિયાના જીવનની આસપાસ ફરે છે. દરરોજ હોરી તેના જીવનમાં સારો દિવસ લાવવાનો પૂરો પ્રયાસ કરે છે પરંતુ જીવનમાં કંઈક બીજું જ ઓફર કરે છે. ધનિયા તેના જીવનમાં યોગદાન આપવા માટે કેવી રીતે ટેકો આપે છે, મદદ કરે છે અને સંઘર્ષ કરે છેતેપણવાર્તાનેરસપ્રદબનાવેછે.

- **'ગૌ દાન'ની પ્રથા**

પવિત્ર બ્રાહ્મણને ગાયની ભેટ આપવી, એ આપણા પૂર્વજોની ઘણી પ્રાચીન વિધિઓમાંની એક છે જે ફિલસૂફીમાં પથરાયેલી છે. સંસ્કૃત શબ્દ 'ગો' ના વિવિધ અર્થો છે. તેમાંથી કેટલાક આ છેઃ ' ખોરાકનો સ્ત્રોત', 'જીવનનું પ્રતીક' અને 'ઈન્દ્રિયો'. 'દાન' શબ્દનો અર્થ 'ભેટ' થાય છે. 'ગૌ દાન' શબ્દનો અર્થ થાય છે 'ગાયની ભેટ'. કોઈના ગુરુ, પંડિત અથવા લાયક બ્રાહ્મણને ગાય આપવાનું કાર્ય, વ્યક્તિની ઇન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવે છે, જેનાથી વ્યક્તિ વિશ્વના પડકારોને સફળતાપૂર્વક પાર કરી શકે છે. પ્રતીકાત્મક રીતે રજૂ કરવામાં આવે છે, જે ભક્ત આવી ક્રિયા કરે છે. તેના ભૌતિક જગતની તૃષ્ણાઓથી, તેના વિષયાસક્ત આકર્ષણો અને વેદનાઓ અને દુન્યવી રુચિઓમાંથી મુક્ત થવાની અપેક્ષા રાખો કારણ કે તેણે જેને ભેટ આપી છે તે પોતે તેમાંથી મુક્ત થઈ ગયો છે. ચાણક્ય મહારાજ, ચાણક્ય નીતિમાં લખે છે, 'ત્રિષ્ણા વૈતરણી નદી'- વાસના એ નરકની નદી છે.

ઇન્દ્રિયોના નિયંત્રણના અભાવના પરિણામે વ્યક્તિ વાસનાનો આ ગુણ પ્રાપ્ત કરે છે. 'ગૌ દાન' ની વિધિ એ બ્રાહ્મણને ઇન્દ્રિયો છોડવાની પ્રતીકાત્મક રીત છે જેણે તેની ઇન્દ્રિયોને નિયંત્રિત કરી છે. તે વ્યક્તિને ઇન્દ્રિયો પર વિજય તરફ માર્ગદર્શન આપવા અને સાંસારિક અસ્તિત્વના મહાસાગરને સફળતાપૂર્વક પાર કરવા માટે લાયક છે, જેમ કે તે હતું. આ ઉપરાંત, આ ક્રિયાથી પિતૃઓ પણ પ્રસન્ન અને મુક્ત થાય છે. પ્રશ્ન પૂછવામાં આવી શકે છે, 'ગાય શા માટે આપવામાં આવે છે?' હિન્દુ ધર્મમાં ગાય જીવનનું પ્રતીક છે; તે આદર અને આરાધનાનો એક પદાર્થ છે; તે પાંચ માતાઓમાંથી એક છે જેને આદરણીય સ્થાન આપવામાં આવ્યું છે. ઉપરાંત, ગાય સરોગેટ માતા તરીકે કામ કરે છે. તેના દૂધનું વૈજ્ઞાનિક રીતે પરીક્ષણ કરવામાં આવ્યું છે અને તે માતાના દૂધની સૌથી નજીકની વસ્તુ હોવાનું જાણવા મળ્યું છે. દૂધ સિવાય કે જે માણસનું પોષણ કરે છે અને સાત્વિક અથવા શુદ્ધિકરણ ગુણોને પ્રોત્સાહન આપે છે, ગાય આરોગ્ય, પર્યાવરણ અને આર્થિક દ્રષ્ટિકોણથી સમાજની સુખાકારી

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

માટે પુષ્કળ ઉત્પાદનો પ્રદાન કરે છે. ગાયનું છાણ માત્ર ખર્ચ-અસરકારક ખાતર નથી, પરંતુ તેનો ઉપયોગ જંતુનાશક તરીકે પણ થાય છે. તેનો ધુમાડો ઉત્તમ પ્રદૂષક છે. મૂત્રમાં ઔષધીય ગુણ હોય છે જ્યારે ઘીનો ઉપયોગ પૂજામાં થાય છે. લાઇટિંગ હવનમાં કેરી-લાકડું, ઘી, ખાંડ, ગુગળ અને કાળા તલનું મિશ્રણ શાંત અને શુદ્ધિકરણ અસર બનાવે છે, જ્યારે તે જ સમયે પર્યાવરણમાં સકારાત્મક સ્પંદનો બનાવે છે. જ્યારે દેવત્વ પૃથ્વી પર ચાલ્યું ત્યારે પણ, તેમણે ખાતરી કરી કે ગાયોની સારી રીતે કાળજી લેવામાં આવે છે. ભગવાન શ્રી કૃષ્ણ 'બાલ ગોપાલ'– ગાયોના રક્ષક તરીકે જાણીતા હતા. તેઓ 'ગોવિંદા' તરીકે પણ જાણીતા હતા – જે ગાયોને સંતોષ આપે છે. 'ગૌ દાન' કરવાની ક્રિયા એ કરી શકાય તેવા મહાન યજ્ઞોમાંથી એક છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આવી ક્રિયા પૂર્ણ કર્યા પછી વ્યક્તિ તેની ટુકડી પ્રત્યે સભાન થશે અને તેની ઇન્દ્રિયોના વિજયની સ્થિતિને જાળવી રાખવા માટે નક્કર પ્રયાસ કરશે.

- **ગરુડ પુરાણમાં જણાવેલું છે કે, તમારે ગોદાન પૂજા માટે શું દાન કરવું જોઈએ...**
- **25 ગ્રામ તલ.**
- **લોખંડનો નાનો ટુકડો.**
- **સોનાનો એક નાનો ટુકડો (જો કોઈ તેને પરવડે તો જ આઅથવાચાંદીપણ આપવામાં આવે છે.**
- **કાચા કપાસનો રોલ.**
- **500 ગ્રામ રફ મીઠું.**
- **નવધાન – (નાના પેકેટમાં 9 પ્રકારના અનાજ).**
- **એકપેકેટમાં થોડી રેતી. (કોઈને જમીનનો પ્લોટ ખરીદવાનો છે. તેથી વ્યક્તિ દાન કરી શકે છે અને જમીનનું પ્રતિનિધિત્વ કરી શકે છે).**
- **એક આભૂષણ ગાય.**
- **હિંદુ ધર્મમાં ગાયનો મહત્વ**

હિંદુ ધર્મમાં, ગાય એક મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે અને ઘણા હિંદુઓ દ્વારા તેને પવિત્ર માનવામાં આવે છે. તેઓ સૌમ્ય, સંવર્ધન જીવો તરીકે જોવામાં આવે છે અને ઘણીવાર દૈવી સાથે

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

સંકળાયેલા હોય છે. હિંદુ ધર્મમાં ગાયને શા માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે તેના કેટલાક કારણો અહીં આપ્યા છે:

- માતૃત્વનું પ્રતીક: ગાયને માતૃત્વના પ્રતીક તરીકે જોવામાં આવે છે અને ઘણી વખત તેને "ગૌ માતા" અથવા "માતા ગાય" તરીકે ઓળખવામાં આવે છે. તેઓ દૂધ પ્રદાન કરે છે, જે પોષણ અને નિર્વાહનો મહત્વપૂર્ણ સ્ત્રોત માનવામાં આવે છે.
- હિંદુ દેવી-દેવતાઓ સાથે જોડાણ: ગાય ઘણા હિંદુ દેવતાઓ સાથે ગાઢ રીતે સંકળાયેલી છે. ભગવાન કૃષ્ણ, હિંદુ પૌરાણિક કથાઓમાં એક કેન્દ્રિય વ્યક્તિ છે, જેને ઘણીવાર ગોવાળ તરીકે દર્શાવવામાં આવે છે અને તેઓ ગાય પ્રત્યેના તેમના પ્રેમ માટે જાણીતા છે. ગાય દેવી કામધેનુ સાથે પણ સંકળાયેલી છે, એક દિવ્ય ગાય જે ઈચ્છાઓ પૂરી કરે છે અને વિપુલતા પ્રદાન કરે છે.
- પવિત્રતા અને શુદ્ધતા : ગાયને શુદ્ધ માનવામાં આવે છે અને માનવામાં આવે છે કે તે આશીર્વાદ અને સારા નસીબ લાવે છે. તેમના છાણ અને પેશાબને પણ શુદ્ધિકરણ પદાર્થો માનવામાં આવે છે અને તેનો ઉપયોગ વિવિધ ધાર્મિક વિધિઓમાં થાય છે.
- અહિંસા (અહિંસા): હિંદુ ધર્મ અહિંસાના સિદ્ધાંતને પ્રોત્સાહન આપે છે, અને ગાયને આ સિદ્ધાંતના મૂર્ત સ્વરૂપ તરીકે જોવામાં આવે છે. ઘણા હિંદુઓ ગાય સહિત તમામ પ્રકારના જીવનનું રક્ષણ અને સન્માન કરવામાં માને છે.

(એ નોંધવું અગત્યનું છે કે તમામ હિંદુઓ ગાય વિશે સમાન માન્યતાઓ ધરાવતા નથી, અને પ્રથાઓ વિવિધ પ્રદેશો અને સમુદાયોમાં અલગ અલગ હોઈ શકે છે.)

ઉપસંહાર :

નવલકથામાં ગાયનું ખૂબ જ સાંકેતિક અને સાંસ્કૃતિક મહત્વ છે. ગાયને હિન્દુ ધર્મમાં પવિત્ર માનવામાં આવે છે અને તે શુદ્ધતા, ફળદ્રુપતા અને વિપુલતાનું પ્રતિનિધિત્વ કરે છે. વાર્તામાં, ગાય એક કેન્દ્રિય થીમ બની જાય છે, જે પાત્રોના સંઘર્ષ અને આકાંક્ષાઓને પ્રકાશિત કરે છે. ભોલા નામની ગાય, આગેવાન હોરી માટે આશા અને આજીવિકાનો સ્ત્રોત બની જાય છે, જે પોતાના પરિવારની આર્થિક સ્થિતિ સુધારવા માટે એક ગાય રાખવાનું સપનું જુએ છે. ગાય સમાજમાં પ્રવર્તતા શોષણ

અને સામાજિક અસમાનતાઓનું પણ પ્રતિનિધિત્વ કરે છે, કારણ કે તે ઉચ્ચ જાતિના પાત્રો માટે નીચલી જાતિના પાત્રો પર નિયંત્રણ અને સત્તાનો ઉપયોગ કરવાનું એક સાધન બની જાય છે. ગાય દ્વારા, પ્રેમચંદ સામાજિક અન્યાય, ગરીબી અને ભારતમાં ગ્રામીણ જીવનની જટિલ ગતિશીલતાની થીમ્સ શોધે છે. ગાય આકાંક્ષા અને જુલમ બંનેનું પ્રતીક બની જાય છે, જે પાત્રો દ્વારા તેમના વધુ સારા જીવનની શોધમાં સામનો કરતી કઠોર વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરે છે. એકંદરે, ગોદાનમાં ગાય એક શક્તિશાળી પ્રતીક તરીકે કામ કરે છે જે તે સમયગાળા દરમિયાન ભારતીય સમાજની સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક ગતિશીલતાને પ્રતિબિંબિત કરે છે. તે વાર્તામાં ઊંડાણ અને અર્થ ઉમેરે છે, પાત્રોની જટિલતાઓ અને સંઘર્ષોને પ્રકાશિત કરે છે.

સંદર્ભ સાહિત્ય:

Godaan book by Munshi Pemchand

https://en.wikipedia.org/wiki/Godaan

https://www.pustak.org/index.php/books/bookdetails/1442/Godan

https://hindikahani.hindi-kavita.com/Godan-Munshi-Premchand.php

ગાય અને ગૌશાળા , સંકલન - સોનલ પરીખ , પ્રકાશન - મુંબઈ સર્વોદય ટ્રસ્ટ

https://www.gujaratsamachar.com/news/dharmlok/importance-of-cow-gaumata-in-indian-culture

https://www.divyabhaskar.co.in/news/importance-of-cow-in-indian-tradition-and-unique-significance-of-cow-in-vedas-puranas-astrology-vastu-and-human-life-126735036.html

https://hi-in.facebook.com/sahityavandana

https://www.abtakmedia.com/cow-protection-is-essential-for-our-life-today-dr-vallabhbhai-kathiria/

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ડૉ. ઋતા પરમાર
આસીસ્ટન્ટ પ્રોફેસર
શિક્ષણશાસ્ત્ર વિભાગ
સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર

ભારતીયગાય અને વિદેશી ગાય : એક તુલનાત્મક અધ્યયન

સારાંશ

ભારતીય ગાયો અને વિદેશી ગાયો વચ્ચે ખૂબ મોટું અંતર છે. ભારતીય ગાય શારીરિક દેખાવ, કાર્યક્ષમતા, સંવેદનશીલતા અને આગવીસૂઝની દૃષ્ટિએ વિદેશી ગાયથી અલગ છે. તે માનવ જીવનની પોષણકર્તા છે. એટલે જ ભારતીય સંસ્કૃતિમાં ગાય, ગંગા, ગીતા, ગૌરી અને ગાયત્રી પૂજ્ય છે.

પ્રસ્તાવના

ભારતીય ગાયો અને વિદેશી ગાયો વચ્ચે ખૂબ મોટું અંતર છે. સમજદાર ઘણા લોકો તો વિદેશી ગાયોને ગાય ગણતાં જ નથી. જેમ આપણે જંગલના રોઝ(નીલગાય)ને ગાય નથી માનતા, પણ ગાય જેવું દેખાતું જંગલી પશુ ગણીએ છીએ એ રીતે વિદેશી ગાયો પણ ગાય જેવું દેખાતું જનાવર છે, પણ ગાય નથી એવું બધા ગૌનિષ્ણાતોનું કહેવું છે.

શારીરિક તફાવત

વિદેશી ગાયોની પીઠ સીધી સપાટ હોય છે, એમની પીઠ ઉપર ખૂંધ હોતી નથી. ભારતીય ગાયોની પીઠ થોડી ગોળાકાર હોય છે અને પીઠ ઉપરની ખૂંધનો ભાગ પણ ગોળાઈમાં હોય છે.અંગ્રેજી પ્રાણીશાસ્ત્રમાં ખૂંધ વિનાની ગાયોને 'બાસટોરસ' વર્ગના પ્રાણી તરીકે ઓળખવામાં આવે છે અને ખૂંધવાળા પ્રાણીને 'બોસઇન્ડીક્સ' વર્ગમાં ગણવામાં આવે છે. ભારત, એશિયા અને આફ્રિકાની ખૂંધવાળી ગાયો આ વર્ગની ગણાય.ભારતીય બળદો અને સાંઢો(આખલાઓ)ની ખૂંધ ગાયોની ખૂંધ કરતાં પણ વધારે મોટી હોય છે.ભારતીય ગાયો મૂળ શુદ્ધ ગૌવંશની છે જ્યારે વિદેશી ગાયો ગાય જેવા જણાતા જંગલી પશુઓના સંકરણથી પેદા થયેલી અને પ્રયત્નો દ્વારા પાલતુ બનાવેલી છે.

વિદેશી ગાયોનો બોલવાનો અવાજ દબાયેલો અને સાંભળવો ન ગમે તેવો વિચિત્ર તીણો હોય છે. ભારતીય ગાયોનો બોલવાનો અવાજ ઊંચો, ઘેરો અને સ્પષ્ટ હોય છે. વાછરડું તેની દૂર ગયેલી કે

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

જઈ રહેલી ગાવડીમાને બોલાવવા પણ મોટેથી અવાજ કરે છે, જેમાં 'મા' ઉચ્ચાર કે 'અમ્મા' ઉચ્ચાર સ્પષ્ટપણે સાંભળી શકાય છે. ભારતીય ગાયો પહાડી અવાજમાં ભાંભરે છે.

ભારતીય ગાયો-બળદોની ડોક નીચે ઝૂલતી, મુલાયમ મોટી ગોદડી હોય છે. વિદેશી ગાયો-બળદોની ડોક નીચે આવી ગોદડી હોતી નથી. ગાયની ગોદડીને આપણે પંપાળીએ તો ગાયને બહુ ગમે છે. જેમ જેમ વધારે પંપાળો તેમ તે એ માથું ઊંચું ઊંચું કરતી જાય છે.ભારતીય ગાયો-બળદોની ચામડી પાતળી, સુંવાળી, ચમકતી અને બારીક રુંવાટીવાળી હોય છે.ભારતીય ગાયોના આંચળ સામાન્ય કદનાં હોય છે. વિદેશી ગાયોનાં આંચળ મોટાં અને ઘૂંટણ સુધી લાંબા હોય છે.ભારતીય ગાયોનાં શિંગડાં મોટે ભાગે મોટાં હોય છે. વિદેશી ગાયોનાં શિંગડાં ટૂંકાં નાનાં હોય છે.

ભારતીય ગાયો પ્રમાણસર કદની અને પ્રમાણસર લંબાઈ ધરાવતી હોય છે. વિદેશી ગાયો મોટા કદની અને વધારે લંબાઈ ધરાવતી હોય છે.ભારતીય ગાયો મોટે ભાગે એકદમ સીધી હોય છે અને વિદેશી ગાયો એકદમ સીધી નથી હોતી.દેશી ગાયોના કાન અણીવાળા હોય છે, જ્યારે વિદેશી ગાયોના કાન ગોળ હોય છે અને કાનની અંદર તથા માથા ઉપર જંગલી પ્રાણીઓની જેમ વાળનાં ઝુંડ હોય છે.

ભારતીય ગાયોના આંતરડાની લંબાઈ ૧૬૦ થી ૧૮૦ ફૂટ હોય છે, તેથી આ ગાયો ઓછા ખોરાકમાંથી મહત્તમ પોષણ મેળવી શકે છે. વિદેશી ગાયોના આંતરડાની લંબાઈ ૧૧૫ થી ૧૨૦ ફૂટ હોય છે, તેથી ઓછા સમયમાં વધારે ખોરાક ખાય છે અને પોષણ ઓછું મેળવી શકે છે.

દેશી ગાયના શરીરમાં સુવર્ણપિત્ત અને ગોરોચન (ગોરુચંદન) બને છે. વિદેશી ગાયના શરીરમાં સુવર્ણપિત્ત અને ગોરોચન બનતાં નથી.

કાર્યક્ષમતા

વિદેશી ગાયોના બળદોને ખૂંધ નથી હોતી, તેથી તેમનેખેતર ખેડવાના હળ સાથે જોડી નથી શકાતા.ગાડા સાથે જોતરી નથી શકાતા.તેલ કાઢવાની ઘાણી સાથે નથી જોડી શકાતા.ભારતીય બળદોને ખૂંધ હોવાથી તે આ બધાં કામો કરી શકે છે.વિદેશી ગાયોના બળદો વધુ પરિશ્રમ કરી શકતા નથી, જલદી થાકી જાય છે કે હાંફી જાય છે. ભારતીય ગાયોના બળદો વધુ અને લાંબો સમય પરિશ્રમ કરી શકે છે.વિદેશી ગાયોના બળદો વધારે ગરમી પણ સહન કરી શકતા નથી, તેથી સવારે દસ વાગ્યા પછીથી બપોરે ચાર વાગ્યા સુધી તાપમાં કામ કરી શકતા નથી. ભારતીય ગાયોના બળદો તડકામાં કામ કરી શકે છે અને ગરમી- તાપ સહન કરી શકે છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

દેશી ગાયો વિદેશી ગાયો કરતાં ખોરાકની અછત કે દુકાળનો સામનો વધુ સારી રીતે કરી શકે છે. વિદેશી ગાય દેશી ગાયના પ્રમાણમાં દૂધ ઘણું વધારે આપે છે તેવું દેખાય છે, પરંતુ બંનેના ખોરાકના પ્રમાણમાં વિદેશી ગાયનું દૂધ દેશી ગાયના દૂધ કરતાં ઘણું વધારે હોતું નથી. જો બંને પ્રકારની ગાયોને સરખા માપથી ખોરાક આપવામાં આવે તો બંને પ્રકારની ગાયોના દૂધના પ્રમાણમાં ઘણો ફરક હોતો નથી.

દેશી ગાય ગરમી સહન કરી શકે છે, તેથી ખોરાકને બરાબર વાગોળીને પચાવી શકે છે. વિદેશી ગાય ઠંડા પ્રદેશનું પ્રાણી હોવાથી ગરમી સહન નથી કરી શકતી, ગરમીમાં તે હાંફે છે, તેથી ખોરાકને બરાબર વાગોળી શકતી નથી અને પચાવી શકતી નથી.દેશી ગાય ઠંડા, ગરમ ગમે તે વાતાવરણમાં ગોઠવાઈ જાય છે અને અનુકૂળતા સાધી લે છે, તેમજ તેનામાં રોગપ્રતિકારકશક્તિ સારા પ્રમાણમાં હોવાથી જલદીથી રોગ થતા નથી. વિદેશી ગાયો ઠંડા પ્રદેશની હોવાથી માત્ર ઠંડા વાતાવરણમાં જ અનુકૂળતા સાધી શકે છે અને રોગપ્રતિકારક શક્તિ ઓછી હોવાથી તેને ટીબી જેવા રોગો જલદી લાગુ પડી જાય છે. આવી ગાયોનું દૂધ પીવાથી માણસને પણ એવા રોગો થઈ શકે છે.

ભારતીય ગોવંશના બળદો ખેતી, ભારવહન, ચરિયાણ વગેરેમાં પાલકના કે હાંકનારના ઈશારે ચાલવાની, માર્ગ બદલવાની જે સમજ ધરાવે છે તેમજ ભારતીય વંશનો ધણખૂંટ તેના પાલકની આજ્ઞાનું જે રીતે પાલન કરે છે એવી સમજ વિદેશી વંશના બળદો, ધણખૂંટમાં નથી હોતી.

ઉત્પાદનનીગુણવત્તા

ભારતીય આર્યપુરુષોના મતે ખૂંધ વિનાના પ્રાણીના શરીરમાં સૂર્યકેતુ નાડી નથી હોતી. શાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણે ભારતીય ગાયોની ખૂંધમાં સૂર્યકેતુ નાડી હોવાથી આ ગાયનું શરીર વિશેષ પ્રમાણમાં સૂર્યશક્તિ ગ્રહણ કરી પોતાના શરીરમાં વિશિષ્ટ શારીરિક રચના વડે સુવર્ણપિત્ત બનાવે છે. આ સુવર્ણપિત્તનો અંશ ગાયના દૂધ, મૂત્ર અને છાણમાં આવે છે. આથી જ ગાયનું દૂધ પીળાશ પડતું હોય છે. ભેંસ, ઘેટાં, બકરાં કે અન્ય પ્રાણીના તેમજ વિદેશી ગાયોના દૂધમાં આવી પીળાશ હોતી નથી.

ખૂંધમાં રહેલી સૂર્યકેતુ નાડી દ્વારા બનતા સુવર્ણપિત્તનો અંશ આવવાથી ભારતીય ગાયોના દૂધ, દહીં, છાશ, માખણ, ઘી, મૂત્ર અને છાણ શ્રેષ્ઠ ગુણકારી છે, જે ગુણો વિદેશી ગાયોના દૂધ, દહીં, છાશ, માખણ, ઘી, મૂત્ર અને છાણમાં નથી હોતા. દેશી ગાયના દૂધમાં સત્ત્વનું પ્રમાણ વધારે હોય છે તથા દેશી ગાયનું દૂધ સુપાચ્ય (પચવામાં હલકું) અને સ્વાદમાં મધુર હોય છે. વિદેશી ગાયના દૂધમાં સુવર્ણપિત્તનો અંશ નથી હોતો તથા એ દૂધ પચવામાં ભારે અને અપથ્ય હોય છે તથા સ્વાદમાં મધુર હોતું નથી; ફીકું હોય છે.દેશી ગાયનું દૂધ પીવાથી મન શાંત અને પવિત્ર બને છે, શરીર નીરોગી બને

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

છે. વિદેશી ગાયનું દૂધ પીવાથી મન અશાંત, ચંચળ અને જંગલી સ્વભાવનું બને છે અને શરીરમાં રોગો થાય છે.

દેશી ગાયો-બળદોને ઘણો પરસેવો વળે છે, તેથી શરીરનો ઝેરી કચરો નીકળી જવાથી શરીરનું શુદ્ધીકરણ થવાથી તેનું દૂધ પણ શુદ્ધ મળે છે. વિદેશી ગાયોને પરસેવો ઘણો ઓછો વળે છે, તેથી શરીરમાં રહેલાં અશુદ્ધ ઝેરી તત્ત્વો તેના દૂધમાં પણ આવે છે.

સંવેદનશીલતા

બુદ્ધિમત્તા, લાગણી, પ્રેમ, સમજણ, પારખવાની શક્તિ અને વફાદારીના ગુણ ભારતીય ગાય-બળદોમાં ઊંચા પ્રમાણમાં હોય છે. વિદેશી ગાય-બળદોમાં આવી બાબતો અલ્પ પ્રમાણમાં હોય છે.ભારતીય ગાય, બળદ, વાછરડાં પાલકથી વિખૂટાં પડી ગયાં હોય તો દૂરથી પાલકનો સાદ સાંભળીને દોડીને પાલક પાસે પહોંચી જવાની સમજ ધરાવે છે. જીવનભર પોતાના પાલક, ઘર, રસ્તા, ગામ, ગૌચર, વાડીને યાદ રાખી શકે છે. આવી ક્ષમતા વિદેશી ગૌવંશમાં હોતી નથી.

દેશી ગાયો પરિવારના દુઃખમાં સહભાગી થાય છે. ઘરમાં મૃત્યુ વેળાએ પણ ગમગીન બની જાય છે, રડે છે, ક્યારેક દોડીને સ્મશાને જાય છે અને અગ્નિસંસ્કાર પૂરા થાય ત્યાં સુધી ત્યાં ઊભી રહીને રડે છે, એક-બે દિવસ ખાવાનું છોડી દે છે. વિદેશી ગાયો આવું કાંઈ કરતી નથી, એ લાગણીહીન હોય છે.ઘરમાં કોઈ બીમાર થાય તો ઘરની ગાય બીમારીને સમજીને તે પ્રકારના ઔષધીય ગુણોવાળી વનસ્પતિઓ ચરીને આવે છે, એનાથી બનેલું દૂધ બીમાર માણસ પીએ છે તો બીમારી દૂર થઈ જાય છે. આવી સૂક્ષ્મ સમજ વિદેશી ગાયમાં હોતી નથી.

દેશી ગાય કોઈ પણ નવી પરિસ્થિતિમાં જલદીથી ભળી જાય છે, જેમ દીકરી સાસરામાં નવા વાતાવરણમાં જલદીથી ગોઠવાઈ જાય છે તે રીતે. તેથી તો કહેવત પડી છે, કે 'દીકરી ને ગાય, દોરે ત્યાં જાય.' દીકરી ને ગાય સાવ ઢીલાપોચા મનનાં, ગરીબડાં હોવાથી એને ગમે ત્યાં ખેંચીને લઈ જવાય એવા અર્થમાં આ કહેવત નથી, પણ દીકરીને અને ગાયને ગમે ત્યાં લઈ જાવને! એ નવા વાતાવરણમાં સરસ રીતે ગોઠવાઈને બધાંને અનુકૂળ થઈ જશે ને બધાંને પોતાને અનુકૂળ કરી લેશે એવા અર્થમાં આ કહેવત છે. વિદેશી ગાય નવા વાતાવરણમાં જલદી ગોઠવાઈ શક્તિ નથી કે નવી પરિસ્થિતિમાં જલદી ભળી શકતી નથી.

ગાયની આગમસૂઝ

ધરતીકંપ જેવી ઘટનાઓની આગોતરી જાણ ગાયને થઈ જાય છે. તે ઘણી હોનારતોમાંથી આપણને બચાવે પણ છે. ક્ષયરોગ, ઉધરસ, શ્વાસ લેવામાં તકલીફ પડવી, ઝીણો તાવ, ખોરાક ઘટી

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

જવો, વજન ઊતરી જવું, શરીર ગળી જવું જેવી ઘણી બીમારીઓમાં ગાયનું દૂધ, છાણ, લાળ, શ્વાસ વગેરે લાભદાયી બને છે.

સમાપન

ભારતીય અને વિદેશી ગાયમાં જમીન-આસમાનનું અંતર છે. ભારતીય ગાય જ માતાના રૂપમાં પૂજય છે. ભારતીય ગાય માનવજીવન માટે પોષક અને કલ્યાણકારી છે. ભારતીય ગાય માનવ સમૃદ્ધિની પરિચાયક છે.

સંદર્ભ સૂચિ

કાટદરે, આઈ. (2018). ભારતીય શિક્ષા ગ્રંથ માલા ભાગ-2. અમદાવાદ : પુનરુત્થાન પ્રકાશન.

કાટદરે, આઈ. (2018). ગાયમાતા જીવનદાતા . અમદાવાદ : પુનરુત્થાન પ્રકાશન.

જરશા. (2008). દેશી ગાય વિદેશી ગાય. અમદાવાદ : પુનરુત્થાન પ્રકાશન.

જાની, એચ. (2008). હમ હૈં ભારતીય ગાયેં. અમદાવાદ : પુનરુત્થાન પ્રકાશન.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

Titixa Thacker
2nd year Student of
S. D. Sethiya College of Education, Mundra – Kachchh.

પશુપાલન અને ડેરીવિજ્ઞાન"ના પાઠયપુસ્તકમાં સમાવિષ્ટ ગૌમૂલ્યો

સારાંશ :-

પ્રાચીન સમયથી જ આપણા દેશમાં ગાય, ગંગા, ગીતા, ગુરુ, અને ગાયત્રી સંસ્કૃતિનું પ્રતિક રહ્યા છે. આ પાંચે ચીજો આપણા તન-મનમાં વસેલી છે.ગાયનું દૂધ આપણા તન-મનને તંદુરસ્ત બનાવે છે. પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક "પશુપાલન અને ડેરીવિજ્ઞાન" માંથી 1.ગુજરાત રાજ્યની ગાયની ઓલાદો, 2.પશુના શરીરના બાહ્ય અંગો અને પાચનતંત્ર, 3.ગાયોની માવજત અને 4.માનવપોષણમાં દૂધનું મહત્વ એવા ચાર એકમોના સંદર્ભે અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ ગુજરાત રાજ્યની ગાય ઓલાદોનો અભ્યાસ કરવો, ગાયના બાહ્ય અંગો અને પાચનતંત્રનો અભ્યાસ કરવો, ગાયની માવજત અંગેનો અભ્યાસ કરવો અને માનવપોષણમાં ગાયના દૂધનો અભ્યાસ કરવો છે. જે અંતર્ગત ગુજરાત રાજ્યની મુખ્ય ત્રણ ઓલાદો - ગીર, કાંકરેજ અને ડાંગી ઓલાદનો તફાવત દ્વારા અભ્યાસ કરાયો હતો. તેના વિવિધ બાહ્ય અંગોને પાંચ વિભાગોમાં વિભાજીત કરીને તેની વિશેષતાઓનો , તેમજ તેના પાચનતંત્રના મુખ્ય ભાગોમાં આવતા લક્ષણોનો અભ્યાસ કરાયો હતો. ગાયોની માવજત અંગે 1.દરરોજના ખોરાકની માવજત, 2.રહેઠાણ વ્યવસ્થા અને 3.રસીકરણ જેવા મુદ્દાઓને અભ્યાસમાં આવરી લેવાયું હતું.ગાયના દૂધના મહત્વમાં વિવિધ પોષક ઘટકોનો અભ્યાસ કરી દૂધની વિશેષતા તેમજ તેનું પૃથક્કરણ હાથ ધરાયું હતું.

આ અભ્યાસ પરથી મળતા તારણોમાં ગુજરાતના ગીર પશુધન શ્રેષ્ઠ જાતિના દુધાળા પશુ તરીકે જોવા મળે છે.ભારતીય દેશી ગાયની ખૂંધમાં સૂર્યકેતુ નાડીને લીધે તેનું દૂધ મધુર, શીતળ અને વૃદ્ધાવસ્થાનો નાશ કરનાર છે. ગાયની આ ઓલાદો સૂકો, ચવડ ખોરાક ખાઈને પણ વિષમ પરિસ્થિતિમાં ટકી શકે છે. ગુજરાતમાં ગાયોની વિશેષ માવજત રખાય છે. તેમના માટે મહત્તમ ગૌશાળા અને સંરક્ષક કેન્દ્રો સ્થપાયા છે. ગાયના દૂધની પાચ્યતા 97% છે, તેમજ ઘન તત્વો 12-15% છે જે માનવ પોષણ માટેનો ખજાનો છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

આ અભ્યાસના શૈક્ષણિક નિષ્કર્ષમાં જોવા મળ્યું કે, ગુજરાત રાજ્યની ગાયો વિદેશી કે અન્ય ગાયો કરતા વિશેષ ગુણવત્તાયુક્ત છે. તેની યોગ્ય માવજત કરવામાં આવે તો તે પોતાના સંપૂર્ણ જીવન દરમિયાન માનવજાતને આરોગ્ય અને આર્થિક રીતે સમૃદ્ધ બનાવે છે. આ ગાયની ઓલાદો સૂકી અને વિષમ આબોહવાને અનુકૂળ થઈ શકે છે. તેના આંતરિક અને બાહ્ય અંગોની વિશેષ ગોઠવણીને લીધે તેનું દૂધ, ગૌમૂત્ર, છાણ માનવજીવન માટે ઉત્તમ છે. તેનું દૂધ આરોગનાર શરીરે મજબૂત બાંધાના, જોમ-જુસ્સા ભરેલા, ખાંતીલા અને હોશિયાર હોય છે.

ચાવીરૂપ શબ્દો : ધોરણ 9ના પાઠયપુસ્તક "પશુપાલન અને ડેરીવિજ્ઞાન"ના પસંદિત એકમો, નિહિત ગૌમૂલ્યોનો અભ્યાસ

પ્રસ્તાવના :-

આપણી સંસ્કૃતિમાં ગાયને માતાની ઉપમા એટલા માટે આપવામાં આવી છે કે, તે આપણા જીવનનું કેન્દ્રબિંદુ રહી છે. જેવી રીતે માતા બાળકની દેખરેખ, ભરણ પોષણ કરે છે એ જ રીતે ગાય આપણા વિકાસમાં ભાગીદાર છે. દૂધ તથા તેમાંથી બનાવેલી વસ્તુઓ ઉપરાંત આપણા આર્થિક જીવનમાં ગૌવંશની ઘણી મોટી ભૂમિકા તથા યોગદાન છે.

પ્રાચીન સમયથી જ આપણા દેશમાં ગાય, ગંગા, ગીતા, ગુરુ અને ગાયત્રી સંસ્કૃતિનું પ્રતિક રહ્યા છે. આ પાંચે ચીજો આપણા તન-મનમાં વસેલી છે. ગાયનું દૂધ આપણા તન-મનને તંદુરસ્ત બનાવે છે. ગંગા આપણા તન-મનને નિર્મળ બનાવે છે. ગીતા આપણને શ્રેષ્ઠ ઉદ્દેશવાળું તથા સાર્થક જીવન જીવવાની કળા શીખવાડે છે. ગુરુ ડગલેને પગલે જ્ઞાનનો પ્રકાશ આપે છે અને આંગળી પકડી રસ્તો ચીંધે છે. ગાયત્રીમંત્ર સૂર્યની ઉપાસનાનો મંત્ર છે. ભગવાન ભાસ્કર જ સમગ્ર પ્રાણીજગત અને વનસ્પતિઓના જીવન સ્ત્રોત સમાન છે.

ધોરણ 9ના પાઠ્યપુસ્તક "પશુપાલન અને ડેરીવિજ્ઞાન" માં ગાયના મૂલ્યોનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે. એ સર્વવિદિત તથ્ય છે કે, ભારત ખેતીપ્રધાન દેશ છે અને અહીંના લગભગ 70% લોકો ખેતી પર જ નિર્ભર છે. ઇતિહાસ પણ એ વાતનો સાક્ષી છે કે, જ્યાં સુધી ગૌવંશનો વિકાસ, ઉછેર તથા પૂજા થતી રહી ત્યાં સુધી આપણે આર્થિક તથા આધ્યાત્મિક દ્રષ્ટિએ વિકાસના સર્વોચ્ચ શિખર પર આરૂઢ રહ્યા. ગૌવંશના પ્રતાપે જ ભારતની જમીન સોનું પેદા કરતી હતી તથા વિશ્વમાં એનો "સોનાની ચકલી" તરીકે ઓળખવાનો ગૌરવ પ્રાપ્ત થયો હતો. ગૌવંશ આપણો અમૂલ્ય વારસો છે, જેના વિકાસ પર આપણો વિકાસ આધાર રાખે છે. તેના વિવિધ પાસાઓ, મહિમા અને મૂલ્યો ધોરણ 9ના પાઠ્યપુસ્તકમાં જોવા મળે છે જેનો અભ્યાસ આ મુજબ છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ચાવીરૂપ શબ્દોની પરિભાષા :

પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ 9ના ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક "પશુપાલન અને ડેરીવિજ્ઞાન" માંથી નીચે મુજબના પસંદિત એકમો લેવામાં આવેલ છે.

1. ગુજરાત રાજ્યની ગાયની ઓલાદો, 2. પશુના શરીરના બાહ્ય અંગો અને પાચનતંત્ર

3. ગાયોની માવજત, 4. માનવપોષણમાં દૂધનું મહત્વ

ગૌમૂલ્ય : ગૌ – "વિનીત જોડણી કોશ (૧૯૫૪)" અનુસાર ગૌ એટલે દુધ દેતુ એક ચોપગુ એવો થાય છે.

મુલ્ય - "વિનીત જોડણી કોશ (૧૯૫૪)" અનુસાર મૂલ, કિંમત

પ્રસ્તુત અભ્યાસમાં ગૌ મૂલ્યનો અર્થ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક "પશુપાલન અને ડેરીવિજ્ઞાન" ના પસંદિત એકમોમાંથી ગાયનો અભ્યાસ તરીકે લેવામાં આવેલ છે.

હેતુઓ :-

1. ગુજરાત રાજ્યની ગાય ઓલાદોનો અભ્યાસ કરવો.
2. ગાયોના બાહ્ય અંગો અને પાચનતંત્રનો અભ્યાસ કરવો.
3. ગાયોની માવજત અંગેનો અભ્યાસ કરવો
4. માનવ પોષણમાં ગાયના દૂધનો અભ્યાસ કરવો.




અભ્યાસ પ્રશ્નો :

1. ગુજરાત રાજ્યની ગાય ઓલાદોમાં શું તફાવત હશે?
2. ગાયના બાહ્ય અંગો અને પાચનતંત્રમાં કઈ કઈ વિશેષતા હશે?
3. ગાયોની માવજત કેવી રીતે કરવી?
4. માનવ પોષણમાં ગાયના દૂધનું શું મહત્વ હશે?

- ગુજરાત રાજ્યની ગાય ઓલાદોનો તફાવત :

  ગુજરાત રાજ્યમાં મુખ્ય ત્રણ પ્રકારની ગાયની ઓલાદો જોવા મળે છે, જેનો તફાવત આ મુજબ છે:

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024


ગીર	કાંકરેજ	ડાંગી
 2.1 ગીર-ઓલાદ	 2.2 કાંકરેજ ઓલાદ	 2.3 ડાંગી ઓલાદ
સૌરાષ્ટ્ર વિસ્તારમાં જોવા મળે છે.	ઉત્તર ગુજરાત અને કચ્છ વિસ્તારમાં જોવા મળે છે.	દક્ષિણ ગુજરાતના ડાંગ, સુરત વિસ્તારમાં જોવા મળે છે.
તેનો રંગ ગોરો, માંકડો કે કાબરો હોય છે.	તેનો રંગ સફેદ દૂધ જેવો હોય છે.	તેનો રંગ કાળો કે કાબરો હોય છે.
તેનો ઉછેર ભરવાડ, ચારણ, આહીર જેવા માલધારી લોકો કરે છે.	તેનો ઉછેર રબારી, ભરવાડ, તેમજ કચ્છના મુસલમાન માલધારી કરે છે.	તેનો ઉછેર ડાંગી જાતના માલધારીઓ કરે છે.
શીંગડા મોટા, જાડા અને પાછળ જતા વળેલા હોય છે.	શીંગડા મધ્યમ જાડા, અર્ધ ચંદ્રાકાર વળેલા હોય છે.	શીંગડા ટૂંકા, જાડા અને બુઠ્ઠા હોય છે.
પગ ટૂંકી નળીવાળા અને ખરીઓ ખૂબ મજબૂત હોય છે.	પગ લાંબા અને મજબૂત તેમજ સવાઈ ચાલ માટે પ્રખ્યાત છે.	પગની ખરી અતિ કઠણ હોય છે.
સ્વભાવ શાંત અને ઉત્તમ દુધાળ જાતની ઓલાદ છે.	સ્વભાવે તીખા,ભડકણા ચપળ હોય. આખલા વધુ જુસ્સાદાર અને તોફાની હોય છે.	સ્વભાવ નમ્ર, સહેજ આળસુ, દેખાવે શક્તિશાળી હોય છે.
કાન મોઢા પર ઢળતા પાંદડાની માફક અંદર વળેલા અને વચ્ચે પહોળા તેમજ કાનનો છેડો ખાંચા વાળો અને વળેલો જણાય છે.	કાન લાંબા, અણીદાર અને ઘણા ચંચળ હોય છે.	કાન ટૂંકા, પ્રમાણસર પહોળા અને અંદરથી કાળા હોય. કાનની કિનારી પર લાંબા, કાળા વાળ હોય છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ચામડી મુલાયમ અને ઢીલી હોય છે.	ચામડી ચમકીલી અને શરીર સાથે ચુસ્ત રીતે ચોંટેલી હોય છે.	ચામડી જાડી મુલાયમ અને ચળકતા વાળવાળી હોય, જેમાંથી તૈલી પ્રદાર્થ ઝરે છે.
ગાયનું વજન 350-400 kg અને સાંઢનું 500-600kg હોય છે.	ગાયનું વજન 400-500kg અને સાંઢનું 550-600kg હોય છે.	ગાયનું વજન 325-375 kg અને આખલાનું 400kg જેટલું હોય છે.
સરેરાશ દૂધ ઉત્પાદન 1500-1800kg હોય છે.	સરેરાશ દૂધ ઉત્પાદન 1200-1500kg હોય છે.	વેતરનું સરેરાસ દૂધ ઉત્પાદન 550-700 લીટર હોય છે.
તે 'કાઠિયાવાડી', 'દેસાણ' નામે ઓળખાય છે.	તે 'વઢિયાર' અને 'વાગડ' નામે ઓળખાય છે.	તે 'કોંકણી' નામે ઓળખાય છે.
બ્રાઝિલમાં નિકાસ થાય, જ્યાં 'ગુજરાત બ્રાહ્મીન' તરીકે ઓળખાય છે.	બ્રાઝિલ ઉપરાંત મોરેશિયસ, આફ્રિકા, ટેક્સાસમાં ઉછેર છે.	----

- **બાહ્ય અંગો અને પાચનતંત્રની વિશેષતાઓ :**

ગાયના શરીરને પાંચ ભાગોમાં વિભાજીત કરી માહિતી જોઇયે -



5.1 ગાયનાં શરીરનાં બાહ્ય અંગો

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

(1)માથું :

સમાવેશ : આંખ, કાન, નસકોરાં, મોઢું, થુથુન, જડબા, ચહેરો, શિંગ, શિંગ વચ્ચે ભમરી અને કપાળ આવે છે.

વિશેષતા : 1. ચહેરાના પડખાનાં ભાગને 'ગાલ' કે 'ગલોફા' કહે છે.

2. લોહીમાં સીધી આપવાની દવા કાનની નસ દ્વારા અપાય.

3. બે શીંગડાના કદ, આકાર દરેકમાં જુદા હોય છે.

4. બે નસકોરા અને મુખદ્વાર વચ્ચેના વાળરહિત કાળા ભાગને 'થુથુન' કહે છે.

તંદુરસ્ત પશુના થુથુન પર પાણીના નાના ટીપા બાઝેલા હોય જ્યારે બીમાર પશુના નાકનું થુથુન સૂકું હોય.

(2) ડોક કે ગળાનો ભાગ:

સમાવેશ: માથાની ભમરી થી ખૂંધ સુધીના ડોક ઉપરના મજબૂત ધાર જેવા ભાગને કાંધ - ગરદન કહે છે.

વિશેષતા : 1. બળદ પાસેથી કામ લેતી વખતે ગાડાં કે ખેતી ઓજારની ઘૂસરી આ ભાગે મુકાય છે. જે વિશેષ મહત્વનું છે.

2. ડોક નીચે જડબાથી હડા સુધી લટકતા ગડીવાળા ચામડીના બેવડા પડને ગોદડી કે ધાબડી કહે છે, જે પરસેવાનું બાષ્પીભવન કરી શરીરનું તાપમાન જાળવે છે.

(3) ધડ-પીઠ,પેટ અને પૂંઠનો ભાગ:

સમાવેશ: પગ સિવાયના ધડના વિવિધ બાહ્ય અંગો.

વિશેષતા: 1. વિધર- ખૂંધની પાછળ અડીને આવેલ ખાંચ જેવા ભાગને વિધર કહે છે.જેનાથી ઊંચાઈ મપાય છે.

2. ખૂંધ - આગલા પગના ઉપરના ભાગે ડોક અને ધડની વચ્ચે આવેલ મોટા માંસલ ભાગને ખૂંધ કહે છે, જેમાં ચરબીનો સંગ્રહ થાય છે, જે પરદેશી કે શંકર ગાયમાં ન હોય.

3. પાંસળીઓ- પીઠની બન્ને બાજુએ છાતીનું પાંજરું બનાવતા ઉપસી આવેલ ચપટા, લાંબા અને વાંકાં હાડકાઓને પાંસળી કહે છે જે કુલ 13 જોડ હોય છે.

4. નાભિ - પેટની નીચે મધ્યભાગમાં આવેલ ચામડીના લટકતા પડને નાભી કહે છે. ગાભણ દરમિયાન બચ્ચું નાભિ દ્વારા માતાના રુધિરમાંથી સીધું પોષણ મેળવે. જેનાથી પશુ ભૂખ્યું છે કે ધરાયેલું તેમજ અફરા જેવા દર્દથી પીડાય છે તે જાણી શકાય છે.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

5. પૂંછડી- લાંબી દોરડી જેવી હોય, જે શરીર પરનો કચરો, માખી, મચ્છર, જીવજંતુ ઉડાડવાનું કાર્ય કરે.

(4) આગળના પગ :

સમાવેશ : વિધરથી ખરીઓ વચ્ચે આવેલ વિવિધ ભાગ. જેમાં ખભો, કોણી, વિધર, ઢીંચણ, મુઠના સાંધા મુખ્ય છે.

વિશેષતા: 1. નળો-ઢીંચણથી મુઠ સુધીના હાડકાના ભાગને નળો કહે છે.

2. ઢીંચણ- કોણીનો સાંધો વાળીને પશુ જમીન પર બેસે છે તે ભાગને ઢીંચણ કહે છે.


3. ખરી-પગની સૌથી નીચે સખત ભૂખરા રંગવાળો ફાટવાળો ભાગ.જે પશુના વેઢાનું રક્ષણ કરે.

(5) પાછલા પગ:

સમાવેશ : થાપા, ઢીંચણ વચ્ચે સાથળ, નળા અને કાંઠા તેમજ ખરીનો.

વિશેષતા: આમાં વિવિધ સાંધા આવેલ છે જેમાં થાપાનો સાંધો, ઢાંકણીનો અને કોણી આકારનો અણીદાર સાંધો.

પાચનતંત્ર :



5.2 ગાયનું પાચનતંત્ર

વાગોળનાર પશુનો પાચનમાર્ગ મોઢાથી શરૂ થઈ મળદ્વારે પૂરો થાય છે. જેની કુલ લંબાઈ 60 મીટર જેટલી છે.

અંગો: મોઢું, અન્નનળી, ચાર હોજરી, નાનું આંતરડું, મોટું આંતરડું, ગુદામાર્ગ

સહાયક અંગો: જીભ, દાંત લાળગ્રંથી, યકૃત, સ્વાદુપિંડ

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

(1) જીભ:

- તેની જીભ મજબૂત પૂરતી લંબાઈની સહેલાઈથી બધી દિશામાં હરેફરે તેવી અને ખરબચડી કાનસ જેવી હોય છે.
- જીભથી ખાસ પ્રકારનો વળાંક આપી ઘાસને મજબૂતાઈથી પકડી શકે છે અને ગળા તરફ ધકેલી શકે છે.
- વાછરડાના શરીરને ચાટીને સાફ રાખી શકે છે.
- ગાલની અંદરની દિવાલ પર કાંટા જેવી રચના હોય જેને 'ઓવાળ', 'કાંકરા' કહેવાય છે. જેથી કઠણ ખોરાક મોઢાને નુકસાન ન પહોંચાડે.

(2) લાળગ્રંથી :

જે 1. ચીકણી લાળ, 2. પાણી જેવી લાલ

- પાણી જેવી લાળ ખોરાકને ભીંજવે અને ચીકણી લાળ ખોરાકના કણોને બાંધી કોળિયો બનાવામાં મદદ કરે. મોઢાને ચોખ્ખું રાખે.

(3) હોજરી:

તે ચાર પ્રકારની હોય જેમાં-

પ્રથમ હોજરી :

-તે સૌથી મોટી હોય.પુખ્ત પશુમાં 25-40 લીટર ખોરાક, પાણી સમાવી શકે છે.

મુખ્ય કામ કોઠાર તરીકેનું છે, જેમાં ખોરાક એકઠો થાય અને આશરે 12 કલાક સુધી રહે છે.

બીજી હોજરી :

- પ્રથમ હોજરીના આગળના ભાગમાં આવેલી નાની ચંબુ જેવા આકારની હોય.
- મધપૂડા જેવા ત્રિકોણ, ચોરસ, ષટકોણ જેવા નાના ખાના હોય, તેથી તેને 'મધપૂડો' પણ કહેવાય.
- અહીં વધુ પ્રમાણમાં પ્રવાહી હોય
- ખોરાક સાથે આવેલ અન્ય વસ્તુ મધપૂડા જેવી રચનામાં અટકી જાય છે.

ત્રીજી હોજરી :

- તેનો પડ મજબૂત હોય છે. પડ ઘડીવાળા પાનની જેમ ઉપરાઉપરી ગોઠવેલા હોય, જેમાં અસંખ્ય અંકુરો, તંતુઓ હોય એટલે ખરબચડી કાનસ જેવું લાગે. જે ખોરાકના કણોને ઝીણા બનાવે એટલે કે ખોરાક અહીં દળાય છે.

ચોથી હોજરી :

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

- પાચનની દ્રષ્ટિએ ખરી હોજરી છે.જેમાં ત્રણ ગ્રંથિઓ આવેલી હોય, જે સ્લેષ્મ, મીઠાનો તેજાબ અને પાચક રસનો સ્ત્રાવ કરે છે, જે 'જઠરરસ' નામે ઓળખાય છે.

(4) નાનું આંતરડું :

- તે સાંકડી નળી જેવું હોય. લંબાઈ ખૂબ વધુ (40-50 મીટર) હોય.
- ચોથી હોજરીમાંથી ખોરાક આવે અને ત્રણ પાચક રસ- પિત્તરસ અગ્નિરસ અને આત્રરસમાં ભળે. ત્યાં ખોરાક પચે. ત્યારબાદ લોહી લસિકામાં ભળે અને બાકીનો આગળ વધે છે.

(5) મોટું આંતરડું :

- તે પહોળું અને ટૂંકું હોય
- ઘડિયાળની સ્પ્રીંગની જેમ ગોળ ગૂંચળું વળેલું હોય.
- લંબાઈ આશરે 12 મીટર હોય.
- ન પચેલો ખોરાક અહીં આવે. પાચનની ક્રિયા થાય અને પચેલા ખોરાકનું શોષણ થાય.
- ખોરાક વધુ વખત પડ્યો રહે. જેથી જીવાણુ સક્રિય બને, કેટલાક વાયુઓ ઉત્પન્ન થાય અને ન પચેલો ખોરાક પોદળા રૂપે મળદ્વારમાંથી બહાર નીકળી જાય.

- **ગાયોની માવજત :**

ગુજરાતના મોટા ભાગના સીમાંત અને નાના ખેડૂતોનો જીવનનિર્વાહ દુધાળા પશુથી ચાલે છે. સામાજિક- આર્થિક માળખામાં પશુપાલન વ્યવસાય વૈજ્ઞાનિક રીતે જોતા ગાયોની માવજત એ સમયની માંગ છે.

1) દરરોજના ખોરાકની માવજત :

- દુધાળી ગાય માટે દૈનિક કાર્યો જેમ કે, નીરણ કરવું, દાણ ખવડાવવું, દોહન કરવું વગેરે નક્કી સમયે કરવા
- પૂરતો ખોરાક આપવો, જેમાં 12kg સૂકો ઘાસચારો, મકાઈ, જુવાર, રજકો વગેરે ગુણવત્તા યુક્ત આપવો.
- દરરોજ 1.5 kg પ્રોટીનવાળો ખોરાક આપવો, 20-25 ગ્રામ ક્ષાર કે મીઠું મળે તેવો ખોરાક.
- પાણીની વધુ જરૂર પડે માટે દિવસમાં ત્રણ ચાર વખત આપવું, અથવા ગમાણની બાજુમાં પાણીની સગવડ કરવી.
- દૂધ દોહન પહેલા ગાયને પ્રેમથી બોલાવવી, બચકારવી, થાબળવી જેની અસર દૂધ ઉત્પાદન પર થાય, તેમજ મારવા કે ઉશ્કેરાટની અસર પણ થાય છે.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

2) રહેઠાણ વ્યવસ્થા:

- ભોંયતળિયું લીસુ ન રહે ચોકળી પાડવી.
- દિવસમાં બે- ત્રણ વખત છાણ મૂત્ર બહાર કાઢવું.
- દોહનાલયમાં ચૂનો કરાવવો અને દર અઠવાડિયે જંતુનાશક દવાનો છંટકાવ કરવો.
- ઘાસ નીરવાની ગમાણ દરરોજ સાફ કરવી.
- દિવસમાં એક વખત ગાયને નવડાવવી
- શેડના છત નીચે કરોળિયાના જાળા સાફ કરાવવા, છત ચૂનાથી ધોળાવવી.
- ગાયનું આરોગ્ય સચવાય માટે મકાન બાંધકામ ઉત્તર- દક્ષિણ દિશા તરફ રાખવું.


3) રસીકરણ :

- ગાયને ખરવા, મોવાસાની રસી, બળિયાની રસી, કાળિયા તાવની, ગાંઠિયા તાવની, તેમજ ગળસૂંઢાની રસી વગેરે જરૂર આપવી.
- સમયાંતરે વિવિધ રસીઓ અપાવાથી તેની રોગપ્રતિકારક શક્તિ વધે છે.

સૂચન:

- લીલી કુમળી જુવાર, એરંડાના પાનમાં હાઇડ્રોસાઇનિક એસિડ નામનું ઝેર હોવાથી મીણો ચઢે તેથી તેનો ઉપયોગ ન કરવો.
- ઘાસચારામાં ખીલી, તારના ટુકડા જેવી વસ્તુ ન હોય તે જરૂર ચકાસવું,
- પેટ ભરાય તેટલો પૂરતો ખોરાક આપવો જેથી પાચનક્રીયામાં અડચણ ઉભી ન થાય.
- ખોરાક ને સ્વાદિષ્ટ બનાવવા અજમો,મીઠું તેમજ મેથી નાખવો.
- ગાભણ ગાય, વિયાન, દૂઝણી અને વસૂકેલ ગાયની વિશેષ માવજત લેવી. ખોરાક પાણી વગેરેનું ધ્યાન રાખવું તેમજ નિયમિત મુલાકાત લેવી.

- **દૂધનું મહત્વ :**



Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ગાયના દુધનું પૃથક્કરણ

પ્રાણીની જાતિ	પાણી	ચરબી	નત્રિલ પદાર્થો	દુગ્ધ શર્કરા	ભસ્મ (ક્ષારો)	ચરબી સિવાયનાં ઘન તત્વો (પદાર્થો)	કુલ ઘન પદાર્થો
ગાય	86.61	4.14	3.58	4.96	0.71	9.25	13.39

દરેક ગાયની કરોડરજ્જુમાં એવી ચેતા છે જે ચંદ્ર પાસેથી શક્તિ એકત્ર કરે છે, જ્યારે ભારતની દેશી ગાયમાં તેની ખૂંધમાં **સૂર્યકેતુ નાડી** હોય છે જે સૂર્ય પાસેથી શક્તિ પ્રાપ્ત કરે છે. તેમાંથી સુવર્ણતત્વ પેદા થાય છે. તેથી ગાયનું દૂધ પીળાશ પડતા સુવર્ણ રંગનું હોય છે.તેમાં સુવર્ણભસ્મના ગુણો હોય છે.આથી તેના દૂધમાં વધારેમાં વધારે ખનીજ તત્વો તથા પીળાશ જણાય છે.ફક્ત ભારતીય વંશની ગાયના દૂધમાં જ **'સ્ટ્રોન્શિયમ'** નામનું તત્વ છે. જે અણુ વિકિરણો સામે પ્રતિકારક શક્તિ ધરાવે છે.

- દૂધમાં ઘણા ઓછા પ્રમાણમાં પણ અતિ ઉપયોગી 'એન્જાઇમ્સ' અને 'લેક્ટિક બેક્ટેરિયા' હોય છે.
- તેના દૂધમાં 87% પાણી હોય છે.તેમજ 4-5% ચરબી હોય છે. તેથી તે સરળતાથી પચી જાય છે
- તેનાથી હૃદયરોગનો ભય રહેતો નથી.

પ્રોટીન :

- તેના દૂધમાં શરીરને આવશ્યક બધા એમાઈનો એસિડ હોવાથી શરીરની વૃદ્ધિ ,જાળવણી માટે ખૂબ અગત્યનું બને છે.
- શાકાહારી લોકોને પ્રાણીજન્ય પ્રોટીન ઘટક ફક્ત દૂધમાંથી જ મળી શકે છે.

શર્કરા (લેકટોઝ) :

જુદા જુદા દૂધમાં તે 4.5 થી 6.5% હોય છે. જે દૂધને સ્વાદિષ્ટ બનાવે છે.

- નુકસાનકારક જીવાણુની વૃદ્ધિ અટકાવે છે.
- લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી, શરીર ઘટાડવા માટે મદદરૂપ છે.
- તેનાથી કેલ્શિયમ, ફોસ્ફરસ, અને મેગ્નેશિયમ સારા પ્રમાણમાં મળી રહે છે.
- પાચનતંત્ર બરોબર કરવામાં દહીં, છાશ જેવા લેક્ટિક એસિડ મદદરૂપ થાય.

ક્ષાર :

- દૂધને બાળવાથી ન બળે તેવો પદાર્થ ક્ષાર છે. જેનું પ્રમાણ 0.71 થી 0.90% છે.
- ખોરાકની સરખામણીમાં દૂધમાં પોષકતત્ત્વો ઉત્તમ મળે છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

વિટામિન્સ :

તંદુરસ્તી માટેના જરૂરી બધા વિટામિન દૂધમાં હોય છે

તે ચયાપચયને નિયંત્રિત કરે છે.

વીટામીન B12નું પ્રમાણ પૂરતું હોય છે.

શરીરની વૃદ્ધિ, આરોગ્ય માટે જરૂરી છે.

ગાયનું દૂધ ખરેખર અમૂલ્ય છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાએ દૈનિક દરેકને 280 ગ્રામ દૂધ મળે તેવી ભલામણ કરી છે. વૈજ્ઞાનિકોએ તેને સંપૂર્ણ ખોરાક ગણ્યો છે.

માતાનું દૂધ ન મળે તેને ગાયનું દૂધ આપી જીવનદાન આપી શકાય.

દૂધની વિશેષતા :

1. આંતરાષ્ટ્રીય ખોરાક
2. ભાવે તેવો ખોરાક
3. અનેક મીઠાઈનું મૂળ
4. સમતોલ સંપૂર્ણ ખોરાક
5. ઊંચી પાચ્યતા
6. પૂરેપૂરું વપરાશી
7. રાંધ્યા વિનાનો આહાર

- **તારણોઃ**

પ્રસ્તુત અભ્યાસની માહિતીના પૃથક્કરણ અને અર્થઘટન પરથી મળેલ તારણો નીચે મુજબ છે.

- ગુજરાતના ગીર પશુધન શ્રેષ્ઠ જાતિના દુધાળા પશુ તરીકે જોવા મળે છે.
- કાંકરેજ પશુધન દુધાળા અને ભારવાહી બેવડા ગુણો ધરાવતા જોવા મળે છે.
- ડાંગી પશુઓ ગુજરાતના પહાડી પશુ છે જે વિશેષરૂપે ભારવહન માટે ઉપયોગી છે.
- ભારતીય દેશી ગાયની ખૂંધમાં સૂર્યકેતુ નાડીને લીધે તેનું દૂધ મધુર અને શીતળ છે. સાથે વાત્ત, પીત્ત, કફ, રક્તવિકાર, મળદોષ તથા તમામ રોગો દૂર કરનાર તથા વૃદ્ધાવસ્થાનો નાશ કરનાર છે.
- ભારતીય બળદ, સાંઢને ખૂંધ હોવાથી તે ભારવહન સરળતાથી કરી શકે છે.
- ગાયની આ ઓલાદો સૂકો, ચવડ ખોરાક ખાઈને પણ વિષમ પરિસ્થિતિમાં ટકી શકે છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

- ગુજરાતની ગાયોની વિશેષ માવજત રખાય છે. તેમના માટે મહત્તમ ગૌશાળા અને સંરક્ષક કેન્દ્રો સ્થપાયા છે.
- ગાયના દૂધની પાચ્યતા 97% છે. તેમજ ઘનતત્વો 12-15% છે જે માનવ પોષણ માટેનો ખજાનો છે.

- **શૈક્ષણિક નિષ્કર્ષ :**

- ગુજરાત રાજ્યની ગાયો વિદેશી કે અન્ય ગાયો કરતા વિશેષ ગુણવત્તાયુક્ત છે.
- તેની યોગ્ય માવજત કરવામાં આવે તો તે પોતાના સંપૂર્ણ જીવન દરમિયાન માનવજાતને આરોગ્ય અને આર્થિક રીતે સમૃદ્ધ બનાવે છે.
- આ ગાયની ઓલાદો સૂકી અને વિષમ આબોહવાને અનુકૂળ થઈ શકે છે.
- તેના આંતરિક અને બાહ્ય અંગોની વિશેષ ગોઠવણીને લીધે તેનું દૂધ, ગૌમૂત્ર, છાણ માનવજીવન માટે ઉત્તમ છે.
- તેનું દૂધ આરોગનાર શરીરે મજબૂત બાંધાના, જોમ જુસ્સા ભરેલા, ખંતીલા અને હોશિયાર હોય છે.

સંદર્ભ સૂચિ :

દેસાઇ, મગનભાઇ (૧૯૫૪) ***"વિનીત જોડણીકોશ"*** અમદાવાદ : ગૂજરાત વિધ્યાપીઠ.

પટેલ, ડી.આર.(૨૦૨૦). ***સંશોધન પત્રનું લેખન*** મુન્દ્રા: સહજ પ્રકાશન.

પટેલ, વાય.એમ.(૨૦૧૭) ***"માહી મિત્ર"*** રાજકોટ: માહી મિલ્ક મિલ્ક પ્રોડ્યુસર કંપની.

સોલંકી, યુ.જે.(૨૦૨૧). ***"પશુપાલન અને ડેરીવિજ્ઞાન"*** ધોરણ 9 ગાંધીનગર: ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ.

Gujarat Livestock Development Board, Gandhinagar: Gujarat board.

https://gu.vikaspedia.in/agriculture.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ડૉ. રણજીતભાઈ ગમનભાઈ ગામીત
શ્રીમતી જે. જે. કુંડલીયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ, રાજકોટ.

ગાય આધારિત અર્થવ્યવસ્થા

પ્રસ્તાવના.

ભારત પરંપરાઓની ભૂમિ છે, જેનું પ્રાચીન વિજ્ઞાન સીધું સામાજિક રિવાજો અને તેની પાછળના વૈજ્ઞાનિક કારણો સાથે જોડાયેલું છે. ભારતમાં ગાયને 'માતા ગાય' અથવા 'કામધેનુ' કહેવામાં આવે છે કારણ કે તેણી માતાની જેમ ઉછેર કરે છે. કૃષિપ્રધાન દેશ ભારતમાં ગાય પાળેલાં પશુઓમાં મહત્વનું સ્થાન ધરાવે છે. ગાયનું દૂધ, ઘી, છાણ તથા મૂત્રને પવિત્ર માનીને હિંદુઓમાં ધાર્મિક વિધિઓ અને પ્રસંગોએ ખાસ ઉપયોગ થાય છે. ગાયનું દૂધ પચવામાં હલકું હોવાથી નાનાં બાળકોને તેમની માતાનું દૂધ મળતું ન હોય ત્યારે સંપૂર્ણ આહાર તરીકે આપવાની ભલામણ ડૉક્ટરો કરે છે. ગૌધન એ આપણી ઐહિક સમૃદ્રિ નું મુળ છે. ઘનોમાં તેને ઉત્કૃષ્ટ ધન માનવામાં આવ્યું છે. આપણી જીવન વ્યવસ્થા કૃષિ પ્રધાન રહી છે. અને કૃષિ નો બધો આધાર સ્તંભ બળદ-ગોપુત્ર અને ગાયો પર છે.મહાભારતમાં ગાયના માટે સ્પષ્ટ લખાણ છે. **गायः श्रेष्ठः पवित्राश्च पावन जगप उतमाः** ગાયો સંસારમાં ઉત્તમ, શ્રેષ્ઠ, પ્રવિત્ર કરનારી છે. જેના દહીં તથા ઘી વગર યજ્ઞાને કરવો સંભવિત નથી. " શરીર ની પુષ્ટિ માટે જેટલું ગાયનું દુધ મહત્વનું છે. તેટલું રોગ નિવારણ તથા પ્રાયશ્ચિત માટે ગોમૂત્ર અને ગોમય (છાણ) નું જ છે" . એમ **વસિષ્ઠ મુનિએ** કહેલું છે. ગાય વિજ્ઞાન સંશોધન કેન્દ્ર (જીવીએકે) એ એક બિન-સરકારી સંસ્થા છે જે મનુષ્યો અને ગાય વચ્ચેના વર્ષો જૂના બંધનને ફરીથી જાગૃત કરવાના મિશન પર છે. ભારતીય કૃષિ અને પરંપરાગત જ્ઞાનના સમૃદ્ધ વારસામાં જડેલી, અમારી સંસ્થા ગાય અને તેમના પાંચ આવશ્યક ઉત્પાદનો: દૂધ, દહીં, ઘી, પેશાબ અને છાણના બહુવિધ લાભોના સંશોધન અને પ્રચાર માટે સમર્પિત છે - જે સામૂહિક રીતે પંચગવ્ય તરીકે ઓળખાય છે. ગાયો ખાતરનો સ્ત્રોત પૂરો પાડે છે .ગાયો દૂધ અને દૂધ આધારિત ઉત્પાદનો પ્રદાન કરે છે, જેનું સારું વ્યાપારી મૂલ્ય મળ્યું હતું. તાજેતરમાં, CED દ્વારા ગાય આધારિત અર્થતંત્ર ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો.

ગાય એટલે શું ?

ગાય એ ભારતમાં ઠેર ઠેર જોવા મળતું એક ચોપગું, શીંગડાવાળું, પાલતુ સસ્તન વર્ગમાં આવતું પ્રાણી છે. આ પ્રાણીની માદા જાતિને ગાય કહે છે. જ્યારે નર જાતિમાં લગામ વાળા નરને બળદ અને લગામ

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

વગરનાં નર ને આખલો કહે છે. ગાયનો ઉછેર તેના દૂધ માટે, જ્યારે કે બળદનો ઉછેર ખેતીવાડીમાં મજૂરી માટે થાય છે.

અર્થ વ્યવસ્થા એટલે ?

અર્થતંત્ર એ ઉત્પાદન, વિતરણ અને વેપાર તેમજ માલસામાન અને સેવાઓના વપરાશનું ક્ષેત્ર છે. સામાન્ય રીતે, તેને એક સામાજિક ડોમેન તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે જે દુર્લભ સંસાધનોના ઉત્પાદન, ઉપયોગ અને સંચાલન સાથે સંકળાયેલ વ્યવહારો, પ્રવચનો અને ભૌતિક અભિવ્યક્તિઓ પર ભાર મૂકે છે.

પ્રાણી અર્થતંત્ર શું છે?

પ્રાણીઓના વર્તન માટે આર્થિક સિદ્ધાંતોનો ઉપયોગ. માનવ સૂક્ષ્મ અર્થશાસ્ત્રની જેમ પ્રાણીને ગ્રાહક તરીકે ગણવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે પ્રાણી એક તર્કસંગત નિર્ણય લેનાર છે, મહત્તમ ઉપયોગિતા (અથવા સમકક્ષ) અને સમય અને શક્તિ એવી રીતે ખર્ચ કરે છે કે જે મનુષ્યો દ્વારા સમય અને નાણાંના ખર્ચને સમાંતર બનાવે છે.

ગાય પર આધારિત ટકાઉ અર્થતંત્ર

ગાય આધારિત વિકાસ ભારતને ઘણી રીતે મદદ કરશે. GAU સરકારોને તેમની હરિયાળી અર્થવ્યવસ્થા, સજીવ ખેતી, રોજગાર, સામાજિક ન્યાય અને ટકાઉ વિકાસના ઉદ્દેશ્યો હાંસલ કરવામાં મદદ કરે છે.

ગાય આધારિત અર્થતંત્ર શું છે, ગાય એ દૂધનો પ્રાથમિક સ્ત્રોત છે, જે ભારતીય આહારમાં મુખ્ય છે. ગાય કૃષિ ઉપ-ઉત્પાદનોનો સામાન્ય રીતે કચરો લે છે અને દૂધ, ઘી, બળદની શક્તિ, પેશાબ અને છાણ પ્રદાન કરે છે જેનો ઉપયોગ ખોરાક અને ઊર્જાના ઉત્પાદન માટે થાય છે. તેમના મૃત્યુ પછી પણ, ગાય અથવા ઢોરના ચામડાની સારી કિંમત મળે છે, જ્યારે હાડકા-ભોજન ઉત્તમ ગુણવત્તાયુક્ત જૈવિક ખાતર બનાવે છે. ભારતમાં ગાય એ અનાદિ કાળથી ગ્રામીણ જીવનનો અભિન્ન અંગ છે. ગાયની ભારતીય જાતિઓ ભારતમાં ઘરગથ્થુ પ્રથાઓ દ્વારા વ્યક્ત કરાયેલ અને હવે પ્રયોગો અને ક્લિનિકલ ટ્રાયલ્સ દ્વારા સાબિત થયા મુજબ વધુ સારી ગુણવત્તાનું દૂધ ઉત્પન્ન કરવાની જન્મજાત આનુવંશિક ક્ષમતા ધરાવે છે. ગોબર અને પેશાબ ગાયના અર્થતંત્રના મુખ્ય સ્ત્રોત છે, માત્ર બળદની ઉર્જા પછી. ગૌમૂત્રનો ઉપયોગ જૈવિક ખાતર અને જંતુ નિવારક તરીકે થઈ શકે છે જે પાકનું ઉત્પાદન વધારવામાં તેમજ ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરવામાં મદદ કરે છે. ગાય અને બળદનો ઉપયોગ ડેરી અને ખેતીના હેતુઓ જેમ કે ખેડાણ, પરિવહનમાં થાય છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ગાય આધારિત અર્થવ્યવસ્થા

દૂધ ઉત્પાદન

ગાય એ દૂધનો પ્રાથમિક સ્ત્રોત છે, જે ભારતીય આહારનો મુખ્ય ભાગ છે. ગાયો સ્થાનિક ડેરી ઉદ્યોગમાં ફાળો આપે છે, તાજું અને પૌષ્ટિક દૂધ આપે છે. આજીવિકાનો આ સ્ત્રોત સ્થાનિક ડેરી ખેડૂતોને સશક્ત બનાવે છે, જેમાંથી ઘણા નાના પાયાના ઉદ્યોગસાહસિકો છે.

સજીવ ખેતી

ગાયનું છાણ અને મૂત્ર **શક્તિશાળી** કુદરતી ખાતરો અને જંતુનાશકો છે. તેઓ માટીના સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપે છે, રાસાયણિક ઉપયોગ ઘટાડે છે અને પાકની ઉપજમાં વધારો કરે છે તે જૈવિક ખેતી પદ્ધતિઓની સુવિધા આપે છે. સજીવ ખેતીની તકનીકો અપનાવીને, GVAK વધુ ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ કૃષિ ક્ષેત્રમાં યોગદાન આપી શકે છે.

આયુર્વેદ અને ગાય આધારિત ઉત્પાદનો

આયુર્વેદિક દવાઓ અને હર્બલ ઉપચારોમાં ઘણીવાર ગાયમાંથી મેળવેલા ઘટકો જેમ કે ઘી અને ગૌમૂત્રનો સમાવેશ થાય છે. આ ઉત્પાદનોએ તેમના એકંદર આરોગ્ય લાભો માટે લોકપ્રિયતા મેળવી છે અને તે આર્થિક વૃદ્ધિના સંભવિત સ્ત્રોત છે.

ઇકો-ટૂરિઝમ: ગાય આધારિત અર્થવ્યવસ્થા ભારતની સાંસ્કૃતિક સમૃદ્ધિનો અનુભવ કરવામાં રસ ધરાવતા પર્યાવરણ પ્રવાસીઓને પણ આકર્ષી શકે છે. મુલાકાતીઓ ગાય પાલન પ્રથા, ગાય આધારિત ઉત્પાદનોનો ઉપયોગ કરવાની પરંપરાગત રીતો અને સ્થાનિક **જીવનશૈલીમાં** પોતાને લીન કરી શકે છે.

ગાયના છાણનો ધંધો: ગામડાઓમાં મોટાભાગના પશુપાલકો ગાય-ભેંસના છાણનો ઉપયોગ ગાયનું છાણ બનાવવા માટે કરતા **જોવા** મળે છે અથવા તો તેઓ તેને નકામું ગણીને ફેંકી દે છે. કાગળ ગાયના છાણમાંથી બને છે. -ગાયના છાણમાંથી મૂર્તિઓ અને ઘડા બનાવો.- ગાયના છાણમાંથી બનેલા બાયોગેસ પ્લાન્ટનો ધંધો.- **અગરબત્તી** બનાવવામાં વપરાય છે.- ખાતર બનાવવામાં ઉપયોગ કરો- ગાયનું દૂધ, દહીં, ઘી વગેરે **માત્ર** સ્વાસ્થ્યપ્રદ નથી, પરંતુ તેનું છાણ અને ઝરણું પણ ખૂબ જ ફાયદાકારક છે.-વૈજ્ઞાનિક સંશોધન મુજબ સ્થાનિક ગાયનું છાણ બિન ચેપી છે. તેમાં ફોસ્ફરસ નામનું તત્વ પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે. આ તત્વ અનેક પ્રકારના ચેપી રોગોના કીટાણુઓનો નાશ કરે છે. અણુ બોમ્બના ઘાતક **કિરણોત્સર્ગ** પણ ગાયના છાણથી ઢંકાયેલા ઘરોમાં તટસ્થ થઈ જાય

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

છે.ગાયનું છાણ રક્તપિત્તમાં ફાયદાકારક છે. વાંદરાના કરડવાથી થયેલા ઘા પર ગરમ ગાયના છાણનો લેપ કરવાથી દુખાવો તરત જ મટે છે.

કૃષિ → ગાયના છાણનો પરંપરાગત અને સજીવ ખેતી પદ્ધતિઓમાં જૈવિક ખાતર તરીકે વ્યાપકપણે ઉપયોગ થાય છે.

ઔષધીય ઉપયોગો → કેટલીક પરંપરાગત ઔષધીય પ્રણાલીઓમાં કથિત સ્વાસ્થ્ય લાભો માટે ગૌમૂત્રનો સમાવેશ થાય છે, જોકે **વૈજ્ઞાનિક** માન્યતાનો અભાવ છે

ધાર્મિક મહત્વ → હિંદુ ધર્મમાં, ગાય પૂજનીય અને પવિત્ર છે, અને **નારિયેળના** છાણનો ઉપયોગ ધાર્મિક સમારંભો અને ધાર્મિક વિધિઓમાં થાય છે. હવાને શુદ્ધ કરવા માટે ગાયના છાણ અને ગોબરની કેક પણ બાળવામાં આવે છે.ગાયનું છાણ ઘણા ફાયદાકારક **સૂક્ષ્મજીવાણુઓથી** સમૃદ્ધ છે. સેકરોમીસીસ, લેક્ટોબેસિલસ, બેસિલસ, સ્ટ્રેપ્ટોકોકસ વગેરે. તેમાં વિવિધ ખનિજો, વિટામિન્સ, પોટેશિયમ, નાઇટ્રોજન, **ઓક્સિજન** કાર્બન પણ હોય છે. ગાયના છાણમાંથી મેળવેલી તંતુમય સામગ્રીનો ઉપયોગ કાગળ બનાવવામાં થાય છે. તાજેતરમાં, ગાયના છાણ આધારિત મચ્છર ભગાડનારાઓ કૃત્રિમ મચ્છર ભગાડનારાઓમાંથી એક શ્રેષ્ઠ વિકલ્પ છે.

મોડેમ એપ્લિકેશનનો ઉપયોગ કરીને:

બાયોગેસ ઉત્પાદન → કચરો એ બાયો-ગેસનો સ્ત્રોત છે, જે રાંધણ વીજ ઉત્પાદન માટે ઊર્જાનો નવીનીકરણીય સ્ત્રોત પૂરો પાડે છે.

ઓર્ગેનિક ખેતી → ગાયના છાણ અને મૂત્રના આવશ્યક ઉત્પાદનો સાથે **સજીવ** ખેતીની તાજેતરની પદ્ધતિઓ ઓર્ગેનિક તરીકે વધુ માંગમાં છે. પાક ઉત્પાદન માટેની પદ્ધતિઓ હાનિકારક રસાયણોથી મુક્ત છે.

કુદરતી જંતુ નિયંત્રણ → **ગૌમૂત્રમાં** કુદરતી જંતુ નિયંત્રણ તત્વો હોય છે, જે હાનિકારક રસાયણોનો ઉપયોગ ઘટાડે છે.ગૌમૂત્ર અથવા **ગોમૂત્ર** એ ગાયનો બિન-ઝેરી પ્રવાહી કચરો છે. ગૌમૂત્ર અથવા તેના નિસ્યંદનથી જીવનની **ગુણવત્તામાં** સુધારો કરવા અને ગંભીર રોગોવાળા **દર્દીઓમાં** જીવન ટકાવી રાખવાના દરમાં વધારો સહિત ઘણા સ્વાસ્થ્ય લાભો છે.

આયુર્વેદિક ચિકિત્સા પદ્ધતિમાં, ગૌમૂત્રનો ઉપયોગ ઘણા ફોર્મ્યુલેશન તૈયાર કરવા માટે થાય છે. ગૌમૂત્ર મૂત્રવર્ધક પદાર્થની ક્રિયાને પ્રેરિત કરવા માટે જાણીતું છે અને તે નેફ્રો-રક્ષણાત્મક એજન્ટ તરીકે પણ કાર્ય કરે છે. તે વજન ઘટાડવા, પાચનની સમસ્યા, સોજો, હૃદય અને **કિડનીના** વિવિધ રોગો

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

સામે વિપરીત અસરોમાં પણ મદદ કરી શકે છે. ગૌમૂત્રના કેટલાક વધુ **સ્વાસ્થ્ય** લાભો છે ,રક્ત શુદ્ધિકરણ: હાડકાંની મજબૂતાઈ જાળવી રાખે છે.,મૂત્ર માર્ગમાં પથરી બનતી અટકાવે છે.રોગપ્રતિકારક શક્તિ સુધારે છે; એન્ટિબાયોટિક્સ;

ગાયનાં દરેક પદાર્થો ઉપયોગી છે.છાસ : ઝાડાને મટાડનારી ખાટી તુરી મીઠી, હિતકારી અને અક્ષિર વર્ધક, વાતહર, તૃપ્તિ કરનાર તથા પાચન ના ગુણો વધાર નારી છે.

માખણ : હિતકાર, બળ વધારનાર, રોગને સુધારનાર, બળને આપનારા, ઝાડાને રોકનાર, હરસ મટાડાનાર લોહી સુધારનાર બાળક અને વૃધ્ધને માટે અમૃત સમાન છે.

ઘી : ગાયનું ઘી આંખ માટે **હિતકારી**, જાતીય શક્તિ વધારનાર, પવિત્ર, **અલશિક્ષ્મ**, પાપ, રાક્ષસોના નાશ કરનાર, આયુષ્ય તથા **બુધ્ધિ** વધારનાર છે.

નિષ્કર્ષ: ગાયનું છાણ અને મૂત્ર, જે એક સમયે પરંપરાગત સમાજનું મુખ્ય હતું, તે આધુનિક વિશ્વમાં સુસંગત રહે છે. ટકાઉ કૃષિ, નવીનીકરણીય ઉર્જા અને પર્યાવરણને અનુકૂળ પ્રથાઓનો સમાવેશ કરવા માટે તેમની અરજીઓ વિવિધ છે.

સંદર્ભ :

1.ગાય અને ગૌશાળા સોનલ પરીખ

2.Cowbasedeconomy

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ડો.ભાવનાઆર.કેશવાલા

અર્થશાસ્ત્રવિભાગ

ડૉ.વી. આર.ગોઢાણીયા કોલેજપોરબંદર.

ગાય આધારિત અર્થવ્યવસ્થા

પૂર્ણ થાય છે. ગાય, સૂર્યપ્રકાશની જેમ, વ્યક્તિની સમૃદ્ધિ, વૃદ્ધિ અને સુરક્ષામાં મદદ કરે છે. 'ગો' નામનો અર્થ સૂર્યપ્રકાશ અને ગાય થાય છે.

જેમ ગાયનું દાન શ્રેષ્ઠ છે તેમ ગાયની ચોરી મહાપાપ છે. ગાયની અજાણતા થતી ચોરીને પણ મહાપાપ ગણવામાં આવ્યું છે. બ્રાહ્મણની ગાયની અજાણતા ચોરી કરવાને કારણે નૃગ નામનો રાજા કાચિંડો બની ગયો હતો. એક બ્રાહ્મણની ગાય આકસ્મિક રીતે રાજાના ટોળામાં ઘુસી ગઈ. નૃગને આ વિશે ખબર નહોતી. સ્વર્ગ પ્રાપ્તિની આશાએ તેણે તે ગાય બીજા બ્રાહ્મણને આપી. અને તેમણે એક લાખ ગાયનું દાન કર્યું હતું છતાં તે પાપને કારણે તે મૃત્યુ પછી કાચિંડો બની ગયો. પાછળથી ભગવાન કૃષ્ણના સ્પર્શ કર્યા પછી જ નૃગને સ્વર્ગ પ્રાપ્ત થયું.

જે લોકો સમૃદ્ધિની આશા રાખે છે તેઓએ દરરોજ વિધિપૂર્વક ગાયની પ્રદક્ષિણા કરવી જોઈએ. તેઓને લાત મારવી જોઈએ નહીં અથવા તેમની સાથે દખલ કરવી જોઈએ નહીં. ગાય એ દેવી છે. તે દરરોજ પૂજા માટે યોગ્ય છે. જ્યારે ગાયો ચરતી હોય ત્યારે તેમને ખલેલ પહોંચાડવી અથવા નુકસાન ન કરવું જોઈએ. તરસતી ગાયોને પાણી આપવું જ જોઈએ. જો કોઈ તરસતી ગાયને પાણી ન આપે અથવા તેના પાણી પીવાના માર્ગમાં અવરોધ ઊભો કરે તો તે તેને શાપ મળે છે, જે તેનો પરિવાર સહિત નાશ કરશે. પૈતૃક ઘરો , દેવતાઓના નિવાસસ્થાન અને તમામ પવિત્ર મંદિરોને ગાયના છાણથી સાફ કરવામાં આવે છે.

મહાભારતમાં વશિષ્ઠ અને વિશ્વામિત્રની કથામાં ગાયના કામધેનુ સ્વરૂપનો ઉલ્લેખ છે જે સર્વ સુખોની દાતા છે. તેમની પાસેથી માંગ્યું મળે છે. સ્વર્ગમાં પણ સમુદ્રમંથનથી ઉત્પન્ન થયેલી કામધેનુ નિવાસ કરે છે. આવી પવિત્ર, અદ્ભુત ગાય સાથેના વર્તન અંગે પણ મહાભારત માર્ગદર્શન આપે છે. તે કહે છે,

1. ગાયને ક્યારેય લાત ન મારવી જોઈએ , આવું કરનારને સો જન્મ સુધી નરકમાં ભોગવવું પડે છે. ગાય એ તમામ શુભ વસ્તુઓનો વાસ છે. આ કારણથી તે હંમેશા પૂજાને પાત્ર છે.
2. બળદને ક્યારેય લાકડીઓ અથવા ચાબુકથી સખત મારવો જોઈએ નહીં.
3. ગાય પાસેથી પસાર થવું ન જોઈએ.
4. જ્યારે ગાયો ચરતી હોય અથવા સૂતી હોય ત્યારે તેમને કોઈપણ રીતે ખલેલ પહોંચાડવી જોઈએ નહીં.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

5. જ્યારે ગાયોને તરસ લાગે છે અને તેને પાણી આપવાનો નકાર કરનાર માટે મોટી સમસ્યાઓ ઊભી થાય છે. ગાય કરતાં કયું પ્રાણી વધુ પવિત્ર હોઈ શકે, જેનું છાણ પણ શુદ્ધ કરે છે ?

6. જે વ્યક્તિ પોતે ખાય તે પહેલા એક વર્ષ સુધી દરરોજ અન્ય વ્યક્તિની ગાયને મુઠ્ઠીભર ઘાસ ખવડાવે છે તે વ્રત અથવા અનુષ્ઠાન કરનાર માનવામાં આવે છે, જે તેની દરેક મનોકામના પૂર્ણ કરે છે. આવી વ્યક્તિ સંતાન, કીર્તિ, ધન અને સમૃદ્ધિની પ્રાપ્તિ કરે છે અને તમામ અનિષ્ટોને દૂર કરે છે.

7. ગાયને વધ માટે ક્યારેય ન આપવી જોઈએ.

8. ખેડાણ માટે બળદનો ઉપયોગ કરી શકાય છે, પરંતુ જમીન ખેડવા માટે ક્યારેય ગાયનો ઉપયોગ કરવો જોઈએ નહીં.

9. કોઈપણ નાસ્તિકને ગાય ન આપવી જોઈએ.

10. વિચારમાં પણ ગાયને દુઃખ ન આપવું જોઈએ. ગાય પ્રત્યે હંમેશા દયાળુ રહેવું જોઈએ.

11. ગાયોની કોઈપણ રીતે ઉપેક્ષા ન કરવી જોઈએ.

12. ગાયના છાણ પર ક્યારેય પણ પોતાનો પેશાબ , મળ અને અન્ય સ્રાવ ન નાખવો જોઈએ .

13. ગાયને કોઈપણ રીતે રોકવી જોઈએ નહીં.

14. ગાયના છાણનું અપમાન ન કરવું જોઈએ. ગાયના છાણમાં ગોળાકાર નિશાન ભગવાન વિષ્ણુના ચક્રનું પ્રતિનિધિત્વ કરે છે.

15. જે વ્યક્તિ મારવા માટે ગાય વેચે છે, ગાયને મારી નાખે છે, અથવા શાસ્ત્રોની મર્યાદાઓનું પાલન કર્યા વિના ગાયનું માંસ ખાય છે, અથવા પૈસા માટે ગાયને મારવા માટે લાવે છે, તે વધ કરાયેલ ગાયના શરીર પરના વાળની સંખ્યા જેટલા જન્મો સુધી નરકમાં સડે છે.

ભગવાન શ્રી રામના ગુરુદેવ મહર્ષિ વશિષ્ઠ ઇક્ષ્વાકુવંશી, મહારાજા સૌદાસને " ગવોપનિષદ " (ગાયના મહિમાનું ગહન રહસ્ય ઉજાગર કરતું જ્ઞાન) સંભળાવતી વખતે, મહાભારતમાં કહે છે –

હે રાજા! માણસે હંમેશા સવારે વહેલા ઉઠવું જોઈએ આ રીતે જાપ કરવો જોઈએ, " ઘી અને દૂધ આપનારી ગાયો , ઘીનું મૂળ સ્થાન, ઘી પ્રગટાવનાર, ઘીની નદી અને ઘીના વમળનો વાસ મારા ઘરમાં હંમેશા રહે. ગાયનું ઘી હંમેશા મારા હૃદયમાં રહે. મારી નાભિમાં ઘીની સ્થાપના થાય. મારા બધા અંગોમાં ઘી પ્રસરી જાય અને મારા મનમાં ઘી વાસ કરે. ગાયો મારી આગળ હોવી જોઈએ. ગાયોએ પણ મારી પાછળ પણ હોય." "ગાયોને મારી આસપાસ રહેવા દો અને હું ગાયોની વચ્ચે રહીશ." આ રીતે , જે વ્યક્તિ દરરોજ જાપ કરે છે તે દિવસભર કરેલા પાપોમાંથી મુક્તિ મેળવે છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ગાય સૌથી પવિત્ર છે, વિશ્વનો આધાર છે અને તે દેવતાઓની માતા છે. તેમનો મહિમા અમાપ છે. તેને આદરપૂર્વક સ્પર્શ કરો અને તેને જમણી બાજુ રાખીને ચાલો. દરરોજ પ્રાર્થના કરવી જોઈએ કે વિશ્વની સુંદર અને બહુમુખી ગાય-માતાઓ હંમેશા મારી નજીક આવે. વિશ્વમાં ગાય કરતાં ઉત્તમ બીજું કોઈ પ્રાણી નથી. ચામડી, વાળ, શિંગડા, પૂંછડીના વાળ, દૂધ અને લોટ વગેરેની સાથે ગાય દૂધ, દહીં, ઘી વગેરે દ્વારા યજ્ઞો અને પૂજાઓ કરે છે, તેથી આનાથી વધુ સારી વસ્તુ બીજી કઈ છે?

આમ, ગાય એ માત્ર સામાન્ય પરની નહિ, વિશ્વની માતા છે. તેનું રક્ષણ, પોષણ અને સંવર્ધન કરવું એ દરેક વ્યક્તિનું કર્તવ્ય છે.

સંદર્ભ: મહાભારત શાંતિપર્વ અને અનુશાસન પર્વ

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ડો મિહિર એમ વોરા - ડો અર્ણવ કે અંજારિયા
શ્રીઆર આર લાલન કોલેજ ભુજ-કચ્છ -૩૭૦૦૦૧

ભારતીય સંસ્કૃતિમાં ગાયનો મહિમા

આરંભ :

મિત્રો યાદ રાખજો ગાયનું પૂજન ફક્ત હિંદુઓ માટે જ છે. એમ માનવુ ભુલ ભરેલું છે. જેનામાં માણસાઇ છે. કૃતજ્ઞાતાનો ભાવ છે તે પ્રત્યેક ધર્મના માણસ માટે ગાયનું પૂજન કરવું જરૂરી છે. ગાય અતિ પવિત્ર માતા છે તેનો ઉપકાર સર્વ ધર્મ માટે છે. ભગવતગીતાનાં છઠ્ઠા અધ્યાયનાં બત્રીસમાં શ્લોકમાં શ્રીકૃષ્ણ ખાસ કહે છે કે 'જે યોગી પોતાની જેમ જ સઘળા ભૂતોમાં સમદ્રષ્ટિથી જુએ છે એ પરમ શ્રેષ્ઠ છે.'

ઉપયોગીશબ્દો:

ગૌમાતા, ગાયનું પૂજન, મહત્વ

પરિચય :

મિત્રો गोस्तुमात्रानविधते।(ऋग्वेद)

ગાયનો મહિમા જોઈએ તો ''ગાયથી થનારા લાભની કોઈ ગણના જ થઈ શકે તેમ નથી'' જીવનનાં બધા જ સ્તરોમાં ગાયનું સ્થાન સર્વ શ્રેષ્ઠ મનાયું છે. જે શ્રુતિ, સ્મૃતિ, પુરાણ, આયુવેદ, વગેરેમાં તથા આધુનિક સાહિત્યનાં લખાણમાં જણાવ્યું છે.

ગાયોની સેવા કરવી તેમને ચરવા લઈ જવામાં ભગવાન શ્રીકૃષ્ણ, જીવનનું શ્રેષ્ઠ કાર્ય સમજતા. તેથી તેઓ 'ગોપાલકૃષ્ણ' કહેવાતા. તેમણે કહ્યું હતું કે ''ગાયો મારી આગળ અને પાછળ રહે, ગાયો મારા દિલમાં રહે, અને હું તેમની વચ્ચે વાસ કરું છું '' 'गवामध्येवसामिअहम्'

ઋગ્વેદમાં 'मातारुद्राणां.' કહીને સ્પષ્ટ કહ્યું છે. ગાય રુદ્ર દેવોની માતાનાં રૂપમાં સમસ્ત સંસારનું કલ્યાણ કરનારી, વસુઓની પુત્રીનાં રૂપમાં સમૃદ્રિ દાત્રી તથા આદિત્યોની બહેનનાં રૂપમાં, અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જનારી સાક્ષાત અમૃતના ભિહોવાથી અમરત્વનું વરદાન આપનારી છું. એટલે પિતૃઓનાં શ્રાધ્ધ કરતી વખતે 'ગોગ્રાસ' મૂકવામાં આવે છે અને બોલવામાં આવે છે કે 'હે ત્રિલોકની માતા ગાય. મેં ગ્રાસ મુક્યો છે તેને તમે ગ્રહણ કરો.

વેદોમાં ગાયનું માતા તરીકે વર્ણન છે. હકીકતમાં ગાય એ માનવસમાજની માતા છે. કારણ કે બાળકની જન્મદાત્રી માતા છે. તે તો બાળકને વરસ - બે વરસ સ્તનપાન કરાવે છે. ત્યાર પછી આખી જીંદગી દુધપાનારી માતા જ છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

મહાભારતમાં ગાયના માટે સ્પષ્ટ લખાણ છે .गाय: श्रेष्ठःपवित्राश्चपावनजगपउतमाः
ગાયો સંસારમાં ઉત્તમ, શ્રેષ્ઠ, પ્રવિત્ર કરનારી છે. જેના દહીં તથા ઘી વગર યજ્ઞાને કરવો સંભવિત નથી.

શરીરની પુષ્ટિ માટે જેટલું ગાયનું દુધ મહત્વનું છે. તેટલું રોગ નિવારણ તથા પ્રાયશ્ચિત માટે ગોમૂત્ર અને ગોમય (છાણ) નું જ છે. એમ વસિષ્ઠ મુનિએ કહેલું છે.

પૂતનાના પ્રાણ હરણ કર્યા પછી પૂતનાના વક્ષ: સ્થલરમતા બાલકૃષ્ણને ગોદમાં લઈ યશોદા માતાએ તેમની ચારે બાજુ ગોપુચ્છ ફેરવી, ગોમુત્રથી સ્નાન કરાવી તેના શરીર ઉપર ગોરજથી મર્દન કરી કેશવનાં બાર નામોથી તેની રક્ષા કરી હતી. (શ્રીમદ્‌ભાગવત)

ગાયમાં ચોત્રીસ કરોડ દેવતાઓ સમાયેલા છે. દરેક દેવ-દેવતા દેવીઓનું સ્થાન ગાયમાં સમાયેલું છે. આથી ગાયને પૂજનીય મનાય છે. ગાય માતામાં ચારેય વેદો અથર્વવેદ, સામવેદ, ઋગ્વેદ, યજુવેદ એમ ચારેય વેદોમાં ગાયનું મહત્વ દર્શાવ્યું છે.

''ગાયની પીઠમાં બ્રહ્મા, ગળામાં વિષ્ણુ, મુખમાં શિવજી. વચમાં બધા દેવી-દેવતાઓ, રૂંવાડામાં મહર્ષિઓ, પૂછમાં નાગ, પગની ખરીઓમાં આઠ પર્વત, મૂગમાં ગંગાજી આદિ નદીઓ, બંને નેત્રોમાં સૂર્ય-ચંદ્ર, સ્તનોમાં વેદ, તથા ગોબર (છાણ)માં લક્ષ્મિ. આદિ વસેલા છે. આથી તે ગાય વરદાન આપનારી થાય'' ગાયનાં કાનમાં આપણી સમસ્યા બોલવાથી તે સમસ્યા દુર થાય છે.

દુધ, દહીં, ઘી, મૂત્ર, છાણ, તથા ચામડી, હાડકા, વાળ અને શિંગડા બધું જ માનવજાતને માટે ઉપકારક છે. તેથી જ ઋગ્વેદમાં મંત્ર છે કે ગાયથી થનારા લાભની કોઈ ગણના જ થઈ શકે તેમ નથી.

गावोनापरमामिता (બ્રહ્મસુત્ર૧૩/૧૪/ ગાયનુંમાનવ સમાજના પરમ મિત્ર તરીકેનું વર્ણન છે.

ગાયનું સમાજમાં એટલું મહત્વ અને ગો-ભક્તિની ભાવના આપી છે કે જ્યાં જ્યાં ગાયનાં પગલા પડતા તે ઘુળથી વાતાવરણ પવિત્ર થઈ જતું, તે લોકોમાં સૌભાગ્યશ્રીનું સુચક દર્શાવ્યું છે.

ગાયનુંમહત્વ : ગૌધન એ આપણી ઐહિક સમૃદ્રિનું મુળ છે. ઘનોમાં તેને ઉત્કૃષ્ટ ધન માનવામાં આવ્યું છે. આપણી જીવન વ્યવસ્થા કૃષિ પ્રધાન રહી છે. અને કૃષિનો બધો આધાર સ્તંભ બળદ-ગોપુત્ર અને ગાયો પર છે.

જે ગાયોએ વરસો સુધી માનવના કુટુંબને પાળી-પોષીને પુષ્ટ કર્યા. પોતાના પુત્ર બળદને માનવીના સુખ માટે આપી દીધો તેની ઉપકારીકાને ન ભૂલી શકાય તેવી છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

મહાભારતના અનુશાસન પર્વમાં ગાયની શ્રેષ્ઠતા વિષે ચ્યવન ઋષિએ સ્પષ્ટ કહ્યું છે કે ''આસંસારમાં ગાયો સિવાય બીજુ કોઈ શ્રેષ્ઠ ઘનનથી. તેના ગુણોનું નામ અને કીર્તન કરવું, સાંભળવું, તેનું દાન આપવું, તેનું દર્શન કરવું. એની શાસ્ત્રોમાં ખુબ જ પ્રશંસા કરી છે.''

गव्याप्रशस्यतेवीर॥ મહાભારતમાં તેથી જ કહેવાયું છે કે તીર્થસ્થાનું સ્નાન, બ્રહ્મભોજન, મહાદાન, ભગવત્સેવા, સમસ્તવ્રતોની ઉપાસના, પૃથ્વીનું પર્યટન તથા સત્યભાષણથી જે પુણ્ય મળે છે. તે બધું જ પુણ્ય કે વળગો-સેવાથી પ્રાપ્ત થાય છે. तवपूज्यंप्राप्पतेरादाकेवलंधनुसेवाया।

સમસ્ત ભારતની ચારિતાર્થ કરનારી ગાયએ ગૌરવ પૂણ સંપતિ છે એવી મારી લાગણી છે. આપણે તેની પ્રત્યેની ભાવનાને યોગ્ય માન આપી તેના પ્રત્યેની કૃતજ્ઞાતા વ્યકત કરીએ એવી મારી લાગણી છે ગાયના દુધમાં શરીરને જરૂરી બધા જ પોષક તત્વો છે. પાણી વગરનાં દુધમાં ૧૩ ટકા ઘન પદાર્થો રહે છે. બાકીનો ભાગ જલીય છે. આ ૧૩ ટકામાં પ્રોટીન ૩ થી ૪ ટકા, ચરબી ૩ થી ૪ ટકા, સાકર ૪ થી ૫ ટકા, ક્ષાર અડધો ટકા, ખનીજો અડધો ટકા, વિટામીન અડધો ટકા

ગાયનાં દુધમાં કેલ્સિયમ, ફોસ્ફરસ, મેગ્નેશિયમ, સોડીયમ, પોટેશિયમ, કલોરિન, આર્યન, આયોડિન અને સલ્ફર જેવા ખનીજો હોય છે. વિટામિન એ, બી, સી. ડી, ઈ, અને કે હોય છે.વિટામિન બી-૧૨ પણ હોય છે. બાળકો, વૃધ્ધા, સગર્ભા, બીમારી અને અશક્તોને માટે દુધ ખોરાકની ગરજ સારે છે. તેઓને દુધમાંથી પુરતા પ્રમાણમાં પોષણ મળી રહે છે. ભેંસનાં દુધ કરતા વધારે સુપાચ્ય અને પચવામાં હલકું છે. ગાયનાં દરેક પદાર્થો ઉપયોગી છે.

છાસ : ઝાડાને મટાડનારી ખાટી તુરી મીઠી, હિતકારી અને અક્ષિરવર્ધક, વાતહર, તૃપ્તિ કરનાર તથા પાચનના ગુણો વધારનારી છે.

માખણ : હિતકાર, બળ વધારનાર, રોગને સુધારનાર, બળને આપનારા, ઝાડાને રોકનાર, હરસ મટાડનાર લોહી સુધારનાર બાળક અને વૃધ્ધને માટે અમૃત સમાન છે.

ઘી : ગાયનું ઘી આંખમા ટેહિતકારી, જાતીય શક્તિ વધારનાર, પવિત્ર, અલશિક્ષ્મ, પાપ, રાક્ષસોના નાશ કરનાર, આયુષ્ય તથા બુધ્ધિ વધારનાર છે.

ગોમૂત્ર : આયુર્વેદમાં આઠ પ્રાણીઓના મુત્રનો ઉલ્લેખ છે કરેલ છે. તેમાં ગોમૂત્ર સર્વમાં શ્રેષ્ઠ છે. ચરક, સુશ્રુત, ભાવ પ્રકાશે ગોમૂત્રને પવિત્ર અને લોહી તથા કફનાં વિકારોમાં શ્રેષ્ઠ ઔષધ તરીકે ગણેલ છે. તેમજ કબજીયાત, ઉધરસ, શ્વાસ, ચામડીના રોગો કરમિયાનો રોગ, ખંજવાળનો રોગ, હાથીપગાનો રોગ, માટે ગૌમૂત્ર શ્રેષ્ટ ગણાવ્યું છે, હવે ગૌશાળામાં તેનો અર્ક કાઢીને ઉપયોગમાં લેવામાં આવે છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ગાયનું છાણ પણ પવિત્ર ગણવામાં આવે છે. ઘર લીપવામાં તેનો પણ ઉપયોગ કરાય છે જેથી પવિત્રતા જળવાઈ રહે.

દરેક ધર્મમાં ગાયનું મહત્વ : હિન્દુ ધર્મમાં તો ગાયને પવિત્ર માતા તરીકે પૂજનીય ગણાય છે. ગાયનું દુધ-ખૂદાની કૃપા પ્રસાદી મનાય છે. ગાયનું દુધ હંમેશા પીતા રહો કારણકે એ દવા છે. ગાયનું ઘી બીમારીઓ દુર કરે છે ગાયના માંસથી બચો કારણ કે ગાયનું માસ એ બીમારી છે. – મહંમદ પયગંબર (હદીસ) ભગવાન ઇશુ ખ્રિસ્તનો જન્મ જ ગૌશાળામાં થયો હતો.

યહી આશા પૂર્ણ કરો તુમહમારી , મિટેકષ્ટગવનછટે ખેદ ભારી,----ગુરુ ગોંવિંદ સિંહ

પારસીઓ ગૌ માસ ખાતા નથી., જૈનો તો જીવ માત્રની હિંસાના વિરોધી છે. ભગવાન બુદ્ધે ગૌ હત્યાનો વિરોધ કર્યો હતો. અને ગાયને માતા તુલ્ય ગણી હતી. દુધ ઠંડું થઈ જાય તો ગરમ કરીને લેવું આ રીતે આયુર્વેદની દરેક સંહિતાઓમાં ગાયના દુધને પવિત્ર- ગણેલ છે.

સંદર્ભ :

(૧). ભારતીય સંસ્કૃતિમાં ગાય (ગૌમાતા)નું મહત્વ જુલાઈ ૨૦૨૦૨૩ ગુજરાત સમાચાર ડૉ. ઉમાકાંત.જે.જોષી.

(૨). વિકિપીડિયા , વિવિધ અખબારી અહેવાલ

(૩). ગાય અને સાહિત્ય ઉપર શાસ્ત્રો આધારિત સંદર્ભ

(૪). ગુજરાતી વિકિપીડિયા

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

વૈદ મનજીતભાઈ બારોટ અને નિતિનભાઈ હિરાણી,
ઔમ ગૌશાળાં, મુ. કમાલપુર તા. ચાણસ્મા, જી. પાટણ

હિન્દુ સનાતન પરંપરાના સોળ સંસ્કારોમાં ગોમાતાની અગત્યતા અને મહત્વ

સંસ્કારનો અર્થ છે દોષોનું પરિમાર્જન (શુદ્ધિકરણ) કરવું. દૈહિક અને માનસિક દોષોમાંથી પરિમાર્જિત (શુદ્ધ) થવા દેહ પ્રાપ્તિથી તેના લય થવા સુધીના દરેક તબક્કાઓમાં આપણા પવિત્ર ધર્મએ કસુગઠિત માળખું નિર્માણ કરેલું છે. જેને આપણે સોળ સંસ્કાર તરીકે ઓળખીએ છીએ. આ સંસ્કારો ક્યાંયને ક્યાંય આયુર્વેદ અને વિજ્ઞાન સાથે જોડાયેલા છે અને આયુર્વેદ પંચગવ્યથી પૂર્ણ થાય છે. માટે જ આયુર્વેદના દેવતા ધન્વંતરિના પ્રાદુર્ભાવ પૂર્વે સમુદ્ર મંથન વખતે પાંચ ગોમાતાઓની ઉત્પત્તિ થઈ છે. આ ગાય માતા તરફથી પ્રાપ્ત થતા મૂળ પદાર્થોને ગવ્ય તરીકે ઓળખાય છે. જેમાં દૂધ, ગોમૂત્ર, ગોબર મુખ્ય છે અને દૂધને વિશેષ રૂપે માર્જિત કરવાથી દહીં અને ઘીની પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણેના પાંચ પદાર્થોને પંચ ગવ્ય તરીકે ઓળખાય છે.

આ પંચ ગવ્યનો ઉપયોગ આપણા મહાન મહર્ષિઓએ સોળ સંસ્કારમાં દરેક જગ્યાએ વિશેષરૂપે જોડેલો છે. જેના કારણે દૈહિક અને માનસિક દોષોથી દરેક મનુષ્ય શુદ્ધ તથા મુક્ત થઈ શકે છે. જે જ્ઞાનને આજે આપણે કદાચિત ભૂલ્યા છીએ. તો આવો આપણે તેને ફરીવાર યાદ કરી જીવનમાં ઉતારવા પ્રયત્નક રીએ.

૧. ગર્ભાધાન સંસ્કાર:-

મૂલતઃગર્ભ + આ ધાનથી બનેલા શબ્દમાં આ ધાન એટલે સ્થાપન કરવું એટલે કે ગર્ભમાં બીજના સ્થાપનનો સંસ્કાર, જ્યાંથી શરીર બંધારણની પ્રક્રિયા શુરુ થાય છે. ઉત્તમ અને સ્વસ્થ સંતાન પ્રાપ્ત કરવા ગર્ભાધાન પૂર્વે પતિ પત્નીએ ગાયના દૂધમાં બનેલી ખીરમાં ગાયનું ઘી મેળવીને નિયમિત સેવન કરવું જોઈએ. *(સંદર્ભ -બ્રહદારણ્યક. ૬/૪/૧૪).* ગર્ભાધાન બાદ ગર્ભિણી સ્ત્રીએ પ્રિયદ્રવ મધુર રસકારી, સ્નિગ્ધ, અગ્નિવર્ધક અને દીપનીય (ગાય માતાનું ઘી) આહાર લેવો જોઈએ. સંદર્ભ – સુશ્રુત સંહિતા શરીર ... ૧૦।૩ , ચરક સંહિતા શરી ૨૪।૧૮. આ પ્રમાણે ગાયના દૂધ અને ઘીને ગર્ભાધાન સંસ્કારમાં મહર્ષિઓએ જોડેલા છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

૨. પુંસવન સંસ્કાર:-

ગર્ભમાં રહેલા જીવમાં સ્પંદન થતા સમયે એટલે કે ગર્ભ રહ્યા પછી **ત્રીજા** માસે જયારે પિંડ હલનચલન કરવા સક્ષમ બને તે સમયે કરવામાં આવતો સંસ્કાર. *(સંદર્ભ - યાજ્ઞ. આચારા. ૧૧).* ગર્ભિણી સ્ત્રી ત્રીજા માસમાં **પ્રવેશ** કરે ત્યારે તેને ગોઘૃત (ગાયનુંઘી) અને ગોદૂગ્ધ (ગાયનુંદૂધ)નું પાન કરાવવું જોઈએ. *(સંદર્ભ – સુશ્રુત સંહિતા શરીર ... ૧૪।૩ , ચરક સંહિતા શરીર૮।૧૮).* તેમજ પુંસવન સંસ્કાર સમયે ગોબરથી બનેલા યજ્ઞ વેદીમાં ગાયના અડાયાં છાણાં ઉપર ઘીથી આહુતિ આપવાનું કહ્યું છે. જેથી કરીને આ યજ્ઞ દ્વારા ઉત્પન્ન થયેલ શુદ્ધ વાયુ તે **સ્ત્રીના** સ્વાસ્થ્ય માટે લાભ કરતા બને. (સંદર્ભ - શુ. ય. ૯ ।૩૦). ફાયદો - પુષ્ટિકારક. ત્રીજા માસમાં નિર્મિત થતો દેહ પિંડ સશક્ત અને તે જો મય થાય તે હેતુથી ગાયનું ઘી અને દૂધનું પાન કહ્યું છે કારણ કે ઘી અને દૂધ અગ્નિવર્ધક અને દીપનીય છે.

૩. સીમંતો નયન સંસ્કાર:-

સીમંતો નયન શબ્દ સીમંત + ઉન્નયન, એમ બે શબ્દથી બનેલ છે. જે **મસ્તકની** વિભાજીત રેખા (પાંથી) દ્વારા સુમંગલીની બનેલી સ્ત્રીના મસ્તક પરથી તેના ભાવિ સંતાનના માનસિક વિકાસ માટે કરવામાં આવતો સંસ્કાર છે. સુશ્રુત સંહિતામાં કહ્યું છે શરીરમાં વિભક્ત થયેલી પાંચ સંધીઓને સીમંત કહેવાય છે. આ પાંચ સંધીઓને ઉન્નત કરવાથી એટલે કે **પ્રકાશિત** કરવાથી માનસિક શક્તિઓની વૃદ્ધિ થાય છે અને ગર્ભસ્થ સંતાનના મસ્તિષ્ક આદિ બળવાન બને છે. *(શરીરસૂત્ર.).* તેમજ સીમંતો નયન સંસ્કાર સમયે ગોબરથી બનેલા યજ્ઞ વેદીમાં ગાયના અડાયાં છાણાં ઉપર ઘીથી આહુતિ આપવાનું કહ્યું છે. જેથી કરીને આ યજ્ઞ દ્વારા ઉત્પન્ન થયેલ શુદ્ધ વાયુ તે સ્ત્રીના સ્વાસ્થ્ય માટે લાભ કરતા બને. *(સંદર્ભ - શુ. ય. ૯ ।૩૦)*

૪. જાત કર્મ સંસ્કાર:-

આ સંસ્કારનો હેતુ ગર્ભસ્થ શિશુ જે માતાના સ્તનપાન દ્વારા પોતાનું પોષણ કરે છે તે આહાર આદિના દોષ બાળકમાં આવે છે. આ સંસ્કાર દ્વારા તે દોષને દૂર કરવામાં આવે છે. **गर्भाम्बुपाणजोदोषोजातात्सर्वोऽपिनश्यति** । મેધાજનન – શુદ્ધ પાત્રમાં ગાયના ઘી સાથે અસમાન માત્રમાં મધનું સોનાની સળી દ્વારા બાળકને એકવાર ચટાડવું અને ત્યાર બાદ ત્રણવાર ગાયનું ઘી સોનાની સળી વડે ચટાડવું જેથી આ ઔષધ અમૃત સમાન અમો ઘફળ આપે છે. ત્યારબાદ આજ સંસ્કારમાં છઠ્ઠીના દિવસે ગોમય (ગાયનું છાણ)નો પિંડ નજર સમક્ષ રાખી સુતીકાને (જે તે બાળકને જન્મ

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

દેનારી માતા) ગોઘૃતનું પાન કરાવવું અને પ્રસૂતા સ્ત્રીના કક્ષના દ્વાર પાસે ગોઘૃત, સેંધાનમક, પીળી સરસવ અને લીમડાના પાનનો ધૂપ કરવો જોઈએ જેથી તેના કક્ષાનું વાતાવરણ કીટાણુ રહિત બને. *(સંદર્ભ - સં. પ્ર. ૧૦૦)*

૫. નામકરણ સંસ્કાર:-

આચાર્ય બૃહસ્પતિના મતે નામ સઘળાં વ્યવહાર અને મંગલમય કાર્યનો હેતુ છે અને નામથી કીર્તિ પ્રાપ્ત થાય છે. આ માટેના મકરણ અત્યંત પ્રશસ્થ છે અને નામકરણ પછી જ શિશુને નિષ્ક્રમણ (ઘરની બહાર લાવવું) કરવું યોગ્ય છે. આ સંસ્કારમાં અશુદ્ધિઓથી દૂર થવા પંચગવ્યથી ગૃહ શુદ્ધિ કરી પછી અલગ રાખેલું બીજું પંચગવ્ય સુતીકાને ત્રણ તોલાના માપમાં પાન કરાવવું. જેથી કરીને તેની આંતરિક દેહ શુદ્ધિ થાય અને પયપાન કરતા બાળકને પંચગવ્યના ગુણો પ્રાપ્ત થાય. (સંદર્ભ - વી., સં. પ્ર. ૧૧૩). ત્યાર બાદ શિશુ અને માતાને ગોદૂગ્ધ આપી શકાય અને સુતીકાને સાપ્તાહિક એકવાર પંચ ગવ્ય પાન કરાવવું (સંદર્ભ - ચરકસંહિતાસૂત્ર. ૨૭ । ૨૧૮)

૬. અન્ન પ્રાશન સંસ્કાર:-

નવજાત બાળકને પ્રથમવાર સાત્વિક અને મધુર અન્ન છઠ્ઠા માસે ખવરાવવું જોઈએ. *(સંદર્ભ - સુશ્રુત. શારીર. ૧૦ । ૪૯).* અન્ન પ્રાશનમાં સૌ પ્રથમ બાળકને ગાયના દૂધમાં બનેલી ખીર અને ગાયનું ઘી મિશ્રિત કરીને આપવા જોઈએ. કારણકે ગાયનું દૂધ સ્વાદિષ્ટ, શીતળ, મૃદુ, સ્નિગ્ધ, બહલ, સ્લક્ષણ, મંદ, પ્રસન્ન ગૂણવાળું અને જીવનીય છે તેમજ ગોઘૃત મેધા શક્તિ વધારના રૂ છે.

૭. ચૂડા કરણ સંસ્કાર:-

આ સંસ્કાર શિશુના કેશ મુંડનનો છે. જેનાથી સંસ્કાર, બળ, આયુ અને તેજની વૃદ્ધિ કરે છે. (સંદર્ભ – મનુ સ્મૃતિ૨ । ૩૪). બાળકના વાળ ઉતાર્યા પછી મસ્તક ઉપર ગાયનું માખણ, દહીં અને ઘીનો સપ્રમાણ ગોળો બનાવી એના મસ્તક પર ઘસવો જોઈએ જેથી મસ્તક અને સ્મૃતિ શક્તિ તેજ બને છે. તેમજ પુત્ર હોય તો ઉતારેલા વાળને નંદીના ગોબર ઉપર અને પુત્રી હોય તો ગાયના ગોબર ઉપર રાખવા જોઈએ.

ત્યારપછી વિસર્જિત થયેલાવાળને ગોશાળામાં દાટવા જોઈએ. જેથી બાળક બાળ ગ્રહથી પીડિત થતો નથી. *(સંદર્ભસં. પ્ર. ૧૪૮).*

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

૮. અક્ષરારંભ સંસ્કાર:-

ક્ષર એટલે જીવ અને અક્ષર એટલે પરમાત્મા, જેના શવંતનથી તે પરમાત્માને ઓળખવા વિદ્યા, જ્ઞાન જરૂરી છે. માટે આ સંસ્કારને **મહત્ત્વનો** ગણવામાં આવે છે. આ સંસ્કારની **શરુવાતમાં** મેધાને વધારના રાગો ઘૃતના માહાત્મ્યને કહીને **અક્ષારારંભ** કરતા પહેલા ગો ઘૃત (ઘી) પાન કરવાનું કહ્યું છે. કારણકે ગો ઘૃત શસ્ત્રક્ષત, વાત, પિત્ત, કફ, ભ્રમ, વિષ અને ત્રિદોષનો નાશ કરનારું છે. *(સંદર્ભ નિઘંટુરત્નાકર ૧૮૨).*

૯. કર્ણ વેધ સંસ્કાર:-

બાળકને દીર્ઘાયુ સંપન્ન અને વિકાસવા ન બનાવવા શાસ્ત્રોમાં આ સંસ્કારને **મહત્ત્વનો** ગણવામાં આવે છે. પુત્ર કે પુત્રી બન્નેનો પહેલા જમણો કાંન વિંધવો જોઈએ. કાંન વિંધ્યા પછી પહેલા ગો મૂત્રમાં પલાળેલી સુતરની દોરી પહેરાવીને પછી કાન છેદ યોગ્ય થયા પછી સોનાનું કુંડળ પેહરાવવું જોઈએ. આમ ગો મૂત્રવાળી દોરી છેદને પાકતા અટકાવે છે અને કોઈ પ્રકારનો ચેપ થવા દેતી નથી. *(સંદર્ભ સુ. સ. સૂત્ર૧૬/૪).*

૧૦. ઉપનયન સંસ્કાર:-

ઉપ + નયન = સમીપ લઈ જવું. **વિદ્યાર્થીને** ગુરુના ચરણમાં અભ્યાસ માટે **ગુરુકુલમાં** લઈ જવો એટલે એને ઉપનયન સંસ્કાર કહેવામાં આવે છે. જેને સામાન્ય ભાષામાં જનોઈ **સંસ્કાર** પણ કહે છે. આ સંસ્કાર પ્રાપ્ત કરતા પૂર્વે ગોમય **ભસ્મના** ધારણને વિશેષ માનવામાં આવે છે તેમ જ બ્રહ્મચર્યકાળમાં ગો ઘૃત અને ગો દુગ્ધનો **આશ્રય** કહ્યો છે. જેથી આગળ ઉપર કહ્યા પ્રમાણે ગાયના દૂધ અને ઘીના વિશેષ ગુણોની પ્રાપ્તિ થાય છે તેમજ આ સંસ્કાર સમયે ગાય માતા અને નંદીનું દાન વિશેષ મહત્ત્વનું છે જેથી સમાજમાં ગોવંશ દ્વારા ગોવર્ધન અને તેનાથી રાષ્ટ્રહીત સાધી શકાય. *(સંદર્ભ સં. પ્ર. પૃ. ૧૯૯).* ગોમય પીન્ડ (છાણું) ઘીમાં બોળીને અગ્નિમાં દાન કરવાનું કહ્યું છે. જેથી પ્રાણવાયુ ઉત્પન્ન થાય છે.

૧૧. વેદારંભ સંસ્કાર :-

સ્નાતક તરીકે જ્ઞાન સત્રમાં **સ્નાનકરી** વિશેષ વિદ્યા શીખવાની શરૂવાતનો **સંસ્કાર** એટલે વેદારંભ સંસ્કાર. આ સંસ્કારની શરૂઆતમાં ગો ઘૃતપાન અને ગોઘૃતથી યજ્ઞ વિશેષ કહ્યા છે. આગળના સંસ્કારોમાં કહ્યા પ્રમાણે ગોઘૃતપાનથી મેધા શક્તિ વિશેષ રીતે ખીલે છે. જે વેદ જ્ઞાન માટે આવશ્યક છે. આ રીતે આ સંસ્કાર સાથે પાન ગાય માતા જોડાયેલી છે. *(સંદર્ભ - સં. પ્ર.).*

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

૧૨. ગોદાન સંસ્કાર :-

વેદારંભ સંસ્કાર અને **સમાવર્તન** સંસ્કારના મધ્યનો સંસ્કાર સંસારી અને **સન્યાસી** માટે ગાયના મહત્ત્વ અંગે વાત કરતો સંસ્કાર છે. સમાજને સશક્ત અને સ્વસ્થ રાખવા **પંચગવ્ય** અતિ આવશ્યક છે. અને પંચ ગવ્યયો ગ્યગોવંશ **દ્વારા** મળે તે જરૂરી છે. માટે ગોદાનનું મહત્વ આપણા દરેક શાસ્ત્રોએ ખુબ બતાવેલું છે. જે વ્યક્તિ ગોદાન ન કરી શકે તેને ગોગ્રાસ માટે ગોતુલાદાન અવશ્ય કરવું જોઈએ તેમ કહેલું છે.

૧૩. સમાવર્તન સંસ્કાર :-

વિદ્યાઅભ્યાસ કર્યા પછી સંસાર જીવનની શરૂવાત કરવા સમાજ જીવનમાં પરત ફરવાનું સૂચવતો સંસ્કાર જેને આજના સમયમાં **દીક્ષાન્ત** સંસ્કાર તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સંસ્કારમાં સંસારમાં પ્રવેશ કરતા પહેલા ગોપાલન અને ગોવર્ધનને વિશેષ રીતે સમજવા ગાય અને નંદી સાથે ગોશાળામાં નિવાસ અંગે તેમજ રુચિકર જીવન પદ્ધતિ સમજવા માટેનું **અધ્યયન** વિશેષ ગણવામાં આવ્યું છે. સમાવર્તન દરમિયાન ગૃહસ્થ જીવન પ્રવેશ પૂર્વે બ્રહ્મચારીને ગાયનું દહીં અને ભસ્મથી દંતાવધાન (મુખસાફ કરવું) કરવાનું કહેવામાં આવ્યું છે. *(સંદર્ભ - સં. પ્ર.).*

૧૪. વિવાહ સંસ્કાર :-

વિવાહ સંસ્કારમાં સદ્ગૃહસ્થ તરીકે જીવન પ્રવેશ કરી સંસારને આગળ વધારવા, સંતાન ઉત્પત્તિ કરી વંશ વધારવા અને સમાજ સેવા કરવાનો ઉત્તમ આ સંસ્કાર કહેવામાં આવ્યો છે. કારણકે વિવાહ પછી માણસ ગૃહસ્થિ ગણાય છે અને ગૃહસ્થને દરેક આ શ્રમનો ઉપકારી કહ્યો છે. *(સંદર્ભમનુ.૪/૧).* વિવાહ સંસ્કારમાં વર કન્યાને ગાયના દૂધ અને ઘીમાં હલદી મેળવીને લેપ કરવામાં આવે છે જેથી દેહ કાંતિયુક્ત અને ત્વચાતે જ **યુક્ત** બને છે. જે ઉપકારી છે તેમજ વિવાહ **સંસ્કારમાં** પણ ગોદાન, ગોતુલાદાન વર કન્યાના માતાપિતા દ્વારા થાય તે આવશ્યક ગણવામાં આવ્યું છે, જેથી નવા જીવનની શરુવાત કરનારને ગાય અને **ગોવર્ધન** સમાજ માટે કેટલું ઉપયોગી છે તે મહત્ત્વ સમજાય.

તેમજ વર કન્યાને પરણી ઉતર્યા પછી ગોમાતાની પ્રદક્ષિણા કરવાનું કહેવામાં આવ્યું છે. *(સંદર્ભસં. પ્ર.૩૦૯).*

૧૫.અગ્ન્યાધાન સંસ્કાર :-

વિવાહ સંસ્કાર પછી ગૃહસ્થોએ બધા યજ્ઞોશ્રો તાગ્નિ એટલે કે વેદોક્તવિધિ દ્વારા થતા હોવાથી તેને અગ્ન્યાધાન સંસ્કાર કહે છે. **યજ્ઞ** શાળાના બધા યજ્ઞ કુંડ ગોમયથી લેપન કરીને તૈયાર કરાય છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ગોઘૃત, ગોમય તથા પંચગવ્ય સામગ્રીથી યજ્ઞાહુતિ અપાય છે. અગ્નિહોત્રાદિ હવનમા ગોઘૃતથી મિશ્રિત ચોખાની આહુતિ અપાય છે તેમજ આ અગ્નિને હંમેશા ગોકાસ્ટથી સુરક્ષિત રખાય છે.

૧૬. અંત્યેષ્ટિ સંસ્કાર :-

અંત્ય કર્મ સંસ્કાર એટલે જીવનનો અંતિમ સંસ્કાર જ્યાં દેહ અને આત્માએ કબીજાથી અલગ થાય છે. સૌથી પહેલા મૃતદેહને જે જગ્યાએ મુકવામાં આવે છે ત્યાં ગાયના ગોબર વડે ચોકો લીંપવામાં આવે છે. જેથી મૃતદેહના જીવાણુ જમીનની અંદર કે ઘરમાં રહેનાર લોકોને નુકસાન કરવા ગાયના ગોબરથી આગળ વધી શકતા નથી. ત્યાર પછી અગ્નિ સંસ્કાર વખતે પણ ગોબરના છાણાનો ઉપયોગ કરવામાં આવે છે. લાકડાનો ઉપયોગ કરવા આજ્ઞા આપી છે કે મરનાર વ્યક્તિની જેટલી ઉમર હોય તેટલા વૃક્ષો વાવ્યા હોય તો જ લાકડાંથી અગ્નિદાહ કરવો નહિ તો ગોમય કાસ્ટ અને છાણાના ઉપયોગથી અગ્નિદાહ આપવો જોઈએ. આ પ્રમાણે આપણી સંસ્કૃતિએ વૃક્ષોની રક્ષાની પણ વાત કરી છે.

ઉપસંહાર: આમ ગોસંવર્ધનની સાથે સાથે ગાયની ઉપયોગીતા મનુષ્યના જીવનયાત્રાની શરુવાત એટલે કે ગર્ભાધાનથી જીવનના અંતિમ પડાવ અગ્નિ સંસ્કાર સુધી ગાયમાતા યેનકેન પ્રકારે મનુષ્ય સાથે જોડાયેલી રહી છે. જે આપણી દ્રષ્ટિ આજના સમયમાં જોવા માટે સમર્થ રહી નથી. માટે આ સોળ સંસ્કાર અને ગાય માતાના સાયુજ્યનાવર્ણનથી દ્રષ્ટિ ગોચર કરવા પ્રયત્ન કર્યો છે.

જય ગો માતા

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ડો. કૈલાશ નાંઢા
Assistant professor
S.D.SETHIYA COLLEGE OF EDUCATION
MUNDRA ઠક્કર ભાસ્કર મનીષભાઈ

ભારતીય શાસ્ત્રોમાં ગાયનો મહિમા

સારાંશ :

શાસ્ત્રોમાં ગાયની પવિત્રતા અને ઉપયોગિતાની બાબતો વર્ણવી છે. વેદ કાળથી આજદિન સુધી ગાયના ગુણગાન ગવાયા છે. ગ્રંથોમાં ગાયની વિસ્તૃત વર્ણન જોવા મળે છે. વેદમાં 'ગાવો વિશ્વસ્ય માતરમ' કહ્યું છે. મહાભારતકાળમાં ગાયને નવલ – પાલકને નંદિની ઉપાધિ આપવામાં આવતી હતી. ગાયની વિચાર હિંદુ સંસ્કૃતિના અસ્તિત્વની બાબત છે. ભારતમાં ગાયનો સુવર્ણયુગ, ઋગ્વેદ તેમજ અનેક શાસ્ત્રોમાં ગાયનું વર્ણન છે કે' હે જાણેતો દુબળા પાતળા વ્યક્તિને પણ ભારે હૃષ્ટ પુષ્ટ કરી દે છે અને કુરુપને સુંદર બનાવી દે છે' તું ઘરને મંગલમય બનાવી દે છે તારી વાણી સાભળવું પણ કલ્યાણકારી છે. મહાભારત કાલીન યુગમાં ગૌ વંશની વાત જોવા મળે છે. શ્રી વેદવ્યાસજીની વાણી પણ શ્રીગીતામાં "પાર્થોવત્સ: સુધી: ભોક્તા" ત્યાં વાછરડાની સેવાની વાત જોવા મળે છે. કઠોપરિષદમાં જ્યારે 'વાચસમાશોષી' 'જે ઘાસ ખાઈ ચુકેલી છે. દોહવાઈ ગયેલી છે. જેની શક્તિ હણાઈ ગઈ છે.' એવી ગાયોને જ્યારે દાન આપે છે ત્યારે નાચિકેતા તેમને આ દાન આપતા અટકાવે છે. અને કહે છે કે 'આપ સારી ગાયોનો દાન કરો, તો જેના કારણે આપને યોગ્ય એવું આનંદમય લોકની પ્રાપ્તિ થાય. રામાયણ કાલીન સમયમાં પણ નંદીની ગાયની સેવાથી દિલીપ રાજાને ત્યાં પુત્ર પ્રાપ્તિ થાય છે. ભારતીય સાહિત્યમાં ગાયપાલન અંગે કેટલાક સૂચિત બાબતો 'ગાય અને ગૌશાળા' નામના પુસ્તકમાં પૃ.૩૧ થી ૩૫ સુધી બાબતો જણાવેલ છે. જેમાં ઉદાહરણ1. શહેરી-ગામના લોકોએ ગાય પાલન માટે ભોજનનો પ્રારંભ ગાયની રોટલી કાઢીને કરવો 2. વધેલા ખોરાકમાંથી તાજા હોય તે ચાની પત્તી, રોટલી, રોટલા કે અન્ય ખોરાક આપો. આવી અનેક બાબતો આપેલ છે.

ભૂમિકા :

વેદ, પુરાણો અને મહભારત તથા રામાયણ વગેરે શાસ્ત્રોમાં ગાયનો અને રોમહિમા વર્ણવવામાં આવ્યો છે. (1) શાસ્ત્રો મહિમા (2) ગાય અને ઉપયોગ (3) ગાય અને આરોગ્ય ભેદ બાબતો. આજના સમયમાં ગાયનું મહત્વ ઘટતું રહ્યું છે. પરંતુ ગાયની ઉપયોગિતા મનુષ્ય જીવનને નવસંજીવની પ્રદાન

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024


કરે છે. મનુષ્યની જીવનશૈલીમાં ગાય ઉપયોગી છે. સમય પરિવર્તનના દોરમાં મનુષ્ય જીવન ભાગદોડ વાળું છે ત્યારે ગાયના પાલનપોષણનો પ્રશ્ન વિકટ બનતો ગયો છે.

શાસ્ત્રોમાં ગાયની પવિત્રતા અને ઉપયોગિતાની બાબતો વર્ણવી છે. વેદકાળથી આજ દિન સુધી ગાયના ગુણગાન ગવાયા છે. ગ્રંથોમાં ગાયની વિસ્તૃત વર્ણન જોવા મળે છે. વેદમાં 'ગાવો વિશ્વસ્યમાતરમ' કહ્યું છે. મહાભારતકાળમાં ગાયને નવલ – પાલકને નંદિની ઉપાધિ આપવામાં આવતી હતી. ગાયની વિચાર હિંદુ સંસ્કૃતિના અસ્તિત્વની બાબત છે.

ભારતમાં ગાયનો સુવર્ણયુગ:

ૐ ગોભ્ય: નમ: ૐ વૃષભાયનમ: ૐ ગોભૂમયેનમ: ૐ ગૌસંસ્કૃત્યેનમ:॥ પ્રત્યેક ગૃહે ગૃહે આમ બોલવામાં આવતું.

* ગૌવંશ:



ગૌસેવા:-આપણાશાસ્ત્રોઅનુસારગોસેવાનાંઅંગો નીચે પ્રમાણે



Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ગોસેવા :

સાંદિપની અને વશિષ્ઠ જેવા ઋષિઓ પણ શ્રીકૃષ્ણ અને શ્રીરામને ગોવિદ્યાનું જ્ઞાન આપતા, તેઓ પણ ગોસેવા કરતા. મહાભારતમાં અજ્ઞાતવાસ દરમિયાન નકુલે પણ ગોસેવા કરીને પોતાનું જીવન પસાર કરતા ઉપરોક્ત બાબતોના અનુસાર ગો-પાલન કર્યું હતું. આ બાબત થે આપણે દરેક નાગરિકની ગો સેવા ની ફરજ પડે છે. ભારતીય નાગરિક તરીકે ગાયનું જતન-પાલન પોષણ કરવું જોઈએ, જે પહેલાનાં જમાનામાં ગાયના છાણની ઘર લીંપતા તો સમયે રોગ રહિતતા હતી, મચ્છરોનો ત્રાસ ન હતો. પવિત્ર દૂધ અને શુદ્ધ ઘી ઉપયોગી થતું, જયારે અત્યારનું ભેળસેળવાળું દૂધ અનેક બીમારીઓને નોતરે છે. આપણી દયા, સહકાર, સેવા અને સમર્પણની સંસ્કૃતિ છે. ગાય તો આપણું પણ પોષણ કરે છે.

શાસ્ત્રોમાં ગાયનો મહિમા : નીચે પ્રમાણે જોવા મળે છે.

ઋગ્વેદ તેમજ અનેક શાસ્ત્રોમાં ગાયનું વર્ણન છે કે 'હે જાણે તો દુબળા પાતળા વ્યક્તિને પણ ભારે હૃષ્ટપુષ્ટ કરી દે છે અને કુરુપને સુંદર બનાવી દે છે' તું ઘરને મંગલમય બનાવી દે છે તારી વાણી સાભળવું પણ કલ્યાણકારી છે. સભાઓમાં તારા ગુણગાન ખૂબ ગવાયા છે. ગાયનો દાન પણ સમજીને યોગ્ય પરિસ્થિતિ કાલ દેશ અનુસાર આપવું એ જરૂરી છે' એટલે જ પહેલાના સમયમાં લગ્ન વખતે કન્યાદાનની સાથે ગૌદાનનું મહત્વ હતું.

પંચગવ્યમાંથી પણ માણસને પોષણ અને અનેક ભયંકર રોગો જેવા કેન્સરમાંથી પણ મુક્તિ મળે છે પૃથ્વી પરનો અમૃત ક્યું છે? આવો યુધિષ્ઠિરનો પ્રશ્ન તેનો યક્ષ જવાબ આપે છે કે 'શ્રી ગૌમાતાનો દૂધ એ એમના સંવાદ વચ્ચે જોવા મળે છે. ગાયનો દૂધ બળ વધાકાર, સ્મૃતિ વર્ધાકા અને નેત્ર, જ્યોતિવર્ધક છે. ગાયના 108 નામના જપ માત્રથી પણ જીવન કલ્યાણકારી બને છે. જેમકે 'ઓમ કપિલા નમઃ ઓમ ગૌતમી નમઃ' વગેરે

મહાભારતકાલીન યુગમાં ગૌવંશની વાત જોવા મળે છે. શ્રી વેદ વ્યાસજીની વાણી પણ શ્રીગીતામાં "પાર્થોવત્સઃ સુધીઃ ભોક્તા" ત્યાં વાછરડાની સેવાની વાત જોવા મળે છે.

ગાયને 'ગૌ' શબ્દ સંસ્કૃત પરથી બન્યો છે. 'ગાવ એવ માતમ સર્વ જગત' ગાય એ આખા જગતની માતા છે. ગાયને નમસ્કાર કરવાનો મંત્ર નમો ગોભ્યઃ શ્રીમતી ભ્યઃ સૌરભેયીભ્યએ વચનમો બ્રહ્મ સુતાભ્યશ્ચ પવિત્રા ભ્યો નમો નમઃ॥

યયા સર્વમિદંવ્યાપ્ત જગત્સ્થાવર જઙમમ્। તાં ધેનું શિરસા વન્દે ભૂત ભવ્યસ્ય માતરમ્॥ (મહા. અનુ. ૮૦/૧૫)

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

કઠોપરિષદમાં જ્યારે 'વાચસમાશોષી' 'જે ઘાસ ખાઈ ચુકેલી છે. દોહવાઈ ગયેલી છે. જેની શક્તિ હણાઈ ગઈ છે.' એવી ગાયોને જ્યારે દાન આપે છે ત્યારે નાચિકેતા તેમને આદાન આપતા અટકાવે છે. અનેકહેછેકે'આપસારીગાયોનોદાનકરો,**તોજેનાકારણેઆપનેયોગ્યએવુંઆનંદમયલોકનીપ્રાપ્તિથાય.** **રામાયણકાલીન** સમયમાં પણ નંદીની ગાયની સેવાથી દિલીપ રાજાને ત્યાં પુત્ર પ્રાપ્તિ થાય છે. ગાય માતાના ગુણગાન ગાઈએ એટલા ઓછા છે. જો ગાય જ ન હોય તો ગૌવંશની કલ્પના કેવી? આવી કલ્પના તો શક્ય જ નથી. ગાયના 108 નામ છે અને શ્રી ધેનુમાનસ આરતી પણ જોવા મળે. 'ગૌ નામ તો બડા મહાન...' આવી રીતે ગાય એ જ મહાન દાતાનું લક્ષ્ય છે. સેવા કરો ગાયની થઈ જાય જીવનની બધી જ સમસ્યાઓ હળવી, આપણે ગાયની રક્ષા કરીએ, ગૌમાતાને પ્રણામ કરવાનો મંત્ર છે જે નીચે મુજબ છે.

નમો ગોભ્ય: શ્રીમતીભ્ય:
સૌરભેયીભ્ય: એવચા
નમો બ્રહ્મસુતાભ્યશ્ચ
પવિત્રાભ્યોનમો નમ:॥

હિન્દુઓમાં ખાસ 16 સંસ્કારો જેવા કે ગર્ભાધાન, નામકરણ, જનોઈ, જન્મ અને મરણ વગેરે પ્રત્યેક સંસ્કારની વિધિ વખતે પંચગાવ્યનો ઉપયોગ તથા શ્રી ગાયનું દૂધ જ વપરાય છે. તેમજ નશ્ય એટલે કે ઘી લીધે છે. એ ગાયનું નાકમાં અંજવાથી મનુષ્યને અનેક પ્રકારની બીમારીઓમાંથી મુક્તિ મળી શકે છે.

ગાય પાલન માટે નીચે પ્રમાણે કેટલાક સૂચિત બાબતો:

ભારતીય સાહિત્યમાં ગાયપાલન અંગે કેટલાક સૂચિત બાબતો 'ગાય અને ગૌશાળા' નામના પુસ્તકમાં પૃ.૩૧ થી ૩૫ સુધી બાબતો જણાવેલ છે.

- શહેરી-ગામના લોકોએ ગાયપાલન માટે ભોજનનો પ્રારંભ ગાયની રોટલી કાઢીને કરવો
- વધેલા ખોરાકમાંથી તાજા હોય તે ચાની પત્તી, રોટલી, રોટલા કે અન્ય ખોરાક આપો.
- જગા હોય તો ગાય પાડો ગાયના દૂધમાંથી ઔષધી વાપરો માંગલિત પ્રસંગોમાં વધેલું ભોજન ગાય માટે મોકલે છે
- પ્રસાદની પત્રિકા મંગાવો. પાણીની કુંડી બનાવો સાફ સફાઈ રાખો કોઈ ગાય બીમાર હોય તો ડોક્ટરને જાણકરો.
- ગાયને પ્લાસ્ટિકમાં ભોજન કે અઠવાડ ના આપો.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

- ગાયો વૃદ્ધઘાયલ હોય તો નજીકની ગૌશાળામાં પહોંચાડો જેવી રીતે વૃક્ષ પાણી વગેરે બચાવીએ છીએ તેમ શ્રી ગાયને બચાવીએ તો તે આપણને સૌને બચાવશે.
- પોતાની જીવનનિર્વાહમાંથી તેના માટે ભાગ કાઢો.
- વેપાર ધંધાકીય જગ્યા પર ગાયની દાનપેટી મુકાવો.
- ગૌ આધારિત ચીજ વસ્તુઓ ખરીદવાનો આગ્રહ રાખો.
- મોબાઈલ ફોનથી બચવા રેડીએશનથી બચવા ગાયને આધારિત છાણમાંથી ચીફ બનાવી વાપરવી.
- ગાય અંશ વિકાસ સાથે પુસ્તકો છપાવો ભેટ આપો.
- પાંજરાપોળને વસ્તુ અને અન્ય વસ્તુ ચીજ વસ્તુઓ આપો, તરીકે બાંધકામ, ખેત તલાવડી, ફૂલો, પાણી અવાડો,ગાયના છાણીયા ખાતરનો કૃષિમાં ઉપયોગનો આગ્રહ રાખો,
- ગાયની ઉપયોગીતા વિશે પ્રદર્શન ગોઠવો.
- અલગ અલગ હેતુ અનુસાર ગાય વિશે પરિસવાદો – પરિષદનો આયોજન કરો. લંપી જેવો મહાભયંક રોગ થયો છતાં આપણા માટે એટલી જ સેવા પૂરી પાડે છે,
- ભારતીય સંસ્કાર અનુસાર ગાયની હમેશાં સેવા કરવી.

સંદર્ભ :

- આચાર્ય પંડિત શ્રી રામભવનજી મિશ્રા અને શ્રી લાલબિહારીજી: શ્રી નિત્યકર્મ પૂજા, પ્રકાશન ગીતા પ્રેસ ગોરખપુર, પ્રથમ સંસ્કરણ.
- પરીખ સોનલ સં (2018) : ગાય અને ગૌશાળા, મુંબઈ સર્વોદય મંડળ, મુંબઈ
- સામિયકઃ શ્રી ભિક્ષુ અખંડઆનંદ પ્રસાદી, શ્રી સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય ભદ્ર પાસે, અમદાવાદ
- વેબ : https:// indiagramnews.com
- ગાય વિષય પર નિબંધ જાન્યુઆરી (19, 2021) Essay on Cow in Gujarati, by SSA GUJARAT

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

વાલીબેન એન. રબારી

શિક્ષણ શાસ્ત્ર ભવન કચ્છ

ભારતીય ગાયની વિશેષતા

સારાંશ :- ગાય સર્વશ્રેષ્ઠ, પવિત્ર, પૂજનીય અને સમગ્ર સંસારમાં શ્રેષ્ઠ પ્રાણી છે. આ સંસારમાં તેના ઘી, દૂધ, દહીં અને ગવ્ય વગર યજ્ઞ પૂરો થતો નથી. 'ગાય' માં હંમેશા લક્ષ્મીવાસ કરે છે. ગાયો જ્યાં રહે છે, ત્યાં પાપ વાસ કરતું નથી, એ પ્રાણી માત્રને આરોગ્ય અને સુખસંપત્તિથી સમૃધ્ધ કરતી રહે છે. ગાયને સમગ્ર પ્રાણીઓની માતા તથા 'धनं च गोधनं धान्यं स्वर्णादयो वृधैव हि' ૪વીને ગૌવંશને અર્થશાસ્ત્રનો મૂણ આધાર નક્કી કર્યો છે.

> ભારતીય ગાયની વિશેષતાઓ :-

જીવનના બધા જ સ્થળોમાં ગાયનું સ્થાન સર્વશ્રેષ્ઠ મનાયું છે જે શ્રુતિ, સ્મૃતિ, પુરાણ, આયુર્વેદ વગેરેમાં તથા આધુનિક સાહિત્યના લખાણમાં જણાવ્યું છે માટે જ કહેવાય છે કે "ગાયથી તમારા લાભની કોઈ ગણના જ થઈ શકે તેમ નથી"

ગાયોની સેવા કરવી તેમને વન વન ચરવા લઈ જવામાં ભગવાન શ્રીકૃષ્ણ જીવનનું શ્રેષ્ઠ કાર્ય સમજતા તેથી તેઓ ગોપાલ કૃષ્ણ કહેવાતા તેમણે કહ્યું કે ગાયો મારી આગળ અને પાછળ રહે ગયો મારા હૃદયમાં રહે અને હું તેમની વચ્ચે વાસ કરું ૭.

ભારતીય ગાથની અનેક વિશેષતાઓ છે જેને આપણે ક્રમશ સમજીશું ભારતીય લોકજીવનમાં ગાયની હત્યા મહાપાતક ગણાય છે કારણ કે બીજા પશુઓના પ્રમાણમાં ગાયની ઉપયોગીતા અત્યંત મહત્વની છે કૃષિ પ્રધાન દેશ ભારતમાં ગાય પાડેલા પશુઓમાં મહત્વનું સ્થાન ધરાવે છે ગાયનું દૂધ ઘી છાશ તથા મૂત્ર એને પવિત્ર માનીને હિન્દુઓમાં ધાર્મિક વિધિઓ અને પ્રસંગોએ ખાસ ઉપયોગ થાય છે ગાયનું દૂધ પચવામાં હલકું હોવાથી નાના બાળકોને તેમની માતાનું દૂધ મળતું ન હોય ત્યારે સંપૂર્ણ આહાર તરીકે ગાયનું દૂધ આપવાની ભલામણ ડોક્ટર કરે છે

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

મારા ઘરે ત્રણ ગીર ગાય છે સૌરાષ્ટ્રમાં આવેલ ગીર પ્રદેશ પરથી આ જાતનું નામ આપવામાં આવ્યું છે સૌરાષ્ટ્રમાં આ ગાયો દેસાણના નામે ઓળખાય છે પણ અમારે ત્યાં આ ગાયને કાઠીયાવાળી નામથી ઓળખાય છે આ ગાય દૂધ તેમજ ખેતી એમ બંને કામ માટે એટલે કે ઉભય રીતે ઉપયોગી છે ગાયોની સેવા કરવી તેમને વન વન ચરવા લઈ જવામાં ભગવાન શ્રીકૃષ્ણ જીવનનું શ્રેષ્ઠ કાર્ય સમજતા તેથી તેઓ ગોપાલ કૃષ્ણ કહેવાતા તેમણે કહ્યું કે ગાયો મારી આગળ અને પાછળ રહે ગયો મારા હૃદયમાં રહે અને હું તેમની વચ્ચે વાસ કરું ૭.

ભારતીય ગાથની અનેક વિશેષતાઓ છે જેને આપણે ક્રમશ સમજીશું ભારતીય લોકજીવનમાં ગાયની હત્યા મહાપાતક ગણાય છે કારણ કે બીજા પશુઓના પ્રમાણમાં ગાયની ઉપયોગીતા અત્યંત મહત્વની છે કૃષિ પ્રધાન દેશ ભારતમાં ગાય પાડેલા પશુઓમાં મહત્વનું સ્થાન ધરાવે છે ગાયનું દૂધ ઘી છાશ તથા મૂત્ર એને પવિત્ર માનીને હિન્દુઓમાં ધાર્મિક વિધિઓ અને પ્રસંગોએ ખાસ ઉપયોગ થાય છે ગાયનું દૂધ પચવામાં હલકું હોવાથી નાના બાળકોને તેમની માતાનું દૂધ મળતું ન હોય ત્યારે સંપૂર્ણ આહાર તરીકે ગાયનું દૂધ આપવાની ભલામણ ડોક્ટર કરે છે

મારા ઘરે ત્રણ ગીર ગાય છે સૌરાષ્ટ્રમાં આવેલ ગીર પ્રદેશ પરથી આ જાતનું નામ આપવામાં આવ્યું છે સૌરાષ્ટ્રમાં આ ગાયો દેસાણના નામે ઓળખાય છે પણ અમારે ત્યાં આ ગાયને કાઠીયાવાળી નામથી ઓળખાય છે આ ગાય દૂધ તેમજ ખેતી એમ બંને કામ માટે એટલે કે ઉભય રીતે ઉપયોગી છે

ગીર ગાયનો રંગ ગોરો, ધોળો, કાબરો અને કાળો હોય છે માથું મોટું. આંખો પ્રમાણમાં ઝીણી, ચહેરો મધ્યમ લાંબો અને સાંકડો પણ સપ્રમાણ તથા નસકોરા પહોળા અને મોટા હોય છે કાન લાંબા મોઢા ઉપર ધડકતા અંદર વળી ગયેલા અને વચમાં પહોળા થતા જોવા મળે છે શીંગડા મોટા જાડાને મોડિયામાંથી નીકળી ઉપરના ભાગમાં જાય છે અને પછી પાછળ જતા વળેલા જોવા મળે છે ખૂંધ ભરાવદાર, પગ ટૂંકી નળીવાળા અને ખરિયો ઘણી જ મજબૂત હોય છે તેથી ડુંગરાળ પ્રદેશમાં પણ તળવાઈ જતા નથી ચામડી મુલાયમ અને ઢીલી હોય છે આંચણ પણ મોટા સરખી જાડાઈવાળા હોય છે દૂધની નસ મોટી અને આગળના પગના મૂળમાંથી નીકળેલી હોય છે

ગાયની પ્રત્યેક વાતો દૂધ દહીં ઘી ગૌમુત્ર છાણ તથા ચામડી હાડકા વાળ અને શીંગડા બધું જ માનવ જાતને માટે ઉપકારક છે. ગાયનું માનવ સમાજના પરમ મિત્ર તરીકે નું વર્ણન છે.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ગાયનું માલધારી સમાજમાં એટલું જ મહત્વ અને ગૌભક્તિની ભાવના છે કે જ્યાં જ્યાં ગાયના પગલા પડતા જાય છે તે ધૂળથી વાતાવરણ પવિત્ર થતું જાય છે અને આ આપણા સૌ માટે સૌભાગ્યશ્રી નું સૂચક છે

> દૂધની ખાસિયતો :-

ગાયના દૂધમાં કેલ્શિયમ, ફોસ્ફરસ, મેગ્નેશિયમ, સોડિયમ, પોટેશિયમ, ક્લોરિન, આયર્ન, આયોડિન અને સલ્ફર જેવા ખનીજો હોય છે

વિટામીન એ, બી, સી. ડી. ઈ અને કે હોય છે વિટામીન B-12 પણ હોય છે

બાળકો, વૃદ્ધા, સગર્ભા, બીમાર અને અશકતોને માટે દૂધ ખોરાકની ગરજ સારે છે તેઓને દૂધમાંથી પૂરતા પ્રમાણમાં પોષણ મળી રહે છે ભેંસના દૂધ કરતાં વધારે સુપાચ્ય અને પચવામાં હલકું છે

> ગાયનાં દરેક પદાર્થો ઉપયોગી છે : -

છાસ : ઝાડાને મટાડનારી ખાટી તુરી મીઠી, હિતકારી અને અક્ષિર વર્ધક, વાતહર, તૃપ્તિ કરનાર તથા પાચન ના ગુણો વધાર નારી છે.

માખણ : હિતકાર, બળ વધારનાર, રોગને સુધારનાર, બળને આપનારા, ઝાડાને રોકનાર, હરસ મટાડનાર, લોહી સુધારનાર બાળક અને વૃધ્ધને માટે અમૃત સમાન છે.

ઘી ; ગાયનું ઘી આંખ માટે હિતકારી, જાતીય શક્તિ વધારનાર, પવિત્ર, અલશિક્ષ્મ, પાપ, રાક્ષસોના નાશ કરનાર, આયુષ્ય તથા બુધ્ધિ વધારનાર છે.

ગોમૂત્ર : આયુર્વેદમાં આઠ પ્રાણીઓના મુત્રનું વર્ણન કરેલ છે. તેમાં ગોમૂત્ર સર્વમાં શ્રેષ્ઠ છે. ચરક, સુશ્રુત, ભાવપ્રકાશે ગોમૂત્રને પવિત્ર અને લોહી તથા કફનાં વિકારોમાં શ્રેષ્ઠ ઔષધ તરીકે ગણેલ છે.તેમજ કબજીયાત, ઉધરસ, શ્વાસ, ચામડીના રોગો કરમિયાનો રોગ, ખંજવાળ નો રોગ, હાથી પગાનો રોગ, માટે ગૌમૂત્ર શ્રેષ્ટ ગણાવ્યું છે, હવે ગૌશાળામાં તેનો અર્ક કાઢીને ઉપયોગમાં લેવામાં આવે છે. ગાયનું છાણ પણ પવિત્ર ગણવામાં આવે છે. ઘર લીપવામાં તેનો પણ ઉપયોગ કરાય છે જેથી પવિત્રતા જળવાઈ રહે.

> ગાય આરોગ્ય નો આધાર:-

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

* ગાયનું દૂધ જેટલું સાત્વિક હોય છે, એટલું અન્ય કોઈ બીજા પ્રાણીનું હોતું નથી. જેને પીવાથી બુદ્ધિ તીક્ષ્ણ અને સ્વભાવ શાંત સૌમ્ય બને છે. માનસિક રીતે તણાવગ્રસ્ત રહેતાં તથા અને હૃદયના રોગીઓ માટે પણ ગાયનું દૂધ તથા ઘી ખૂબ જ ઉપયોગી છે. ગાયનું દૂધ શારીરિક તંદુરસ્તીની સાથે-સાથે માનસિક અને આધ્યાત્મિક તંદુરસ્તીનું પણ સ્ત્રોત છે. ગાયનું દૂધ સંવેદનાનું પણ સ્ત્રોત છે. ભેંસનું દૂધ વધારે ઘી હોવાના કારણે તથા સાત્વિક ન હોવાના કારણે શરીરને તો જાડું બનાવે છે પરંતુ તેની સાથે સાથે બુદ્ધિને પણ જાડી કરે છે. બકરીનું દૂધ શરીરને નિરોગી બનાવી રાખનાર તથા પચવામાં હલકું હોય છે, પરંતુ તે ગાયના દૂધની જેમ બુદ્ધિવર્ધક અને સાત્વિક જ્ઞાનને સમજવા માટે બળ પ્રદાન કરતું નથી.

* ગાયનું છાણ મળ નથી પરંતુ તે મળ દુર્ગંધનાશક છે. ગાયનું છાણ તથા મૂત્ર એટલું તો પવિત્ર હોય છે, કે છાણમાં લક્ષ્મીજી તથા ગૌમૂત્રમાં ગંગાજીનો વાસ માનવામાં આવ્યો છે. પ્રાણીઓમાં ગાય એક જ એવું પ્રાણી છે, કે જેના દ્વારા ઉત્સર્જિત મળ, એ મળ નથી પરંતુ તે દુર્ગંધનાશક દવા છે. જે ખેતરોમાં ગાયના છાણનો ઉપયોગ થાય છે, તેમાં ઉગેલા પાક પર વિનાશક જંતુઓ હુમલો કરતા નથી. અર્થાત જંતુનાશક દવાના છંટકાવની જરૂરિયાત ઉદ્‌ભવતી નથી.

* છાણિયું ખાતર જમીનનો પ્રાકૃતિક આહાર છે, જેનાથી જમીનની ફળદ્રુપતા જળવાય રહે છે. અગર જો છાણ ધ્વારા કંપોસ્ટ ખાતર તૈયાર કરી ઉપયોગ કરવામાં આવે તો ધીરે-ધીરે ફળદ્રુપતા વધતી રહે છે, ઘટતી નથી. એ જ કારણ છે, કે જ્યાં સુધી ભારતની જમીનમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ થતો ન હતો. ત્યાં સુધી લાખો વર્ષથી અહીંની જમીનની ફળદ્રુપતા જળવાય રહી.

આપણાં દેશમાં હજારો વર્ષોથી યજ્ઞની વેદીને પવિત્ર બનાવવા તથા રહેણાક વાળા મકાનોને પ્રદૂષણથી મુક્ત રાખવા માટે ગાયના છાણથી લીંપવામાં આવે છે.

ગાયના છાણનું લીપણ ન માત્ર પ્રદૂષણથી, પરંતુ અણુશક્તિના વિકિરણોથી પણ રક્ષણ કરે છે.

ઈંધણ રૂપે સળગી ગયા પછી જે રાખ વધે છે. તે પણ એક ઉચ્ચ પ્રકારનું દુર્ગંધનાશક તત્વ છે. મળની દુર્ગંધ દૂર કરવા માટે શૌચાલયો તથા કચરાના ઢગલાં પર તેનો છંટકાવ કરવામાં આવે છે. એ વાસણોને સ્વચ્છ બનાવવા માટે પ્રદૂષણ વગરનો ક્લીનિંગ પાવડર છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

* ગૌમૂત્રમાં જંતુઓનો નાશ કરવાની અદ્‌ભૂત શક્તિ છે. એ એક અદ્‌ભૂત ઔષધ (દવા) પણ છે. આયુર્વેદિક ગ્રંથોમાં તેનો અનેક પ્રકારના રોગો પર તેનો દવા રૂપે કરવામાં આવતાં ઉપયોગનું વર્ણન મળી આવે છે. લિવર, કમળો, લોહીનું દબાણ, મધુ પ્રમેહ વગેરેમાં તે ખાસ ઉપયોગી છે. કેટલાક લોકો તો ગોમૂત્રની ગોળીઓ બનાવી અનેક રોગો પર તેનું સેવન કરવામાં આવે છે.

* ગાયના દૂધ, દહીં, ઘી, છાણ અને મૂત્રના એક ચોક્કસ માત્રામાં કરવામાં આવેલ મિશ્રણને પંચગવ્ય કહેવામાં આવે છે. આયુર્વેદ ગ્રંથોમાં દર્શાવામાં આવ્યું છે, કે પંચગવ્યનું સેવન કરવાથી મનુષ્યની સમગ્ર વ્યાધિઓનો ક્ષય એવી રીતે થઈ જાય છે, કે જેવી રીતે સળગતી આગથી ઈંધણ સળગી જાય છે. એવો કોઈ રોગ નથી કે જેનો ઉપચાર પંચગવ્યથી ન થાય.

* અનેક પ્રકારની વૈજ્ઞાનિક કસોટીઓ દ્વારા એ સાબિત થયું છે, કે વાઈરસ જન્ય અનેક ચેપીરોગો ગાયો દ્વારા સ્પર્શ કરવામાં આવેલ હવા લાગવાથી અનાયાસ જ દૂર થઈ જાય છે.

> માનવ માટે ગૌમૂત્ર અમૃત સમાનઃ-

આ મારા ઘરમાં થયેલ અનુભવ છે ૨૦૦૮ માં મારા પિતાજી નો ભયંકર અકસ્માત થયો હતો ત્યાર બાદ તેમના આંતરડામાં 2 ઓપરેશન કરવામાં આવ્યા તેમ છતાં પણ ડોક્ટર નું કહેવું હતું કે આ ક્યારેય પોતાના પગ પર વધુ સમય ચાલી નહીં શકે તે સમયે મારા માતા એ એક ઘરેલુ ઉપાય કરેલ જેમાં પરોઢિયાના સમયે ગાયનું જે ગૌમૂત્ર હોય તેને તાંબાના લોટામાં ભરીને રોજ સવારે ભૂખ્યા પેટે મારા પિતાજીને પીવડાવતા આવું તેમને 6 મહિના સુધી નિયમિત કરવાથી મારા પિતાજી ધીમે ધીમે ચાલતા થયા અને અત્યારે તેઓ એકદમ તંદુરસ્ત જીવન જીવે છે માટે ગૌમૂત્ર એ તમામ રોઠથી રક્ષણ કરનાર અમૃત સમાન છે.

> ગાયમાં ઇતરડી દૂર કરવાનો ઘરેલુ ઉપચાર :-

ગાયના શરીર માં ઇતરડી (કથીરી)ચોંટી જાય છે જે પશુ ના શરીર માંથી લોહી સતત ચૂસતી રહે છે જેનાથી પશુ બેચેન રહે છે અને તેની અસર પશુના દૂધ ઉત્પાદન પર પણ પડે છે. તે ઈતરડી ને ઘરેલુ ઉપચાર દ્વારા દૂર કરી શકાય છે.

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

ઉપચાર સામગ્રી : - લસણ દસ કળી, લીમડાના પત્તા એક મુઠ્ઠી, લીંબોડી એક મુઠ્ઠી, વરછાના મૂળ 10 ગ્રામ હળદર પાવડર 20 ગ્રામ, ચતુરંગી અથવા ગંધારું ના પત્તા એક મુઠ્ઠી અને તુલસીના પત્તા એક મુઠ્ઠી.

પ્રયોગવિધિ :- આ બધી સામગ્રીને વાટી લો મિશ્રણમાં એક લીટર ચોખ્ખું પાણી મેળવી આ મિશ્રણને ઝીણી ગરણી અથવા મલમલ ના કપડાથી ગાડી લો ગાળેલા દ્રાવણને એક સાફ સ્પ્રે બોટલમાં ભરી લો અને આ દવાને ગાયના આખા શરીર પર છાંટો ગાયના 1910 હતી અને વાડામાં રહેલ કોઈ તિરાડમાં પણ છાંટો જ્યાં સુધી કથીરી (ઈતરડી) ખતમ ના થાય ત્યાં સુધી અઠવાડિયામાં એકવાર કરતા રહેવું આ ઉપચારને દિવસના ગરમ સમયમાં જ કરવું. આમ આ ઘરેલુ ઉપચાર પણ ગાય માટે લાભદાયક છે.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

પ્રા. ડૉ કીર્તિદા બંસીલાલ વ્યાસ
સંસ્કૃત વિભાગ
એસ.વી. આર્ટસ, કોમર્સ,કોલેજ માંડવી (કચ્છ)

ગાયનું મહત્વ: રઘુવંશ સંદર્ભે.

મહાકવિ કાલિદાસ કૃત રઘુવંશ મહાકાવ્યમાં સર્ગ:૨ ગાયનું મહત્ત્વ નન્દિની વરપ્રદાનં તરીકે વ્યક્ત થયેલ છે રઘુવંશના શક્તિશાળી રાજા દિલીપ નિ:સંતાન પણા ના નિવારણ અર્થે ગુરુ વશિષ્કના આશ્રમમાં પત્ની સુદક્ષિણા સાથે ગોસેવાનું વ્રત ગુરુ આજ્ઞા પ્રમાણે આરંભે છે. રાજદંપતી દૈવી ગાયની સેવામાં તત્પર બની ગયાં રાજાના વ્રતને તેની પતિવ્રતા રાણી સુદક્ષિણા ધાર્મિકતાથી અનુસરતી હતી. સવારે ગાયને વિદાય આપવામાં તથા સાંજે વનમાંથી ચરીને પાછી ફરતી ગાય અને ગાયને અનુસરનારનું સ્વાગત કરવામાં, રાત્રે ગાયની શુશ્રુશા કરવામાં રાણી પણ રાજાના સેવાકાર્યમાં પોતાનું પગલું મૂકીને ચાલતી હતી. **મહાકવિ કાલિદાસે રાજા દિલીપ માટે મધ્યમ લોકપાલ શબ્દ યોજયો** છે. રાજા દિલીપ - મધ્યમ લોકપાલ ગાયની પાછળ પાછળ ફરતો હતો. રાજાએ રાજચિહ્નો નો ત્યાગ કરીને વનમાં કેવળ વિનમ્ર બનીને ભમતો હતો. આમ છતાં તેનું તેજોવિશેષ છાનું રહેનું ન હતું. દુષ્ટ સત્વોને નિયમનમાં રાખવા ઈચ્છતો હોય તેમ ફરતો હતો. પ્રકૃતિએ રાજાનું અપૂર્વ સ્વાગત કર્યું. બાલલતાઓએ રાજાને પુષ્પોથી વધાવ્યો વનના વાયરાઓએ વાંચના છિદ્રોમાં પ્રવેશી જાણે સુંદર સ્વરોમાં સ્તુતિગાન કર્યું. પ્રકૃતિ જાણે કે શજાના પ્રભાવથી અંજાઈ ગઈ. રાજાએ એકવીસ દિવસ સુધી ગાયની સેવા કરી. આ ગાય એ કામધેનુ સુરબિની પુત્રી નંદિનીએ બાવીસમાં દિવસે તેની ભક્તિ અને સત્યની પરીક્ષા કરવા નક્કી કર્યું. નંદિની એક ગુફામાં પ્રવેશી. પ્રકૃતિના સૌંદર્યપાનમાં તલ્લીન થયેલા રાજાને અચાનક નંદિનીની ચીસ સંભળાઈ અને ગાય તરફ તેણે જોયું તો એક સિંહ ગાયને મારવા તત્પર થયો જોયો. રાજાએ પોતાના તીર માટે હાથ લંબાવ્યો પરંતુ હાથ ત્યાંજ સ્થિર થઈ ગયો. સિંદુ અને રાજા વચ્ચે

મનુષ્ય વાણીમાં સંવાદ થાય છે રાજાએ સિંહને અનેક રીતે સમજાવ્યો કે ગાયાને છોડી દે. સિંહે કહ્યું : હે રાજા અહીં તારું કંઈ ચાલે તેમ નથી. આ ગાય શિવે જ મોકલી છે. શિવની ઈચ્છનનો ભંગ કેમ થઈ શકે? માટે લજ્જા છોડી દે. સિંહ પોતે ઓળખાણ આપતાં કહે છે કે તે શંકરનો સેવક છે. કુંભોદર

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

નામનો અનુચર છે. નિકુંભનો મિત્ર છે. શંકરે પ્રાણીઓથી દેવદારૂ નું રક્ષણ કરવા સિંહનું સ્વરૂપ આપીને પોતાના આ અનુચર ને નીમ્યો છે. વૃક્ષની પાસે આવતાં પ્રાણીઓથી તેની ક્ષુધા સંતોષવા આજ્ઞા આપેલ હતી અને આજ્ઞા પ્રમાણે સિંહ ગાય ખાવા તત્પર બન્યો રાજાએ ગાયને બદલે પોતાને ખાઈ જવાની વિનંતીના શબ્દોમાં સિંહ તેની સાથે મુરબ્બી પણું પ્રગટ કરતો હોય તેમ કહે છે કે " એક છત્રવાળું જગતનું સ્વામિત્વ વગેરે રાજાને જીવવા લોભાવે છે. ગુરુના ક્રોધથી બચવા ગુરુને કરોડો ગાયો આપવાની યુક્તિ પણ દર્શાવે છે" સિંહની દલીલ સામે પણ અણનમ રહીને રાજા ગાયની કસોટી માંથી અત્યંત તેજસ્વી રીતે પાર ઉતરે છે. સિંહસામે પોતાનું શરીર ધરી દઈને ગાયને બચાવવા નમી પડે છે. ત્યાં સિંહ અદશ્ય થાય છે. દિલીપ અને નંદિની ગાયનો સંવાદ ટૂંકો છે. નંદિનીની માતૃવત કૃપાની ધારા વહે છે રાજાના મહાન બલિદાનની પ્રસંસા માટે આકાશમાંથી વિદ્યાધરો એ દિલીપ ઉપર પુષ્પવૃષ્ટિ કરી અને વાત્સલ્ય પૂર્ણ નંદનીએ રાજાને કહ્યું – "હે વત્સ, ઊઠ" નંદિનીએ દૂધ પીવાનું કહેતાં.. રાજા દિલીપની આડકતરી રીતે કસોટી થાય છે. નંદિનીના આદેશથી તેનું દૂધ ન પીવાય. વાછરડાએ પી લીધા પછી

ગુરુએ તેનો ઉપયોગ કર્યા બાદજ તે લેવાય. અને તે પણ ગુરૂ આજ્ઞા પ્રમાણે જ. જેમાં રાજા દિલીપની વિવેકશક્તિ પ્રગટ થાય છે.

રાજા દિલીપે અનન્ય ભાવે નંદિનીની ઉપાસના કરી તેનારી ખૂબ પ્રસન્ન થઈ, ગાયે રાજાને સાચા અર્થમાં जननीमिव् જનેતા જેવી બની હુતી તેણે માત્ર રાજાને મૃત્યુના મુખમાંથી પાછો લાવીને તેને જન્માવ્યો ન હતો, રાજના અમર અને ઉદાર વ્યક્તિત્વને પણ જન્મ આપ્યો હતો.

પ્રોફેસર આર. ડી કરમારકર નોંધે છે : canto II describes dilip's attendance upon Nandini, the maya about the lion created by the cow, the boon secured by Dilipa from the cow, and his return to the capital Here also kalidas need not have been the borrower. It is how ever difficult to regard this whole episode as an invention by the port perhaps some other version is follower by the poet (1)

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

રાજા દિલીપના સ્વાર્પણથી પ્રસન્ન થયેલી નંદિનીએ રાજોને ફળ સ્વરૂપે પોતાનું દૂધ પીવાનું જણાવી ઉત્તમપુત્ર થવાનું વરદાન આપ્યું.

કથાનક માં ફલ પ્રાપ્તિ પછી કવિને કંઈ કહેવાનું રહેતું નથી. રાજા દિલીપની પરીક્ષા માયાવી સિંહ દ્વારા ગાયે કરેલી પરીક્ષા રાજાનુ સ્વાર્પણ અને તેજસ્વી વ્યક્તિત્વ સંવાદ યોજના પાત્રાલેખન, વર્ણનો, રસ નિરૂપણ અલંકારોનો ઉપયોગ રમણીય પ્રકૃતિનિરૂપણ, ચમત્કૃતિ કવિએ અદભૂત સ્વરૂપ નિરૂપ્યુછે. રઘુવંશનો બીને સર્ગ સર્વશ્રેષ્ઠ નિરૂપણ તરીકે લોકપ્રિય બન્યો છે શિરોરત્ન સમાન છે. સાહિત્ય પ્રેમીઓ માં, લોકપ્રિય બન્યોછે.સચેજ 'क इह रघुकारे न रमते । ઉક્તિ જાણે યથાર્થ કરે છે. કાલિદાસના રધુવંશમાં કવિએ ગાયનું મહત્ત્વ તેની દૈવી શક્તિ રૂપે સુંદર ઓપ આપ્યો છે. ગાયના વરદાન દ્વારા રાજા દિલીપને પુત્રપ્રાપ્તિ આગાઝી અંકના આયોજનમાં કવિએ બીજા અંકને અંતે ફળ પ્રાપ્તિ સુચવી દીધી છે. સાચેજ ગાયનું અદભુત વર્ણન કાવિએ સર્વશ્રેષ્ઠતમ નિરૂપ્યું છે.

સંદર્ભ નોંધ

(1) Kalidasa.
By
R.D.Karmarkar
Karnatak University
1960 Dharwar Page 77
Nov 1960.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

Danicha Nisha Palubhai and Abada Jasminbanu Ishakbhai
S. D. Shethiya college of education
Mundra - Kachchh

"ભારતીય સંસ્કૃતિમાં ગાય નું મહત્વ"

સારાંશ

ગાય નો આર્થિક સામાજિક ધાર્મિક વગેરે જેવું મહત્વ આપણા પુરાણોમાં પ્રવર્તમાન સમયમાં તેમજ ઐતિહાસિક સમયમાં પ્રચુર માત્રામાં જોવા મળે છે. આર્થિકતામાં જોઈએ તો આ ગાય એ ગૃહ ઉદ્યોગ, નાના પાયાના ઉદ્યોગો વગેરેમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે. સમાજમાં ધર્મ ક્રિયાઓ ક્રિયા કાર્ડ પંચગવ્ય વગેરે ઉચ્ચ સ્થાને આવે છે. સંસ્કૃતિમાં જોઈએ તો ગાયને માતા ગણવામાં આવે છે, એ જ કારણ છે કે સમગ્ર 33 કોટી દેવી દેવતાઓનું જો 1604 અથવા પંચોપચાર પૂજન કરવું હોય તો માત્ર એક ગૌમાતા ના પૂજન થી અને સેવા કરવાથી તમામ દેવી-દેવતાઓની એકી સાથે પૂજા થઈ જાય છે, અર્થાત પ્રાર્થના અને શ્રી અથવા સમૃદ્ધિ અને કલ્યાણ આ બંનેની પ્રાપ્તિ માટે ગૌ સેવા થી વધીને બીજું કોઈ શ્રેષ્ઠ સાધન નથી. ગાયનું પૂજન ફક્ત હિન્દુઓ માટે જ છે એમ માનવું ભૂલ ભરેલું છે, એનામાં માણસાઈ છે, કૃતજ્ઞતા નો ભાવ છે, તે પ્રત્યેક માણસ માટે ગાયનું પૂજન છે, તેનો ઉપકાર સર્વ માટે છે. ભગવત ગીતામાં છઠ્ઠા અધ્યાયમાં 32 માં શ્લોકમાં શ્રીકૃષ્ણ ખાસ કહે છે કે. "જે યોગી પોતાની જેમ જ સઘળા ભૂતોમાં સમદ્રષ્ટિથી જુએ છે એ પરમ શ્રેષ્ઠ મનાય છે.
गोस्तू मात्रा न विद्यते।

પ્રસ્તાવના

नमो गोभ्यः श्रीमतिभ्यः, सोरभेयीभ्य एव च।
नमो ब्रह्मसुताभ्यश्च, पवित्राभ्यो नमो नमः ॥

ભારત દેશ કૃષિ અને પશુપાલન આધારિત સંસ્કૃતિ ધરાવે છે. ભારત દેશના ગામડાઓમાં પ્રવર્તમાન સમયમાં પણ ગાયોને પોતાની સમગ્ર જીવનની પુંજી ગણવામાં આવે છે. ભારત વિશ્વમાં સૌથી વધુ પશુધન ધરાવતું અને દૂધ ઉત્પાદક કરનાર દેશ છે. ગાયને પુરાણો અનુસાર કામધેનું કહેવામાં આવી છે. ગાયને મનુષ્ય જીવનનું આધારભૂત કેન્દ્રબિંદુ છે આપણા વિકાસમાં સૌથી વધુ ભાગ ભજવતું પાત્ર એટલે ગાય. શાસ્ત્રો અનુસાર ગાયના વિવિધ નામો આપવામાં આવ્યા છે, (૧) કપિલા (૨) સુરભી(૩) નંદિની (૪)વૈષ્ણવી(૫)સર્વદેવ વાસીની (૬)સિંધુ અવતરણી (૭)ત્રિવેણી (૮)ગૌરી(૯) અન્નપૂર્ણા (૧૦)દેવકી (૧૧)કામધેનું (૧૨)જગદંબા (૧૩)કૃષ્ણ (૧૪)મોક્ષદા (૧૫)ગોપેશ્વરી (૧૬)વૃંદા અને (૧૭)ગંગા । ભારતીય વંશની ગાયની ખુધમાં સૂર્યકેતુ નાડી હોય છે

Research Review
The Refereed Peer Reviewed International Journal
ISSN: 2321-4708
Vol.10, Issue: 137, June, 2024
Special Issue
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-137-june-2024

